Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

* ભગવાનશ્રી કુંદકુંદ-કહાનજૈનશાસ્ત્રમાળા પુષ્પ-૪ *

## કવિવર અધ્યાત્મપ્રેમી પંડિત
## શ્રી દૌલતરામજી કૃત

卐

# છ ઢાળા

卐

## [ ટીકા સહિત ]

卐

: પ્રકાશક:

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,**

સોનગઢ-૩૬૪ ૨૫૦ ( સૌરાષ્ટ્ર )

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates

અત્યાર સુધી છપાયેલ કુલ પ્રત : ૧૬,૮૦૦
એકાદશાવૃત્તિ પ્રત : ૩,૦૦૦ * વિ. સં. ૨૦૫૪

**પ્રાપ્તિ સ્થાન**
દિ૦ જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ (સોનગઢ)
તરફથી પ્રકાશન

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

# Thanks & Our Request

This shastra has been kindly donated by Hevika Foundation (hastè Kamal, Vijen, Hemal Bhimji Shah and Family), London, UK who have paid for it to be "electronised" and made available on the internet.


Our request to you:

1) We have taken great care to ensure this electronic version of Chha Dhala is a faithful copy of the paper version. However if you find any errors please inform us on rajesh@AtmaDharma.com so that we can make this beautiful work even more accurate.

2) Keep checking the version number of the on-line shastra so that if corrections have been made you can replace your copy with the corrected one.

# Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | 8 Dec 2002 | First electronic version. |



પરમ પૂજ્ય અધ્યાત્મમૂર્તિ સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

# પ્રસ્તાવના

કવિવર પંડિત દૌલતરામજી કૃત ‘છહ્ઢાલા’ જૈનસમાજમાં સારી રીતે પ્રચલિત છે. ઘણા ભાઈ-બહેનો તેનો નિત્ય પાઠ કરે છે; જૈન પાઠશાળાઓનું તે એક પાઠય પુસ્તક છે. સંવત ૧૮૯૧ ના વૈશાખ સુદ ૩ (અક્ષય ત્રીજ) ના રોજ ગ્રંથકારે તે રચ્યું હતું. આ ગ્રંથમાં ધર્મનું સ્વરૂપ ટૂંકામાં સારી રીતે બતાવવામાં આવ્યું છે, અને તે બાળકથી માંડી વૃદ્ધ સુધી સર્વે જીવો તરત સમજી શકે તેવી સરળ ભાષામાં આપવામાં આવ્યું છે.

આ ગ્રંથમાં છ ઢાળ (છ પ્રકરણો) છે; તેમાં આવતા વિષયો ટૂંકમાં હવે પછી આપવામાં આવે છેઃ-

## જીવની અનાદિની સાત ભૂલો

આ ગ્રંથની બીજી ઢાળમાં જીવની, અનાદિની ચાલી આવતી, સાત ભૂલોનું સ્વરૂપ આપવામાં આવ્યું છે. તે ટૂંકમાં નીચે મુજબ છેઃ-

૧. ‘શરીર તે હું છું’ એમ જીવ અનાદિથી માની રહ્યો છે, તેથી હું તેને હલાવી-ચલાવી શકું, શરીરનાં કાર્યો હું કરી શકું, શરીર સારું હોય તો મને લાભ થાય એ વગેરે પ્રકારે તે શરીરને પોતાનું માને છે; આ મહા ભ્રમ છે. આ જીવતત્ત્વની ભૂલ છે એટલે કે જીવને તે અજીવ માને છે.

૨. શરીરની ઉત્પત્તિથી જીવનો જન્મ અને શરીરના વિયોગથી જીવનું મરણ તે માને છે, તેમાં અજીવને જીવ

માને છે, આ અજીવતત્ત્વની ભૂલ છે.

૩. મિથ્યાત્વ-રાગાદિ પ્રગટ દુઃખ દેનારાં છે, છતાં તેનું સેવન કરવામાં સુખ માને છે. આ આસ્રવતત્ત્વની ભૂલ છે.

૪. શુભને લાભદાયક અને અશુભને નુકસાનકારક તે માને છે, પણ તત્ત્વદૃષ્ટિએ તે બન્ને નુકસાનકારક છે એમ તે માનતો નથી. આ બંધતત્ત્વની ભૂલ છે.

૫. સમ્યગ્જ્ઞાન તથા તે પૂર્વકનો વૈરાગ્ય જીવને સુખરૂપ છે, છતાં તે પોતાને કષ્ટ આપનાર અને ન સમજાય એવાં છે-એમ જીવ માને છે. તે સંવરતત્ત્વની ભૂલ છે.

૬. શુભાશુભ ઇચ્છાઓને નહિ રોકતાં, ઇન્દ્રિયોના વિષયો પ્રત્યે ઇચ્છા કર્યા કરે છે તે નિર્જરાતત્ત્વની ભૂલ છે.

૭. સમ્યગ્દર્શનપૂર્વક જ પૂર્ણ નિરાકુળતા પ્રગટ થાય છે, અને તે જ ખરું સુખ છે-એમ ન માનતાં, બાહ્ય વસ્તુઓની સગવડોથી સુખ મળી શકે એમ જીવ માને છે તે મોક્ષતત્ત્વની ભૂલ છે.

## ઉપરની ભૂલોનું ફળ

આ ગ્રંથની પહેલી ઢાળમાં આ ભૂલોનું ફળ બતાવ્યું છે. આ ભૂલોનું ફળ જીવને સમયે સમયે અનંત દુઃખનો ભોગવટો છે; એટલે કે ચારે ગતિઓમાં-મનુષ્ય, દેવ, તિર્યંચ કે નારક તરીકે જન્મી-મરી દુઃખ ભોગવે છે. લોકો દેવગતિમાં

સુખ માને છે પણ તે ભ્રમણા છે-ખોટું છે. ગાથા ૧૫-૧૬માં તે સ્પષ્ટ બતાવવામાં આવ્યું છે.

આ ગતિઓમાં મુખ્ય ગતિ નિગોદ-એકેન્દ્રિયની છે, સંસારદશામાં વધારેમાં વધારે કાળ જીવ તેમાં કાઢે છે. તે અવસ્થા ટાળી બેઇન્દ્રિયથી પંચેન્દ્રિય ભાગ્યે જ થાય છે; અને તેમાં પણ મનુષ્યપણું પ્રાપ્ત કરવું તો અતિ-અતિ દીર્ઘકાળે બને છે, એટલે કે જીવ મનુષ્યભવ 'લગભગ નહિવત્' પામે છે.

## ધર્મ પામવાનો સમય

જીવને ધર્મ પામવાનો મુખ્ય સમય મનુષ્યપણું છે; તેથી જો જીવ ધર્મ સમજવાની શરૂઆત કરે તો તે કાયમને માટે દુઃખ ટાળી શકે. પરંતુ મનુષ્યભવમાં પણ કાં તો ધર્મનો યથાર્થ વિચાર કરતો નથી, અગર તો ધર્મને નામે ચાલતી અનેક મિથ્યા માન્યતાઓમાંથી કોઈને કોઈ ખોટી માન્યતાને ગ્રહણ કરે છે અને કુદેવ, કુગુરુ, તથા કુશાસ્ત્રમાં તે ફસાઈ જાય છે; અથવા તો 'બધા ધર્મો એક છે' એમ ઉપલક દૃષ્ટિએ માની લઈને બધાનો સમન્વય કરવા લાગે છે અને પોતાની એ ભ્રમણાવાળી બુદ્ધિને, વિશાળ બુદ્ધિ માનીને અભિમાન સેવે છે; કદી તે જીવ સુદેવ, સુગુરુ અને સુશાસ્ત્રનું બાહ્ય સ્વરૂપ સમજે તોપણ પોતાનું ખરું સ્વરૂપ સમજવા જીવ યથાર્થ પ્રયાસ કરતો નથી તેથી તે ફરીને સંસારચક્રમાં રખડી પોતાનો મોટામાં મોટો કાળ નિગોદ-એકેન્દ્રિયપણામાં કાઢે છે.

[ ૬ ]

# મિથ્યાત્વનું મહાપાપ

ઉપર કહ્યું તે બધાનું મૂળકારણ પોતાના સ્વરૂપની જીવને ભ્રમણા છે. પરનું હું કરી શકું, પર મારું કરી શકે, પરથી મને લાભ થાય, પરથી મને નુકશાન થાય-એવી મિથ્યા માન્યતાનું નિત્ય અપરિમિત મહાપાપ દરેક ક્ષણે જીવ સેવ્યા કરે છે; તે મહાપાપને શાસ્ત્રીય પરિભાષામાં મિથ્યાદર્શન કહેવામાં આવે છે. તેના ફળ તરીકે ક્રોધ, માન, માયા, લોભ જે પરિમિત પાપ છે તેને તીવ્ર કે મંદપણે સેવે છે. જીવો ક્રોધાદિકને પાપ ગણે છે, પણ તેનું મૂળિયું મિથ્યાદર્શનરૂપ મહાપાપ છે તેને તેઓ ઓળખતા નથી, તો પછી તેને ટાળે ક્યાંથી?

# વસ્તુનું સ્વરૂપ

વસ્તુસ્વરૂપ કહો કે જૈનધર્મ કહો, તે બન્ને એક જ છે. તેનો વિધિ એવો છે કે-પહેલાં મોટું પાપ છોડાવી પછી નાનું પાપ છોડાવે છે, માટે મહાપાપ શું અને નાનું પાપ શું તે પ્રથમ સમજવાની ખાસ જરૂર છે.

૧-જુગાર, ૨-માંસભક્ષણ, ૩-મદિરાપાન, ૫-વેશ્યાગમન, ૫-શિકાર, ૬-પરનારીનો સંગ અને ૭-ચોરી-એ સાત જગતમાં મોટા વ્યસનો ગણાય છે, પણ એ સાતે વ્યસનો કરતાં મિથ્યાત્વ તે મહાપાપ છે, તેથી તેને પ્રથમ છોડાવવાનો જૈનધર્મનો ઉપદેશ છે; છતાં ઉપદેશકો, પ્રચારકો અને અગ્રેસરોનો મોટો ભાગ મિથ્યાત્વના યથાર્થ સ્વરૂપથી અજાણ છે; આ સ્થિતિમાં મહાપાપરૂપ મિથ્યાત્વ

ટાળવાનો ઉપદેશ તેઓ ક્યાંથી આપી શકે? તેઓ 'પુણ્ય'ને ધર્મમાં સહાયક માની તેના ઉપદેશની મુખ્યતા કરે છે; એ પ્રમાણે ધર્મને નામે મહા મિથ્યાત્વરૂપી પાપને અવ્યક્ત રીતે પોષે છે. આ ભૂલ જીવ ટાળી શકે તે માટે સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શન તથા સમ્યગ્જ્ઞાન અને મિથ્યાજ્ઞાનનું સ્વરૂપ આ ગ્રંથની ત્રીજી અને ચોથી ઢાળમાં આપેલ છે. આનો અર્થ એવો નથી કે શુભને બદલે અશુભભાવ જીવે કરવા; પણ શુભ ભાવને ધર્મ કે ધર્મમાં સહાયક માનવો નહીં, નીચલી અવસ્થામાં શુભ ભાવ થયા વિના રહે નહીં, પણ તેને ધર્મ માનવો તે મિથ્યાત્વરૂપ મહાપાપ છે.

## સમ્યગ્દષ્ટિની ભાવના

પાંચમી ઢાળમાં બાર ભાવનાનું સ્વરૂપ આપ્યું છે; સમ્યગ્દષ્ટિ જીવને જ આ ખરી ભાવના હોય છે.

સમ્યગ્દર્શનથી જ ધર્મની શરૂઆત થાય છે, તેથી સમ્યગ્દષ્ટિ જીવને જ આ બાર પ્રકારની ભાવના હોય છે; તેમાં જે શુભ ભાવ થાય છે તેને તે ધર્મ માનતા નથી પણ બંધનું કારણ માને છે, જેટલો રાગ ટળે છે તથા સમ્યગ્દર્શન-જ્ઞાનની જે દઢતા થાય છે તેને તે ધર્મ માને છે, તેથી તેને સંવર-નિર્જરા થાય છે. અજ્ઞાનીઓ તો શુભ ભાવને ધર્મ અથવા ધર્મમાં સહાયક માને છે તેથી તેમને આ ખરી ભાવના હોતી નથી.

## સમ્યક્ચારિત્ર તથા મહાવ્રત

સમ્યગ્દષ્ટિ જીવ પોતાના સ્વરૂપમાં સ્થિર રહે તેને

સમ્યક્ચારિત્ર કહેવામાં આવે છે, અને તેમાં સ્થિર રહી શકે નહિ ત્યારે તેને શુભભાવરૂપ અણુવ્રત કે મહાવ્રત હોય છે, પણ તેમાં થતા શુભ ભાવને તે ધર્મ માનતા નથી; તે વગેરેનું સ્વરૂપ છઠ્ઠી ઢાળમાં કહ્યું છે.

## દ્રવ્યાર્થિકનયે નિશ્ચયનું સ્વરૂપ અને તેના આશ્રયે થતો શુદ્ધપર્યાય

આત્માનો સ્વભાવ ત્રિકાળી શુદ્ધ અખંડ ચૈતન્યમય છે–એ સમ્યગ્દર્શનનો તથા નિશ્ચયનયનો વિષય હોવાથી દ્રવ્યાર્થિક નયે આ ત્રિકાળી શુદ્ધ અખંડ ચૈતન્યસ્વરૂપ આત્માને 'નિશ્ચય' કહેવામાં આવે છે, આત્માનો તે ત્રિકાળી સામાન્ય ભાવ દ્રવ્યાર્થિકનયે આત્માનું સ્વરૂપ છે, એ ત્રિકાળી શુદ્ધતા તરફના વલણથી જીવનો જે શુદ્ધ પર્યાય પ્રગટે છે તે શુદ્ધ પર્યાયને 'વ્યવહાર' કહેવામાં આવે છે, તે સદ્ભૂત વ્યવહાર છે. અને અવસ્થામાં જે વિકાર કે રાગનો અંશ રહે છે તે પર્યાય જીવનો અસદ્ભૂત વ્યવહાર છે; અસદ્ભૂત વ્યવહાર જીવનું પરમાર્થ સ્વરૂપ નહિ હોવાથી ટળી શકે છે, અને તેથી નિશ્ચયનયે તે જીવનું સ્વરૂપ નથી એમ સમજવું.

## પર્યાયાર્થિકનયે નિશ્ચય અને વ્યવહારનું સ્વરૂપ

–અથવા–

## નિશ્ચય અને વ્યવહાર પર્યાયનું સ્વરૂપ

ઉપર કહેલ સ્વરૂપ નહિ જાણનાર જીવો શુભ કરતાં કરતાં ધર્મ (શુદ્ધતા) થાય એમ માને છે અને તેઓ શુભને વ્યવહાર માને છે તથા તે કરતાં કરતાં ભવિષ્યમાં નિશ્ચય

( શુદ્ધભાવ-ધર્મ ) થશે એમ તેઓ માને છે-આ એક મહાન ભૂલ છે; તેથી તેનું સાચું સ્વરૂપ અહીં ટૂંકમાં આપવામાં આવે છેઃ-

સમ્યગ્દષ્ટિ જીવને નિશ્ચય ( શુદ્ધ ) અને વ્યવહાર ( શુભ ) એવા ચારિત્રના મિશ્ર પર્યાય નીચલી અવસ્થામાં એકી વખતે હોય છે. કોઈ વખતે નિશ્ચય ( શુદ્ધ ભાવ ) મુખ્યપણે હોય છે કોઈ વખતે વ્યવહાર ( શુભભાવ ) મુખ્યપણે હોય છે. આનો અર્થ એવો છે કે સમ્યગ્દષ્ટિ જીવ પોતાના સ્વરૂપમાં સ્થિર રહે તેનું નામ નિશ્ચયપર્યાય ( શુદ્ધતા ) છે, અને તેમાં સ્થિર રહી શકે નહિ ત્યારે સ્વલક્ષે અશુભભાવ ટાળી શુભમાં રહે અને તે શુભને ધર્મ માને નહીં, તેને વ્યવહારપર્યાય ( શુભપર્યાય ) કહેવામાં આવે છે; કેમકે તે જીવને શુભપર્યાય થોડા વખતમાં ટળી શુદ્ધ પર્યાય પ્રગટે છે; આ અપેક્ષા લક્ષમાં રાખી વ્યવહાર સાધક અને નિશ્ચય સાધ્ય-એમ પર્યાયાર્થિકનયે કહેવામાં આવે છે; તેનો અર્થ એવો છે કે સમ્યગ્દષ્ટિનો શુભ પર્યાય ટળી ક્રમે ક્રમે શુદ્ધ પર્યાય થતો જાય. આ બન્ને પર્યાયો હોવાથી તે પર્યાયાર્થિકનયનો વિષય છે. આ ગ્રંથમાં કેટલેક ઠેકાણે નિશ્ચય અને વ્યવહાર એવા શબ્દો વાપરવામાં આવ્યા છે, ત્યાં તેનો આ અર્થ સમજવો. વ્યવહાર ( શુભભાવ ) નો વ્યય તે સાધક અને નિશ્ચય ( શુદ્ધભાવ ) નો ઉત્પાદ તે સાધ્ય એવો તેનો અર્થ થાય છે. તેને ટૂંકામાં 'વ્યવહાર સાધક, નિશ્ચય સાધ્ય' એમ પર્યાયાર્થિકનયે કહેવામાં આવે છે.

## બીજા વિષયો

આ પુસ્તકમાં બહિરાત્મા, અંતરાત્મા, પરમાત્મા વગેરે વિષયોનું સ્વરૂપ આપવામાં આવ્યું છે. બહિરાત્મા તે મિથ્યાદ્રષ્ટિનું બીજું નામ છે, કેમકે બહારના સંયોગ, -વિયોગ, શરીર, રાગ, દેવ-શાસ્ત્ર-ગુરુ આદિથી ખરેખર (પરમાર્થ) પોતાને લાભ થાય એમ તે માને છે. અંતરઆત્મા તે સમ્યગ્દ્રષ્ટિનું બીજું નામ છેઃ કેમકે પોતાના અંતરથી જ એટલે કે મારા ત્રિકાળી શુદ્ધ ચૈતન્યસ્વરૂપના લક્ષે જ મને લાભ થઈ શકે એમ તે માને છે. પરમાત્મા તે આત્માની સંપૂર્ણ શુદ્ધ અવસ્થા છે. આ સિવાય બીજા અનેક વિષયો આ ગ્રંથમાં લેવામાં આવ્યા છે; તે બધા કાળજીપૂર્વક સમજવાની જરૂર છે.

## પાઠકોને વિનંતી

પાઠકોએ આ પુસ્તકનો સૂક્ષ્મ દ્રષ્ટિથી અભ્યાસ કરવો; કેમકે સત્શાસ્ત્રનો ધર્મબુદ્ધિ વડે અભ્યાસ તે સમ્યગ્દર્શનનું કારણ છે; આ ઉપરાંત શાસ્ત્રાભ્યાસમાં નીચેની બાબતો ખાસ ખ્યાલમાં રાખવીઃ-

૧. સમ્યગ્દર્શનથી જ ધર્મની શરૂઆત થાય છે.

૨. સમ્યગ્દર્શન પામ્યા સિવાય કોઈપણ જીવને સાચાં વ્રત, સામાયિક, પ્રતિક્રમણ, તપ, પ્રત્યાખ્યાન વગેરે હોય નહીં. કેમકે તે ક્રિયા પ્રથમ પાંચમે ગુણસ્થાને શુભભાવરૂપે હોય છે.

૩. શુભભાવ જ્ઞાની અને અજ્ઞાની એ બન્નેને થાય છે. પણ અજ્ઞાની તેનાથી ધર્મ થશે એમ માને છે અને જ્ઞાનીને બુદ્ધિમાં તે હેય હોવાથી તેનાથી કદી ધર્મ ન થાય એમ તે માને છે.

૪. આ ઉપરથી ધર્મીને શુભ ભાવ હોતો જ નથી એમ સમજવું નહીં, **પણ શુભ ભાવને ધર્મ કે તેથી ક્રમે ક્રમે ધર્મ થશે એમ તે માનતો નથી**–કેમકે અનંત વીતરાગોએ તેને બંધનું કારણ કહ્યું છે.

૫. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકે નહીં, પરિણમાવી શકે નહીં, પ્રેરણા કરી શકે નહીં, લાભ–નુકશાન કરી શકે નહીં. , પ્રભાવ પાડી શકે નહીં, અસર, મદદ કે ઉપકાર કરી શકે નહીં, મારી–જીવાડી શકે નહીં એવી દરેક દ્રવ્ય–ગુણ–પર્યાયની સંપૂર્ણ સ્વતંત્રતા અનંત જ્ઞાનીઓએ પોકારી–પોકારીને કહી છે.

૬. જિનમતમાં તો એવી પરિપાટી છે કે પહેલાં સમ્યક્ત્વ હોય પછી વ્રત હોય; હવે સમ્યક્ત્વ તો સ્વ–પરનું શ્રદ્ધાન થતાં થાય છે, તથા તે શ્રદ્ધાન દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરતાં થાય છે; માટે પહેલાં દ્રવ્યાનુયોગ અનુસાર શ્રદ્ધાન કરી સમ્યગ્દષ્ટિ થવું.

૭. પહેલે ગુણસ્થાને જિજ્ઞાસુ જીવોને શાસ્ત્રનો અભ્યાસ, વાંચન–મનન, જ્ઞાની પુરુષનો ધર્મોપદેશ સાંભળવો, નિરંતર તેમના સમાગમમાં રહેવું, દેવદર્શન, પૂજા,

ભક્તિ, દાન વગેરે શુભ ભાવો હોય છે; પરંતુ પહેલે ગુણસ્થાને સાચાં વ્રત, તપ વગેરે હોતાં નથી.

ઉપલક દ્રષ્ટિએ જોનારને નીચેની બે શંકા થવાનો સંભવ છેઃ-

(૧) આવા કથન સાંભળવાથી કે વાંચવાથી લોકોને ઘણું નુકસાન થવા સંભવ છે. (૨) હાલ લોકો જે કાંઈ વ્રત, પચ્ચક્ખાણ, પ્રતિક્રમણાદિ ક્રિયા કરે છે તે છોડી દેશે.

તેનો ખુલાસો નીચે પ્રમાણે છેઃ-

સત્યથી કોઈ પણ જીવને નુકસાન થાય એમ કહેવું તે ભૂલભરેલું છે અર્થાત્ અસત્ કથનથી લોકોને લાભ થાય એમ માનવા બરાબર થાય છે. સત્ સાંભળવાથી કે વાંચવાથી જીવોને કદી નુકસાન થાય જ નહિ અને વ્રત-પચ્ચક્ખાણ કરનારાઓ જ્ઞાની છે કે અજ્ઞાની છે તે જાણવાની જરૂર છે. જો તેઓ અજ્ઞાની હોય તો તેને સાચાં વ્રતાદિ હોતાં જ નથી તેથી તે છોડવાનો પ્રશ્ન જ નથી. જો વ્રત કરનાર જ્ઞાની હશે તો છદ્મસ્થ દશામાં તે વ્રત છોડી અશુભમાં જશે તેમ માનવું ન્યાયવિરુદ્ધ છે. પરંતુ એમ બને કે તે ક્રમે ક્રમે શુભભાવને ટાળી શુદ્ધને વધારે. પણ તે તો લાભનું કારણ છે, નુકશાનનું કારણ નથી. માટે સત્ય કથનથી કોઈને નુકશાન થાય નહિ. આ કથનનું ખાસ મનન કરવાની જરૂર છે.

જિજ્ઞાસુઓ કંઈ વિશેષ સ્પષ્ટ ખુલાસાથી સમજી શકે તે વાત લક્ષમાં રાખીને બ્રહ્મચારી ભાઈશ્રી ગુલાબચંદજીએ

યથાશકય શુદ્ધિ-વૃદ્ધિ કરી છે.

કાર્તિક સુદ ૧૫, સં. ૨૦૧૮ સોનગઢ (સૌરાષ્ટ્ર)

**રામજી માણેકચંદ દોશી**
(પ્રમુખ)
**શ્રી દિ. જૈન સ્વા૦ મંદિર ટ્રસ્ટ.**

❄ ❄ ❄

## આ આવૃત્તિનું નિવેદન

આ પુસ્તક એટલું લોકપ્રિય છે કે તેની ઘણી આવૃત્તિઓ પ્રસિદ્ધ થઈ ગઈ છે. તે બધી ખલાસ થઈ જતાં ફરીથી આ સચિત્ર આવૃત્તિ છપાવી છે.

છ ઢાળામાં બતાવેલ વસ્તુસ્વરૂપ યથાર્થપણે સમજીને જિજ્ઞાસુઓ આત્મહિત સાધો એવી ભાવના.

**સોનગઢ**
માગશર સુદ ૫
સં. ૨૦૩૫

**સાહિત્ય પ્રકાશન સમિતિ**
શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ (સૌરાષ્ટ્ર)

*

## વ્રત--સંયમ કયારે ?-

**શંકાઃ-** દ્રવ્યાનુયોગરૂપ અધ્યાત્મ-ઉપદેશ છે તે ઉત્કૃષ્ટ છે, અને તે ઉચ્ચ દશાને પ્રાપ્ત હોય તેને જ કાર્યકારી છે પણ નીચલી દશાવાળાઓને તો વ્રત-સંયમ આદીનો જ ઉપદેશ આપવો યોગ્ય છે.

**સમાધાનઃ-** જિનમતમાં તો એવી પરિપાટી છે કે **પહેલાં**

**સમ્યક્ત્વ હોય પછી વ્રત હોય; હવે સમ્યક્ત્વ તો સ્વ-પરનું શ્રદ્ધાન થતાં થાય છે તથા તે શ્રદ્ધાન દ્રવ્યાનુયોગનો અભ્યાસ** કરતાં થાય છે; માટે પહેલાં દ્રવ્યાનુયોગ અનુસાર શ્રદ્ધાન કરી સમ્યગ્દષ્ટિ થાય અને ત્યારપછી ચરણાનુયોગ અનુસાર વ્રતાદિક ધારણ કરી વ્રતી થાય. એ પ્રમાણે મુખ્યપણે તો નીચલી દશામાં જ દ્રવ્યાનુયોગ કાર્યકારી છે, તથા ગૌણપણે જેને મોક્ષમાર્ગની પ્રાપ્તિ થતી ન જણાય તેને, પહેલાં કોઇ વ્રતાદિકનો ઉપદેશ આપવામાં આવે છે. માટે ઉચ્ચ દશાવાળાઓને અધ્યાત્મ-ઉપદેશ કરવા યોગ્ય છે એમ નીચલી દશાવાળાઓએ પરાઙ્મુખ થવું યોગ્ય નથી. ( શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક પૃ.૨૯૫ )

## જૈન શાસ્ત્રોના અર્થ કરવાની પદ્ધતિ

જિનમાર્ગમાં કોઈ ઠેકાણે તો નિશ્ચયનયની મુખ્યતા સહિત વ્યાખ્યાન છે તેનો તો 'સત્યાર્થ એમ જ છે." એમ જાણવું; તથા કોઈ ઠેકાણે વ્યવહારનયની મુખ્યતા સહિત વ્યાખ્યાન છે તેને "એમ નથી પણ નિમિત્તાદિની અપેક્ષાએ ઉપચાર કર્યો છે." એમ જાણવું; અને એ પ્રમાણે જાણવાનું નામ જ બન્ને નયોનું ગ્રહણ છે. પણ બન્ને નયોના વ્યાખ્યાનને સમાન સત્યાર્થ જાણી "આ પ્રમાણે પણ છે તથા આ પ્રમાણે પણ છે" એવા ભ્રમરૂપ પ્રવર્તવાથી તો બન્ને નયો ગ્રહણ કરવા કહ્યા નથી.

( શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક પૃ. ૨૫૬. )

*

# વિ ષ યા નુ ક્ર મ ણિ કા

**વિષય** **પૃષ્ઠ**

## [ પહેલી ઢાળ પૃ. ૧ થી ૩૦ ]


| | |
|---|---|
| મંગલાચરણ ... | ૧ |
| ગ્રંથ-રચનાનો ઉદ્દેશ અને જીવની ચાહના ... | ૩ |
| ગુરુશિક્ષા અને સંસારનું કારણ ... | ૪ |
| ગ્રંથની પ્રામાણિકતા અને નિગોદનું દુઃખ ... | ૫ |
| નિગોદના દુઃખોનું વર્ણન ... | ૫ |
| તિર્યંચગતિના દુઃખોનું વર્ણન ... | ૭ |
| નરકગતિના દુઃખોનું વર્ણન ... | ૧૧ |
| મનુષ્યગતિના દુઃખોનું વર્ણન ... | ૧૭ |
| દેવગતિના દુઃખોનું વર્ણન ... | ૨૦ |
| પહેલી ઢાળનો સારાંશ, ભેદ-સંગ્રહ, લક્ષણ-સંગ્રહ, અંતર-પ્રદર્શન અને પ્રશ્નાવલી ... | ૨૧-૨૯ |


## [ બીજી ઢાળ પૃ. ૩૧ થી ૫૪ ]


| | |
|---|---|
| સંસારપરિભ્રમણનું કારણ ... | ૩૧ |
| અગૃહીત મિથ્યાત્વદર્શન અને જીવતત્ત્વનું લક્ષણ ... | ૩૨ |
| જીવતત્ત્વના વિષયમાં વિપરીત શ્રદ્ધા ... | ૩૩ |
| મિથ્યાદષ્ટિનો શરીર અને પર વસ્તુઓ ઉપર વિચાર જીવતત્ત્વની ભૂલ ... | ૩૪ |
| અજીવ અને આસ્રવ તત્ત્વનું વિપરીત શ્રદ્ધાન ... | ૩૫ |
| આસ્રવ તત્ત્વની ભૂલ ... | ૩૭ |
| બંધ અને સંવર તત્ત્વની વિપરીત શ્રદ્ધા ... | ૩૭ |
| નિર્જરા અને મોક્ષની વિપરીત શ્રદ્ધા અને અગૃહીત | |

મિથ્યાજ્ઞાન ... ૩૯
નિર્જરા તત્ત્વમાં ભૂલ ... ૩૯
મોક્ષતત્ત્વની ભૂલ ... ૪૦
અગૃહીત મિથ્યાચારિત્રનું લક્ષણ... ૪૦
ગૃહીત મિથ્યાદર્શન અને કુગુરુનાં લક્ષણ ... ૪૧
કુદેવ ( મિથ્યાદેવ )નું સ્વરૂપ ... ૪૩
કુધર્મ અને ગૃહીત મિથ્યાદર્શનનું સંક્ષિપ્ત લક્ષણ ... ૪૪
ગૃહીત મિથ્યાજ્ઞાનનું લક્ષણ ... ૪૫
ગૃહીત મિથ્યાચારિત્રનું લક્ષણ ... ૪૭
મિથ્યાચારિત્રના ત્યાગનો અને આત્મહિતમાં લાગવાનો ઉપદેશ ... ૪૭
બીજી ઢાળનો સારાંશ, ભેદ-સંગ્રહ. લક્ષણ-સંગ્રહ, અંતર-પ્રદર્શન અને પ્રશ્નાવલી ... ૪૯-૫૪

## [ ત્રીજી ઢાળ પૃ. ૫૫ થી ૯૮ ]

આત્મહિત, સાચું સુખ અને બે પ્રકારે મોક્ષમાર્ગનું કથન ૫૫
નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું સ્વરૂપ ... ૫૮
વ્યવહાર સમ્યક્ત્વનું સ્વરૂપ ... ૫૯
બહિરાત્મા તથા ઉત્તમ અંતરાત્માનું લક્ષણ ... ૬૧
મધ્યમ અને જઘન્ય અંતરાત્મા તથા પરમાત્મા ... ૬૩
નિકલ પરમાત્માનું લક્ષણ અને પરમાત્માના ધ્યાનનો ઉપદેશ ... ૬૫
અજીવ-પુદ્‌ગલ, ધર્મ અધર્મ દ્રવ્યનાં લક્ષણ અને ભેદ ... ૬૬
આકાશ, કાળ અને આસ્રવના લક્ષણ અથવા ભેદ ... ૬૮
આસ્રવત્યાગનો ઉપદેશ, બંધ, સંવર અને નિર્જરાનું લક્ષણ ... ૭૦
મોક્ષનું લક્ષણ, વ્યવહાર સમ્યગ્દર્શન અને તેના કારણ ... ૭૪

સમ્યક્ત્વના ૨૫ દોષ તથા ૮ ગુણોનું વર્ણન ... ૭૬
સમ્યક્ત્વના આઠ ગુણ અને શંકાદિ આઠ દોષ ... ૭૮
મદ નામના આઠ દોષ ... ૮૧
છ અનાયતન અને ત્રણ મૂઢતા દોષ ... ૮૪
અવ્રતી સમ્યગ્દષ્ટિની ઇન્દ્ર વગેરેથી પૂજા અને ... ૮૫
સમ્યક્ત્વનો મહિમા, તેના અનુત્પત્તિ સ્થાન, સર્વોત્તમ સુખ ... ૮૬
સમ્યગ્દર્શન વિના જ્ઞાન અને ચારિત્રનું મિથ્યાપણું ... ૮૮
ત્રીજી ઢાળનો સારાંશ, ભેદ-સંગ્રહ, લક્ષણ-સંગ્રહ,
અંતર-પ્રદર્શન અને પ્રશ્નાવલી ... ૯૦-૯૮

## [ ચોથી ઢાળ પૃ. ૯૯ થી ૧૩૬ ]

સમ્યગ્જ્ઞાનનું લક્ષણ અને સમય ... ૯૯
સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનમાં તફાવત ... ૧૦૦
સમ્યગ્જ્ઞાનના ભેદ, પરોક્ષ અને દેશપ્રત્યક્ષ ... ૧૦૨
સકલપ્રત્યક્ષ જ્ઞાનનું લક્ષણ અને મહિમા ... ૧૦૪
જ્ઞાની અને અજ્ઞાનીના કર્મનાશમાં તફાવત ... ૧૦૫
જ્ઞાનના દોષ અને મનુષ્યપર્યાય વગેરેની દુર્લભતા ... ૧૦૭
સમ્યગ્જ્ઞાનનો મહિમા અને કારણ ... ૧૦૯
સમ્યગ્જ્ઞાનનો મહિમા અને વિષયોની ઇચ્છા ૧૧૦
રોકવાનો ઉપાય ...
પુણ્ય-પાપમાં હર્ષ-શોકનો નિષેધ, સાર-સાર વાતો ... ૧૧૨
સમ્યક્ચારિત્રનો સમય અને ભેદ તથા અહિંસા
અને સત્ય અણુવ્રતનું લક્ષણ ... ૧૧૪
શ્રાવકના બાર વ્રતોના લક્ષણ... ૧૧૭-૧૨૩
નિરતિચાર શ્રાવકનાવ્રત પાળવાનું ફળ ... ૧૨૪
ચોથી ઢાળનો સારાંશ, ભેદ-સંગ્રહ, લક્ષણ-સંગ્રહ,
અંતર-પ્રદર્શન અને પ્રશ્નાવલી ... ૧૨૫-૧૩૬

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## [ પાંચમી ઢાળ પૃ. ૧૩૭ થી ૧૬૧ ]

ભાવનાઓના ચિંતવનનું કારણ, તેના અધિકારી અને તેનું ફળ ... ૧૩૭
ભાવનાઓનું ફળ અને મોક્ષસુખ પ્રાપ્તિનો સમય ... ૧૩૮
અનિત્યાદિ બાર ભાવનાઓનું સ્વરૂપ ... ૧૪૦-૧૫૬
આત્માના અનુભવપૂર્વક ભાવલિંગી મુનિનું સ્વરૂપ ... ૧૫૫
પાંચમી ઢાળનો સારાંશ, ભેદ-સંગ્રહ, લક્ષણ-સંગ્રહ, અંતર-પ્રદર્શન અને પ્રશ્નાવલી ... ૧૫૫-૧૬૨

## [ છઠ્ઠી ઢાળ પૃ. ૧૬૨ થી ૨૦૨ ]

અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય મહાવ્રતનાં લક્ષણો ૧૬૨
પરિગ્રહત્યાગ મહાવ્રત, ઈર્યા સમિતિ, ભાષા સમિતિ ૧૬૪
એષણા, આદાન-નિક્ષેપણ અને પ્રતિષ્ઠાપન સમિતિ ૧૬૬
મુનિઓને ત્રણ ગુપ્તિ અને પંચેન્દ્રિય પર વિજય ૧૬૮
મુનિઓના છ આવશ્યક અને બાકીના સાત મૂળગુણ ૧૭૧
મુનિઓના બાકીના ગુણો તથા રાગ-દ્વેષનો અભાવ ૧૭૨
મુનિઓનાં તપ, ધર્મ વિહાર તથા સ્વરૂપાચરણચારિત્ર ૧૭૫
સ્વરૂપાચરણચારિત્ર ( શુદ્ધોપયોગ ) નું વર્ણન ૧૭૯
સ્વરૂપાચરણ-ચારિત્રનું લક્ષણ અને નિર્વિકલ્પ ધ્યાન ૧૮૨
સ્વરૂપાચરણ-ચારિત્ર અને અરિહંત અવસ્થા ... ૧૮૪
સિદ્ધ અવસ્થા ( સિદ્ધ પરમાત્મા )નું વર્ણન ... ૧૮૬
મોક્ષ અવસ્થાનું વર્ણન ... ૧૮૮
રત્નત્રયનું ફળ અને આત્મહિતમાં પ્રવૃત્તિનો ઉપદેશ ૧૯૦
છેલ્લી ભલામણ ... ૧૯૧
ગ્રંથ-રચનાનો કાળ અને તેમાં આધાર ... ૧૯૩
છઠ્ઠી ઢાળનો સારાંશ, ભેદ-સંગ્રહ, લક્ષણ-સંગ્રહ અંતર-પ્રદર્શન અને પ્રશ્નાવલી ... ૧૯૪-૨૦૨

*

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

ॐ

## શ્રી સદ્‌ગુરુદેવાય નમઃ

## અધ્યાત્મપ્રેમી કવિવર પંડિત દૌલતરામજીકૃત

# છ ઢાળા

## *( સુબોધિની ટીકા )*

## -પહેલી ઢાળ-

### મંગલાચરણ

( સોરઠા )

**તીન ભુવનમેં સાર, વીતરાગ વિજ્ઞાનતા;**
**શિવસ્વરૂપ શિવકાર, નમહું ત્રિયોગ સમ્હારિકૈં;**

**અન્વયાર્થઃ-** ( વીતરાગ ) રાગદ્વેષ રહિત, ( વિજ્ઞાનતા ) કેવળજ્ઞાન ( તીન ભુવનમેં ) ત્રણ લોકમાં ( સાર ) ઉત્તમ વસ્તુ ( શિવસ્વરૂપ ) આનંદ-સ્વરૂપ [ અને ] ( શિવકાર ) મોક્ષની પ્રાપ્તિ કરાવનાર છે તેને હું ( ત્રિયોગ ) ત્રણ યોગની ( સમ્હારિકૈં ) સાવધાનીથી ( નમહું ) નમસ્કાર કરું છું.

---

**નોટઃ-** આ ગ્રંથમાં સર્વત્ર ( ) એવું ચિહ્ન મૂળ ગ્રંથના પદનું જાણવું અને [ ] એવું ચિહ્ન ઉપરથી સંધિ મેળવવા માટેનું જાણવું.




**ભાવાર્થઃ-** રાગ-દ્વેષરહિત 'કેવળજ્ઞાન' ઊર્ધ્વ, મધ્ય અને પાતાળ એ ત્રણ લોકમાં ઉત્તમ, આનંદસ્વરૂપ અને મોક્ષ દેનારું છે તેથી હું (દૌલતરામ) મારા ત્રિયોગ અર્થાત્ મન, વચન અને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કાયયોગ દ્વારા સાવધાનીથી તે વીતરાગ (૧૮ દોષ રહિત) સ્વરૂપ કેવળજ્ઞાનને નમસ્કાર કરું છું.

## ગ્રંથ-રચનાનો ઉદ્દેશ અને જીવની ચાહના:-

**જે ત્રિભુવનમેં જીવ અનંત, સુખ ચાહૈં દુખતૈં ભયવન્ત:**
**તાતૈં દુખહારી સુખકાર, કહૈં સીખ ગુરુ કરુણા ધાર. ૧.**




**અન્વયાર્થ:-** (ત્રિભુવનમેં) ત્રણે લોકમાં (જે) જે (અનંત) અનંત (જીવ) પ્રાણી [છે તે] (સુખ) સુખને (ચાહૈં) ઇચ્છે છે અને (દુખતૈં) દુ:ખથી (ભયવન્ત) ડરે છે (તાતૈં) તેથી (ગુરુ) આચાર્ય (કરુણા) દયા (ધાર) કરીને (દુખહારી) દુ:ખનો નાશ કરવાવાળી અને (સુખકાર) સુખને આપવાવાળી (સીખ) શિક્ષા-શિખામણ (કહૈં) આપે છે.

**ભાવાર્થ:-** ત્રણ લોકમાં જે અનંત જીવ (પ્રાણી) છે તે દુ:ખથી ડરે છે અને સુખને ચાહે છે તેથી આચાર્ય દુ:ખનો નાશ કરવાવાળી અને સુખને આપવાવાળી શિખામણ આપે છે. ૧.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ગુરુ શિક્ષા સાંભળવાનો આદેશ અને સંસાર-પરિભ્રમણનું કારણ

**તાહિ સુનો ભવિમન થિર આન, જો ચાહો અપનો કલ્યાન;**
**મોહ મહામદ પિયો અનાદિ, ભૂલ આપકો ભરમત વાદિ. ૨**




**અન્વયાર્થઃ-** (ભવિ) હે ભવ્ય જીવો! (જો) (અપનો) પોતાનું (કલ્યાન) હિત (ચાહો) ચાહતા હો [તો] (તાહિ) ગુરુની તે શિક્ષા (મન) મનને (થિર) સ્થિર (આન) કરીને (સુનો) સાંભળો [કે આ સંસારમાં દરેક પ્રાણી] (અનાદિ) અનાદિ કાળથી (મોહમહામદ) મોહરૂપી જલદ દારૂ (પિયો) પીને, (આપકો) પોતાના આત્માને (ભૂલ) ભૂલી (વાદિ) વ્યર્થ (ભરમત) ભટકે છે.

**ભાવાર્થઃ-** હે ભદ્ર પ્રાણીઓ! જો પોતાનું હિત ચાહતા હો તો, પોતાનું મન સ્થિર કરીને આ શિક્ષા સાંભળો. જેવી રીતે કોઈ દારૂડિયો દારૂ પીને, નશામાં ચકચૂર થઈને જ્યાં ત્યાં ગોથા ખાઈ પડે છે તેવી જ રીતે આ જીવ અનાદિકાળથી મોહમાં ફસી, પોતાના આત્માના સ્વરૂપને ભૂલી ચારે ગતિઓમાં જન્મ-મરણ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

ધારણ કરીને ભટકે છે. ૨.

## આ ગ્રંથની પ્રામાણિકતા અને નિગોદનું દુઃખ

**તાસ ભ્રમનકી હૈ બહુ કથા, પૈ કછુ કહૂં કહી મુનિ યથા;**
**કાલ અનંત નિગોદ મંઝાર, વીત્યો એકેન્દ્રી તન ધાર. ૩.**


**અન્વયાર્થઃ-** (તાસ) આ સંસારમાં (ભ્રમનકી) ભટકવાની (કથા) કથા (બહુ) મોટી (હૈ) છે (પૈ) તોપણ (યથા) જેવી (મુનિ) પૂર્વાચાર્યોએ (કહી) કહી છે (યથા) તે પ્રમાણે હું પણ (કહું) કહૂં છું [કે આ જીવનો] (નિગોદ મંઝાર) નિગોદમાં (એકેન્દ્રી) એકેન્દ્રિય જીવના (તન) શરીર (ધાર) ધારણ કરી (અનંત) અનંત (કાલ) કાળ (વીત્યો) વીત્યો છે-પસાર થયો છે.

**ભાવાર્થઃ-** સંસારમાં જન્મ-મરણ ધારણ કરવાની કથા બહુ મોટી છે. તોપણ જે પ્રકારે પૂર્વાચાર્યોએ પોતાના બીજા ગ્રંથોમાં કહી છે, તે પ્રકારે હું (દૌલતરામ) પણ આ ગ્રંથમાં થોડીક કહું છું. આ જીવે, નરકથી પણ નિકૃષ્ટ નિગોદમાં એક ઇન્દ્રિય જીવના શરીર ધારણ કર્યાં અર્થાત્ સાધારણ-વનસ્પતિકાયમાં ઊપજી ત્યાં અનંત કાળ પસાર કર્યો છે. ૩.

## નિગોદનું દુઃખ અને ત્યાંથી નીકળી પ્રાપ્ત કરેલ પર્યાયો

**એક શ્વાસમેં અઠદસ વાર, જન્મ્યો મર્યો ભર્યો દુખભાર;**
**નિકસિ ભૂમિજલ પાવક ભયો, પવન પ્રત્યેક વનસ્પતિ થયો. ૪.**

**અન્વયાર્થઃ-** [નિગોદમાં આ જીવ] (એક શ્વાસમેં) એક




શ્વાસમાં (અઠદસ વાર) અઢાર વાર (જન્મ્યો) જન્મ્યો અને (મર્યો) મર્યો [અને] (દુખભાર) દુઃખોના સમૂહ (ભર્યો) સહન કર્યાં. [અને ત્યાંથી] (નિકસિ) નીકળીને (ભૂમિ) પૃથ્વીકાયિક જીવ, (જલ) જલકાયિક જીવ, (પાવક) અગ્નિકાયિક જીવ (ભયો) થયો, વળી (પવન) વાયુકાયિક જીવ [અને] (પ્રત્યેક વનસ્પતિ) પ્રત્યેક વનસ્પતિકાયિક જીવ (થયો) થયો.

**ભાવાર્થઃ-** નિગોદ [સાધારણ વનસ્પતિ] માં આ જીવે એકશ્વાસમાત્ર (જેટલા) સમયમાં ૧૮ વાર *જન્મ અને +મરણ કરીને ભયંકર દુઃખ સહન કર્યું છે. અને ત્યાંથી નીકળી પૃથ્વીકાયિક, જલકાયિક, અગ્નિકાયિક, વાયુકાયિક અને પ્રત્યેક વનસ્પતિકાયિક ×જીવ તરીકે ઉત્પન્ન થયો. ૪.

---


* નવીન શરીરનું ધારણ.

\+ વર્તમાન શરીરનો ત્યાગ.

× નિગોદમાંથી નીકળીને આ પ્રમાણે પર્યાયો પ્રાપ્ત કરવાનો નિશ્ચિત ક્રમ જ નથી, નિગોદમાંથી એકદમ મનુષ્યપર્યાય પણ પ્રાપ્ત થઇ શકે છે. જેમકેઃ-ભરતના બત્રીસ હજાર પુત્રો નિગોદમાંથી એકદમ મનુષ્યપર્યાય પામી મોક્ષ પણ ગયા છે.

## તિર્યંચગતિમાં ત્રસપર્યાયની દુર્લભતા અને તેનું દુઃખ

**દુર્લભ લહિ જ્યોં ચિન્તામણી, ત્યોં પર્યાય લહી ત્રસતણી;**
**લટ પિપીલ અલિ આદિ શરીર, ઘર ઘર મર્યો સહી બહુ પીર. ૫.**




**અન્વયાર્થઃ-** ( જ્યોં ) જેમ ( ચિન્તામણી ) ચિન્તામણિ રત્ન ( દુર્લભ ) મુશ્કેલીથી ( લહિ ) પ્રાપ્ત થાય છે ( ત્યોં ) તેમ જ ( ત્રસતણી ) ત્રસનો ( પર્યાય ) પર્યાય ( દુર્લભ ) મુશ્કેલીથી ( લહી ) પ્રાપ્ત થાય છે. [ ત્યાં પણ ] ( લટ ) ઈયળ ( પિપીલ ) કીડી ( અલિ ) ભમરો ( આદિ ) વગેરેના ( શરીર ) શરીરો ( ઘર ઘર ) વારંવાર ધારણ કરીને, ( મર્યો ) મરણ પામ્યો [ અને ] ( બહુ પીર ) ઘણી પીડા ( સહી ) સહન કરી.

**ભાવાર્થઃ-** જેવી રીતે ચિંતામણિ રત્ન બહુ મુશ્કેલીથી પ્રાપ્ત થાય છે તેવી રીતે આ જીવે ત્રસ પર્યાય પણ ઘણી મુશ્કેલીથી પ્રાપ્ત કર્યો છે. આ ત્રસ પર્યાયમાં પણ ઈયળ વગેરે બે ઇન્દ્રિય જીવ, કીડી વગેરે ત્રણ ઇન્દ્રિય જીવ અને ભમરો વગેરે ચાર ઇન્દ્રિય જીવના શરીર ધારણ કરી મર્યો અને ઘણાં દુઃખો સહન કર્યાં. ૫.

## તિર્યંચગતિમાં અસંજ્ઞી અને સંજ્ઞીનાં દુ:ખો

**કબહૂં પંચેન્દ્રિયપશુ ભયો, મન વિન નિપટ અજ્ઞાની થયો;**
**સિંહાદિક સૈની હ્વૈ ક્રૂર, નિબલ પશુ હતિ ખાયે ભૂર. ૬.**




**અન્વયાર્થ:-** [ આ જીવ ] ( કબહૂં ) ક્યારેક ( પંચેન્દ્રિય ) પંચેન્દ્રિય ( પશુ ) તિર્યંચ ( ભયો ) થયો [ તો ] ( મન વિન ) મન વગર ( નિપટ ) અત્યંત ( અજ્ઞાની ) મૂર્ખ ( થયો ) થયો [ અને ] ( સૈની ) સંજ્ઞી [ પણ ] ( હ્વૈ ) થયો [ તો ] ( સિંહાદિક ) સિંહ વગેરે ( ક્રૂર ) ક્રૂર જીવ ( હ્વૈ ) થઈને ( નિબલ ) પોતાથી નબળાં, ( ભૂર ) ઘણાં ( પશુ ) તિર્યંચો ( હતિ ) હણી-હણી ખાધાં.

**ભાવાર્થ:-** આ જીવ ક્યારેક પંચેન્દ્રિય અસંજ્ઞી પશુ પણ થયો તો મન વિનાનો હોવાથી અત્યંત અજ્ઞાની રહ્યો; અને કોઈક વખત સંજ્ઞી થયો તો સિંહ વગેરે ક્રૂર-નિર્દય થઈ, પોતાનાથી નિર્બલ અનેક જીવો મારી નાખીને ખાધાં અને ઘોર-અજ્ઞાની થયો. ૬.

## તિર્યંચગતિમાં નિર્બળતા તથા દુઃખ

**કબહૂં આપ ભયો બલહીન, સબલનિ કરિ ખાયો અતિદીન;**
**છેદન ભેદન ભૂખ પિયાસ, ભાર-વહન હિમ આતપ ત્રાસ. ૭.**








**અન્વયાર્થઃ-** [ આ જીવ તિર્યંચ ગતિમાં ] ( કબહૂં ) ક્યારેક ( આપ ) પોતે ( બલહીન ) કમજોર ( ભયો ) [ તો ] ( અતિદીન ) અસમર્થ થવાથી ( સબલનિ કરિ ) પોતાનાથી બળવાન પ્રાણીઓ વડે ( ખાયો ) ખવાયો [ અને ) ( છેદન ) છેદાવું, ( ભેદન ) ભેદાવું, ( ભૂખ ) ભૂખ, ( પિયાસ ) તરસ, ( ભારવહન ) બોજો ઉપાડવો, ( હિમ ) ઠંડી, ( આતપ ) ગરમી [ વગેરેના ] ( ત્રાસ ) દુઃખો સહન કર્યાં.

**ભાવાર્થ:-** જ્યારે આ જીવ તિર્યંચગતિમાં કોઈ વખત સ્વયં નિર્બલ પશુ થયો તો પોતે અસમર્થ હોવાથી પોતાનાથી બળવાન પ્રાણીઓ દ્વારા ખવાઈ ગયો અને તે તિર્યંચગતિમાં છેદાવું, ભેદાવું, ભૂખ, તરસ, ભારવહન કરવો, ઠંડી, ગરમી વગેરેના દુ:ખો પણ સહન કર્યાં. ૭.

## તિર્યંચના દુ:ખની અધિકતા અને નરકગતિ પ્રાપ્તિનું કારણ

**વધ બંધન આદિક દુ:ખ ઘને, કોટિ જીભતૈં જાત ન ભને;**
**અતિ સંકલેશ ભાવતૈં મર્યો, ઘોર સ્વભ્રસાગરમેં પર્યો. ૮**




**અન્વયાર્થ:-** [ આ તિર્યંચગતિમાં જીવે બીજાં પણ ] (વધ) હણાવું, (બંધન) બંધાવવું (આદિક) વગેરે (ઘને) ઘણાં (દુખ) દુ:ખો સહન કર્યાં; [ તે ] (કોટિ) કરોડો (જીભતૈં) જીભથી (ભને ન જાત) કહી શકાતાં નથી. [ આથી કરીને ] (અતિ સંકલેશ) ઘણા માઠાં (ભાવતૈં) પરિણામોથી (મર્યો) મરણ પામીને (ઘોર) ભયાનક (સ્વભ્રસાગરમેં) નરકરૂપી સમુદ્રમાં (પર્યો) જઈ પડ્યો.

**ભાવાર્થ:-** આ જીવે આ તિર્યંચ ગતિમાં હણાવું, બંધાવું વગેરે ઘણાં દુઃખો સહન કર્યાં જે કરોડો જીભોથી પણ કહી શકાય તેમ નથી. અને અંતે એવાં અત્યંત માઠાં પરિણામો (આર્તધ્યાન) થી મર્યો કે મહામુશ્કેલીથી પાર કરી શકાય તેવા સમુદ્રસમાન દુસ્તર નરકમાં જઈ પહોંચ્યો. ૮.

## નરકભૂમિ અને નદીનું દુઃખ

**તહાં ભૂમિ પરસત દુખ ઇસો, બિચ્છૂ સહસ ડસે નહિ તિસો;**
**તહાં રાધ-શ્રોણિતવાહિની, ક્રમિકુલકલિત દેહદાહિની. ૯**




**અન્વયાર્થ:-** (તહાં) એ નરકમાં (ભૂમિ) જમીન (પરસત) સ્પર્શવાથી (ઇસો) એવું (દુખ) દુઃખ [થાય છે કે] (સહસ) હજારો (બિચ્છૂ) વીંછીઓ (ડસે) ડંખ મારે તો પણ (નહિં તિસો) એના જેવું દુઃખ થતું નથી. [વળી] (તહાં) ત્યાં [નરકમાં] (રાધ-શ્રોણિતવાહિની) લોહી અને પરુ વહેવડાવનારી [એક વૈતરણી નામની નદી છે] જે (ક્રમિકુલકલિત) નાના નાના ક્ષુદ્ર કીડાઓથી ભરેલી છે અને (દેહદાહિની) શરીરમાં દાહ ઉત્પન્ન કરવાવાળી છે.

**ભાવાર્થઃ-** એ નરકની જમીનનો સ્પર્શ માત્ર કરવાથી નારકીઓને એટલું દુઃખ થાય છે કે, હજારો વીંછીઓ એકી સાથે ડંખ મારે તોપણ તેટલું દુઃખ થતું નથી. વળી એ નરકમાં પરુ, લોહી અને નાના નાના કીડાઓથી ભરેલી અને શરીરમાં દાહ ઉત્પન્ન કરવાવાળી એક વૈતરણી નદી છે; જેમાં શાંતિલાભની ઇચ્છાથી નારકી જીવ પ્રવેશ કરે છે પણ ત્યાં તો તેની પીડા વધારે ભયંકર થઈ પડે છે.

(જીવોને દુઃખ થવાનું મૂળ કારણ તો તેની શરીર સાથેની મમતા અને એકત્વબુદ્ધિ જ છે. જમીનનો સ્પર્શ વગેરે તો માત્ર નિમિત્ત-કારણ છે.) ૯.

## નરકનાં સેમરવૃક્ષ, શરદી અને ગરમીનાં દુઃખ

**સેમર તરુ દલજુત અસિપત્ર, અસિ જ્યોં દેહ વિદારૈં તત્ર;**
**મેરુ સમાન લોહ ગલિ જાય, ઐસી શીત ઉષ્ણતા થાય. ૧૦**




**અન્વયાર્થઃ-** (તત્ર) તે નરકમાં (અસિપત્ર જ્યોં) તરવારની ધાર માફક તીક્ષ્ણ (દલજુત) પાંદડાવાળા (સેમર તરુ) સેમરના ઝાડ [છે, જે] (દેહ) શરીરને (અસિ જ્યોં) તરવારની માફક

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(વિદારૈં) ફાડી નાખે છે. [અને] (તત્ર) ત્યાં [એ નરકમાં] (ઐસી) એવા પ્રકારની (શીત) ઠંડી [અને] (ઉષ્ણતા) ગરમી (થાય) થાય છે [કે] (મેરુ સમાન) મેરુ જેવા પર્વતની બરાબર (લોહ) લોઢાનો ગોળો પણ (ગલિ) ગળી જઈ (જાય) શકે છે.

**ભાવાર્થઃ-** એ નરકમાં ઘણાંય સેમરનાં ઝાડો છે, તેના પાંદડાં તરવારની ધાર જેવાં તીક્ષ્ણ છે. જ્યારે દુઃખી નારકી છાયા મળવાની ઇચ્છાથી તે ઝાડ નીચે જાય છે, ત્યારે તે ઝાડના પાંદડાંઓ તેની ઉપર પડી, તે નારકીઓના શરીરને ચીરી નાખે છે. અને એ નરકોમાં એટલી ગરમી થાય છે કે એક લાખ જોજનની ઊંચાઈવાળા સુમેરુ પર્વતની બરોબર લોઢાનો પિંડ પણ *ઓગળી જાય છે, તથા એટલી ઠંડી પડે છે કે સુમેરુ સમાન લોઢાનો ગોળો પણ ગળી× જાય છે. જેવી રીતે લોકોમાં કહેવાય

---

मेरुसम लोहपिंडं, सीदं उण्हे विलम्मि पक्खितं।
ण लहदि तलप्पदेशं, विलीयदे मयणखंडं वा।।

(ત્રિલોકપ્રજ્ઞપ્તિ, દ્વિતીય મહાધિકાર)

**અર્થઃ-** જેવી રીતે ગરમીમાં મીણ પીગળી જાય છે, (પાણીની માફક ચાલવા લાગે છે) તેવી રીતે સુમેરુ બરાબર લોઢાનો ગોળો ગરમ બિલની અંદર ફેંકવામાં આવે તો વચમાં જ ઓગળવા માંડે છે.

मेरुसम लोहपिंडं, उण्हं सीदे विलम्मि पक्खितं।
ण लहदि तलं पदेशं, विलीयदे लवणखण्डं वा।।

અને જેવી રીતે ઠંડી-વરસાદમાં મીઠું ઓગળી જાય છે-પાણી થઈ જાય છે તેવી રીતે સુમેરુ સમાન લોઢાનો ગોળો ઠંડા બિલોમાં ફેંકવામાં આવે તો વચમાં જ ઓગળવા લાગે છે. પહેલી, બીજી, ત્રીજી અને ચોથી નરકની ભૂમિઓ ગરમ છે. પાંચમી નરકમાં ઉપરની ભૂમિ ગરમ તથા નીચે ત્રીજો ભાગ ઠંડી અને છઠ્ઠી તથા સાતમીની ભૂમિ ઠંડી છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

છે કે ઠંડીથી હાથ ઠુંઠવાઈ ગયા, હીમથી ઝાડ અથવા અનાજ બળી ગયું વગેરે; એટલે કે લોઢાની અંદર એકદમ ઉગ્ર ઠંડીના કારણે ચીકણાઈ ઓછી થવાથી તેના સ્કંધ વીખરાઈ જાય છે. ૧૦.

## નરકમાં અન્ય નારકીઓ, અસુરકુમાર તથા પ્યાસના દુઃખો

**તિલ-તિલકરૈં દેહકે ખંડ, અસુર ભિડાવૈં દુષ્ટ પ્રચણ્ડ;**
**સિન્ધુનીરતૈં પ્યાસ ન જાય, તોપણ એક ન બૂંદ લહાય. ૧૧**




**અન્વયાર્થઃ-** [ એ નરકમાં નારકી જીવ એકબીજાના ] ( દેહકે ) શરીરના ( તિલ-તિલ ) તલના દાણા જેવડાં ( ખંડ ) ટુકડા ( કરૈં ) કરી નાંખે છે, અને ( પ્રચંડ ) અત્યંત ( દુષ્ટ ) ક્રૂર ( અસુર ) અસુરકુમાર જાતિના દેવ, [ એકબીજા સાથે ] ( ભિડાવૈં ) લડાવે છે; [ તથા એટલી ] ( પ્યાસ ) તરસ [ લાગે છે કે ] ( સિન્ધુનીરતૈં ) સમુદ્રભરના પાણી પીવાથી પણ ( ન જાય ) છીપી શકતી નથી ( તો પણ ) છતાં ( એક બૂંદ ) એક ટીપું પણ ( ન લહાય ) મળી શકતું નથી.

**ભાવાર્થઃ-** તે નરકોમાં નારકી એકબીજાને દુઃખ આપ્યા કરે છે, અર્થાત્ કૂતરાંની માફક હંમેશાં અંદરોઅંદર

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લડે છે અને ઝઘડા કર્યા કરે છે. તે એકબીજાના શરીરના ટુકડે-ટુકડા કરી નાંખે છે છતાં પણ, તેનાં શરીર પાછા મળી જવાથી *પારાની માફક ફરીને જેવું અને તેવું થઈ જાય છે. સંકિલષ્ટ પરિણામવાળા અમ્બ અને અમ્બરીષ વગેરે જાતિના અસુરકુમાર દેવ પહેલી, બીજી અને ત્રીજી નરક સુધી જઈને ત્યાંના તીવ્ર દુઃખી નારકીઓને, પોતાના અવધિજ્ઞાનથી વેર બતાવીને અથવા ક્રૂરતા અને કુતૂહલથી, અંદરોઅંદર લડાવી મારે છે અને પોતે આનંદિત થાય છે. તે નારકી જીવોને એટલી બધી તરસ લાગે છે કે જો મળે તો એક મહાસાગરનું પાણી પણ પી જાય છે, તોપણ તરસ છીપી શકતી નથી; પરંતુ પીવાને પાણીનું એક ટીપું પણ મળતું નથી. ૧૧.

## નરકની ભૂખ, નરકનું આયુ અને મનુષ્યગતિ પ્રાપ્તિનું વર્ણન

**તીન લોકકો નાજ જુ ખાય, મિટૈ ન ભૂખ કણા ન લહાય;**
**યે દુખ બહુ સાગર લૌં સહૈ, કરમ જોગતૈં નરગતિ લહે. ૧૨**

**અન્વયાર્થઃ-** [ એ નરકોમાં એટલી ભૂખ લાગે છે કે ] ( તીન લોકકો ) ત્રણ લોકનું ( નાજ ) અનાજ ( જુ ખાય ) ખાઈ જાય તોપણ ( ભૂખ ) ભૂખ ( ન મિટૈ ) મટી શકે નહિ, [ પરંતુ ખાવાને ] ( કણ ) એક દાણો પણ ( ન લહાય ) મળતો નથી. ( યે દુખ ) એવું દુઃખ ( બહુ સાગર લૌં ) ઘણા સાગરોપમ કાળ સુધી ( સહૈ ) સહન

---

* પારો એક ધાતુના રસ જેવો હોય છે. જમીન ઉપર ફેંકવાથી અમુક અંશે છૂટો છૂટો વીંખરાય જાય છે. ફરી એકઠો કરી દેવાથી પોતે સ્વયં એક પિંડ થઈ જાય છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com




કરે છે, (કરમજોગતૈં) કોઈ વિશેષ શુભકર્મના યોગથી (નરગતિ) મનુષ્યગતિ (લહૈ) પામે છે.

**ભાવાર્થ:-** એ નરકોમાં એટલી તીવ્ર ભૂખ લાગે છે કે જો મળે તો એકસાથે ત્રણે લોકનું અનાજ ખાઈ જાય તો પણ ભૂખ મટે નહિ, છતાં ત્યાં ખાવાને એક દાણો પણ મળી શકતો નથી. એ નરકોમાં એ જીવ ઘણાં તીવ્ર દુઃખો ઘણા સમય (ઓછામાં ઓછા દશ હજાર વર્ષ અને વધારેમાં વધારે તેત્રીસ સાગરોપમ કાળ) સુધી ભોગવે છે. કોઈ શુભકર્મના ઉદયથી એ પ્રાણી મનુષ્યગતિને પામે છે. ૧૨.

## મનુષ્યગતિમાં ગર્ભનિવાસ અને પ્રસવકાળનાં દુઃખો

**જનની ઉદર વસ્યો નવ માસ, અંગ સકુચતૈં પાઈ ત્રાસ;**
**નિકસત જે દુખ પાયે ઘોર, તિનકો કહત ન આવે ઓર. ૧૩.**

**અન્વયાર્થ:-** [મનુષ્યગતિમાં પણ આ જીવ] (નવ માસ) નવ મહિના સુધી (જનની) માતાના (ઉદરમાં) પેટમાં (વસ્યો) રહ્યો [ત્યારે તે ઠેકાણે] (અંગ) શરીર (સકુચતૈં) સંકોચીને





રહેવાથી (ત્રાસ) દુઃખ (પાઈ) પામ્યો [અને] (નિકસત) નીકળતી વખતે (જે) જે (ઘોર) ભયંકર (દુખ) દુઃખ (પાયે) પામ્યો (તિનકો) તે દુઃખોને (કહત) કહેતાં (ઓર) અન્ત (ન આવે) આવી શકતો નથી.

**ભાવાર્થ**:- મનુષ્યગતિમાં પણ આ જીવ નવ મહિના સુધી તો માતાના પેટમાં જ રહ્યો. ત્યાં પણ શરીર સંકોચીને રહેવાનું હોવાથી ઘણું દુઃખ પામ્યો, જેનું વર્ણન પણ થઈ શકતું નથી. કોઈ કોઈ વખતે માતાના પેટમાંથી નીકળતી વખતે, માતાનું અથવા પુત્રનું અથવા બન્નેનું મરણ પણ થઈ જાય છે. ૧૩.

## મનુષ્યગતિમાં બાલ્ય, યુવા, વૃદ્ધાવસ્થાનાં દુઃખો

**બાલપનેમેં જ્ઞાન ન લહ્યો, તરુણ સમય તરુણીરત રહ્યો;**
**અર્ધમૃતકસમ બૂઢાપનોં, કૈસે રૂપ લખૈ આપનો. ૧૪.**

**અન્વયાર્થ**:- [મનુષ્યગતિમાં જીવ] (બાલપનેમેં) બાળપણામાં (જ્ઞાન) જ્ઞાન (ન લહ્યો) પામ્યો નહિ [અને] (તરુણ સમય) જુવાનીમાં (તરુણીરત) જુવાન સ્ત્રીમાં લીન (રહ્યો) રહ્યો [અને] (બૂઢાપનોં) ઘડપણ (અર્ધમૃતકસમ) અધમૂઉં જેવું [રહ્યું;




આવી હાલતમાં ] ( કૈસે ) કેવી રીતે [ જીવ ] ( આપનો ) પોતાનું ( રૂપ ) સ્વરૂપ ( લખૈ ) વિચારે-દેખે.

**ભાવાર્થઃ-** મનુષ્યગતિમાં પણ આ જીવ બાલ્યાવસ્થામાં વિશેષ જ્ઞાન પણ ન પામ્યો, જુવાનીમાં જ્ઞાન તો પામ્યો પણ સ્ત્રીના મોહ (વિષયભોગ) માં ભૂલી ગયો અને ઘડપણમાં ઇન્દ્રિયોની શક્તિ ઘટી ગઈ અથવા મરણપર્યંત પહોંચે તેવો રોગ લાગુ પડયો કે જેથી અધમૂઆ જેવો પડયો રહ્યો. આવી હાલતમાં આ પ્રાણી ત્રણે અવસ્થામાં આત્મસ્વરૂપનું દર્શન ( પિછાણ ) ન કરી શકયો. ૧૪.

## દેવગતિમાં ભવનત્રિકનું દુઃખ

**કભી અકામનિર્જરા કરૈ, ભવનત્રિકમેં સુર-તન ધરૈ;**
**વિષય-ચાહ-દાવાનલ દહ્યો, મરત-વિલાપ કરત દુખ સહ્યો. ૧૫.**

**અન્વયાર્થઃ-** [ આ જીવે ] ( કભી ) કોઈ વખત ( અકામ-નિર્જરા ) અકામનિર્જરા ( કરૈ ) કરી [ તો મર્યા પછી ] ( ભવનત્રિક ) ભવનવાસી, વ્યન્તર અને જ્યોતિષીમાં ( સુર-તન ) દેવપર્યાય ( ધરૈ ) ધારણ કર્યા, [ પરંતુ ત્યાં પણ ] ( વિષયચાહ )





પાંચે ઇન્દ્રિયોના વિષયોની ઇચ્છારૂપ (દાવાનલ) ભયંકર અગ્નિમાં (દહ્યો) બળી રહ્યો [અને] (મરત) મરતી વખતે (વિલાપ કરત) રડી રડી (દુખ) દુઃખો (સહ્યો) સહન કર્યાં.

**ભાવાર્થઃ-** જ્યારે કોઈ વખત આ પ્રાણીએ અકામનિર્જરા કરી ત્યારે મરીને તે નિર્જરાના પ્રભાવથી (ભવનત્રિક) ભવનવાસી, વ્યન્તર અને જ્યોતિષી દેવોમાંથી કોઈ એકનું શરીર ધારણ કર્યું. ત્યાં પણ અન્ય દેવોના વૈભવો દેખી પાંચે ઇન્દ્રિયોના વિષયોની ઇચ્છારૂપ અગ્નિમાં બળી રહ્યો, તથા મંદારમાલા કરમાઈ જતી દેખીને અને શરીર તથા આભૂષણોની કાંતિ ક્ષીણ થતી દેખીને પોતાનું મરણ નજીક છે એમ અવધિજ્ઞાન દ્વારા જાણતાં "હાય! હવે આ ભોગ મને ભોગવવાને નહિ મળે!" એવા વિચારથી રો-રો કરીને ઘણાં દુઃખો સહન કર્યાં. ૧૫.

અકામ નિર્જરા એમ સાબિત કરે છે કે કર્મના ઉદય પ્રમાણે જ જીવ વિકાર કરતો નથી પણ ગમે તેવા કર્મોદય હોવા છતાં જીવ સ્વયં પુરુષાર્થ કરી શકે છે.

## દેવ ગતિમાં વૈમાનિક દેવોનું દુઃખ

**જો વિમાનવાસી હૂ થાય, સમ્યગ્દર્શન બિન દુખ પાય;**
**તહઁતેં ચય થાવર તન ધરૈ, યોં પરિવર્તન પૂરે કરૈ. ૧૬.**



**અન્વયાર્થઃ-** ( જો ) જો ( વિમાનવાસી ) વૈમાનિકદેવ ( હૂ ) પણ ( થાય ) થયો [ તો ત્યાં ] ( સમ્યગ્દર્શન ) સમ્યગ્દર્શન ( વિના ) વિના ( દુખ ) દુઃખ ( પાય ) પામ્યો [ અને ] ( તહઁતેં ) ત્યાંથી ( ચય ) મરીને ( થાવર તન ) સ્થાવર જીવનું શરીર ( ધરૈ ) ધારણ કરે છે, ( યોં ) આવી રીતે [ આ જીવ ] ( પરિવર્તન ) પાંચે પરાવર્તન ( પૂરે કરૈ ) પૂરા કર્યા કરે છે.

**ભાવાર્થઃ-** આ જીવ વૈમાનિક દેવોમાં પણ ઉત્પન્ન થયો તોપણ ત્યાં તેણે સમ્યગ્દર્શન વિના દુઃખો ઉઠાવ્યાં અને ત્યાંથી

પણ મરીને પૃથ્વીકાયિક વગેરે સ્થાવરોના *શરીર ધારણ કર્યાં, એટલે કે ફરીને તિર્યંચ ગતિમાં જઈ પડયો. આ રીતે આ જીવ સંસારમાં અનાદિ કાળથી રખડયા કરે છે, અને પાંચ પરાવર્તન કરી રહ્યો છે.

## સાર

સંસારની કોઈ ગતિ સુખદાયક નથી. નિશ્ચયસમ્યગ્દર્શનથી જ પંચ પરાવર્તનરૂપ સંસાર પરિત થાય છે. બીજા કોઈ કારણથી–દયા, દાનાદિના શુભરાગથી સંસાર તૂટે નહિ. સંયોગો સુખ–દુઃખના કારણ નથી પણ મિથ્યાત્વ (પર સાથે એકતાબુદ્ધિ–કર્તાબુદ્ધિ, શુભરાગથી ધર્મ થાય એવી માન્યતા) તે જ દુઃખનું કારણ છે. સમ્યગ્દર્શન સુખનું કારણ છે.

## પહેલી ઢાળનો સારાંશ

ત્રણ લોકમાં જે અનંત જીવો છે તે સર્વ સુખ ચાહે છે અને દુઃખથી ડરે છે. પણ પોતાનું અસલી સ્વરૂપ સમજે તો જ સુખી થાય. ચાર ગતિના સંયોગ તે દુઃખનું કારણ નથી. છતાં પરમાં એકત્વબુદ્ધિ વડે ઇષ્ટ–અનિષ્ટપણું માની માનીને જીવ એકલો દુઃખી થાય છે. અને ત્યાં કેવા સંયોગના લક્ષે વિકાર કરે છે તે ટૂંકમાં કહેલ છે.

**તિર્યંચગતિનાં દુઃખોનું વર્ણન** - આ જીવ નિગોદમાં

---

* મિથ્યાદૃષ્ટિ દેવ મરીને એકેન્દ્રિય થાય છે, સમ્યગ્દૃષ્ટિ નહિ.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અનંતકાળ સુધી રહી ત્યાં એક શ્વાસમાં ૧૮ વાર જન્મ ધારણ કરીને, જેનું કથન ન થઈ શકે એવું દુઃખ ઉઠાવે છે. ત્યાંથી નીકળીને બીજા સ્થાવર પર્યાયો પ્રાપ્ત કરે છે. ત્રસ પર્યાય તો ચિંતામણિરત્ન સમાન ઘણી જ મુશ્કેલીથી પ્રાપ્ત થાય છે. ત્યાં પણ વિકલત્રયના શરીરો ધારણ કરી ઘણું દુઃખ પામે છે. કદાચિત્ અસંજ્ઞી પંચેન્દ્રિય થયો તો મન વગર દુઃખ પામે છે. સંજ્ઞી થાય તોપણ ત્યાં કમજોર પ્રાણી બળવાન પ્રાણી દ્વારા સતાવાય છે. બળવાન બીજાને દુઃખ આપી ઘણાં પાપનો બંધ કરે છે; તથા છેદન, ભેદન, ભૂખ, તરસ, શીત, ગરમી વગેરે અકથ્ય દુઃખ પામે છે.

**નરકગતિનું દુઃખઃ-** જ્યારે કોઈ સમય ખોટા પરિણામથી મરણ પામે છે તો નરકમાં જઈ પડે છે; ત્યાંની માટીનો એક કણ પણ અહીં આવી જાય તો અહીંના અનેક ગાઉ સુધીના સંજ્ઞી પંચેન્દ્રિય જીવો પણ એની દુર્ગંધથી મરી જાય છે. ત્યાંની જમીનને અડવાથી જ અસહ્ય દુઃખ થવા લાગે છે. ત્યાં વૈતરણી નદી, સેમરઝાડ, શરદી, ગરમી અને અન્ન-પાણીના અભાવથી સ્વતઃ મહાન દુઃખ થાય છે. જ્યારે બિલોમાં ઊંધે માથે લટકે છે ત્યારે ઘોર દુઃખોનો અનુભવ કરે છે. પછી બીજા નારકી જીવ તેને દેખતાં જ કૂતરાંની માફક મારપીટ વગેરે કરવા લાગી જાય છે. ત્રીજી નરક સુધી અમ્બ અને અમ્બરીષ વગેરે નામના સંકિલષ્ટ પરિણામી અસુરકુમાર દેવ જઈને અવધિજ્ઞાન દ્વારા પૂર્વના વિરોધનું સ્મરણ કરાવી, અંદરોઅંદર લડાવી મારે છે; ત્યારે નારકીઓ દ્વારા ઘાણીમાં પિલાવું, અગ્નિમાં બળવું, કરવતથી ચિરાવું, કડાઈમાં ઊકળવું, ટુકડેટુકડા કરી નાંખવા વગેરેથી અનંત દુઃખો ઉઠાવે છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તોપણ પળમાત્ર સાતા (શાંતિ) મળતી નથી, કારણ કે શરીરના ટુકડેટુકડા થવા છતાં પણ પારાંની માફક ફરીથી જેવું ને તેવું મળી જાય છે. આયુ પૂર્ણ થયા વિના મરણ થતું નથી. નરકમાં આવા દુઃખો ઓછામાં ઓછાં દશ હજાર વર્ષ સુધી તો સહન કરવાં જ પડે છે પણ જો ઉત્કૃષ્ટ આયુષ્યનો બંધ પડયો હોય તો તેત્રીસ સાગરોપમ વર્ષ સુધી શરીર છૂટતું નથી.

**મનુષ્યગતિનું દુઃખઃ-** કોઈ વિશેષ પુણ્યકર્મના ઉદયથી આ જીવ કયારેક મનુષ્યપર્યાય પામે છે. ત્યારે નવ માસ તો માતાના પેટમાં જ કેદ રહે છે, ત્યાં શરીર સંકોચાઈ ને રહેવાથી ઘણી તકલીફ પામે છે. બાળપણમાં જ્ઞાન વગર, જુવાનીમાં વિષય-ભોગોમાં આસક્તિવશ અને ઘડપણમાં ઇન્દ્રિયોની શિથિલતા અથવા મરણપર્યંત ક્ષયરોગ (ટી. બી.) વગેરેના કારણે આત્મદર્શનથી વિમુખ રહે છે, અને મોક્ષદ્વારનો માર્ગ પામતો નથી.

**દેવગતિનું દુઃખઃ-** જો કોઈ શુભકર્મના ઉદયથી દેવ પણ થાય છે તો બીજા મોટા દેવોના વૈભવ અને સુખ જોઈ હૃદયમાં દુઃખી થતો રહે છે. કદાચિત્ વૈમાનિક દેવ પણ થાય તો ત્યાં પણ જો સમકિત ન પામે તો આત્મિક શાંતિ પામતો નથી. તથા અંત સમયે મંદારમાળા કરમાઈ જતાં, આભૂષણો અને શરીરની કાંતિ ક્ષીણ થતાં મૃત્યુ નજીક આવ્યું જાણીને ઘણો દુઃખી થાય છે અને વલખાં મારી મારીને મરે છે અને પછી એકેન્દ્રિય જીવ સુદ્ધાં થાય છે એટલે કે ફરીને તિર્યંચગતિમાં જઈ પડે છે. આવી રીતે ચારે ગતિઓમાં પ્રાણીને કયાંય પણ સુખ અને શાંતિ મળતાં નથી. આ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

રીતે પોતાના મિથ્યાભાવોના કારણે નિરંતર સંસારચક્રમાં પરિભ્રમણ કર્યા જ કરે છે.

## પહેલી ઢાળનો ભેદ-સંગ્રહ

**એકેન્દ્રિય-** પૃથ્વીકાયિક જીવ, અપકાયિક જીવ, અગ્નિકાયિક જીવ, વાયુકાયિક જીવ અને વનસ્પતિકાયિક જીવ.

**ગતિ-** મનુષ્યગતિ, તિર્યંચગતિ, દેવગતિ અને નરકગતિ.

**જીવ-** સંસારી અને મુક્ત

**ત્રસ-** દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિય.

**દેવ-** ભવનવાસી, વ્યન્તર, જ્યોતિષી અને વૈમાનિક.

**પંચેન્દ્રિય-** સંજ્ઞી અને અસંજ્ઞી.

**યોગ-** મન, વચન અને કાયા; અથવા દ્રવ્ય અને ભાવ.

**લોક-** ઊર્ધ્વ, મધ્ય અને પાતાળ.

**વનસ્પતિ-** સાધારણ અને પ્રત્યેક.

**વૈમાનિક-** કલ્પોત્પન્ન, કલ્પાતીત એ બે ભેદ છે.

**સંસારી-** ત્રસ અને સ્થાવર અથવા એકેન્દ્રિય, દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય, પંચેન્દ્રિય.

## પહેલી ઢાળનો લક્ષણ-સંગ્રહ

અકામનિર્જરા- સહન કરવાની અનિચ્છા છતાં રોગ, ક્ષુધાદિ સહન કરે છે. કર્મના તીવ્ર ઉદયમાં

ન જોડાતાં જીવ પુરુષાર્થ વડે મંદ કષાયરૂપ પરિણમે તે.

અગ્નિકાયિક– અગ્નિ જ જેનું શરીર હોય છે એવો જીવ.

અસંજ્ઞી– શિક્ષા અને ઉપદેશ ગ્રહણ કરવાની શક્તિરહિત પ્રાણી અસંજ્ઞી કહેવાય છે.

ઇન્દ્રિય– આત્માના ચિહ્નને ઇન્દ્રિય કહે છે.

એકેન્દ્રિય– જેને એક સ્પર્શન-ઇન્દ્રિય જ હોય છે એવો જીવ.

ગતિ નામકર્મ– જે કર્મ, જીવના આકાર નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવ જેવા બનાવે.

ગતિ– જેના ઉદયથી જીવ બીજો પર્યાય ( ભવ ) પામે છે.

ચિન્તામણિ– ઇચ્છા કરવા માત્રથી ઇચ્છાનુસાર વસ્તુ દેવાવાળું એક ખાસ રત્ન.

તિર્યંચગતિ– તિર્યંચગતિ નામકર્મના ઉદયથી તિર્યંચમાં જન્મ લેવો. ( પેદા થવું ).

દેવગતિ– દેવગતિ નામકર્મના ઉદયથી દેવમાં જન્મ લેવો.

નરક– પાપકર્મના ઉદયમાં જોડાવાથી જેમાં જન્મથી જ જીવ, અસહ્ય અને અપરિમિત વેદના પામવા લાગે છે, બીજા નારકીઓ મારફત સતાવું વગેરેથી દુઃખનો અનુભવ કરે છે તથા જ્યાં દ્વેષથી ભરેલું જીવન વીતે છે તે સ્થાન.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નરકગતિ- નરકગતિ નામકર્મના ઉદયથી નરકમાં જન્મ લેવો.

નિગોદ- સાધારણ નામકર્મના ઉદયથી એક શરીરના આશ્રયે અનંતાનંત જીવો સમાનરૂપે જેમાં રહે છે, મરે છે અને પેદા થાય છે, તે શરીર સાધારણ કહેવાય છે.

નિત્યનિગોદ- જ્યાંના જીવોએ અનાદિ કાળથી આજ સુધી ત્રસનો પર્યાય પ્રાપ્ત કર્યો નથી એવો જીવરાશિ. પણ ભવિષ્યમાં તે જીવ ત્રસનો પર્યાય પામી શકે છે.

પરિવર્તન- દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવરૂપ સંસારચક્રમાં પરિભ્રમણ.

પંચેન્દ્રિય- જેને પાંચ ઇન્દ્રિયો હોય છે એવા પ્રાણી.

પૃથ્વીકાયિક- પૃથ્વી જ જે જીવનું શરીર છે તે.

પ્રત્યેક વનસ્પતિ- જેમાં એક શરીરનો સ્વામી એક જીવ હોય છે એવાં વૃક્ષ, ફળ વગેરે.

ભવ્ય- ત્રણ કાળમાં કોઈ પણ વખતે રત્નત્રયની પ્રાપ્તિની યોગ્યતા રાખવાવાળો જીવ ભવ્ય કહેવાય છે.

મન- હિત-અહિતનો વિચાર કરવાની તથા શિક્ષા અને ઉપદેશ ગ્રહણ કરવાની શક્તિ સહિત જ્ઞાન-વિશેષ તેને ભાવમન કહે છે; તથા હૃદયસ્થાનમાં રહેલ આઠ પાંખડીવાળા કમળના આકારે પુદ્‌ગલપિંડ, તેને જડમન અર્થાત્ દ્રવ્યમન કહે છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

મનુષ્યગતિ– મનુષ્યગતિ નામકર્મના ઉદયથી મનુષ્યોમાં જન્મ લેવો અથવા પેદા થવું.

મેરુ– જમ્બૂદ્વીપના વિદેહક્ષેત્રમાં સ્થિત એક લાખ જોજન ઊંચો એક પર્વત વિશેષ.

મોહ– પર સાથે એકત્વબુદ્ધિ તે મિથ્યાત્વમોહ. આ મોહ અપરિમિત છે; તથા અસ્થિરતારૂપ રાગાદિ તે ચારિત્રમોહ; આ મોહ પરિમિત છે.

લોક– જેમાં જીવાદિ છ દ્રવ્યો રહેલાં છે; તેને લોક અથવા લોકાકાશ કહે છે.

વિમાનવાસી– સ્વર્ગો અને ગ્રૈવેયકો વગેરેના દેવો.

વીતરાગનું લક્ષણ–

| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
|---|---|---|---|---|---|---|
| જન્મ, | જરા, | તૃષા, | ક્ષુધા, | વિસ્મય, | આરત, | ખેદ; |

| ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ |
|---|---|---|---|---|---|---|---|
| રોગ, | શોક, | મદ, | મોહ, | ભય, | નિદ્રા, | ચિન્તા, | સ્વેદ. |

| ૧૬ | ૧૭ | ૧૮ |
|---|---|---|
| રાગ, | દ્વેષ, અરુ | મરણ જુત, |

ચે અષ્ટાદશ દોષ;
નહિ હોતે જિસ જીવકે, વીતરાગ સો હોય.

શ્વાસ– લોહીની ગતિપ્રમાણ સમય; કે જે એક મિનિટમાં ૮૦ વખતથી થોડા અંશ ઓછી ચાલે છે.

સાગર– બે હજાર ગાઉ ઊંડો અને બે હજાર ગાઉ પહોળો એવા ગોળ ખાડામાં, કાતરથી જેના બે ટુકડા ન થઈ શકે એવા અને એક દિવસથી સાત દિવસ સુધીના જન્મેલા ઉત્તમ ભોગભૂમિના ઘેટાનાં વાળથી તે ખાડો પૂરો ભરવો. તેમાંથી એક વાળને સો સો વરસે કાઢવો. જેટલા કાળમાં તે બધા વાળને પૂરા કાઢી નાંખવામાં આવે તેટલા કાળને "વ્યવહાર પલ્ય" કહે છે, વ્યવહાર પલ્યથી અસંખ્યાતગુણા કાળને ઉદ્ધાર પલ્ય અને ઉદ્ધાર પલ્યથી અસંખ્યાતગુણા કાળને અદ્ધાપલ્ય કહે છે, દસ ક્રોડાક્રોડી (૧૦ કરોડ×૧૦ કરોડ) અદ્ધાપલ્યોને એક સાગર કહે છે.

સંજ્ઞી– શિક્ષા અને ઉપદેશ ગ્રહણ કરવાની શક્તિવાળા મનસહિત પ્રાણી.

સ્થાવર– થાવર નામકર્મના ઉદય સહિત પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને વનસ્પતિકાયિક જીવ.

## અન્તર-પ્રદર્શન

૧. ત્રસોને તો ત્રસ નામકર્મનો ઉદય હોય છે પરંતુ સ્થાવરોને સ્થાવર નામકર્મનો ઉદય હોય છે. આ એ બેમાં અન્તર છે.

નોંધઃ– ત્રસ અને સ્થાવરમાં, ચાલી શકે અને ન ચાલી શકે એ અપેક્ષાથી અંતર બતાવવું ઠીક નથી, કારણ કે એમ માનવાથી ગમન વિનાના અયોગી કેવલીમાં સ્થાવરનું લક્ષણ અને ગમન સહિત પવન વગેરે એકેન્દ્રિય જીવોમાં ત્રસનું લક્ષણ મળવાથી અતિવ્યાપ્તિદોષ આવેછે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૨. સાધારણને આશ્રયે અનંત જીવો રહે છે પણ પ્રત્યેકને આશ્રયે એક જ જીવ રહે છે.

૩. સંજ્ઞી તો શિક્ષા અને ઉપદેશ ગ્રહણ કરી શકે છે, પણ અસંજ્ઞી નહિ.

નોંધઃ- કોઈનું પણ અંતર બતાવવા માટે બધે ઠેકાણે, આ શૈલીનું અનુકરણ કરવું જોઈએ; ફક્ત લક્ષણ બતાવવા માત્રથી અંતર નીકળતું નથી.

## પ્રથમ ઢાળની પ્રશ્નાવલી

૧. અસંજ્ઞી, ઊર્ધ્વલોક, એકેન્દ્રિય, કર્મ, ગતિ, ચતુરિન્દ્રિય, ત્રસ, ત્રીન્દ્રિય, દ્વીન્દ્રિય, પાતાલલોક, પંચેન્દ્રિય, પ્રત્યેક, મધ્યલોક, વીતરાગ, વૈક્રિયિક શરીર, સાધારણ અને સ્થાવરના લક્ષણ બતાવો.

૨. સાધારણ (નિગોદ) અને પ્રત્યેકમાં, ત્રસ અને સ્થાવરમાં, સંજ્ઞી અને અસંજ્ઞીમાં અંતર બતાવો.

૩. અસંજ્ઞી તિર્યંચ, ત્રસ, દેવ, નિર્બલ, નિગોદ, પશુ, બાલ્યાવસ્થા, ભવનત્રિક, મનુષ્ય, યૌવન, વૃદ્ધાવસ્થા, વૈમાનિક, સબલ, સંજ્ઞી, સ્થાવર, નરકગતિ, નરકની ભૂખ, પ્યાસ, શરદી, ગરમી, ભૂમિસ્પર્શ અને અસુરકુમારના દુઃખો, અકામનિર્જરાનું ફળ, અસુરકુમારનું કામ અને ગમન, નારકીના શરીરની વિશેષતા અને અકાળ મરણનો અભાવ, મંદાર-

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



માળા, વૈતરણી અને શીતથી લોઢાનો ગોળો ગળી જવો, તેનું સ્પષ્ટ વર્ણન કરો.

૪. અનાદિથી સંસારમાં પરિભ્રમણ, ભવનત્રિકમાં પેદા થવું અને સ્વર્ગોમાં દુ:ખનું કારણ બતાવો.

૫. અસુરકુમારોનું ગમન, સંપૂર્ણ જીવરાશિ, ગર્ભનિવાસનો સમય, જુવાની, નરકનું આયુષ્ય, નિગોદવાસનો કાળ, નિગોદિયાને ઇન્દ્રિયો, નિગોદિયાનું આયુષ્ય, નિગોદમાં એક શ્વાસમાં જન્મ-મરણ અને શ્વાસનું પરિમાણ બતાવો.

૬. ત્રસપર્યાયની દુર્લભતા, ૧-૨-૩-૪-૫ ઇન્દ્રિય જીવો અને શીતથી ગોળો ગળી જવાનું દૃષ્ટાંત બતાવો.

૭. ખોટાં પરિણામથી પ્રાપ્ત થવા યોગ્ય ગતિ, ગ્રંથનિર્માણકર્તા, જીવ-કર્મ સંબંધ, જીવોની ઇચ્છિત અને અનિચ્છિત વસ્તુ, નમસ્કૃત વસ્તુ, નરકની નદી, નરકમાં જવાવાળા અસુરકુમાર, નારકીનું શરીર, નિગોદિયાનું શરીર, નિગોદમાંથી નીકળીને પ્રાપ્ત થતા પર્યાયો, નવ માસથી ઓછો વખત ગર્ભમાં રહેવાવાળા, મિથ્યાત્વી વૈમાનિકના ભવિષ્યપર્યાય, માતા-પિતા વગરના જીવ, સર્વથી વધારે દુ:ખનું સ્થાન અને સંકલેશ પરિણામોસહિત મરણ થવાથી પ્રાપ્ત થવા યોગ્ય ગતિનું નામ કહો.

૮. અમુક શબ્દ, ચરણ અથવા છંદનો અર્થ અથવા ભાવાર્થ કહો. પહેલી ઢાળનો સારાંશ કહો. ગતિઓંના દુ:ખ ઉપર એક લેખ લખો અથવા કહી બતાવો.

*


Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

# બીજી ઢાળ

(પદ્ધરિ છંદ, ૧૫ માત્રા)

## સંસાર (ચતુર્ગતિ) માં પરિભ્રમણનું કારણ

**ઐસે મિથ્યા-દગ-જ્ઞાન-ચર્ણવશ ભ્રમત ભરત દુખ જન્મ-મર્ણ;**
**તાતૈં ઇનકો તજિયે સુજાન, સુન તિન સંક્ષેપ કહૂં બખાન. ૧.**




**અન્વયાર્થ:-** [આ જીવ] (મિથ્યા-દગ-જ્ઞાન-ચર્ણવશ) મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્રને વશ થઈને (ઐસે) આ પ્રકારે (જન્મ-મર્ણ) જન્મ અને મરણના (દુખ) દુઃખોને

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(ભરત) ભોગવતો થકો [ચારે ગતિઓમાં] (ભ્રમત) ભટકતો ફરે છે. (તાતૈં) તેથી (ઇનકો) એ ત્રણેને (સુજાન) સારી રીતે જાણીને (તજિયે) છોડી દેવાં જોઈએ. [માટે] (તિન) એ ત્રણનું (સંક્ષેપ) સંક્ષેપથી (કહૂં બખાન) વર્ણન કહું છું તે (સુન) સાંભળો.

**ભાવાર્થ:-** આ ગાથા ઉપરથી એમ સમજવું કે મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રથી જ જીવને દુઃખ થાય છે અર્થાત્ શુભાશુભ રાગાદિ વિકાર તથા પર સાથે એકપણાના શ્રદ્ધા-જ્ઞાન અને એવા મિથ્યા આચરણથી જ જીવ દુઃખી થાય છે. કેમકે કોઈ સંયોગ સુખ-દુઃખનું કારણ થઈ શકતું નથી; એમ જાણીને સુખાર્થીએ એ મિથ્યાભાવોનો ત્યાગ કરવો જોઈએ. એટલા માટે જ હું અહીં સંક્ષેપથી એ ત્રણનું વર્ણન કરું છું. ૧.

## અગૃહીત-મિથ્યાદર્શન અને જીવતત્ત્વનું લક્ષણ

**જીવાદિ પ્રયોજનભૂત તત્ત્વ, સરધૈં તિનમાંહિ વિપર્યયત્વ;**
**ચેતનકો હૈ ઉપયોગરૂપ, વિનમૂરતિ ચિન્મૂરતિ અનૂપ. ૨.**




Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




**અન્વયાર્થઃ-** (જીવાદિ) જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ, (પ્રયોજનભૂત) મતલબનાં (તત્ત્વ) તત્ત્વ છે, (તિનમાંહી) તેમાં (વિપર્યયત્વ) ઊંધી (સરધૈ) શ્રદ્ધા કરવી [તે અગૃહીત મિથ્યાદર્શન છે.) (ચેતનકો) આત્માનું (રૂપ) સ્વરૂપ (ઉપયોગ) દેખવું-જાણવું અથવા દર્શન-જ્ઞાન (હૈ) છે [અને તે] (વિનમૂરતિ) અમૂર્તિક (ચિનમૂરતિ) ચૈતન્યમય [અને] (અનૂપ) ઉપમારહિત છે.

**ભાવાર્થઃ-** યથાર્થપણે શુદ્ધાત્મદૃષ્ટિ દ્વારા જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ સાત તત્ત્વોની શ્રદ્ધા કરવાથી સમ્યગ્દર્શન થાય છે. એટલા માટે આ સાત તત્ત્વો જાણવા જરૂરના છે. સાતે તત્ત્વોનું વિપરીત શ્રદ્ધાન કરવું તેને અગૃહીત મિથ્યાદર્શન કહે છે. જીવ જ્ઞાન-દર્શન ઉપયોગસ્વરૂપ અર્થાત્ જ્ઞાતા-દૃષ્ટા છે, અમૂર્તિક, ચૈતન્યમય અને ઉપમારહિત છે. ૨.

## જીવતત્ત્વના વિષયમાં મિથ્યાત્વ (ઊંધી શ્રદ્ધા)

**પુદ્ગલ નભ ધર્મ અધર્મ કાલ, ઇનતૈં ન્યારી હૈ જીવ ચાલ;**
**તાકોં ન જાન વિપરીત માન, કરિ કરૈ દેહમેં નિજ પિછાન. ૩**




Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

**અન્વયાર્થ:-** ( પુદ્‌ગલ ) પુદ્‌ગલ ( નભ ) આકાશ ( ધર્મ ) ધર્મ ( અધર્મ ) અધર્મ ( કાળ ) કાળ ( ઈનતૈં ) એનાથી ( જીવ ચાલ ) જીવનો સ્વભાવ અથવા પરિણામ ( ન્યારી ) ભિન્ન ( હૈ ) છે [ તોપણ મિથ્યાદૃષ્ટિ જીવ ] ( તાકોં ) તે આત્મસ્વભાવને ( ન જાન ) જાણતો નથી અને ( વિપરીત ) ઊલટું ( માન કરિ ) માનીને ( દેહમેં ) શરીરમાં ( નિજ ) આત્માની ( પિછાન ) ઓળખાણ ( કરૈ ) કરે છે.

**ભાવાર્થ:-** પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ એ પાંચ અજીવ દ્રવ્ય છે. જીવ ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ અને પુદ્‌ગલાદિ દ્રવ્યોથી જુદો છે; પણ મિથ્યાદૃષ્ટિ જીવ આત્માના સ્વભાવની યથાર્થ શ્રદ્ધા નહિ કરતાં અજ્ઞાનવશ ઊલટું માનીને, શરીર છે તે જ હું છું, શરીરના કાર્ય હું કરી શકું છું, મારી ઇચ્છાનુસાર શરીરની વ્યવસ્થા રાખી શકું છું એમ શરીરને જ આત્મા માને છે. [ આ જીવતત્ત્વની વિપરીત શ્રદ્ધા છે. ) ૩.

## મિથ્યાદૃષ્ટિનો શરીર અને પરવસ્તુઓ ઉપર વિચાર

**મૈં સુખી દુખી મૈં રંક રાવ, મેરે ધન ગૃહ ગોધન પ્રભાવ;**
**મેરે સુત તિય મૈં સબલ દીન, બેરૂપ સુભગ મૂરખ પ્રવીન. ૪.**



**અન્વયાર્થ:-** [ મિથ્યાદૃષ્ટિ જીવ મિથ્યાદર્શનના કારણથી માને છે કે ] ( મેં ) હું ( સુખી ) સુખી, ( દુખી ) દુઃખી, ( રંક ) ગરીબ, ( રાવ ) રાજા છું, ( મેરે ) મારાં ( ધન ) રૂપિયા-પૈસા વગેરે ( ગૃહ ) ઘર ( ગોધન ) ગાય, ભેંસ આદિ ( પ્રભાવ ) મોટાઈ [ છે; વળી ] ( મેરે સુત ) મારાં સંતાન તથા ( તિય ) મારી સ્ત્રી છે; ( મેં ) હું ( સબલ ) બળવાન, ( દીન ) નિર્બળ, ( બેરૂપ ) કુરૂપ, ( સુભગ ) સુંદર, ( મૂરખ ) મૂર્ખ અને ( પ્રવીન ) ચતુર છું.

**ભાવાર્થ:-** ( ૧ ) **જીવ તત્ત્વની ભૂલ:-** જીવ તો ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ છે તેને અજ્ઞાની જીવ જાણતો નથી. અને જે શરીર તે હું જ છું, શરીરના કાર્ય હું કરી શકું છું, શરીર સ્વસ્થ હોય તો મને લાભ થાય, બાહ્ય અનુકૂળ સંયોગથી હું સુખી અને પ્રતિકૂળ સંયોગથી હું દુઃખી, હું નિર્ધન, હું ધનવાન, હું બળવાન, હું નિર્બળ, હું મનુષ્ય, હું કુરૂપ, હું સુંદર-એમ માને છે, શરીર આશ્રિત ઉપદેશ અને ઉપવાસાદિ ક્રિયાઓમાં પોતાપણું માને છે એ વગેરે* મિથ્યા અભિપ્રાયવડે જે પોતાના પરિણામ નથી પણ બધાય પર પદાર્થના જ પરિણામ છે, તેને આત્માના પરિણામ માને છે તે જીવતત્ત્વની ભૂલ છે. ૪.

## અજીવ અને આસ્રવ તત્ત્વનું વિપરીત શ્રદ્ધાન


**તન ઉપજત અપની ઉપજ જાન તન નશત આપકો નાશ માન
રાગાદિ પ્રગટ યે દુઃખ દૈન, તિનહી કો સેવત ગિનત ચૈન. ૫.**

---

* શરીર વગેરે જે પદાર્થ દેખવામાં આવે છે તે આત્માથી ત્રિકાળ જુદાં છે, તે પદાર્થોના ઠીક રહેવાથી કે બગડવાથી આત્માનું તો કાંઈ ઠીક થતું નથી તેમ જ બગડતું નથી. પરંતુ મિથ્યાદૃષ્ટિ એનાથી ઊલટું માને છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates






**અન્વયાર્થઃ-** [ મિથ્યાદષ્ટિ જીવ ] (તન) શરીરના (ઉપજત) ઉત્પન્ન થવાની (અપની) પોતાનો આત્મા (ઉપજ) ઉત્પન્ન થયો (જાન) એમ માને છે અને (તન) શરીરનાં (નશત) નાશ થવાથી (આપકો) આત્માનો (નાશ) નાશ અથવા મરણ થયું એમ (માન) માને છે (રાગાદિ) રાગ, દ્વેષ, મોહ વગેરે (પ્રગટ) સ્પષ્ટરૂપે (દુઃખદૈન) દુઃખ આપવાવાળા છે (તિનહી કો) તેઓની (સેવત) સેવા કરતો થકો (ચૈન) સુખ (ગિનત) માને છે.

**ભાવાર્થઃ-** (૧) **અજીવ તત્ત્વની ભૂલઃ-** મિથ્યાદષ્ટિ જીવ એમ માને છે કે શરીરની ઉત્પત્તિ (સંયોગ) થતાં હું જન્મ્યો અને શરીરનો નાશ (વિયોગ) થવાથી હું મરી જઈશ, (આત્માનું મરણ માને છે.) ધન, શરીરાદિ જડ પદાર્થોમાં પરિવર્તન થતાં પોતાનામાં ઇષ્ટ-અનિષ્ટ પરિવર્તન માનવું, શરીરની ઉષ્ણ અવસ્થા થતાં મને તાવ આવ્યો, શરીરમાં ક્ષુધા, તૃષારૂપ અવસ્થા થતાં મને ક્ષુધા-તૃષાદિ થાય છે, શરીર કપાતાં હું છેદાઈ ગયો ઇત્યાદિ જે અજીવની અવસ્થાઓ છે, તેને પોતાની માને છે એ અજીવ તત્ત્વની ભૂલ છે.*

---


* આત્મા અમર છે; તે વિષ, અગ્નિ, શસ્ત્ર, અસ્ત્ર કે બીજા કોઈથી મરતો નથી કે નવો ઉત્પન્ન થતો નથી. મરણ (વિયોગ) તો માત્ર શરીરનું જ થાય છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

**૨. આસ્રવ તત્ત્વની ભૂલઃ-** જીવ અથવા અજીવ કોઈ પણ પર પદાર્થ આત્માને કાંઈ પણ સુખ, દુઃખ, બગાડ, સુધાર કરી શકતા નથી, છતાં અજ્ઞાની તેમ માનતો નથી. પરમાં કર્તૃત્વ, મમત્વરૂપ મિથ્યાત્વ અને રાગ-દ્વેષાદિ શુભાશુભ આસ્રવભાવ તે પ્રત્યક્ષ દુઃખ દેનારા છે, બંધના જ કારણ છે, છતાં તેને અજ્ઞાની જીવ સુખકર જાણીને સેવે છે. શુભભાવ પણ બંધનનું કારણ છે, આસ્રવ છે, તેને હિતકર માને છે. પર દ્રવ્ય જીવને લાભ-નુકસાન કરી શકે નહિ, છતાં તેને ઇષ્ટ-અનિષ્ટ માની તેમાં પ્રીતિ-અપ્રીતિ કરે છે; મિથ્યાત્વ, રાગ-દ્વેષનું સ્વરૂપ ઓળખતો નથી, પર પદાર્થ મને સુખ-દુઃખ આપે છે અથવા રાગ-દ્વેષ-મોહ કરાવે છે, એમ માને છે, આ આસ્રવ તત્ત્વની ભૂલ છે.

## બંધ અને સંવર તત્ત્વની વિપરીત શ્રદ્ધા

**શુભ-અશુભ બંધ કે ફલમઁઝાર, રતિઅરતિ કરૈ નિજપદ વિસાર;**
**આતમહિત હેતુ વિરાગ-જ્ઞાન, તે લખૈ આપકૂં કષ્ટદાન ૬.**




**અન્વયાર્થઃ-** [ મિથ્યાદૃષ્ટિ જીવ ] ( નિજપદ ) આત્માના સ્વરૂપને ( વિસાર ) ભૂલી જઈને ( બંધકે ) કર્મબંધના ( શુભ ) સારાં ( ફલમંઝાર ) ફળમાં ( રતિ ) પ્રેમ ( કરૈ ) કરે છે, [ અને કર્મબંધના ]

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(અશુભ) ખરાબ ફળમાં (અરતિ) દ્વેષ કરે છે; તથા જે (વિરાગ) રાગ-દ્વેષનો અભાવ [એટલે કે પોતાના અસલી સ્વભાવમાં* સ્થિરતારૂપ સમ્યક્ચારિત્ર] અને (જ્ઞાન) સમ્યગ્જ્ઞાન [અને સમ્યગ્દર્શન] તે (આતમહિત) આત્માના હિતના (હેતુ) કારણ છે (તે) તેને (આપકૂં) આત્માને (કષ્ટદાન) દુઃખના આપનાર (લખૈ) માને છે.

**ભાવાર્થઃ- (૧) બંધ તત્ત્વની ભૂલઃ-** અઘાતિ કર્મના ફળ અનુસાર પદાર્થોની સંયોગ-વિયોગરૂપ અવસ્થાઓ થાય છે. મિથ્યાદૃષ્ટિ જીવ તેને અનુકૂળ-પ્રતિકૂળ માનીને તેનાથી હું સુખી-દુઃખી છું એવી કલ્પના વડે રાગ-દ્વેષ, આકુળતા કરે છે. ધન, યોગ્ય સ્ત્રી, પુત્રાદિના સંયોગ થતાં રતિ કરે છે; રોગ, નિદ્રા, નિર્ધનતા, પુત્રવિયોગ વગેરે થતાં અરતિ કરે છે; પુણ્ય-પાપ બન્ને બંધનકર્તા છે, પણ તેમ નહિ માનીને પુણ્યને હિતકર માને છે; તત્ત્વદૃષ્ટિથી તો પુણ્ય-પાપ બન્ને અહિતકર જ છે, પરંતુ અજ્ઞાની એવું નિર્ધારરૂપ માનતો નથી તે બંધતત્ત્વની ઊંધી શ્રદ્ધા છે.

**૨. સંવર તત્ત્વની ભૂલઃ-** નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે જ જીવને હિતકારી છે, સ્વરૂપમાં સ્થિરતા વડે રાગનો જેટલો અભાવ તે વૈરાગ્ય છે, અને તે સુખના કારણરૂપ છે, છતાં અજ્ઞાની જીવ તેને કષ્ટદાતા માને છે. આ સંવરતત્ત્વની વિપરીત શ્રદ્ધા છે. ૬.

---

* અનંતદર્શન, અનંતજ્ઞાન, અનંતસુખ અને અનંતવીર્ય જ આત્માનું ખરું સ્વરૂપ છે.


Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## નિર્જરા અને મોક્ષની વિપરીત શ્રદ્ધા અને અગૃહીત મિથ્યાજ્ઞાન

**રોકે ન ચાહ નિજશક્તિ ખોય, શિવરૂપ નિરાકુલતા ન જોય;**
**યાહી પ્રતીતિજુત કછુક જ્ઞાન, સો દુઃખદાયક અજ્ઞાન જાન. ૭**



**અન્વયાર્થઃ-** [ મિથ્યાદ્રષ્ટિ પ્રાણી ] ( નિજશક્તિ ) પોતાના આત્માની શક્તિ ( ખોય ) ખોઈને ( ચાહ ) ઇચ્છાને ( ન રોકે ) રોકતો નથી, અને ( નિરાકુલતા ) આકુલતાના અભાવને ( શિવરૂપ ) મોક્ષનું સ્વરૂપ ( ન જોય ) માનતો નથી. ( યાહી ) આ ( પ્રતીતિજુત ) ખોટી માન્યતા સહિત ( કછુક જ્ઞાન ) જે કાંઈ જ્ઞાન છે ( સો ) તે ( દુઃખદાયક ) કષ્ટને આપનારું ( અજ્ઞાન ) અગૃહિત મિથ્યાજ્ઞાન છે; એમ ( જાન ) સમજવું.

**ભાવાર્થઃ- ( ૧ ) નિર્જરા તત્ત્વમાં ભૂલઃ-** આત્મામાં આંશિક શુદ્ધિની વૃદ્ધિ અને અશુદ્ધિની હાનિ થવી તેને સંવરપૂર્વક નિર્જરા કહેવામાં આવે છે. તે નિશ્ચય સમ્યગ્દર્શન પૂર્વક જ હોઈ શકે છે. જ્ઞાનાનંદ સ્વરૂપમાં સ્થિર થવાથી શુભ-અશુભ ઇચ્છાનો નિરોધ થાય તે તપ છે. તપ બે પ્રકારના છેઃ ( ૧ ) બાળતપ, ( ૨ ) સમ્યક્તપ. અજ્ઞાનદશામાં જે તપ કરવામાં આવે છે તે બાળતપ છે, તેનાથી કદી સાચી નિર્જરા થતી

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નથી, પણ આત્મસ્વરૂપમાં સમ્યક્ પ્રકારે સ્થિરતા અનુસાર જેટલો શુભ-અશુભ ઇચ્છાનો અભાવ થાય છે તે સાચી નિર્જરા છે-સમ્યક્તપ છે. પણ મિથ્યાદૃષ્ટિ જીવ એમ માનતો નથી. પોતાની અનંત જ્ઞાનાદિ શક્તિને ભૂલે છે, પરાશ્રયમાં સુખ માને છે, શુભાશુભ ઇચ્છા અને પાંચ ઇન્દ્રિયોના વિષયોની ચાહને રોકતો નથી. આ નિર્જરાતત્ત્વની વિપરીત શ્રદ્ધા છે.

**૨. મોક્ષ તત્ત્વની ભૂલઃ-** પૂર્ણ નિરાકુળ આત્મિક સુખની પ્રાપ્તિ અર્થાત્ જીવની સંપૂર્ણ શુદ્ધતા તે મોક્ષનું સ્વરૂપ છે, અને તે જ ખરું સુખ છે, પણ અજ્ઞાની તેમ માનતો નથી.

મોક્ષ થતાં તેજમાં તેજ મળી જાય અથવા ત્યાં શરીર, ઇન્દ્રિયો અને તેના વિષયો વિના સુખ કેમ હોઈ શકે? ત્યાંથી ફરી અવતાર લેવો પડે વગેરે. એમ મોક્ષદશામાં નિરાકુળપણું માનતો નથી તે મોક્ષતત્ત્વની વિપરીત શ્રદ્ધા છે.

**૩. અજ્ઞાનઃ-** અગૃહીત મિથ્યાદર્શન હોય ત્યાં જે કંઈ જ્ઞાન હોય તેને અગૃહીત મિથ્યાજ્ઞાન કહે છે, તે મહાન દુઃખદાતા છે. તે ઉપદેશાદિ બાહ્ય નિમિત્તોના આલંબન વડે નવું ગ્રહ્યું નથી અનાદિનું છે, તેથી તેને અગૃહીત (સ્વાભાવિક-નિસર્ગજ) મિથ્યાજ્ઞાન કહે છે. ૭.

## અગૃહીત મિથ્યાચારિત્ર (કુચારિત્ર) નું લક્ષણ

**ઈન જુત વિષયનિમેં જો પ્રવૃત્ત, તાકો જાનો મિથ્યાચરિત્ત;**
**યોં મિથ્યાત્વાદિ નિસર્ગ જેહ, અબ જે ગૃહીત સુનિયે સુ તેહ. ૮**

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

**અન્વયાર્થ:-** (જો) જે (વિષયનિમેં) પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં (ઇન જુત) અગૃહીત મિથ્યાદર્શન અને અગૃહીત મિથ્યાજ્ઞાન સહીત (પ્રવૃત્ત) પ્રવૃત્તિ કરે છે (તાકો) તેને (મિથ્યાચરિત્ત) અગૃહીત મિથ્યાચારિત્ર (જાનો) સમજો. (યોં) આ પ્રમાણે (નિસર્ગ) અગૃહીત (મિથ્યાત્વાદિ) મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્રનું [વર્ણન કરવામાં આવ્યું.) (અબ) હવે (જે) જે (ગૃહીત) ગૃહીત [મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર] છે (તેહ) તેને (સુનિયે) સાંભળો.

**ભાવાર્થ:-** અગૃહીત મિથ્યાદર્શન અને અગૃહીત મિથ્યાજ્ઞાન સહિત પાંચ ઇન્દ્રિયોના વિષયો પ્રત્યે પ્રવૃત્તિ કરવી તેને અગૃહીત મિથ્યાચારિત્ર કહેવામાં આવે છે. આ ત્રણેયને દુઃખના કારણ જાણી તત્ત્વજ્ઞાનવડે તેનો ત્યાગ કરવો જોઈએ. ૮.

## ગૃહીત-મિથ્યાદર્શન અને કુગુરુનાં લક્ષણ

**જો કુગુરુ કુદેવ કુધર્મ સેવ, પૌષે ચિર દર્શનમોહ એવ;**
**અંતર રાગાદિક ધરૈં જેહ, બાહર ધન અંબરતૈં સનેહ. ૯**

## ગાથા ૧૦ (પૂર્વાર્ધ)

**ધારૈં કુલિંગ લહિ મહ્ત ભાવ, તે કુગુરુ જન્મજલ ઉપલનાવ;**

**અન્વયાર્થ:-** (જો) જે (કુગુરુ) ખોટા ગુરુની (કુદેવ) ખોટા દેવની અને (કુધર્મ) ખોટા ધર્મની (સેવ) સેવા કરે છે તે (ચિર) ઘણા લાંબા સમય સુધી (દર્શનમોહ) મિથ્યાદર્શન (એવ) જ (પૌષે) પોષે છે. (જેહ) જે (અંતર) અંતરમાં (રાગાદિક) મિથ્યાત્વ-રાગ-દ્વેષ આદિ (ધરૈં) ધારણ કરે છે અને (બાહર)

બહારથી (ધન અંબરતૈં) ધન અને કપડાં વગેરે ઉપર (સનેહ) પ્રેમ રાખે છે, અને (મહતભાવ) મહાત્માપણાનો ભાવ (લહિ) ગ્રહણ કરીને (કુલિંગ) ખોટા વેષોને (ધારૈં) ધારણ કરે છે તે (કુગુરુ) કુગુરુ [કહેવાય છે અને તે કુગુરુ] (જન્મજલ) સંસારરૂપી સમુદ્રમાં (ઉપલનાવ) પથ્થરની નૌકા સમાન છે.

**ભાવાર્થઃ-** કુગુરુ, કુદેવ અને કુધર્મની સેવા કરવાથી ઘણા કાળ સુધી મિથ્યાત્વનું જ પોષણ થાય છે એટલે કે કુગુરુ, કુદેવ અને કુધર્મનું સેવન જ ગૃહીત મિથ્યાદર્શન કહેવાય છે.

પરિગ્રહ બે પ્રકારના છે, એક અંતરંગ અને બીજો બહિરંગ; મિથ્યાત્વ, રાગ, દ્વેષ વગેરે અંતરંગ પરિગ્રહ છે અને વસ્ત્ર, પાત્ર, ધન, મકાન વગેરે બહિરંગ પરિગ્રહ છે. વસ્ત્રાદિ સહિત હોવા છતાં પોતાને જિનલિંગધારક માને છે તે કુગુરુ છે. "જિનમાર્ગમાં ત્રણ લિંગ તો શ્રદ્ધાપૂર્વક છે. એક તો જિનસ્વરૂપ-નિર્ગ્રંથ દિગંબર મુનિલિંગ, બીજું ઉત્કૃષ્ટ શ્રાવકરૂપ ૧૦ મી-૧૧ મી પ્રતિમાધારક શ્રાવકલિંગ અને ત્રીજું આર્યિકાઓનું રૂપ એ સ્ત્રીઓનું લિંગ-એ ત્રણ સિવાય કોઈ ચોથું લિંગ સમ્યગ્દર્શનસ્વરૂપ નથી. માટે એ ત્રણ લિંગ વિના અન્ય લિંગને જે માને છે તેને જિનમતની શ્રદ્ધા નથી પણ મિથ્યાદૃષ્ટિ છે." (દર્શનપાહુડ ગાથા ૧૮) માટે જે કુલિંગના ધારક છે, મિથ્યાત્વાદિ અંતરંગ તથા વસ્ત્રાદિ બહિરંગ પરિગ્રહ સહિત છે, પોતાને મુનિ માને છે, મનાવે છે તે કુગુરુ છે. જેવી રીતે પત્થરની નાવ પોતે ડૂબે છે તથા તેમાં બેસનારા પણ ડૂબે છે; એ રીતે કુગુરુ પણ પોતે સંસારસમુદ્રમાં ડૂબે છે અને તેને વંદન, સેવા, ભક્તિ કરનારાઓ પણ અનંત સંસારમાં ડૂબે છે

અર્થાત્ કુગુરુની શ્રદ્ધા, ભક્તિ, પૂજા, વિનય તથા અનુમોદના કરવાથી ગૃહીત મિથ્યાત્વનું સેવન થાય છે અને તેથી જીવ અનંતકાળ ભવભ્રમણ કરે છે. ૯.

## ગાથા ૧૦ ( ઉત્તરાર્ધ )
## કુદેવ ( મિથ્યાદેવ ) નું સ્વરૂપ

**જો રાગદ્વેષ મલકરિ મલીન, વનિતા ગદાદિજુત ચિહ્ન ચીન.**

## ગાથા ૧૧ ( પૂર્વાર્ધ )

**તે હૈં કુદેવ તિનકી જુ સેવ, શઠ કરત ન તિન ભવભ્રમણ છેવ;**

**અન્વયાર્થઃ-** ( જે ) જે ( રાગદ્વેષ ) રાગ અને દ્વેષરૂપી ( મલકરિ ) મેલથી ( મલીન ) મલિન છે અને ( વનિતા ) સ્ત્રી તથા ( ગદાદિજુત ) ગદા વગેરે ( ચિહ્ન ) ચિહ્નોથી ( ચીન ) ઓળખાય છે ( તે ) તે ( કુદેવ ) ખોટા દેવ છે; ( તિનકી ) તે કુદેવની ( જુ ) જે ( શઠ ) મૂર્ખ ( સેવ ) સેવા ( કરત ) કરે છે, ( તિન ) તેનું ( ભવભ્રમણ ) સંસારમાં ભટકવું ( ન છેવ ) મટતું નથી.

**ભાવાર્થઃ-** જે રાગ અને દ્વેષરૂપી મેલથી મેલાં ( રાગી-દ્વેષી ) છે અને સ્ત્રી, ગદા, આભૂષણ વગેરેથી જેને ઓળખી શકાય છે તે 'કુદેવ'* કહેવાય છે. જે અજ્ઞાની આવા કુદેવોની સેવા, ( પૂજા,

---

* સુદેવ=અરિહંત પરમેષ્ઠી; દેવ-ભવનવાસી વગેરે દેવ.

કુદેવ=હરિ, હર આદિ; અદેવ-પીપળો, તુલસી, લકડબાબા વગેરે કલ્પિત દેવ, જે કોઈ સરાગી દેવી અથવા દેવ છે તે વંદન-પૂજનને યોગ્ય નથી.

ભક્તિ અને વિનય) કરે છે તે આ સંસારનો અંત કરી શકતા નથી એટલે કે તેને અનંતકાળ સુધી ભવભ્રમણ મટતું નથી.

## ગાથા ૧૧ (ઉત્તરાર્ધ)

## કુધર્મ અને ગૃહીત-મિથ્યાદર્શનનું સંક્ષિપ્ત લક્ષણ

**રાગાદિ ભાવહિંસા સમેત, દર્વિત ત્રસ થાવર મરણ ખેત. ૧૧.**
**જે ક્રિયા તિન્હૈં જાનહુ કુધર્મ, તિન સરધૈ જીવ લહૈ અશર્મ;**
**યાકૂં ગૃહીતમિથ્યાત્વ જાન, અબ સુન ગૃહીત જો હૈ અજ્ઞાન. ૧૨.**




**અન્વયાર્થઃ-** (રાગાદિ) રાગ અને દ્વેષ વગેરે (ભાવહિંસા) ભાવહિંસા (સમેત) સાથે [તથા] (ત્રસ) ત્રસ અને (થાવર) સ્થાવરના (મરણ) ઘાતનું (ખેત) સ્થાન (દર્વિત) દ્રવ્યહિંસા (સમેત) સહિત (જે) જે (ક્રિયા) ક્રિયાઓ [છે] (તિન્હૈં) તેને (કુધર્મ) મિથ્યાધર્મ (જાનહુ) જાણવો જોઈએ (તિન) તેને (સરધૈ) શ્રદ્ધવાથી (જીવ) પ્રાણી (અશર્મ) દુઃખ (લહૈ) પામે છે. (યાકૂં) આ કુગુરુ, કુદેવ અને કુધર્મને શ્રદ્ધવા તેને (ગૃહિત મિથ્યાત્વ) ગૃહિત મિથ્યાદર્શન જાણવું. (અબ) હવે (ગૃહીત) ગૃહીત (અજ્ઞાન) મિથ્યાજ્ઞાન (જો હૈ) જેને કહેવામાં આવે છે તેનું વર્ણન (સુન)

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સાંભળો.

**ભાવાર્થ:-** જે ધર્મમાં મિથ્યાત્વ તથા રાગાદિરૂપ ભાવહિંસા તથા ત્રસ અને સ્થાવર જીવોના ઘાતરૂપ દ્રવ્યહિંસાને ધર્મ માનવામાં આવે છે તેને કુધર્મ કહેવામાં આવે છે. જે પ્રાણી આ કુધર્મની શ્રદ્ધા કરે છે તે દુઃખ પામે છે. આ ખોટા ગુરુ, દેવ અને ધર્મની શ્રદ્ધા કરવી તેને "ગૃહીત મિથ્યાદર્શન" કહે છે. આ પરોપદેશ વગેરે બાહ્ય કારણના આશ્રયથી ગ્રહણ કરવામાં આવે છે તેથી "ગૃહીત" કહેવાય છે. હવે ગૃહીત મિથ્યાજ્ઞાનનું વર્ણન કરવામાં આવે છે.

## ગૃહીત મિથ્યાજ્ઞાનનું લક્ષણ

**એકાન્તવાદ-દૂષિત સમસ્ત, વિષયાદિક પોષક અપ્રશસ્ત;**
**રાગી કુમતિનકૃત શ્રુતકો અભ્યાસ, સો હૈ કુબોધ બહુ દેન ત્રાસ. ૧૩**




**અન્વયાર્થ:-** (એકાન્તવાદ) એકાન્તરૂપ કથનથી (દૂષિત) ખોટાં [અને] વિષયાદિક) પાંચ ઇન્દ્રિયોના વિષય વગેરેને (પોષક) પુષ્ટિ કરવાવાળાં (કુમતિનકૃત) કુમતિઓ દ્વારા બનાવેલાં (અપ્રશસ્ત) ખોટાં (સમસ્ત) બધાં (શ્રુતકો) શાસ્ત્રોને (અભ્યાસ) પઢવાં, પઢાવવાં સાંભળવાં અને સંભળાવવાં (સો) તે (કુબોધ)

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મિથ્યાજ્ઞાન [ છે; તે ] ( બહુ ) ઘણાં ( ત્રાસ ) દુઃખને ( દેન ) આપવાવાળું છે.

**ભાવાર્થઃ-** ૧. વસ્તુ અનેકધર્માત્મક છે; તેમાંથી કોઈ પણ એક જ ધર્મને આખી વસ્તુ કહેવાના કારણથી દૂષિત ( મિથ્યા ) તથા વિષય-કષાય આદિને પુષ્ટ કરવાવાળાં કુગુરુઓનાં બનાવેલાં સર્વ પ્રકારનાં ખોટાં શાસ્ત્રોને ધર્મબુદ્ધિથી લખવાં-લખાવવાં, ભણવાં-ભણાવવાં, સાંભળવાં અને સંભળાવવાં તેને ગૃહીત મિથ્યાજ્ઞાન કહે છે.

૨. જે શાસ્ત્ર જગતમાં સર્વથા નિત્ય, એક અદ્વૈત અને સર્વવ્યાપક બ્રહ્મમાત્ર વસ્તુ છે, અન્ય કોઈ પદાર્થ નથી, એમ વર્ણન કરે છે તે શાસ્ત્ર એકાન્તવાદથી દૂષિત હોવાથી કુશાસ્ત્ર છે.

૩. વસ્તુને સર્વથા ક્ષણિક-અનિત્ય, અથવા ( ૪ ) ગુણ-ગુણી સર્વથા જાુદા છે, કોઈ ગુણના સંયોગથી વસ્તુ છે એમ કથન કરે, અથવા ( ૫ ) જગતનો કોઈ કર્તા, હર્તા અને નિયંતા છે એમ વર્ણન કરે, અથવા ( ૬ ) દયા, દાન, મહાવ્રતાદિના શુભભાવ જે પુણ્યાસ્રવ છે તેનાથી તથા મુનિને આહાર દેવાના શુભભાવથી સંસાર પરિત ( ટૂંકો, મર્યાદિત ) થવો; તથા ઉપદેશ દેવાના શુભ ભાવથી પરમાર્થે ધર્મ થાય વગેરે અન્ય ધર્મિયોના ગ્રંથોમાં જે વિપરીત કથન છે, તે શાસ્ત્રો એકાન્ત અને અપ્રશસ્ત હોવાથી કુશાસ્ત્ર છે. કેમકે તેમાં પ્રયોજનભૂત સાત તત્ત્વનું યથાર્થપણું નથી. જ્યાં એક તત્ત્વની ભૂલ હોય ત્યાં સાતે તત્ત્વોની ભૂલ હોય જ, એમ સમજવું ૧૩.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

## ગૃહીત મિથ્યાચારિત્રનું લક્ષણ

**જો ખ્યાતિ લાભ પૂજાદિ ચાહ, ધરિ કરન વિવિધ વિધ દેહદાહ;**
**આતમ અનાત્મ કે જ્ઞાનહીન, જે જે કરની તન કરન છીન.૧૪.**

**અન્વયાર્થઃ-** (જો) જે (ખ્યાતિ) પ્રસિદ્ધતા (લાભ) ફાયદો અને (પૂજાદિ) માન્યતા અને આદર વગેરેની (ચાહ ધરિ) ઇચ્છા કરીને (દેહદાહ) શરીરને પીડા કરવાવાળાં (આતમ અનાત્મ કે) આત્મા અને પરવસ્તુઓના (જ્ઞાનહીન) ભેદજ્ઞાનથી રહિત (તન) શરીરને (છીન) ક્ષીણ (કરન) કરવાવાળી (વિવિધ વિધ) અનેક પ્રકારની (જે જે કરની) જે જે ક્રિયાઓ છે તે બધી (મિથ્યાચારિત્ર) મિથ્યાચારિત્ર કહેવાય છે.

**ભાવાર્થઃ-** શરીર અને આત્માનું ભેદવિજ્ઞાન નહિ હોવાથી યશ, ધન, દોલત, આદર-સત્કાર વગેરેની ઇચ્છાથી માન આદિ કષાયને વશીભૂત થઈને શરીરને ક્ષીણ કરવાવાળી અનેક પ્રકારની ક્રિયા કરે છે તેને 'ગૃહીત મિથ્યાચારિત્ર' કહે છે.


## મિથ્યાચારિત્રના ત્યાગનો અને આત્મહિતમાં લાગવાનો ઉપદેશ-

**તે સબ મિથ્યાચારિત્ર ત્યાગ, અબ આતમ કે હિત પંથ લાગ;**
**જગજાલ-ભ્રમણકો દેહુ ત્યાગ અબ દૌલત ! નિજ આતમ સુપાગ.૧૫**

**અન્વયાર્થઃ-** (તે) તે (સબ) બધાં (મિથ્યાચારિત્ર) મિથ્યાચારિત્રને (ત્યાગ) છોડીને (અબ) હવે (આતમકે) આત્માના (હિત) કલ્યાણના (પંથ) માર્ગે (લાગ) લાગી જાઓ, (જગજાલ) સંસારની જાળમાં (ભ્રમણકો) ભટકવાનો (ત્યાગ દેહુ) ત્યાગ કરો.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates






(દૌલત) હે દૌલતરામ! (નિજઆતમ) પોતાના આત્મામાં (અબ) હવે (સુપાગ) સારી રીતે લીન થાઓ.

**ભાવાર્થઃ-** આત્મહિતૈષી જીવે નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ગ્રહણ કરીને, ગૃહીત મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર તથા અગૃહીત મિથ્યાદર્શન-મિથ્યાજ્ઞાન-મિથ્યાચારિત્રનો ત્યાગ કરીને, આત્મકલ્યાણના માર્ગમાં લાગવું જોઈએ. પંડિત શ્રી દૌલતરામજી પોતાના આત્માને સંબોધી કહે છે કે, હે આત્મન્! પરાશ્રયરૂપ સંસાર અર્થાત્ પુણ્ય-પાપમાં ભટકવું છોડી દઈને સાવધાનીથી આત્મસ્વરૂપમાં લીન થા.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## બીજી ઢાળનો સારાંશ

(૧) આ જીવ મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્રને વશ થઈને ચાર ગતિમાં વારંવાર પરિભ્રમણ કરીને પ્રત્યેક સમયે અનંત દુઃખો ભોગવી રહ્યો છે. જ્યાં સુધી દેહાદિથી ભિન્ન પોતાના આત્માની સાચી સમજણ અને રાગાદિનો અભાવ ન કરે ત્યાં સુધી સુખ, શાંતિ અને આત્માનો ઉદ્ધાર થઈ શકતો નથી.

(૨) આત્મહિત માટે (સુખી થવા માટે) પ્રથમ (૧) સાચા દેવ, ગુરુ અને ધર્મની યથાર્થ પ્રતીતિ, (૨) જીવાદિ સાત તત્ત્વની યથાર્થ પ્રતીતિ, (૩) સ્વ-પરના સ્વરૂપની શ્રદ્ધા, (૪) નિજ શુદ્ધાત્માના પ્રતિભાસરૂપ આત્માની શ્રદ્ધા-આ ચાર લક્ષણોના અવિનાભાવ સહિતની સત્ય શ્રદ્ધા (નિશ્ચય સમ્યગ્દર્શન) જ્યાં સુધી જીવ પ્રગટ ન કરે ત્યાં સુધી જીવ (આત્મા) નો ઉદ્ધાર થઈ શકે નહિ અર્થાત્ ધર્મની શરૂઆત પણ થઈ શકે નહિ, અને ત્યાં સુધી આત્માને અંશમાત્ર સુખ પ્રગટે નહિ.

(૩) સાત તત્ત્વની ખોટી શ્રદ્ધા કરવી તેને મિથ્યાદર્શન અને તેના કારણે આત્માના સ્વરૂપ વિષે વિપરીત શ્રદ્ધા કરીને જ્ઞાનાવરણીય આદિ દ્રવ્યકર્મ, શરીરાદિ નોકર્મ તથા પુણ્ય-પાપ-રાગાદિ મલિનભાવમાં એકતાબુદ્ધિ-કર્તાબુદ્ધિ છે; અને તેથી શુભ રાગ અને પુણ્ય હિતકર છે, શરીરાદિ પરપદાર્થની અવસ્થા (ક્રિયા) હું કરી શકું છું, પર મને લાભ-નુકસાન કરી શકે છે, અને હું પરનું કાંઈ કરી શકું છું, આમ માનતો હોવાથી તેને સત્-અસત્નો યથાર્થ વિવેક હોતો જ નથી. સાચું સુખ તથા હિતરૂપ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર પોતાના આત્માના જ આશ્રયે હોય

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

છે તેની તેને ખબર હોતી નથી.

(૪) વળી કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર અને કુધર્મની શ્રદ્ધા, પૂજા, સેવા અને વિનય કરવાની જે જે પ્રવૃત્તિ છે તે પોતાના મિથ્યાત્વાદિના મહાન દોષોની પોષણ કરનારી હોવાથી દુઃખદાયક છે, અનંત સંસારભ્રમણનું કારણ છે. જે જીવ તેનું સેવન કરે છે, કર્તવ્ય સમજે છે તે દુર્લભ મનુષ્ય-જીવનને નષ્ટ કરે છે.

(૫) અગૃહીત મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્ર જીવને અનાદિ કાળથી હોય છે, વળી તે મનુષ્ય થયા પછી કુશાસ્ત્રનો અભ્યાસ કરી, અથવા કુગુરુનો ઉપદેશ સ્વીકારી, ગૃહીત મિથ્યાજ્ઞાન-મિથ્યાશ્રદ્ધા ધારણ કરે છે. તથા તે કુમતને અનુસરી મિથ્યાક્રિયા કરે છે તે ગૃહીત મિથ્યાચારિત્ર છે. માટે જીવે સારી રીતે સાવધાન થઈને ગૃહીત અને અગૃહીત બન્ને પ્રકારના મિથ્યાભાવો છોડવા યોગ્ય છે અને એનો યથાર્થ નિર્ણય કરી, નિશ્ચયસમ્યગ્દર્શન પ્રગટ કરવું જોઈએ. મિથ્યાભાવોનું સેવન કરી કરીને, સંસારમાં ભટકી, અનંત જન્મ ધારણ કરી અનંતકાળ ગુમાવ્યો, હવે તો સાવધાન થઈને આત્મોદ્ધાર કરવો જોઈએ.

## બીજી ઢાળનો ભેદ-સંગ્રહ

ઇન્દ્રિયવિષયઃ- સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દ.

તત્ત્વઃ- જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ.

દ્રવ્યઃ- જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ.

મિથ્યાદર્શનઃ- ગૃહીત, અગૃહીત.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મિથ્યાજ્ઞાનઃ- ગૃહીત( બાહ્ય કારણ પ્રાપ્ત ); અગૃહીત. ( નિસર્ગજ ).

મિથ્યાચારિત્રઃ- ગૃહીત અને અગૃહીત. ( નિસર્ગજ ).

મહાદુઃખઃ- સ્વરૂપની અણસમજણ; મિથ્યાત્વ.

વિમાનવાસીઃ- કલ્પોપપન્ન અને કલ્પાતીત.

## બીજી ઢાળનો લક્ષણ-સંગ્રહ

અનેકાન્તઃ- પ્રત્યેક વસ્તુમાં વસ્તુપણાની સિદ્ધિ ( સાબિતી ) કરવાવાળી અસ્તિત્વ, નાસ્તિત્વ આદિ પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓનું એકસાથે પ્રકાશિત થવું તે. ( આત્મા સદાય સ્વરૂપે છે-પરરૂપે નથી એવી જે દષ્ટિ તે અનેકાન્તદષ્ટિ છે. )

અમૂર્તિકઃ- રૂપ, રસ, ગંધ અને સ્પર્શ વિનાની વસ્તુ.

આત્માઃ- જાણવું અને દેખવું અથવા જ્ઞાન-દર્શન શક્તિવાળી વસ્તુને આત્મા કહેવામાં આવે છે; જે સદાય જાણે અને જાણવારૂપે પરિણમે તેને જીવ અથવા આત્મા કહે છે.

ઉપયોગઃ- જીવની જ્ઞાન-દર્શન અથવા જાણવા-દેખવાની શક્તિનો વ્યાપાર.

એકાન્તવાદઃ- અનેક ધર્મોની સત્તાની અપેક્ષા નહિ કરતાં, વસ્તુને એક જ રૂપથી નિરૂપણ કરવી.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દર્શનમોહ:- આત્માના સ્વરૂપની વિપરીત શ્રદ્ધા.

દ્રવ્યહિંસા:- ત્રસ અને સ્થાવર પ્રાણીઓનો ઘાત કરવો.

ભાવહિંસા*:- મિથ્યાત્વ, રાગ, અને દ્વેષ વગેરે વિકારોની ઉત્પત્તિ.

મિથ્યાદર્શન:- જીવાદિ તત્ત્વની વિપરીત શ્રદ્ધા.

મૂર્તિક:- રૂપ, રસ, ગંધ અને સ્પર્શ સહિત વસ્તુ.

## અન્તર-પ્રદર્શન

(૧) આત્મા અને જીવમાં કાંઈ અંતર નથી, પર્યાયવાચક શબ્દ છે.

(૨) અગૃહીત (નિસર્ગજ) તો ઉપદેશાદિના નિમિત્ત વિના થાય છે, પરંતુ ગૃહીતમાં ઉપદેશાદિ નિમિત્ત હોય છે.

(૩) મિથ્યાત્વ અને મિથ્યાદર્શનમાં કાંઈ તફાવત નથી, માત્ર બન્ને પર્યાયવાચક શબ્દો છે.

(૪) સુગુરુમાં મિથ્યાત્વાદિ દોષ હોતા નથી પરંતુ કુગુરુમાં હોય છે. વિદ્યાગુરુ તે સુગુરુ અને કુગુરુથી જુદી વ્યક્તિ છે. મોક્ષમાર્ગના પ્રસંગમાં મુક્તિમાર્ગના પ્રદર્શક સુગુરુથી તાત્પર્ય છે.

---

* अप्रादुर्भाव: खलुरागादीनां भवत्यहिंसेति।
तेषामेवोत्पत्ति-र्हिंसेति जिनागमस्य संक्षेप:।। ४४।। (पु० सि०)

**અર્થ:-** ખરેખર રાગાદિ ભાવોનું પ્રગટ ન થવું તે અહિંસા છે અને તે રાગાદિ ભાવોની ઉત્પત્તિ થવી તે હિંસા છે-એવું જૈનશાસ્ત્રનું ટૂંકું રહસ્ય છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

# બીજી ઢાળની પ્રશ્નાવલી

(૧) અગૃહીત મિથ્યાચારિત્ર, અગૃહીત મિથ્યાજ્ઞાન, અગૃહીત મિથ્યાદર્શન, કુદેવ, કુગુરુ, કુધર્મ, ગૃહીત મિથ્યાદર્શન, ગૃહીત મિથ્યાજ્ઞાન, ગૃહીત મિથ્યાચારિત્ર, છ દ્રવ્યો અને મિથ્યાદૃષ્ટિની અપેક્ષાએ જીવાદિ એ બધાનું લક્ષણ બતાવો.

(૨) મિથ્યાત્વ અને મિથ્યાદર્શનમાં અગૃહીત (નિસર્ગજ) અને ગૃહીત (બાહ્ય કારણોથી નવું ગ્રહેલ) તેમાં, આત્મા અને જીવમાં; સુગુરુ, કુગુરુ અને વિદ્યાગુરુમાં શો તફાવત છે તે દર્શાવો.

(૩) અગૃહીતનું નામાન્તર, આત્મહિતનો માર્ગ, એકેન્દ્રિયને જ્ઞાન ન માનવાથી નુકશાન, કુદેવ વગેરેની સેવાથી હાનિ, બીજી ઢાળમાં કહેવાયેલી હકીકત, મરણ વખતે જીવને નીકળતા નહીં દેખવાનું કારણ, મિથ્યાદૃષ્ટિની રુચિ, મિથ્યાદૃષ્ટિની અરુચિ, મિથ્યાદર્શન-જ્ઞાન-ચારિત્રની સત્તાનો કાળ, મિથ્યાદૃષ્ટિને દુઃખ આપનારી વસ્તુ, મિથ્યા-ધાર્મિક કાર્યો કરવાથી હાનિ, અને સાત તત્ત્વોની વિપરીત શ્રદ્ધાના પ્રકાર વગેરેનું સ્પષ્ટ વર્ણન કરો.

(૪) આત્મહિત, આત્મશક્તિનું વિસ્મરણ, ગૃહીત-મિથ્યાત્વ, જીવતત્ત્વની ઓળખાણ ન થવામાં કોનો દોષ, તત્ત્વનું પ્રયોજન, દુઃખ, મોક્ષસુખની અપ્રાપ્તિ અને સંસાર-પરિભ્રમણનાં કારણો દર્શાવો.

(૫) મિથ્યાદૃષ્ટિનો આત્મા, જન્મ અને મરણ, કષ્ટદાયક વસ્તુ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વગેરેના વિચાર દેખાડો.

(૬) કુગુરુ, કુદેવ અને મિથ્યાચારિત્ર વગેરેના દૃષ્ટાંત આપો. ધર્મ માટે પ્રથમ વ્યવહાર કે નિશ્ચય ?

(૭) કુગુરુ–સેવન, કુધર્મ–સેવન અને રાગાદિક ભાવો વગેરેનું ફળ બતાવો, મિથ્યાત્વ ઉપર એક લેખ લખો. અનેકાન્ત શું છે ? રાગ તો બાધક જ છે છતાં વ્યવહારમોક્ષમાર્ગને (શુભરાગને) નિશ્ચયનો હેતુ કેમ કહ્યો ?

(૮) અમુક શબ્દ, ચરણ અથવા છંદના અર્થ અને ભાવાર્થ બતાવો. બીજી ઢાળનો સારાંશ કહો.


Please inform us of any errors on Rajesh@AtmaDharma.com


# ત્રીજી ઢાળ

નરેન્દ્ર છંદ ( જોગીરાસા )

## આત્મહિત, સાચું સુખ અને બે પ્રકારે મોક્ષમાર્ગનું કથન

**આતમકો હિત હૈ સુખ, સો સુખ આકુલતા વિન કહિયે;**
**આકુલતા શિવમાંહિ ન તાતૈં, શિવમગ લાગ્યો ચહિયે.**
**સમ્યગ્દર્શન-જ્ઞાન-ચરન શિવમગ, સો દ્વિવિધ વિચારો;**
**જો સત્યારથ-રૂપ સો નિશ્ચય, કારણ સો વ્યવહારો. ૧.**



**અન્વયાર્થઃ-** ( આતમકો ) આત્માનું ( હિત ) કલ્યાણ ( હૈ ) છે ( સુખ ) સુખની પ્રાપ્તિ. ( સો સુખ ) તે સુખ ( આકુલતા વિન ) આકુળતા વગરનું ( કહિયે ) કહેવાય છે. ( આકુલતા ) આકુળતા ( શિવમાંહિ ) મોક્ષમાં ( ન ) નથી ( તાતૈં ) તેથી ( શિવમગ ) મોક્ષમાર્ગમાં ( લાગ્યો ) લાગવું ( ચહિયે ) જોઈએ. ( સમ્યગ્દર્શન-જ્ઞાન-ચરન ) સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણેની એકતા તે ( શિવમગ ) મોક્ષનો માર્ગ છે, ( સો ) તે મોક્ષમાર્ગનો ( દ્વિવિધ ) બે પ્રકારથી ( વિચારો ) વિચાર કરવો કે, ( જો ) જે ( સત્યારથરૂપ ) વાસ્તવિક સ્વરૂપ છે ( સો ) તે ( નિશ્ચય ) નિશ્ચય મોક્ષમાર્ગ છે અને ( કારણ ) જે નિશ્ચય મોક્ષમાર્ગનું નિમિત્ત કારણ છે ( સો ) તેને ( વ્યવહારો ) વ્યવહાર મોક્ષમાર્ગ કહે છે.

**ભાવાર્થઃ-** ૧. સમ્યક્ચારિત્ર, નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક જ હોય છે. જીવને નિશ્ચય સમ્યગ્દર્શન સાથે જ સમ્યગ્ ભાવશ્રુતજ્ઞાન થાય છે. અને નિશ્ચયનય તથા વ્યવહારનય એ બન્ને સમ્યક્ શ્રુતજ્ઞાનના અવયવો ( અંશો ) છે, તેથી મિથ્યાદૃષ્ટિને નિશ્ચય કે વ્યવહારનય હોઈ શકે જ નહીં, માટે ‘ વ્યવહારનય પ્રથમ હોય અને નિશ્ચયનય પછી પ્રગટે ’ એમ માનનારને નયોના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન નથી.

૨. વળી નય નિરપેક્ષ હોતા નથી, નિશ્ચય સમ્યગ્દર્શન પ્રગટ થયા પહેલાં જો વ્યવહારનય હોય તો નિશ્ચયનયની અપેક્ષા વિનાનો નિરપેક્ષનય થયો; વળી પ્રથમ એકલો વ્યવહારનય હોય તો અજ્ઞાનદશામાં સમ્યગ્નય માનવો પડે, પણ “ निरपेक्षा नयाः मिथ्या सापेक्षावस्तु तेऽर्थकृत ” ( આપ્તમીમાંસા શ્લોક ૧૦૮ ) એવું

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આગમનું વચન છે. માટે અજ્ઞાનદશામાં કોઈ જીવને વ્યવહારનય હોઈ શકે નહિ, પણ વ્યવહારાભાસ કે નિશ્ચયાભાસરૂપ મિથ્યાનય હોઈ શકે.

૩. જીવ નિજ જ્ઞાયક સ્વભાવના આશ્રયવડે નિશ્ચય-રત્નત્રય (મોક્ષમાર્ગ) પ્રગટ કરે ત્યારે સર્વજ્ઞ કથિત નવ તત્ત્વો, સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા સંબંધી રાગમિશ્રિત વિચારો અને મંદ કષાયરૂપ શુભ ભાવ તે જીવને જે પૂર્વે હતો તેને ભૂતનૈગમનયથી વ્યવહારકારણ કહેવામાં આવે છે. (પરમાત્મપ્રકાશ અ. ૨, ગાથા ૧૪ ની ટીકા). વળી તે જ જીવને નિશ્ચય સમ્યગ્દર્શનની ભૂમિકામાં શુભરાગ અને નિમિત્તો કેવા પ્રકારના હોય, તેનું સહચરપણું બતાવવા વર્તમાન શુભ રાગને વ્યવહારમોક્ષમાર્ગ કહ્યો; તેમ કહેવાનું કારણ એ છે કે તેથી જુદા પ્રકારનાં (વિરુદ્ધ) નિમિત્તો તે દશામાં કોઈને હોઈ શકે નહિ; એ પ્રકારે નિમિત્ત-વ્યવહાર હોય છે તોપણ તે ખરું કારણ નથી.

૪. આત્મા પોતે જ સુખસ્વરૂપ છે તેથી આત્માના આશ્રયે જ સુખ પ્રગટ થઈ શકે છે, પણ કોઈ નિમિત્ત કે વ્યવહારના આશ્રયે સુખ પ્રગટ થઈ શકે નહિ.

૫. મોક્ષમાર્ગ તો એક જ છે. તે નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતારૂપે છે. (પ્રવચનસાર ગાથા ૮૨-૧૯૯ તથા મોક્ષમાર્ગ પ્રકાશક પૃષ્ઠ ૩૧૫).


૬. "હવે મોક્ષમાર્ગ તો કાંઈ બે નથી પણ મોક્ષમાર્ગનું નિરૂપણ બે પ્રકારથી છે. જ્યાં સાચા મોક્ષમાર્ગને મોક્ષમાર્ગ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

નિરૂપણ કર્યો છે તે નિશ્ચયમોક્ષમાર્ગ છે; તથા જ્યાં જે મોક્ષમાર્ગ તો નથી પરંતુ મોક્ષમાર્ગનું નિમિત્ત છે વા સહચારી છે ત્યાં તેને ઉપચારથી મોક્ષમાર્ગ કહીએ તે વ્યવહાર મોક્ષમાર્ગ છે; કારણ કે નિશ્ચય-વ્યવહારનું સર્વત્ર એવું જ લક્ષણ છે અર્થાત્ સાચું નિરૂપણ તે નિશ્ચય તથા ઉપચાર નિરૂપણ તે વ્યવહાર માટે નિરૂપણની અપેક્ષાએ બે પ્રકારે મોક્ષમાર્ગ જાણવો. પણ એક નિશ્ચયમોક્ષમાર્ગ છે તથા એક વ્યવહારમોક્ષમાર્ગ છે-એમ બે મોક્ષમાર્ગ માનવા મિથ્યા છે. (મોક્ષમાર્ગ પ્રકાશક ગુ. પા. ૨૫૩-૫૪)

## નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું સ્વરૂપ

**પરદ્રવ્યનતૈં ભિન્ન આપમેં રુચિ, સમ્યક્ત્વ ભલા હૈ;**
**આપરૂપકો જાનપનોં સો, સમ્યગ્જ્ઞાન કલા હૈ.**
**આપરૂપમેં લીન રહે થિર, સમ્યક્ચારિત સોઈ;**
**અબ વ્યવહાર મોક્ષમગ સુનિયે, હેતુ નિયતકો હોઈ. ૨.**




**અન્વયાર્થ:-** (આપમેં) આત્મામાં (પરદ્રવ્યનતૈં) પરવસ્તુઓથી (ભિન્ન) ભિન્નપણાની (રુચિ) શ્રદ્ધા કરવી તે (ભલા) નિશ્ચય (સમ્યક્ત્વ) સમ્યગ્દર્શન (હૈ) છે; (આપરૂપકો) આત્માના સ્વરૂપને (પરદ્રવ્યનતૈં ભિન્ન) પરથી જુદું (જાન-


પનોં ) જાણવું ( સો ) તે ( સમ્યગ્જ્ઞાન ) નિશ્ચય સમ્યગ્જ્ઞાન ( કલા ) પ્રકાશ ( હૈ ) છે. ( પરદ્રવ્યનતૈં ભિન્ન ) પરદ્રવ્યોથી ભિન્ન એવા ( આપરૂપમેં ) આત્મસ્વરૂપમાં ( થિર ) સ્થિરતાપૂર્વક ( લીન રહે ) લીન થવું તે ( સમ્યક્ચારિત ) નિશ્ચય સમ્યક્ચારિત્ર ( સોઈ ) છે. ( અબ ) હવે ( વ્યવહાર મોક્ષમગ ) વ્યવહાર મોક્ષમાર્ગ ( સુનિયે ) સાંભળો [ કે જે વ્યવહાર મોક્ષમાર્ગ ] ( નિયતકો ) નિશ્ચય મોક્ષમાર્ગનું ( હેતુ ) નિમિત્તકારણ ( હોઈ ) છે.

**ભાવાર્થઃ-** પર પદાર્થોથી ત્રિકાળ જુદા એવા નિજ આત્માનો અટલ વિશ્વાસ કરવો તે નિશ્ચય સમ્યગ્દર્શન કહેવાય છે. આત્માને પર વસ્તુઓથી જુદો જાણવો ( જ્ઞાન કરવું ) તે નિશ્ચય સમ્યગ્જ્ઞાન કહેવાય છે. તથા પરદ્રવ્યોનું આલંબન છોડીને આત્મસ્વરૂપમાં એકાગ્રતાથી મગ્ન થવું તે નિશ્ચય સમ્યક્ચારિત્ર ( યથાર્થ આચરણ ) કહેવાય છે. હવે આગળ વ્યવહારમોક્ષમાર્ગનું કથન કહેવામાં આવે છે. કેમકે નિશ્ચય-મોક્ષમાર્ગ હોય ત્યારે વ્યવહારમોક્ષમાર્ગ નિમિત્તમાં કેવો હોય તે જાણવું જોઈએ.

## વ્યવહાર સમ્યક્ત્વ ( સમ્યગ્દર્શન ) નું સ્વરૂપ

**જીવ અજીવ તત્ત્વ અરુ આસ્રવ, બંધ રુ સંવર જાનો;**
**નિર્જરા મોક્ષ કહે જિન તિનકો, જ્યોં કા ત્યોં સરધાનો.**
**હૈ સોઈ સમકિત વ્યવહારી, અબ ઇન રૂપ બખાનો;**
**તિનકો સુન સામાન્ય વિશેષૈં, દિઢ પ્રતીત ઉર આનો. ૩.**

**અન્વયાર્થઃ-** ( જિન ) જિનેન્દ્રદેવે ( જીવ ) જીવ, ( અજીવ )



અજીવ, (આસ્રવ) આસ્રવ, (બંધ) બંધ, (સંવર) સંવર, (નિર્જરા) નિર્જરા, (અરુ) અને (મોક્ષ) મોક્ષ, (તત્ત્વ) એ સાત તત્ત્વો, (કહે) કહ્યાં છે; (તિનકોં) તે બધાને (જ્યોં કા ત્યોં) જેમ કહ્યાં છે તેમ યથાર્થ ( સરધાનો) શ્રદ્ધા કરો. (સોઈ) એવી રીતે શ્રદ્ધા કરવી તે (વ્યવહારી સમકિત) વ્યવહારથી સમ્યગ્દર્શન (હૈ) છે. (અબ) હવે (ઇન રૂપ) એ સાત તત્ત્વોને (બખાનો) વર્ણન કરું છું. (તિનકો) તેને (સામાન્ય વિશેષૈં) સંક્ષેપથી અને વિસ્તારથી (સુન) સાંભળીને (ઉર) મનમાં-ચિત્તમાં (દિઢ) અટલ (પ્રતીત) શ્રદ્ધા (આનો) કરવી જોઈએ.

**ભાવાર્થઃ-** ૧. નિશ્ચયસમ્યગ્દર્શન હોય ત્યારે તેની સાથે વ્યવહારસમ્યગ્દર્શન કેવું હોય તેનું અહીં વર્ણન છે. જેને નિશ્ચયસમ્યગ્દર્શન ન હોય તેને વ્યવહારસમ્યગ્દર્શન પણ હોઈ શકે નહિ, નિશ્ચય શ્રદ્ધાસહિત સાત તત્ત્વની વિકલ્પ-રાગ સહિતની શ્રદ્ધાને વ્યવહારસમ્યગ્દર્શન કહેવામાં આવે છે.

૨. તત્ત્વાર્થ સૂત્રમાં "तत्त्वार्थ श्रद्धानं सम्यग्दर्शनम्" કહ્યું છે, તે નિશ્ચય સમ્યગ્દર્શન છે. (જુઓ, મોક્ષમાર્ગ પ્રકાશક પૃ. ૪૭૭,


પુરુષાર્થસિદ્ધયુપાય ગા. ૨૨) અહીં જે સાત તત્ત્વની શ્રદ્ધા કહી છે તે ભેદરૂપ છે–રાગસહિત છે; તેથી તે વ્યવહારસમ્યગ્દર્શન છે. નિશ્ચયમોક્ષમાર્ગમાં કેવું નિમિત્ત હોય તે બતાવવા અહીં ત્રીજી ગાથા કહી છે. પણ તેનો એવો અર્થ નથી કે નિશ્ચયસમકિત વિના કોઈને પણ વ્યવહારસમકિત હોઈ શકે.

## જીવના ભેદ, બહિરાત્મા અને ઉત્તમ અંતરાત્માનું લક્ષણ

**બહિરાતમ, અંતર્આતમ, પરમાતમ જીવ ત્રિધા હૈ;**
**દેહ-જીવકો એક ગિનેં બહિરાતમ તત્ત્વમુધા હૈ.**
**ઉત્તમ મધ્યમ જઘન ત્રિવિધકે અન્તર-આતમ જ્ઞાની;**
**દ્વિવિધ સંગ બિન શુધ-ઉપયોગી, મુનિ ઉત્તમ નિજધ્યાની ૪.**

**અન્વયાર્થ:-** (બહિરાતમ) બહિરાત્મા, (અન્તર્આતમ) અન્તરાત્મા [અને] (પરમાતમ) પરમાત્મા [એ પ્રકારે] (જીવ) જીવ (ત્રિધા) ત્રણ પ્રકારના (હૈ) છે, [તેમાં] (દેહ–જીવકો) શરીર અને આત્માને (એક ગિનેં) એક માને છે (સૌ) તે (બહિરાતમ) બહિરાત્મા છે [અને તે બહિરાત્મા) (તત્ત્વમુધા) સાચા તત્ત્વોનો અજાણ અર્થાત્ મિથ્યાદષ્ટિ (હૈ) છે. (આતમજ્ઞાની) આત્માને પરવસ્તુઓથી જુદો જાણી યથાર્થ નિશ્ચય કરવાવાળો (અન્તર–આતમ) અન્તરાત્મા [કહેવાય છે, તે] (ઉત્તમ) ઉત્તમ (મધ્યમ) મધ્યમ અને (જઘન) જઘન્ય એમ (ત્રિવિધ) ત્રણ પ્રકારના છે, [તેમાં] (દ્વિવિધ) અંતરંગ અને બહિરંગ એ બે પ્રકારનાં (સંગવિન) પરિગ્રહ રહિત (શુધ ઉપયોગી) શુદ્ધ ઉપયોગી (નિજધ્યાની) આત્મધ્યાની (મુનિ) દિગમ્બર મુનિ (ઉત્તમ) ઉત્તમ અન્તરાત્મા છે.

## જીવના ભેદ-ઉપભેદ




**ભાવાર્થ:-** જીવ (આત્મા) ત્રણ પ્રકારના છે- (૧) બહિરાત્મા, (૨) અન્તરાત્મા, (૩) પરમાત્મા. તેમાં શરીરને અને આત્માને એક માને તેને બહિરાત્મા કહે છે, તેને અવિવેકી અથવા મિથ્યાદષ્ટિ પણ કહે છે. જે શરીર અને આત્માને પોતાના ભેદવિજ્ઞાનથી જુદા જુદા માને છે તે અંતરાત્મા અર્થાત્ સમ્યગ્દષ્ટિ છે. અંતરાત્માના ત્રણ ભેદ છે; ઉત્તમ-મધ્યમ-જઘન્ય. તેમાં અંતરંગ અને બહિરંગ એ બન્ને પ્રકારના પરિગ્રહથી રહિત સાતમાથી બારમા ગુણસ્થાનમાં વર્તતા શુદ્ધ-ઉપયોગી અને આત્મધ્યાની દિગમ્બર મુનિ ઉત્તમ અંતરાત્મા છે.

## મધ્યમ અને જઘન્ય અંતરાત્મા તથા સકલ પરમાત્મા

**મધ્યમ અન્તર-આતમ હૈં જે, દેશવ્રતી અનગારી;**
**જઘન કહે અવિરત સમદૃષ્ટિ, તીનોં શિવમગચારી.**
**સકલ નિકલ પરમાતમ દ્વૈવિધ, તિનમેં ઘાતિ નિવારી;**
**શ્રી અરિહન્ત સકલ પરમાતમ, લોકાલોક નિહારી. ૫.**

**અન્વયાર્થ:-** (અનગારી) છઠ્ઠા ગુણસ્થાન વખતે અંતરંગ અને બહિરંગ પરિગ્રહ રહિત યથાજાતરૂપધર ભાવલિંગી મુનિ મધ્યમ અંતરાત્મા છે તથા (દેશવ્રતી) બે કષાયના અભાવ સહિત એવા પંચમ ગુણસ્થાનવર્તી સમ્યગ્દૃષ્ટિ શ્રાવક (મધ્યમ) મધ્યમ (અંતર્-આતમ) અંતરાત્મા (હૈં) છે અને (અવિરત) વ્રત રહિત (સમદૃષ્ટિ) સમ્યગ્દૃષ્ટિ જીવ (જઘન) જઘન્ય અંતરાત્મા (કહે) કહેવાય છે. (તીનોં) એ ત્રણે (શિવમગચારી) મોક્ષમાર્ગ પર ચાલવાવાળા છે. (સકલ નિકલ) સકલ અને નિકલના ભેદથી (પરમાતમ) પરમાત્મા (દ્વૈવિધ) બે પ્રકારના છે, (તિનમેં) તેમાં (ઘાતિ) ચાર ઘાતિકર્મોને (નિવારી) નાશ કરવાવાળા (લોકાલોક) લોક અને અલોકને (નિહારી) જાણવા-દેખવાવાળા (શ્રી અરિહંત) અરિહંત પરમેષ્ઠી (સકલ) શરીરસહિત (પરમાતમ) પરમાત્મા છે.

**ભાવાર્થ:-** ૧. જે નિશ્ચયસમ્યગ્દર્શનાદિ સહિત છે, ત્રણ કષાયરહિત, શુદ્ધોપયોગરૂપ મુનિધર્મને અંગીકાર કરી અંતરંગમાં તો એ શુદ્ધોપયોગવડે પોતે પોતાને અનુભવે છે, કોઈને ઇષ્ટ-અનિષ્ટ માની રાગ-દ્વેષ કરતા નથી, હિંસાદિરૂપ અશુભોપયોગનું તો અસ્તિત્વ જ જેને રહ્યું નથી એવી અંતરંગદશા સહિત બાહ્ય દિગમ્બર સૌમ્યમુદ્રાધારી થયા છે, અને છઠ્ઠા

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રમત્તસંયત ગુણસ્થાનકના કાળે ૨૮ મૂળગુણને અખંડિત પાળે છે, તેઓ તથા જે અનંતાનુબંધી તથા અપ્રત્યાખ્યાનીય બે કષાયના અભાવ સહિત સમ્યગ્દષ્ટિ શ્રાવક છે તે મધ્યમ અંતરાત્મા છે. અર્થાત્ છઠ્ઠા અને પાંચમા ગુણસ્થાનવર્તી જીવ મધ્યમ અંતરાત્મા છે.*

૨. સમ્યગ્દર્શન વિના કદી ધર્મની શરૂઆત થતી નથી, જેને નિશ્ચયસમ્યગ્દર્શન નથી તે જીવ બહિરાત્મન્ છે.

૩. પરમાત્મા બે પ્રકારે છેઃ [1]સકલ અને [2]નિકલ. (૧) શ્રી અરિહંત પરમાત્મા સકલ (શરીર સહિત) પરમાત્મા છે, (૨) સિદ્ધ પરમાત્મા તે નિકલ (અશરીરી) પરમાત્મા છે. તેઓ બન્ને સર્વજ્ઞ હોવાથી લોક અને અલોક સહિત સર્વ પદાર્થોનું ત્રિકાળવર્તી સંપૂર્ણ સ્વરૂપ એક સમયમાં યુગપત્ (એકસાથે) જાણનારા-દેખનારા સર્વના જ્ઞાતા-દ્રષ્ટા છે. તે ઉપરથી નક્કી થાય છે કે જેમ સર્વજ્ઞનું જ્ઞાન વ્યવસ્થિત છે તેમ તેના જ્ઞાનના જ્ઞેયો સર્વ દ્રવ્યો-છએ દ્રવ્યોની ત્રણ કાળની ક્રમબદ્ધ પર્યાયો નિશ્ચિત-વ્યવસ્થિત છે, અને કોઇ પર્યાય આડીઅવળી થતી નથી એમ સમ્યગ્દષ્ટિ જીવ માને છે, તથા એવી માન્યતા (નિર્ણય) જેને ન હોય તેને સ્વ-પર પદાર્થનો

---

* सावयगुणेहि जुत्ता, पमत्तविरदा य मज्झिमा होंति।
श्रावकगुणैस्तु युक्ता: प्रमत्तविरताश्च मध्यमा: भवन्ति।
**અર્થ**:- શ્રાવકના ગુણોથી યુક્ત અને પ્રમત્તવિરત મુનિ મધ્યમ અન્તરાત્મા છે. [ સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ગાથા ૧૯૬ ]

૧ સ=સહિત, કલ=શરીર, સકલ એટલે શરીર સહિત.

૨ નિ=રહિત, કલ=શરીર, નિકલ એટલે શરીર રહિત.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિશ્ચય ન હોવાથી શુભાશુભ વિકાર અને પરદ્રવ્ય સાથે કર્તાબુદ્ધિ, એકતાબુદ્ધિ હોય જ છે તેથી તે જીવ બહિરાત્મા જ હોય છે.

## નિકલ પરમાત્માનું લક્ષણ અને પરમાત્માના ધ્યાનનો ઉપદેશ

**જ્ઞાનશરીરી ત્રિવિધ કર્મ-મલ, વર્જિત સિદ્ધ મહંતા;**
**તે હૈં નિકલ અમલ પરમાતમ, ભોગૈં શર્મ અનંતા.**
**બહિરાતમતા હેય જાનિ તજિ, અન્તર-આતમ હૂજૈ;**
**પરમાતમકો ધ્યાય નિરંતર, જો નિત આનંદ પૂજૈ. ૬.**

**અન્વયાર્થઃ-** (જ્ઞાનશરીરી) જ્ઞાનમાત્ર જેનું શરીર છે એવા, (ત્રિવિધ) જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ, રાગાદિ ભાવકર્મ, અને ઔદારિક શરીર વગેરે નોકર્મ, એ ત્રણ પ્રકારના (કર્મમલ) કર્મરૂપી મેલથી (વર્જિત) રહિત, (અમલ) નિર્મળ અને (મહંતા) મહાન (સિદ્ધ) સિદ્ધ પરમેષ્ઠી (તે) તે (નિકલ) નિકલ (પરમાતમ) પરમાત્મા (હૈં) છે, તે (અનંતા) અપરિમિત (શર્મ) સુખને (ભોગૈં) ભોગવે છે. આ ત્રણમાં (બહિરાતમતા) બહિરાત્મપણાને (હેય) છોડવા યોગ્ય (જાનિ) જાણીને અને (તજિ) તેને તજીને (અન્તર-આતમ) અન્તરાત્મા (હૂજૈ) થવું જોઈએ અને (નિરંતર) સદા (પરમાતમકો) [નિજ] પરમાત્મપદનું (ધ્યાય) ધ્યાન કરવું જોઈએ (જો) જે વડે (નિત) નિત્ય અર્થાત્ અનંત (આનંદ) આનંદ (પૂજૈ) પ્રાપ્ત કરાય છે.

**ભાવાર્થઃ-** ઔદારિક આદિ શરીર રહિત શુદ્ધજ્ઞાનમય, દ્રવ્ય-ભાવ-નોકર્મ રહિત, નિર્દોષ અને પૂજ્ય સિદ્ધ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

પરમેષ્ઠી 'નિકલ' પરમાત્મા કહેવાય છે. તે અક્ષય અનંત કાલ સુધી અનંત સુખનો અનુભવ કર્યા કરે છે. આ ત્રણમાં બહિરાત્માપણું મિથ્યાત્વ સહિત હોવાથી હેય (છોડવા લાયક) છે, તેથી આત્મહિતેચ્છુએ તેને છોડી અન્તરાત્મા (સમ્યગ્દષ્ટિ) બનીને પરમાત્માપણું પ્રાપ્ત કરવું જોઈએ, કારણ કે તેથી હંમેશાં સંપૂર્ણ અને અનંત આનંદ (મોક્ષ) ની પ્રાપ્તિ થાય છે.


## અજીવ-પુદ્ગલ, ધર્મ, અધર્મ દ્રવ્યનાં લક્ષણ અને ભેદ

**ચેતનતા-વિન સો અજીવ હૈ, પંચ ભેદ તાકે હૈં;**
**પુદ્ગલ, પંચ વરન-રસ ગંધ-દો, ફરસ વસૂ જાકૈ હૈં.**
**જિય પુદ્ગલકો ચલન સહાઈ, ધર્મ દ્રવ્ય અનુરૂપી;**
**તિષ્ઠત હોય અધર્મ સહાઈ, જિન બિન-મૂર્તિ નિરૂપી. ૭**

**અન્વયાર્થ:-** જે (ચેતનતા-વિન) ચેતના રહિત છે (સો) તે (અજીવ) અજીવ (હૈ) છે; (તાકે) તે અજીવના (પંચ ભેદ) પાંચ ભેદ (હૈં) છે. (જાકે પંચ વરન-રસ) જેના પાંચ વર્ણ અને પાંચ રસ, (ગંધ-દો) બે ગંધ અને (વસૂ) આઠ (ફરસ) સ્પર્શ (હૈં) હોય છે તે (પુદ્ગલ) પુદ્ગલ દ્રવ્ય છે. (જિય) જીવને [અને] (પુદ્ગલકો) પુદ્ગલને (ચલન સહાઈ) ચાલવામાં નિમિત્ત [અને] (અનરૂપી) અમૂર્તિક છે તે (ધર્મદ્રવ્ય) ધર્મ દ્રવ્ય છે તથા (તિષ્ઠત) ગતિપૂર્વક સ્થિતિ પરિણામને પ્રાપ્ત [જીવ અને પુદ્ગલને] (સહાઈ) નિમિત્ત (હોય) હોય છે તે (અધર્મ) અધર્મ દ્રવ્ય છે. (જિન) જિનેન્દ્ર ભગવાને આ અધર્મ દ્રવ્યને (બિન-મૂર્તિ) અમૂર્તિક, (નિરૂપી)

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates






Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



અરૂપી કહ્યું છે.

**ભાવાર્થ:-** જેમાં ચેતના (જ્ઞાન-દર્શન અથવા જાણવા-દેખવાની શક્તિ) નથી હોતી તેને અજીવ કહે છે. આ અજીવના પાંચ ભેદ છે-પુદ્‌ગલ, ધર્મ, *અધર્મ, આકાશ અને કાળ. જેમાં રૂપ, રસ, ગંધ, વર્ણ અને સ્પર્શ હોય છે તેને પુદ્‌ગલદ્રવ્ય કહે છે. જે સ્વયં ચાલે છે એવા જીવ અને પુદ્‌ગલને ચાલવામાં નિમિત્તકારણ હોય છે તે ધર્મદ્રવ્ય છે અને સ્વયં (પોતાની મેળે) ગતિપૂર્વક સ્થિર રહેલાં જીવ અને પુદ્‌ગલને સ્થિર રહેવામાં જે નિમિત્તકારણ છે તે અધર્મદ્રવ્ય છે. જિનેન્દ્ર ભગવાને આ ધર્મ, અધર્મ દ્રવ્યને તથા હવે પછી કહેવામાં આવશે તે આકાશ અને કાળ દ્રવ્યને અમૂર્તિક (ઇન્દ્રિય અગોચર) કહ્યાં છે. ૭.

## આકાશ, કાળ અને આસ્રવના લક્ષણ અથવા ભેદ

**સકલ દ્રવ્યકો વાસ જાસમેં, સો આકાશ પિછાનો;**
**નિયત વર્તના નિશિ-દિન સો, વ્યવહાર કાલ પરિમાનો.**
**યોં અજીવ, અબ આસ્રવ સુનિયે, મન-વચ-કાય ત્રિયોગા;**
**મિથ્યા અવિરત અરુ કષાય; પરમાદ સહિત ઉપયોગા. ૮.**

**અન્વયાર્થ:-** (જાસમેં) જેમાં (સકલ) સર્વે (દ્રવ્યકો) દ્રવ્યનો (વાસ) નિવાસ છે (સો) તે (આકાશ) આકાશ દ્રવ્ય (પિછાનો)


---

* ધર્મ અને અધર્મથી અહીં પુણ્ય અને પાપ એમ ન સમજવું, પણ છ દ્રવ્યોમાં આવતા તે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય નામનાં બે અજીવ દ્રવ્યો જાણવાં.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





જાણવું. (વર્તના) પોતે પલટે અને બીજાને પલટવામાં નિમિત્ત થાય તે (નિયત) નિશ્ચયકાળ દ્રવ્ય છે અને (નિશિ-દિન) રાત્રિ-દિવસ વગેરે (સો) તે (વ્યવહાર કાલ) વ્યવહારકાળ (પરિમાનો) જાણો. (યોં) આ પ્રકારે (અજીવ) અજીવ તત્ત્વનું વર્ણન થયું. (અબ) હવે (આસ્રવ) આસ્રવ તત્ત્વ (સુનિયે) સાંભળો. (મન-વચ-કાય) મન, વચન અને કાયાના આલંબનથી આત્માના પ્રદેશો ચંચળ થવારૂપ (ત્રિયોગા) ત્રણ પ્રકારના યોગ તથા (મિથ્યા) મિથ્યાત્વ, (અવિરત) અવિરતિ, (કષાય) કષાય (અરુ) અને (પરમાદ) પ્રમાદ (સહિત) સહિત (ઉપયોગા) આત્માની પ્રવૃત્તિ તે (આસ્રવ) [આસ્રવ તત્ત્વ કહેવાય છે.)

**ભાવાર્થઃ-** જેમાં છ દ્રવ્યોનો નિવાસ છે તે સ્થાનને આકાશ* કહે છે. જે પોતાની મેળે પલટે છે તથા પોતાની મેળે પલટતાં બીજા દ્રવ્યોને પલટવામાં નિમિત્ત છે તેને 'નિશ્ચય-

* જેવી રીતે કોઈ વાસણમાં પાણી ભરીને તેમાં ભસ્મ (રાખ) નાખવામાં આવે તો તે સમાઈ જાય છે, પછી તેમાં ખાંડ નાખવામાં આવે તો તે પણ સમાઈ જાય છે; પછી તેમાં સોયો નાખવામાં આવે તો તે પણ સમાઈ જાય છે; એવી રીતે આકાશમાં પણ ખાસ અવગાહનશક્તિ છે. તેથી તેમાં સર્વ દ્રવ્યો એકી સાથે રહી શકે છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને રોકતું નથી.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

કાળ '× કહે છે. રાત, દિવસ, ઘડી, કલાક વગેરેને 'વ્યવહારકાળ' કહેવાય છે. આવી રીતે અજીવ તત્ત્વનું વર્ણન થયું. હવે આસ્રવ તત્ત્વનું વર્ણન કરે છે. તેના મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ એ પાંચ ભેદ છે. [આસ્રવ અને બંધ બન્નેમાં ભેદઃ- જીવના મિથ્યાત્વ-મોહ-રાગ-દ્વેષરૂપ પરિણામ તે ભાવઆસ્રવ છે અને તે મલિન ભાવોમાં સ્નિગ્ધતા તે ભાવબંધ છે.]

## આસ્રવત્યાગનો ઉપદેશ અને બંધ, સંવર, નિર્જરાનું લક્ષણ


**યે હી આતમકો દુખ-કારણ, તાતૈં ઇનકો તજિયે;**
**જીવપ્રદેશ બંધૈ વિધિસોં સો, બંધન કબહું ન સજિયે.**
**શમ-દમતૈં જો કર્મ ન આવૈં, સો સંવર આદરિયે;**
**તપ-બલતૈં વિધિ-ઝરન નિરજરા, તાહિ સદા આચરિયે.૯.**



× પોતે પોતાની અવસ્થારૂપે સ્વયં પરિણમતા જીવાદિક દ્રવ્યોના પરિણમનમાં જે નિમિત્ત હોય, તેને કાળ દ્રવ્ય કહે છે. જેમ કુંભારના ચાકને ફરવામાં લોઢાની ખીલી, કાળ દ્રવ્યને નિશ્ચયકાળ કહે છે. લોકાકાશના જેટલા પ્રદેશ છે તેટલા જ કાળદ્રવ્ય (કાલાણુઓ) છે, દિવસ, ઘડી, કલાક, મહિના તેને વ્યવહારકાળ કહે છે. (જૈન સિ. પ્ર.)

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates






**અન્વયાર્થઃ-** ( યે હી ) આ મિથ્યાત્વાદિ જ ( આતમકો ) આત્માને ( દુખ-કારણ ) દુઃખનું કારણ છે. ( તાતૈં ) તેથી ( ઇનકો ) આ મિથ્યાત્વાદિને ( તજિયે ) છોડી દેવું જોઈએ. ( જીવપ્રદેશ ) આત્માના પ્રદેશનું ( વિધિસોં ) કર્મોથી ( બંધૈ ) બંધાવું તે ( બંધન ) બંધ [ કહેવાય છે ] ( સો ) આ [ બંધ ] ( કબહું ) ક્યારેય પણ ( ન સજિયે ) ન કરવો જોઈએ. ( શમ ) કષાયોનો અભાવ [ અને ] ( દમતૈં ) ઇન્દ્રિયો તથા મનને જીતવાથી ( કર્મ ) કર્મ ( ન આવૈં ) ન આવે ( સો ) તે ( સંવર ) સંવર તત્ત્વ છે; ( તાહિ ) તે સંવરને ( આદરિયે ) ગ્રહણ કરવો જોઈએ. ( તપબલતૈં ) તપની શક્તિથી ( વિધિ ) કર્મોનું ( ઝરન ) એકદેશ ખરી જવું તે ( નિરજરા ) નિર્જરા કહેવાય છે. ( તાહિ ) તે નિર્જરાને ( સદા ) હંમેશાં ( આચરિયે ) પ્રાપ્ત કરવી જોઈએ.

**ભાવાર્થઃ-** ૧. આ મિથ્યાત્વાદિ જ આત્માને દુઃખનું કારણ છે, પણ પર પદાર્થ દુઃખનું કારણ નથી; તેથી પોતાના દોષરૂપ મિથ્યાભાવોનો અભાવ કરવો જોઈએ. સ્પર્શો સાથે પુદ્‌ગલોનો બંધ, રાગાદિક સાથે જીવનો બંધ અને અન્યોન્ય-અવગાહ તે પુદ્‌ગલ-જીવાત્મક બંધ કહેલ છે.( પ્રવચનસાર ગાથા ૧૭૭ ). રાગ-પરિણામમાત્ર એવો જે ભાવબંધ તે દ્રવ્યબંધનો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

હેતુ હોવાથી તે જ નિશ્ચયબંધ છે, જે છોડવાયોગ્ય છે.

૨. મિથ્યાત્વ અને ક્રોધાદિરૂપ ભાવ તે સર્વને સામાન્યપણે કષાય કહેવાય છે. (મોક્ષમાર્ગ પ્ર. પા. ૩૧.) એવા કષાયનો અભાવ તેને શમ કહેવાય છે. અને દમ એટલે જે જ્ઞેય-જ્ઞાયક સંકરદોષ ટાળી ઇન્દ્રિયોને જીતીને જ્ઞાન-સ્વભાવ વડે અન્ય દ્રવ્યથી અધિક (જાુદો, પરિપૂર્ણ) આત્માને જાણે છે તેને જે નિશ્ચયનયમાં સ્થિત સાધુઓ છે તેઓ-ખરેખર જિતેન્દ્રિય કહે છે. (સમયસાર ગાથા ૩૧)

સ્વભાવ-પરભાવના ભેદજ્ઞાનના બળવડે દ્રવ્યેન્દ્રિય, ભાવેન્દ્રિય અને તેના વિષયોથી આત્માનું સ્વરૂપ જુદું છે એમ જાણવું તેનું નામ ઇન્દ્રિયોનું દમન કહેવામાં આવે છે. પરંતુ આહારાદિ તથા પાંચ ઇન્દ્રિયોના વિષયરૂપ બાહ્ય વસ્તુના ત્યાગરૂપ જે મંદ કષાય છે તેનાથી ખરેખર ઇન્દ્રિયદમન થતું નથી, કેમ કે તે તો શુભરાગ છે, પુણ્ય છે, માટે બંધનું કારણ છે એમ સમજવું.

૩. શુદ્ધાત્માને આશ્રિત સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ શુદ્ધભાવ તે જ સંવર છે. પ્રથમ નિશ્ચયસમ્યગ્દર્શન થતાં સ્વદ્રવ્યના આલંબન અનુસાર સંવર-નિર્જરા શરૂ થાય છે. ક્રમે ક્રમે જેટલા અંશે રાગનો અભાવ, તેટલે અંશે સંવર-નિર્જરારૂપ ધર્મ થાય છે. સ્વસન્મુખતાના બળથી શુભાશુભ ઇચ્છાનો નિરોધ તે તપ છે. તે તપથી નિર્જરા થાય છે.

૪. સંવરઃ- પુણ્ય-પાપરૂપ અશુદ્ધભાવ (આસ્રવો)

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્માના શુદ્ધ ભાવ દ્વારા રોકવા તે ભાવ-સંવર છે અને તે અનુસાર નવા કર્મોનું આવવું સ્વયં-સ્વતઃ રોકાઈ જાય તે દ્રવ્ય-સંવર છે.

૫. નિર્જરાઃ- અખંડાનંદ નિજશુદ્ધાત્માના લક્ષ્યના બળથી અંશે શુદ્ધિની વૃદ્ધિ અને અશુદ્ધિની અંશે હાનિ કરવી તે ભાવ-નિર્જરા છે અને તે સમયે ખરવાયોગ્ય કર્મોનું અંશે છૂટી જવું તે દ્રવ્ય-નિર્જરા છે. ( લઘુ જૈન સિ. પ્ર. પા. ૬૮-૬૯. પ્રશ્ન-૧૨૧ )

૬. જીવ-અજીવને તેના સ્વરૂપ સહિત ઓળખી પોતાને વા પરને જેમ છે તેમ માનવા, આસ્રવને ઓળખી તેને હેયરૂપ માનવો, બંધને ઓળખી તેને અહિતરૂપ માનવો, સંવરને ઓળખી તેને ઉપાદેયરૂપ માનવો, નિર્જરાને ઓળખી તેને હિતનું કારણ માનવું. * ( મોક્ષમાર્ગ પ્રકાશક પા. ૩૧૯ )

---

## * આસ્રવ આદિના દૃષ્ટાંત

૧. **આસ્રવ**-જેવી રીતે કોઈ વહાણમાં છિદ્ર પડવાથી તેમાં પાણી આવવા લાગે છે તેવી રીતે મિથ્યાત્વાદિ આસ્રવ મારફત આત્મામાં કર્મ આવવા લાગે છે તે.

૨. **બંધ**-જેવી રીતે છિદ્ર દ્વારા પાણી આવીને નૌકામાં ભરાઈ જાય છે તેવી રીતે કર્મપરમાણુ આત્માના પ્રદેશોમાં જાય છે [ એક ક્ષેત્રે ભેગા રહે છે ] તે


૩. **સંવર**-જેવી રીતે છિદ્ર બંધ કરવાથી નૌકામાં પાણી આવવું

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

## મોક્ષનું લક્ષણ, વ્યવહારસમ્યક્ત્વનું લક્ષણ, તથા કારણ

**સકલ કર્મ તૈં રહિત અવસ્થા, સો શિવ, થિર સુખકારી;**
**ઇહિ વિધિ જો સરધા તત્ત્વનકી, સો સમકિત વ્યવહારી.**
**દેવ જિનેન્દ્ર, ગુરુ પરિગ્રહ વિન, ધર્મ દયાજુત સારો;**
**યે હુ માન સમકિતકો કારણ, અષ્ટ અંગ જુત ધારો. ૧૦**




**અન્વયાર્થ:-** ( સકલ કર્મ તૈં ) બધા કર્મોથી ( રહિત )

---

રોકાઈ જાય છે તેવી રીતે શુદ્ધ ભાવરૂપ ગુપ્તિ વગેરે મારફત આત્મામાં કર્મોનું આવવું રોકાઈ જાય છે તે.

૪. **નિર્જરા**-જેવી રીતે વહાણમાં આવેલા પાણીમાંથી થોડું ( કોઈ વાસણમાં ભરી ) ફેંકી દેવામાં આવે છે તેવી રીતે નિર્જરા દ્વારા થોડાં કર્મ આત્માથી અલગ થઈ જાય છે.


૫. **મોક્ષ**-જેવી રીતે વહાણમાં આવેલું બધું પાણી કાઢી નાંખવાથી વહાણ એકદમ પાણી વિનાનું થઈ જાય છે તેમ આત્મામાંથી બધાં કર્મો જુદાં પડી જવાથી આત્માની પૂરેપૂરી શુદ્ધ હાલત ( મોક્ષદશા ) પ્રગટ થાય છે એટલે કે તે આત્મા મુક્ત થઈ જાય છે. ૯.

રહિત (થિર) સ્થિર-અટલ (સુખકારી) અનંત સુખદાયક (અવસ્થા) હાલત-પર્યાય (સો) તે (શિવ) મોક્ષ કહેવાય છે. (ઇહિ વિધિ) આ પ્રકારે (જો) જે (તત્ત્વનકી) સાત તત્ત્વોના ભેદ સહિત (સરધા) શ્રદ્ધા કરવી (સો) તે (વ્યવહારી) વ્યવહાર (સમકિત) સમ્યગ્દર્શન છે. (જિનેન્દ્ર) વીતરાગ, સર્વજ્ઞ અને હિતોપદેશી (દેવ) સાચા દેવ, (પરિગ્રહ વિન) ૨૪ પરિગ્રહથી રહિત (ગુરુ) વીતરાગ ગુરુ [તથા] (સારો) સારભૂત (દયાજુત) અહિંસામય (ધર્મ) જૈનધર્મ (યે હુ) આ બધાને (સમકિતકો) સમ્યગ્દર્શનનું (કારણ) નિમિત્તકારણ (માન) જાણવું જોઈએ. સમ્યગ્દર્શનને તેનાં (અષ્ટ) આઠ (અંગ-જુત) અંગો સહિત (ધારો) ધારણ કરવું જોઈએ.

**ભાવાર્થઃ-** મોક્ષનું સ્વરૂપ ઓળખી તેને પોતાનું પરમહિત માનવું, આઠ કર્મોનો સર્વથા નાશ થવા પૂર્વક આત્માની જે સંપૂર્ણ શુદ્ધ અવસ્થા (પર્યાય) પ્રગટ થાય છે તેને મોક્ષ કહે છે. આ અવસ્થા અવિનાશી અને અનંત સુખમય છે. આ પ્રકારે સામાન્ય અને વિશેષરૂપથી સાત તત્ત્વોની અચળ શ્રદ્ધા કરવી તેને વ્યવહાર-સમ્યક્ત્વ (સમ્યગ્દર્શન) કહે છે. જિનેન્દ્રદેવ, વીતરાગી (દિગમ્બર જૈન) ગુરુ અને જિનેન્દ્રપ્રણીત અહિંસામય ધર્મ પણ આ વ્યવહાર સમ્યગ્દર્શનના કારણ છે એટલે કે એ ત્રણનું યથાર્થ શ્રદ્ધાન પણ વ્યવહારસમ્યગ્દર્શન કહેવાય છે. તેને નીચે જણાવેલા આઠ અંગો સહિત ધારણ કરવું જોઈએ. વ્યવહાર સમકિતનું સ્વરૂપ આગળ ગાથા ૨-૩ ના ભાવાર્થમાં સમજાવ્યું છે. **નિશ્ચયસમકિત વિના એકલા વ્યવહારને વ્યવહારસમકિત કહેવાતું નથી. ૧૦.**

## સમ્યક્ત્વના પચીસ દોષ તથા આઠ ગુણ

**વસુ મદ ટારિ, નિવારિ ત્રિશઠતા, ષટ્ અનાયતન ત્યાગો;**
**શંકાદિક વસુ દોષ વિના, સંવેગાદિક ચિત પાગો.**
**અષ્ટ અંગ અરુ દોષ પચીસોં, તિન સંક્ષેપૈ કહિયે;**
**વિન જાનેતૈં દોષ ગુનનકો, કૈસે તજિયે ગહિયે. ૧૧.**



**અન્વયાર્થ:-** ( વસુ ) આઠ ( મદ ) મદનો ( ટારિ ) ત્યાગ કરીને, ( ત્રિશઠતા ) ત્રણ પ્રકારની મૂઢતાને ( નિવારી ) હઠાવીને, ( ષટ્ ) છ ( અનાયતન ) * અનાયતનોનો ( ત્યાગો ) ત્યાગ કરવો જોઈએ. ( શંકાદિક ) શંકા વગેરે ( વસુ ) આઠ ( દોષ વિના ) દોષથી રહિત થઈને ( સંવેગાદિક ) સંવેગ, અનુકંપા, આસ્તિકાય અને પ્રશમમાં ( ચિત્ત ) મનને ( પાગો ) લગાવવું જોઈએ. હવે સમકિતના ( અષ્ટ ) આઠ ( અંગ ) અંગ ( અરુ ) અને ( પચીસોં દોષ ) જે પચીસ દોષોને ( સંક્ષેપૈ ) સંક્ષેપમાં ( કહિયે ) કહેવામાં આવે છે, કારણ કે ( વિન જાનેતૈં ) તે જાણ્યા વિના ( દોષ ) દોષોને ( કૈસે ) કેવી રીતે ( તજિયે ) છોડીએ, અને ( ગુનનકો ) ગુણોને કેવી રીતે ( ગહિયે ) ગ્રહણ કરીએ ?

**ભાવાર્થ:-** ૮ મદ, ૩ મૂઢતા, ૬ અનાયતન ( અધર્મસ્થાન ) અને ૮ શંકાદિ દોષ–આ પ્રમાણે સમ્યક્ત્વના ૨૫ દોષો છે. સંવેગ, અનુકંપા, આસ્તિકાય અને પ્રશમ સમ્યગ્દષ્ટિને હોય છે. સમ્યક્ત્વના અભિલાષી જીવે આ સમકિતના પચીસ દોષોનો ત્યાગ કરીને, તે ભાવનાઓમાં મન લગાવવું જોઈએ. હવે સમ્યક્ત્વના આઠ ગુણો ( અંગો ) અને ૨૫ દોષોનું સંક્ષેપમાં વર્ણન કરવામાં આવે છે; કારણ કે જાણ્યા વગર તથા સમજ્યા વગર દોષોને કેવી રીતે છોડી શકાય અને ગુણોને કેવી રીતે ગ્રહણ કરી શકાય ? ૧૧.

---

* અન્ + આયતન=અનાયતન=ધર્મનું સ્થાન નહિ હોવું.

## સમ્યક્ત્વના આઠ અંગો ( ગુણો ) અને શંકાદિ આઠ દોષોનું લક્ષણ

**જિન વચમેં શંકા ન ધાર વૃષ, ભવ-સુખ-વાંછા ભાનૈં;**
**મુનિ-તન મલિન ન દેખ ઘિનાવૈં, તત્ત્વ કુતત્ત્વ પિછાનૈં.**
**નિજ ગુણ અરુ પર ઔગુણ ઢાંકે, વા નિજધર્મ બઢાવૈ;**
**કામાદિક કર વૃષતૈં ચિગતે, નિજ-પરકો સુ દિઢાવૈ. ૧૨.**

### ગાથા ૧૩ ( પૂર્વાર્ધ )

**ધર્મીસોં ગૌ-વચ્છ-પ્રીતિ સમ, કર જિનધર્મ દિપાવૈ;**
**ઇન ગુણતૈં વિપરીત દોષ વસુ, તિનકોં સતત ખિપાવૈ.**





**અન્વયાર્થઃ-** ૧- ( જિન વચમેં ) સર્વજ્ઞદેવે કહેલાં

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તત્ત્વોમાં (શંકા) સંશય-સંદેહ (ન ધાર) ધારણ ન કરવો તે [નિઃશંકિત અંગ છે]. ૨- (વૃષ) ધર્મને (ધાર) ધારણ કરીને (ભવ-સુખ-વાંછા) સંસારના સુખની ઇચ્છા (ભાનૈ) કરે નહિ [તે નિઃકાંક્ષિત ગુણ છે.) ૩- (મુનિ-તન) મુનિઓનાં શરીર વગેરે (મલિન) મલિન (દેખ) દેખીને (ન ઘિનાવૈ) ઘૃણા ન કરવી [તે નિર્વિચિકિત્સા અંગ છે.] ૪- (તત્ત્વ-કુતત્ત્વ) સાચાં અને જૂઠાં તત્ત્વોની (પિછાનૈં) ઓળખાણ રાખે [તે અમૂઢદ્રષ્ટિ અંગ છે.] ૫-(નિજ ગુણ) પોતાના ગુણોને (અરુ) અને (પર ઔગુણ) બીજાના અવગુણોને (ઢાંકે) છુપાવે (વા) અને (નિજધર્મ) પોતાના આત્મધર્મને (બઢાવૈ) વધારે અર્થાત્ નિર્મળ બનાવે [તે ઉપગૂહન અંગ છે.] ૬- (કામાદિક કર) કામ-વિકાર આદિ કારણોથી (વૃષતૈં) ધર્મથી (ચિગતે) ડગી જતાં (નિજ-પરકો) પોતાને અને પરને (સુ દિઢાવૈ) ફરીને એમાં દૃઢ કરે [તે સ્થિતિકરણ અંગ છે.] ૭-(ધર્મીસૌં) પોતાના સહધર્મી જનોથી (ગૌ-વચ્છ-પ્રીતિ સમ) વાછરડાં ઉપરની ગાયની પ્રીતિની માફક (કર) પ્રેમ રાખવો [તે વાત્સલ્ય અંગ છે]; અને ૮- (જિનધર્મ) જૈનધર્મની (દિપાવૈ) શોભા વધારવી તે [પ્રભાવના અંગ છે.] (ઈન ગુણતૈં) આ [આઠ] ગુણથી (વિપરીત) ઊલટા (વસુ) આઠ (દોષ) દોષ છે, (તિનકોં) તે દોષોને (સતત) હંમેશાં (ખિપાવૈ) દૂર કરવા જોઈએ.

**ભાવાર્થઃ-** [૧] તત્ત્વ આ જ છે, આમ જ છે, બીજું નથી અને બીજા પ્રકારે પણ નથી, આ પ્રમાણે યથાર્થ તત્ત્વોમાં અટલ શ્રદ્ધા થવી તે નિઃશંકિત અંગ કહેવાય છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

**નોંધ:-** અવ્રતી સમ્યગ્દૃષ્ટિ જીવ ભોગોને ક્યારેય પણ આદરવા યોગ્ય માનતા નથી. પણ જેવી રીતે કોઈ કેદી, કેદખાનામાં ઇચ્છા વિના પણ દુઃખ સહન કરે છે, તેવી રીતે પોતાના પુરુષાર્થની નબળાઈથી ગૃહસ્થપદમાં રહે છે, પણ તેઓ રુચિપૂર્વક ભોગોની ઇચ્છા કરતા નથી, એટલે તેને નિઃશંક્તિ અને નિઃકાંક્ષિત અંગ હોવામાં કાંઈ વાંધો આવતો નથી.

[ ૨ ] ધર્મ સેવન કરી તેના બદલામાં સંસારના સુખોની ઇચ્છા ન કરવી, તેને નિઃકાંક્ષિત અંગ કહેવાય છે.

[ ૩ ] મુનિરાજ અથવા બીજા કોઈ ધર્માત્માના શરીરને મેલાં દેખીને ઘૃણા ન કરવી તેને નિર્વિચિકિત્સા અંગ કહે છે.

[ ૪ ] સાચા અને ખોટા તત્ત્વોની પરીક્ષા કરીને મૂઢતાઓ અને અનાયતનોમાં ફસાવું નહિ તે અમૂઢદૃષ્ટિ અંગ છે.

[ ૫ ] પોતાની પ્રશંસા કરવાવાળા ગુણો અને બીજાની નિંદા કરવાવાળા દોષોને ઢાંકવા તથા આત્મધર્મને વધારવો (નિર્મળ રાખવો-દૂષિત ન થવા દેવો) તે ઉપગૂહન અંગ છે.

નોંધ:- ઉપગૂહનનું બીજું નામ 'ઉપબૃંહણ' પણ જિનાગમમાં આવે છે, જેથી આત્મધર્મમાં વૃદ્ધિ કરવી તેને પણ ઉપગૂહન કહેવામાં આવે છે. તે જ શ્રી અમૃતચંદ્રસૂરિએ પોતાના રચેલા "પુરુષાર્થ સિદ્ધયુપાય"ના શ્લોક નં. ૨૭ માં કહ્યું છે:-

**धर्मोऽभिवर्द्धनीयः सदात्मनो मार्दवादिभावनया।**
**परदोषनिगूहनमपि विधेयमुपबृंहणगुणार्थम्।। २७।।**

[ ૬ ] કામ, ક્રોધ, લોભ વગેરે કોઈ પણ કારણે (સમ્યક્ત્વ અને ચારિત્રથી) ભ્રષ્ટ થતી વખતે પોતાને અને બીજાને ફરીથી તેમાં સ્થિર કરવો તે સ્થિતિકરણ અંગ છે.

[ ૭ ] પોતાના સહધર્મી પ્રાણી ઉપર, વાછરડાં ઉપર હેત રાખતી ગાયની માફક, નિરપેક્ષ પ્રેમ કરવો તે વાત્સલ્ય અંગ છે.

[ ૮ ] અજ્ઞાન-અંધકારને હઠાવીને વિદ્યા, બળ વગેરેથી શાસ્ત્રોમાં કહેલ યથાયોગ્ય રીતિ પ્રમાણે અને પોતાના સામર્થ્ય પ્રમાણે જૈનધર્મનો પ્રભાવ પ્રગટ કરવો તે પ્રભાવના અંગ કહેવાય છે.

આ ગુણો (અંગો) થી ઊલટા ૧-શંકા, ૨-કાંક્ષા, ૩-વિચિકિત્સા, ૪-મૂઢદ્રષ્ટિ, ૫-અનુપગૂહન, ૬-અસ્થિતિકરણ, ૭-અવાત્સલ્ય, ૮-અપ્રભાવના-આ સમ્યક્ત્વના આઠ દોષ છે; તેને હંમેશાં દૂર કરવા જોઈએ. (ગાથા ૧૨ અને ૧૩ પૂર્વાર્ધ.)

## ગાથા ૧૩ [ ઉત્તરાર્ધ ]


મદ નામના આઠ દોષ

**પિતા ભૂપ વા માતુલ નૃપ જો, હોય ન તો મદ ઠાનૈ;**
**મદ ન રૂપકો મદ ન જ્ઞાનકો, ધન-બલકો મદ ભાનૈ. ૧૩.**

## ગાથા ૧૪ (પૂર્વાર્ધ)

**તપકો મદ ન મદ જુ પ્રભુતાકો, કરૈ ન સો નિજ જાનૈ;**
**મદ ધારૈ તો યહી દોષ વસુ, સમકિતકો મલ ઠાનૈ.**




**અન્વયાર્થ:-** [ જે જીવ ] ( જો ) જો ( પિતા ) પિતા વગેરે પિતૃપક્ષના માણસો ( ભૂપ ) રાજા વગેરે હોય [ તો ] ( મદ ) અભિમાન ( ન ઠાનૈ ) કરતો નથી, [ જો ] ( માતુલ ) મામા વગેરે માતૃપક્ષના માણસો ( નૃપ ) રાજા વગેરે ( હોય ) હોય તો ( મદ ) અભિમાન ( ન ઠાનૈ ) કરતો નથી, ( રૂપકો ) રૂપનું ( મદ ન ) ઘમંડ કરતો નથી, ( જ્ઞાનકો ) વિદ્યાનો ( મદ ન ) ઘમંડ કરતો નથી, ( ધનકો ) લક્ષ્મીનું ( મદ ભાનૈ ) અભિમાન કરતો નથી, ( બલકો ) શક્તિનું ( મદ ભાનૈ ) અભિમાન કરતો નથી,

(તપકો) તપનું (મદ ન) અભિમાન કરતો નથી, (જુ) અને (પ્રભુતાકો) ઐશ્વર્ય-મોટાઈનો (મદ ન કરૈ) ઘમંડ કરતો નથી (સો) તે (નિજ) પોતાના આત્માને (જાનૈ) ઓળખે છે; [જો જીવ તેનું] (મદ) અભિમાન (ધારૈ) કરે છે તો (યહી) એ ઉપર કહેલ મદ (વસુ) આઠ (દોષ) દોષરૂપે થઈને, (સમકિતકો) સમ્યક્ત્વ-સમ્યગ્દર્શનમાં (મલ) દોષ (ઠાનૈ) કરે છે.

**ભાવાર્થઃ-** પિતાના ગોત્રને કુળ અને માતાના ગોત્રને જાતિ કહે છે. (૧) પિતા વગેરે પિતૃપક્ષના રાજા વગેરે પ્રતાપી પુરુષ હોવાથી, (હું રાજકુમાર છું વગેરે) અભિમાન કરવું તે કુળમદ છે. (૨) મામા વગેરે માતૃપક્ષના રાજા વગેરે પ્રતાપી વ્યક્તિ હોવાનું અભિમાન કરવું તે જાતિમદ છે. (૩) શરીરની સુંદરતાનો ગર્વ કરવો તે રૂપમદ છે. (૪) પોતાની વિદ્યા (કલા-કૌશલ્ય અથવા શાસ્ત્રજ્ઞાન) નું અભિમાન કરવું તે જ્ઞાન (વિદ્યા) મદ છે. (૫) પોતાના ધન-દૌલતનો ગર્વ કરવો તે ધન (ઋદ્ધિ) નો મદ છે. (૬) પોતાના શરીરની તાકાતનો ગર્વ કરવો તેને બલમદ કહે છે. (૭) પોતાના વ્રત, ઉપવાસ વગેરે તપનો ગર્વ કરવો તે તપમદ છે તથા (૮) પોતાની મોટાઈ અને આજ્ઞાનું અભિમાન કરવું તે પ્રભુતા (પૂજા) મદ કહેવાય છે. ૧-કુલ, ૨-જાતિ, ૩-રૂપ (શરીર), ૪-જ્ઞાન (વિદ્યા), ૫-ધન (ઋદ્ધિ), ૬-બલ, ૭-તપ, ૮-પ્રભુતા (પૂજા) આ આઠ મદદોષ કહેવાય છે. જે જીવ આ આઠનો ગર્વ કરતો નથી તે જ જીવ આત્માની પ્રતીતિ (શુદ્ધ સમ્યક્ત્વની પ્રાપ્તિ) કરી શકે છે જો તેનો ગર્વ કરે છે તો એ મદ સમ્યગ્દર્શનના આઠ દોષ થઈને તેને દૂષિત કરે છે. (૧૩ ઉત્તરાર્ધ તથા ૧૪ પૂર્વાર્ધ.)

## ગાથા ૧૪ ( ઉત્તરાર્ધ )

છ અનાયતન દોષ અને ત્રણ મૂઢતા દોષ

**કુગુરુ-કુદેવ-કુવૃષ-સેવકકી, નહિં પ્રશંસ ઉચરૈ હૈ;**
**જિનમુનિજિનશ્રુત વિન કુગુરાદિક, તિન્હૈં ન નમન કરૈ હૈ.**

**અન્વયાર્થ**:- [ સમ્યગ્દષ્ટિ જીવ ] ( કુગુરુ-કુદેવ-કુવૃષ-સેવકકી ) કુગુરુ, કુદેવ, કુધર્મ, કુગુરુસેવક, કુદેવસેવક અને કુધર્મસેવકની ( પ્રશંસ ) પ્રશંસા ( નહિ ઉચરૈ હૈં ) કરતો નથી. ( જિન ) જિનેન્દ્રદેવ ( મુનિ ) વીતરાગ મુનિ [ અને ] ( જિનશ્રુત ) જિનવાણી ( વિન ) સિવાય [ જે ] ( કુગુરાદિક ) કુગુરુ, કુદેવ, કુધર્મ ( તિન્હૈં ) તેને ( નમન ) નમસ્કાર ( ન કરૈ હૈ ) કરતો નથી.

**ભાવાર્થ**:- ૧-કુગુરુ, ૨-કુદેવ, ૩-કુધર્મ, ૪-કુગુરુસેવક,૫-કુદેવસેવક અને ૬-કુધર્મસેવક, એ છ અનાયતન ( ધર્મના અસ્થાન ) દોષ કહેવાય છે. તેની ભક્તિ, વિનય અને પૂજન વગેરે તો દૂર રહો પણ સમ્યગ્દષ્ટિ જીવ તેની પ્રશંસા પણ કરતા નથી, કારણ કે તેની પ્રશંસા કરવાથી પણ સમ્યક્ત્વમાં દોષ લાગે છે. સમ્યગ્દષ્ટિ જીવ જિનેન્દ્રદેવ વીતરાગ મુનિ અને જિનવાણી સિવાય કુદેવ, કુગુરુ અને કુશાસ્ત્ર વગેરેને [ ભય, આશા, લોભ અને સ્નેહ વગેરેથી પણ ] નમસ્કાર કરતા નથી, કારણ કે તેને નમસ્કાર કરવામાત્રથી પણ સમ્યક્ત્વ દૂષિત થઈ જાય છે અર્થાત્ કુગુરુ-સેવા, કુદેવ સેવા અને કુધર્મ-સેવા એ ત્રણ સમ્યક્ત્વના મૂઢતા નામના દોષ છે. ૧૪.

## અવ્રતી સમ્યગ્દષ્ટિની ઇન્દ્ર વગેરેથી પૂજા અને ગૃહસ્થપણામાં અપ્રીતિ

**દોષ રહિત ગુણ સહિત સુધી જે, સમ્યગ્દરશ સજૈ હૈં;**
**ચરિતમોહવશ લેશ ન સંજમ, પૈ સુરનાથ જજૈ હૈં.**
**ગેહી, પૈ ગૃહમેં ન રચૈં જ્યોં, જલતૈં ભિન્ન કમલ હૈં;**
**નગરનારિકો પ્યાર યથા, કાદેમેં હેમ અમલ હૈ. ૧૫.**




**અન્વયાર્થઃ-** (જે) જે (સુધી) બુદ્ધિમાન પુરુષ [ઉપર કહેલાં] (દોષ રહિત) પચીશ દોષ રહિત [અને] (ગુણ સહિત) નિઃશંકાદિ આઠ ગુણો સહિત (સમ્યગ્દરશ) સમ્યગ્દર્શનથી (સજૈ હૈં) ભૂષિત છે [તેને] (ચરિતમોહવશ) અપ્રત્યાખ્યાનાવરણીય ચારિત્રમોહનીય કર્મના ઉદયના વશે (લેશ) જરાપણ (સંજમ) સંયમ (ન) નથી (પૈ) તોપણ (સુરનાથ) દેવોના સ્વામી ઇન્દ્ર [તેની] (જજૈ હૈં) પૂજા કરે છે. [તે જોકે] (ગેહી) ગૃહસ્થ છે (પૈ) તોપણ (ગૃહમેં) ઘરમાં (ન રચૈં) રાચતા નથી. (જ્યોં) જેવી રીતે (કમલ) કમળ (જલતૈં) પાણીથી (ભિન્ન) અલગ [તથા] (યથા) જેમ (કાદેમેં) કીચડમાં (હેમ) સુવર્ણ (અમલ) શુદ્ધ (હૈ) રહે છે; [તેમ તેનો ઘરમાં] (નગરનારિકો) વેશ્યાના (પ્યાર યથા)

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રેમની માફક (પ્યાર) પ્રેમ [હોય છે.]

**ભાવાર્થ:-** જે વિવેકી ૨૫ દોષ રહિત અને અંગરૂપ ૮ ગુણ સહિત સમ્યગ્દર્શન ધારણ કરે છે તેને અપ્રત્યાખ્યાનાવરણીય કષાયના તીવ્ર ઉદયમાં જોડાવાથી જોકે સંયમભાવ લેશમાત્ર પણ હોતો નથી તોપણ ઇન્દ્ર વગેરે તેની પૂજા (આદર) કરે છે. જેવી રીતે પાણીમાં રહેવા છતાં કમળ પાણીથી અલિપ્ત રહે છે તેવી રીતે સમ્યગ્દષ્ટિ ઘરમાં રહે છે તોપણ ગૃહસ્થપણામાં લેપાઇ જતો નથી, નિર્મોહ (ઉદાસી) રહે છે. જેવી રીતે વેશ્યાનો* પ્રેમ ફક્ત પૈસામાં જ હોય છે, મનુષ્ય ઉપર હોતો નથી તેવી રીતે સમ્યગ્દષ્ટિનો પ્રેમ સમ્યક્ત્વમાં જ હોય છે પણ ગૃહસ્થપણામાં હોતો નથી.

વળી જેવી રીતે સોનું કાદવમાં પડ્યું રહે છે છતાં નિર્મળ અને જુદું જ રહે છે તેવી રીતે સમ્યગ્દષ્ટિ જીવ જોકે ગૃહસ્થદશામાં રહે છે તોપણ તેમાં રાચતો નથી, કારણ કે તે એને ત્યાજ્ય[1] (છોડવાયોગ્ય) માને છે.[2]

## સમ્યક્ત્વનો મહિમા, સમ્યગ્દષ્ટિના અનુત્પત્તિસ્થાન તથા સર્વોત્તમ સુખ અને સર્વધર્મનું મૂળ

---

* અહીં વેશ્યાના પ્રેમ સાથે ફક્ત અલિપ્તતા માત્રની સરખામણી છે.

१ विषयासक्त: अपि सदा सर्वारम्भेषु वर्तमान: अपि।
मोहविलास: एष: इति सर्व मन्यते हेयं।। ३१४।।
(સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા)


૨. રોગીને ઔષધિસેવન અને કેદીને કારાગૃહ, એ પણ આના દષ્ટાંત છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**પ્રથમ નરક વિન ષટ્ ભૂ જ્યોતિષ વાન ભવન ષંડ નારી;**
**થાવર વિકલત્રય પશુમેં નહિં, ઉપજત સમ્યક્ધારી.**
**તીનલોક તિહુંકાલ માહિં નહિં, દર્શન સો સુખકારી;**
**સકલ ધરમકો મૂલ યહી ઇસ બિન કરની દુખકારી. ૧૬.**




**અન્વયાર્થઃ-** ( સમ્યક્ધારી ) સમ્યગ્દષ્ટિ જીવ ( પ્રથમ નરક વિન ) પહેલી નરક સિવાય ( ષટ્ ભૂ ) બાકીની છ નરકો વિષે, ( જ્યોતિષ ) જ્યોતિષી દેવોમાં, ( વાન ) વ્યંતર દેવોમાં, ( ભવન ) ભવનવાસી દેવોમાં, ( ષંડ ) નપુંસકોમાં, ( નારી ) સ્ત્રીઓમાં, ( થાવર ) પાંચ સ્થાવરોમાં, ( વિકલત્રય ) દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય અને ચતુરિન્દ્રિય જીવોમાં તથા ( પશુમેં ) કર્મભૂમિના પશુઓમાં ( નહિં ઉપજત ) ઊપજતાં નથી. ( તીનલોક ) ત્રણ લોક ( તિહુંકાલ માહિં ) ત્રણ કાળમાં ( દર્શન સો ) સમ્યગ્દર્શન જેવું ( સુખકારી ) સુખદાયક ( નહિં ) બીજું કાંઈ નથી, ( યહી ) આ સમ્યગ્દર્શન જ ( સકલ ધરમકો ) બધા ધર્મોનું ( મૂલ ) મૂળ છે; ( ઇસ બિન ) આ સમ્યગ્દર્શન વિના ( કરની ) સમસ્ત ક્રિયાઓ ( દુખકારી ) દુઃખદાયક છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

**ભાવાર્થઃ-** સમ્યગ્દષ્ટિ જીવ આયુ પૂર્ણ થતાં જ્યારે મરે છે ત્યારે બીજાથી સાતમી નરકના નારકી, જ્યોતિષી, વ્યંતર, ભવનવાસી, નપુંસક, સર્વ પ્રકારની સ્ત્રી, એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણઇન્દ્રિય, ચતુરિન્દ્રિય, અને કર્મભૂમિના પશુ થતા નથી; (નીચ ફળવાળા, ઓછા અંગવાળા, અલ્પાયુવાળા અને દરિદ્રી થતા નથી;) વિમાનવાસી દેવ, ભોગભૂમિના મનુષ્ય અથવા તિર્યંચ જ થાય છે. કર્મભૂમિના તિર્યંચ પણ થતાં નથી. કદાચ નરકમાં* જાય તો પહેલી નરકથી નીચે જતાં નથી. ત્રણ લોક અને ત્રણ કાળમાં સમ્યગ્દર્શન જેવી સુખદાયક બીજી કોઈ વસ્તુ નથી. આ સમ્યગ્દર્શન જ સર્વ ધર્મોનું મૂળ છે. આ વિના જેટલા ક્રિયાકાંડ છે તે બધા દુઃખદાયક હોય છે. ૧૬.


## સમ્યગ્દર્શન વિના જ્ઞાન અને ચારિત્રનું મિથ્યાપણું

**મોક્ષમહલકી પરથમ સીઢી, યા વિન જ્ઞાન ચરિત્રા;**
**સમ્યક્તા ન લહે, સો દર્શન ધારો ભવ્ય પવિત્રા.**
**'દૌલ' સમજ સુન ચેત સયાને, કાલ વૃથા મત ખોવૈ;**
**યહ નરભવ ફિર મિલન કઠિન હૈ, જો સમ્યક્ નહિં હોવૈ. ૧૭.**

---

* આવી અવસ્થામાં સમ્યગ્દષ્ટિની પહેલી નરકના નપુંસકોમાં પણ ઉત્પત્તિ થાય છે; એનાથી જુદા બીજા નપુંસકોમાં તેની ઉત્પત્તિ થવાનો નિષેધ છે.

**નોંધ-** જે જીવ સમ્યક્ત્વ પામ્યા પહેલાં, આગામી પર્યાયની ગતિ (આયુ) બાંધે છે તે જીવ આયુ પૂર્ણ થવાથી જ્યારે મરણ પામે છે ત્યારે નરકગતિમાં પણ ઉત્પન્ન થાય છે; પણ ત્યાં તેની સ્થિતિ (આયુષ્ય) અલ્પ થઈ જાય છે. જેવી રીતે શ્રેણિક રાજા સાતમી નરકનું આયુષ્ય બાંધ્યા પછી સમકિત પામ્યા હતા તેથી, જોકે તેને નરકમાં તો જવું પડયું



**અન્વયાર્થઃ-** [ આ સમ્યગ્દર્શન જ ] (મોક્ષમહલકી) મોક્ષરૂપી મહેલનું (પરથમ) પહેલું (સીઢી) પગથિયું છે, (યા વિન) આ સમ્યગ્દર્શન વિના (જ્ઞાન ચરિત્રા) જ્ઞાન અને ચારિત્ર (સમ્યક્તા) સાચાપણું (ન લહે) પામતા નથી; તેથી (ભવ્ય) હે ભવ્ય જીવો! (સો) આવા (પવિત્રા) પવિત્ર (દર્શન) સમ્યગ્દર્શનને (ધારો) ધારણ કરો, (સયાને દૌલ) હે સમજુ દૌલતરામ! (સુન) સાંભળ, (સમજ) જાણ અને (ચેત) સાવધાન રહે, (કાલ) તારો વખત (વૃથા) નકામો-બિનજરૂરી (મત ખૌવે) ગુમાવ નહિ; [ કારણ કે ] (જો) જો (સમ્યક્) સમ્યગ્દર્શન (નહિં હોવૈ) ન થયું તો (યહ) આ (નરભવ) મનુષ્ય પર્યાય (ફિર) ફરીને (મિલન) મળવી (કઠિન હૈ) મુશ્કેલ છે.

**ભાવાર્થઃ-** આ *સમ્યગ્દર્શન જ મોક્ષરૂપી મહેલમાં ચડવાને

---

પણ આયુષ્ય સાતમી નરકથી ઓછું થઈને પહેલી નરકનું જ રહ્યું. એ રીતે જે જીવ સમ્યગ્દર્શન પામ્યાં પહેલાં તિર્યંચ વા મનુષ્યનો બંધ કરે છે તે ભોગ-ભૂમિમાં જાય છે પરંતુ કર્મભૂમિમાં તિર્યંચ અથવા મનુષ્યપણે ઉપજે નહિ.

* સમ્યગ્દષ્ટિ જીવ કી, નિશ્ચય કુગતિ ન હોય;
પૂર્વબંધ તેં હોય તો, સમ્યક્ દોષ ન કોય.

માટે પહેલું પગથિયું છે. આ વિના જ્ઞાન અને ચારિત્ર સમ્યક્પણાને પામતાં નથી, એટલે કે જ્યાં સુધી સમ્યગ્દર્શન ન થાય ત્યાં સુધી જ્ઞાન તે મિથ્યાજ્ઞાન અને ચારિત્ર તે મિથ્યાચારિત્ર કહેવાય છે, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર કહેવાતાં નથી. માટે દરેક આત્મહિતેચ્છુએ આવું પવિત્ર સમ્યગ્દર્શન અવશ્ય ધારણ કરવું જોઈએ. પંડિત દૌલતરામજી પોતાના આત્માને સંબોધીને કહે છે કે, હે વિવેકી આત્મા! તું આવા પવિત્ર સમ્યગ્દર્શનના સ્વરૂપને જાતે સાંભળીને બીજા અનુભવી જ્ઞાની પાસેથી પ્રાપ્ત કરવામાં સાવધાન થા, તારા અમૂલ્ય મનુષ્યજીવનને ફોગટ ન ગુમાવ. આ જન્મમાં જ જો સમ્યક્ત્વ ન પામી શકયો તો પછી મનુષ્ય પર્યાય વગેરે સારા યોગ ફરીફરી પ્રાપ્ત થતા નથી. ૧૭.

## ત્રીજી ઢાળનો સારાંશ

આત્માનું કલ્યાણ, સુખ પ્રાપ્ત કરવામાં છે. આકુળતા (ચિંતા, કલેશ) નું મટી જવું તે સાચું સુખ છે. મોક્ષ જ સુખરૂપ છે; એટલા માટે દરેક આત્મહિતેચ્છુએ મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ કરવી જોઈએ.

નિશ્ચયસમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્ર એ ત્રણેની એકતા મોક્ષમાર્ગ કહેવાય છે. તેનું કથન બે પ્રકારે છે. નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તો 'ખરેખર' મોક્ષમાર્ગ છે અને વ્યવહારસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર તે મોક્ષમાર્ગ નથી પણ ખરેખર બંધમાર્ગ છે; પણ નિશ્ચય-મોક્ષમાર્ગમાં સહચર હોવાથી તેને વ્યવહારમોક્ષમાર્ગ કહેવાય છે.

આત્માનું પરદ્રવ્યોથી ભિન્નપણાનું યથાર્થ શ્રદ્ધાન તે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નિશ્ચયસમ્યગ્દર્શન અને આત્માનું પરદ્રવ્યોથી ભિન્નપણાનું યથાર્થ જ્ઞાન તે નિશ્ચયસમ્યગ્જ્ઞાન છે. પરદ્રવ્યોનું આલંબન છોડીને આત્મસ્વરૂપમાં લીન થવું તે નિશ્ચયસમ્યક્ચારિત્ર છે. તથા સાતે તત્ત્વોનું જેમ છે તેમ ભેદરૂપ અટળ શ્રદ્ધાન કરવું તે વ્યવહારસમ્યગ્દર્શન કહેવાય છે. જોકે સાત તત્ત્વોના ભેદની અટળ શ્રદ્ધા શુભરાગ છે તેથી તે ખરેખર સમ્યગ્દર્શન નથી પણ નીચલી દશામાં ચોથા-પાંચમા-છઠ્ઠા ગુણસ્થાનમાં નિશ્ચયસમકિતની સાથે સહચર હોવાથી તે વ્યવહારસમ્યગ્દર્શન કહેવાય છે.

૮ મદ, ૩ મૂઢતા, ૬ અનાયતન અને શંકા વગેરે ૮;-એ ૨૫ સમ્યક્ત્વના દોષ છે; તથા નિઃશંક્તિ વગેરે ૮, સમ્યક્ત્વના અંગ ( ગુણ ) છે. એને સારી રીતે જાણીને દોષોનો ત્યાગ અને ગુણોનું ગ્રહણ કરવું જોઈએ.

જે વિવેકી જીવ નિશ્ચયસમ્યક્ત્વને ધારણ કરે છે તેને કમજોરી છે ત્યાં સુધી પુરુષાર્થની મંદતાને કારણે જોકે જરા પણ સંયમ હોતો નથી. તોપણ તે ઇન્દ્રાદિક દ્વારા પૂજાય છે. ત્રણલોક અને ત્રણકાળમાં નિશ્ચયસમ્યક્ત્વ સમાન સુખકારી બીજી કોઈ વસ્તુ નથી. બધા ધર્મોનું મૂળ, સાર અને મોક્ષમાર્ગનું પહેલું પગથિયું આ સમ્યક્ત્વ જ છે, તેના વિના જ્ઞાન અને ચારિત્ર સમ્યક્પણું પામતાં નથી પણ મિથ્યા કહેવાય છે.

આયુષ્યનો બંધ થયા પહેલાં સમ્યક્ત્વ ધારણ કરનાર જીવ મરણ પામ્યા પછી બીજા ભવમાં નારકી, જ્યોતિષી, વ્યંતર, ભવનવાસી, નપુંસક, સ્ત્રી, સ્થાવર, વિકલત્રય, પશુ, હીનાંગ, નીચકુળવાળો, અલ્પાયુ અને દરિદ્રી થતો નથી; મનુષ્ય અને

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

તિર્યંચ સમ્યગ્દૃષ્ટિ મરીને વૈમાનિકદેવ થાય છે, દેવ અને નારકી સમ્યગ્દૃષ્ટિ મરીને કર્મભૂમિમાં ઉત્તમ ક્ષેત્રે મનુષ્ય જ થાય છે. જો સમ્યગ્દર્શન થયા પહેલાં ૧-દેવ, ૨-મનુષ્ય, ૩-તિર્યંચ કે ૪-નરકનું આયુષ્ય બંધાઈ ગયું હોય તો, તે મરીને ૧-વૈમાનિક દેવ, ૨-ભોગભૂમિનો મનુષ્ય, ૩-ભોગભૂમિનો તિર્યંચ કે ૪-પહેલી નરકનો નારકી થાય છે. આથી અધિક નીચેના સ્થાનમાં જન્મતા નથી. આ પ્રમાણે નિશ્ચયસમ્યગ્દર્શનનો મહિમા અપાર છે.

માટે દરેક આત્મહિતેચ્છુએ સત્‌શાસ્ત્રનો સ્વાધ્યાય, તત્ત્વચર્ચા, સત્સમાગમ તથા યથાર્થ તત્ત્વવિચાર વડે નિશ્ચયસમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું જોઈએ, કેમકે જો આ મનુષ્યપર્યાયમાં નિશ્ચયસમકિત ન પામ્યો તો પછી ફરીને મનુષ્યપર્યાય પ્રાપ્તિ વગેરેનો સુયોગ મળવો કઠણ છે.

## ત્રીજી ઢાળનો ભેદ-સંગ્રહ

અચેતન દ્રવ્યોઃ- પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ.

ચેતન એક, અચેતન પાંચો, રહે સદા ગુણ પર્યયવાન;
કેવળ પુદ્‌ગલ રૂપવાન હૈ, પાંચો શેષ અરૂપી જાન.

અંતરંગ પરિગ્રહઃ- ૪ કષાય, ૯ નોકષાય, ૧ મિથ્યાત્વ.

આસ્રવઃ- ૫ મિથ્યાત્વ, ૧૨ અવિરતિ, ૨૫ કષાય, ૧૫ યોગ.

કારણઃ- ઉપાદાન અને નિમિત્ત.

દ્રવ્યકર્મઃ- જ્ઞાનાવરણ વગેરે આઠ.

નોકર્મઃ- ઔદારિક, વૈક્રિયિક અને આહારકાદિ શરીર.

પરિગ્રહઃ- અંતરંગ અને બહિરંગ.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પ્રમાદઃ- ૪ વિકથા, ૪ કષાય, ૫ ઇન્દ્રિય, ૧ નિદ્રા, ૧ પ્રણય (સ્નેહ).

બહિરંગ પરિગ્રહઃ- ક્ષેત્ર, મકાન, રૂપું, સોનું, ધન, ધાન્ય, દાસી, દાસ, કપડાં અને વાસણ-એ દસ છે.

ભાવકર્મઃ- મિથ્યાત્વ, રાગ, દ્વેષ, ક્રોધ, વગેરે.

મદઃ- આઠ પ્રકારના છેઃ-

**જાતિ લાભ કુલ રૂપ તપ, બલ વિદ્યા અધિકાર;**
**ઇનકો ગર્વ ન કીજિયે, એ મદ અષ્ટ પ્રકાર.**

મિથ્યાત્વઃ- વિપરીત, એકાંત, વિનય, સંશય અને અજ્ઞાન.

રસઃ- ખાટો, મીઠો, કડવો, તીખો અને કષાયેલો.

રૂપ (રંગ) :- કાળો, પીળો, લીલો, લાલ અને સફેદ એ પાંચ.

સ્પર્શઃ- હલકો, ભારે, લૂખો, ચીકણો, કર્કશ, સુંવાળો, ઠંડો અને ગરમ-એ આઠ સ્પર્શ છે.

## ત્રીજી ઢાળનો લક્ષણ-સંગ્રહ

અનાયતનઃ- સમ્યક્ત્વના નાશ કરનાર કુદેવાદિની પ્રશંસા કરવી તે.

અનુકંપાઃ- પ્રાણી માત્ર ઉપર દયાનો ભાવ.

અરિહંતઃ- ચાર ઘાતિકર્મો રહિત, અનંતચતુષ્ટય સહિત વીતરાગી અને કેવળજ્ઞાની પરમાત્મા.

અલોકઃ- જ્યાં આકાશ સિવાયના દ્રવ્યો નથી એવી જગ્યા.

અવિરતિઃ- પાપોમાં પ્રવૃત્તિ.

અવિરત સમ્યગ્દષ્ટિઃ- સમ્યગ્દર્શન સહિત, પરંતુ વ્રત રહિત એવા

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ચોથા ગુણસ્થાનવર્તી જીવ.

આસ્તિકય:- પુણ્ય અને પાપ તથા પરમાત્મા પ્રત્યેનો વિશ્વાસ તે આસ્તિકય કહેવાય છે.

કષાય:- જે આત્માને દુ:ખ આપે, ગુણના વિકાસને રોકે તથા પરતંત્ર કરે તે.

ગુણસ્થાન:- મોહ અને યોગના સદ્ભાવ કે અભાવથી આત્માના ગુણ (સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર) ની હીનાધિકતા અનુસાર થવાવાળી અવસ્થાઓને ગુણસ્થાન કહેવાય છે. (વરાંગચરિત્ર પા. ૩૬૨)

ઘાતિયા:- અનંતચતુષ્ટયને રોકવામાં નિમિત્તરૂપ કર્મને ઘાતિયા કહેવાય છે.

ચારિત્રમોહ:- આત્માના ચારિત્રને રોકવામાં નિમિત્ત મોહનીય કર્મો.

જિનેન્દ્ર: ચાર ઘાતિયા કર્મોને જીતીને કેવળજ્ઞાનાદિ અનંતચતુષ્ટય પ્રગટ કરનાર પરમાત્મા.

દેવમૂઢતા:- ભય, આશા, સ્નેહ, લોભવશ, રાગી-દ્વેષી દેવોની સેવા કરવી તે, વંદન-નમસ્કાર કરવા તે.

દેશવ્રતી:- શ્રાવકના વ્રતોને ધારણ કરનાર સમ્યગ્દષ્ટિ પાંચમા ગુણસ્થાને વર્તતા જીવ.

નિમિત્તકારણ:- જે પોતે કાર્યરૂપ ન થાય, પણ કાર્યની ઉત્પત્તિ વખતે હાજરરૂપ- ઉપસ્થિત કારણ.

નોકર્મ:- ઔદારિક વગેરે શરીર તથા છ પર્યાપ્તિઓને યોગ્ય પુદ્ગલપરમાણુઓ નોકર્મ કહેવાય છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પાખંડી મૂઢતાઃ- રાગી-દ્વેષી અને વસ્ત્રાદિ પરિગ્રહધારી, ખોટા અને કુલિંગી સાધુઓની સેવા કરવી, તથા વંદન નમસ્કાર કરવા તે.

પુદ્ગલઃ- જે પુરાય અને ગળે અર્થાત્ પરમાણુઓ બંધ સ્વભાવી હોવાથી ભેગા થાય અને છૂટા પડે છે તેથી તે પુદ્ગલ કહેવાય છે; અથવા રૂપ, રસ, ગંધ અને સ્પર્શ જેનામાં હોય તે પુદ્ગલ છે.

પ્રમાદઃ- સ્વરૂપમાં અસાવધાનતાપૂર્વક પ્રવૃત્તિ અથવા ધાર્મિક કાર્યોમાં અનુત્સાહ.

પ્રશમઃ- અનંતાનુબંધી કષાયના અંતપૂર્વક બાકીના કષાયોનું અંશરૂપે મંદ થવું તે. ( પંચાધ્યાયી ગા. ૪૨૮ )

ભાવકર્મઃ- મિથ્યાત્વ, રાગ-દ્વેષ વગેરે જીવના મલિન ભાવ.

મદઃ- અહંકાર, ઘમંડ.

મિથ્યાદૃષ્ટિઃ- તત્ત્વોની ઊંધી શ્રદ્ધા કરવાવાળો.

લોકમૂઢતાઃ- ધર્મ સમજીને જળાશયોમાં સ્નાન કરવું તથા રેતી, પથ્થર વગેરેનો ઢગલો કરવો-એ વગેરે કાર્યો.

વિશેષ ધર્મઃ- જે ધર્મ અમુક ખાસ દ્રવ્યમાં જ રહે તેને વિશેષ ધર્મ કહે છે.

શુદ્ધોપયોગઃ- શુભ અને અશુભ રાગ-દ્વેષની પરિણતિથી રહિત સમ્યગ્દર્શન-જ્ઞાનસહિત ચારિત્રની સ્થિરતા.

સામાન્યઃ- અનેક દ્રવ્યોમાં સમાનતાથી રહેલા ધર્મને સામાન્ય કહે છે. અથવા દરેક વસ્તુમાં ત્રિકાળી દ્રવ્યગુણરૂપ, અભેદ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એકરૂપ ભાવને સામાન્ય કહે છે.

સિદ્ધઃ- આઠ ગુણો સહિત તથા આઠ કર્મો અને શરીરરહિત પરમેષ્ઠી.

સંવેગઃ- સંસારથી ભય થવો અને ધર્મ તથા ધર્મના ફળમાં પરમ ઉત્સાહ થવો, તથા સાધર્મી અને પંચપરમેષ્ઠીમાં પ્રીતિ, તેને પણ સંવેગ કહે છે.

નિર્વેદઃ- સંસાર, શરીર અને ભોગમાં સમ્યક્પ્રકારે ઉદાસીનપણું અર્થાત્ વૈરાગ્ય.

## અંતર-પ્રદર્શન

૧. અનાયતનમાં તો કુદેવ વગેરેની પ્રશંસા કરવામાં આવે છે; પણ મૂઢતામાં તો તેમની સેવા, પૂજા અને વિનય કરવામાં આવે છે.

૨. માતાના વંશને જાતિ કહેવામાં આવે છે અને પિતાના વંશને કુળ કહેવાય છે.

૩. ધર્મદ્રવ્ય તો છ દ્રવ્યમાંનું એક દ્રવ્ય છે, અને ધર્મ તે વસ્તુનો સ્વભાવ અથવા ગુણ છે.

૪. નિશ્ચયનય વસ્તુના અસલી સ્વરૂપને બતાવે છે. વ્યવહારનય સ્વદ્રવ્ય-પરદ્રવ્ય વા તેના ભાવોને વા કારણ-કાર્યાદિકને કોઈના કોઈમાં મેળવી નિરૂપણ કરે છે. માટે એવા જ શ્રદ્ધાનથી મિથ્યાત્વ છે તેથી તેનો ત્યાગ કરવો.

(મોક્ષમાર્ગ પ્રકાશક ગુજરાતી પા. ૨૫૫)

૫. નિકલ પરમાત્મા આઠે કર્મોથી રહિત છે અને સકલ પરમાત્માને ચાર અઘાતિ કર્મો હોય છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



૬. સામાન્ય ધર્મ તો અનેક વસ્તુમાં રહે છે, પરંતુ વિશેષ ધર્મ તો ખાસ અમુક વસ્તુમાં જ રહે છે.

૭. સમ્યગ્દર્શન તો અંગી છે અને નિઃશંકિત અંગ તેનું એક અંગ છે.

## ત્રીજી ઢાળની પ્રશ્નાવલી

૧. અજીવ, અધર્મ, અનાયતન, અલોક, અંતરાત્મા, અરિહંત, આકાશ, આત્મા, આસ્રવ, આઠ અંગ, આઠ મદ, ઉત્તમ અંતરાત્મા, ઉપયોગ, કષાય, કાળ, કુળ, ગંધ, ચારિત્રમોહ, જઘન્ય અંતરાત્મા, જાતિ, જીવ, મદ, દેવમૂઢતા, દ્રવ્યકર્મ, નિકલ, નિશ્ચયકાળ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-મોક્ષમાર્ગ, નિર્જરા, નોકર્મ, પરમાત્મા, પાખંડી મૂઢતા, પુદ્ગલ, બહિરાત્મા, બંધ, મધ્યમ અંતરાત્મા, મૂઢતા, મોક્ષ, મોક્ષમાર્ગ, રસ, રૂપ, લોકમૂઢતા, વિશેષ, વિકલત્રય, વ્યવહારકાળ, સમ્યગ્દર્શન-મોક્ષમાર્ગ, શમ, સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર, સુખ, સકલ પરમાત્મા, સંવર, સામાન્ય, સિદ્ધ અને સ્પર્શ વગેરેના લક્ષણ બતાવો.

૨. અનાયતન અને મૂઢતામાં, જાતિ અને કુળમાં, ધર્મ અને ધર્મદ્રવ્યમાં, નિશ્ચય અને વ્યવહારમાં, સકલ અને નિકલમાં, સમ્યગ્દર્શન અને નિઃશંકિત અંગમાં તથા સામાન્ય અને વિશેષ એ વગેરેમાં અંતર (તફાવત) બતાવો.

૩. અણુવ્રતીનો આત્મા, આત્મહિત, ચેતન દ્રવ્ય, નિરાકુળ અવસ્થા અથવા સ્થાન, સાત તત્ત્વો, બધાનો સાર, બધાનું મૂળ, સર્વોત્તમ ધર્મ, સમ્યગ્દષ્ટિ માટે નમસ્કારને અયોગ્ય અને

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હેય–ઉપાદેય તત્ત્વોનાં નામ કહો.

૪. અઘાતિયા, અંગ, અજીવ, અનાયતન, અંતરાત્મા, અંતરંગપરિગ્રહ, અમૂર્તિક દ્રવ્ય, આકાશ, આત્મા, આસ્રવ, અંગ, કર્મ, કષાય, કારણ, કાળ, કાળદ્રવ્ય, ગંધ, ઘાતિયા, જીવ, તત્ત્વ, દ્રવ્ય, દુઃખદાયક ભાવ, દ્રવ્યકર્મ, નોકર્મ, પરમાત્મા, પરિગ્રહ, પુદ્‌ગલના ગુણ, ભાવકર્મ, પ્રમાદ, બહિરંગ પરિગ્રહ, મદ, મિથ્યાત્વ, મૂઢતા, મોક્ષમાર્ગ, યોગ, રૂપી દ્રવ્ય, રસ, વર્ણ, સમ્યક્ત્વના દોષ અને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રના ભેદ બતાવો.

૫. તત્ત્વજ્ઞાન હોવા છતાં પણ અસંયમ, અવ્રતીની પૂજ્યતા, આત્માનાં દુઃખ, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર અને સમ્યગ્દષ્ટિ દ્વારા કુદેવ વગેરેને નમસ્કાર ન કરવા વગેરેના કારણ બતાવો.

૬. અમૂર્તિક દ્રવ્યો, પરમાત્માના ધ્યાનથી લાભ, મુનિનો આત્મા, મૂર્તિક દ્રવ્યો, મોક્ષનું સ્થાન અને ઉપાય, બહિરાત્માપણાના ત્યાગનું કારણ, સાચા સુખનો ઉપાય અને સમ્યગ્દષ્ટિના ન ઊપજવાનાં સ્થાનો–એ વગેરેનું સ્પષ્ટીકરણ કરો.

૭. અમુક પદ, ચરણ અથવા છંદનો અર્થ અને ભાવાર્થ બતાવો. ત્રીજી ઢાળનો સારાંશ કહો.

૮. આત્મા, મોક્ષમાર્ગ, જીવ, છ દ્રવ્ય, સમ્યગ્દર્શન અને સમ્યક્ત્વના દોષ–એ ઉપર લેખ લખો.


Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

# ચોથી ઢાળ

( દોહા )

## સમ્યગ્જ્ઞાનનું લક્ષણ અને તેનો સમય

**સમ્યક્ શ્રદ્ધા ધારિ પુનિ, સેવહુ સમ્યગ્જ્ઞાન;**
**સ્વ-પર અર્થ બહુ ધર્મજુત, જો પ્રગટાવન ભાન. ૧.**



**અન્વયાર્થઃ-** ( સમ્યક્ શ્રદ્ધા ) સમ્યગ્દર્શન ( ધારિ ) ધારણ કરીને ( પુનિ ) વળી ( સમ્યગ્જ્ઞાન ) સમ્યગ્જ્ઞાન ( સેવહુ ) સેવો [ જે સમ્યગ્જ્ઞાન ] ( બહુ ધર્મજુત ) અનેક ધર્માત્મક ( સ્વ-પર અર્થ ) પોતાનું અને બીજા પદાર્થોનું ( પ્રગટાવન ) જ્ઞાન કરાવવામાં ( ભાન ) સૂર્ય સમાન છે.

**ભાવાર્થઃ-** સમ્યગ્દર્શન સહિત સમ્યગ્જ્ઞાન દૃઢ કરવું જોઈએ. જેવી રીતે સૂર્ય બધા પદાર્થોને અને પોતે પોતાને જેમ છે તેમ બતાવે છે તેવી રીતે જે અનેક ધર્મયુક્ત પોતે પોતાને ( આત્માને ) અને પદાર્થોને* જેમ છે તેમ બતાવે છે તે સમ્યગ્જ્ઞાન કહેવાય છે.

---

* स्वापूर्वार्थव्यवसायात्मकं ज्ञानं प्रमाणम् ( પ્રમેયરત્નમાળા પ્ર.ઉ. સૂત્ર-૧ )

## સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનમાં તફાવત

( રોલા છંદ )

**સમ્યક્ સાથૈ જ્ઞાન હોય, પૈ ભિન્ન અરાધૌ;**
**લક્ષણ શ્રદ્ધા જાન, દુહૂમેં ભેદ અબાધો.**
**સમ્યક્ કારણ જાન, જ્ઞાન કારજ હૈ સોઈ;**
**યુગપત્ હોતે હૂ, પ્રકાશ દીપકતૈં હોઈ. ૨.**




**અન્વયાર્થ:-** ( સમ્યક્ સાથૈ ) સમ્યગ્દર્શનની સાથે ( જ્ઞાન ) સમ્યગ્જ્ઞાન ( હોય ) હોય છે ( પૈ ) તોપણ [ તે બન્ને ] ( ભિન્ન ) જુદાં ( અરાધૌ ) સમજવાં જોઈએ; કારણ કે ( લક્ષણ ) તે બન્નેનાં લક્ષણ [ અનુક્રમે ] ( શ્રદ્ધા ) શ્રદ્ધા કરવી અને ( જાન ) જાણવું છે તથા ( સમ્યક્ ) સમ્યગ્દર્શન ( કારણ ) કારણ છે અને ( જ્ઞાન ) સમ્યગ્જ્ઞાન ( કારજ ) કાર્ય છે. ( સોઈ ) આ પણ ( દુહૂમેં ) બન્નેમાં ( ભેદ ) અંતર ( અબાધો ) નિર્બાધ છે. [ જેમ ] ( યુગપત્ ) એક સાથે ( હોતે હૂ ) હોવા છતાં પણ ( પ્રકાશ ) અજવાળું ( દીપકતૈં ) દીપકની જ્યોતિથી ( હોઈ ) થાય છે તેમ.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ભાવાર્થઃ-** સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન જોકે એકસાથે પ્રગટે છે તોપણ તે બન્ને જુદા જુદા ગુણના પર્યાયો છે. સમ્યગ્દર્શન શ્રદ્ધાગુણનો શુદ્ધપર્યાય છે, અને સમ્યગ્જ્ઞાન જ્ઞાનગુણનો શુદ્ધપર્યાય છે, વળી સમ્યગ્દર્શનનું લક્ષણ વિપરીત અભિપ્રાય રહિત તત્ત્વાર્થ શ્રદ્ધાન છે અને સમ્યગ્જ્ઞાનનું લક્ષણ સંશય આદિ દોષ રહિત સ્વ-પરનો યથાર્થપણે નિર્ણય છે. -એ રીતે બેઉનાં લક્ષણ જુદાં જુદાં છે. વળી સમ્યગ્દર્શન નિમિત્તકારણ છે, અને સમ્યગ્જ્ઞાન નૈમિત્તિક કાર્ય છે. આમ તે બન્નેમાં કારણ-કાર્યભાવથી પણ તફાવત છે.

**પ્રશ્નઃ-** જ્ઞાન-શ્રદ્ધાન તો યુગપત્ (એકસાથે) હોય છે, તો તેમાં કારણ-કાર્યપણું કેમ કહો છો?

**ઉત્તરઃ-** 'એ હોય તો એ હોય' એ અપેક્ષાએ કારણ-કાર્યપણું હોય છે. જેમ દીપક અને પ્રકાશ બન્ને યુગપત્ હોય છે, તોપણ દીપક હોય તો પ્રકાશ હોય; તેથી દીપક કારણ છે અને પ્રકાશ કાર્ય છે. એ જ પ્રમાણે જ્ઞાન-શ્રદ્ધાન પણ છે.

(મોક્ષમાર્ગ પ્રકાશક પા. ૯૧.)

જ્યાં સુધી સમ્યગ્દર્શન થતું નથી ત્યાં સુધીનું જ્ઞાન સમ્યગ્જ્ઞાન કહેવાતું નથી. આમ હોવાથી સમ્યગ્દર્શન તે સમ્યગ્જ્ઞાનનું કારણ છે. *

---

* पृथगाराधनमिष्टं दर्शनसहभाविनोऽपि बोधस्य।
लक्षणभेदेन यतो नानात्वं संभवत्यनयोः ।।३२।।

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## સમ્યગ્જ્ઞાનના ભેદ, પરોક્ષ અને દેશ-પ્રત્યક્ષનાં લક્ષણ

**તાસ ભેદ દો હૈં, પરોક્ષ પરતછિ તિન માંહી;**
**મતિ-શ્રુત દોય પરોક્ષ, અક્ષ-મનતૈં ઉપજાહીં.**
**અવધિજ્ઞાન મનપર્જય દો હૈં દેશ-પ્રતચ્છા;**
**દ્રવ્ય-ક્ષેત્ર પરિમાણ લિયે જાનૈ જિય સ્વચ્છા. ૩.**

**અન્વયાર્થઃ-** (તાસ) એ સમ્યગ્જ્ઞાનના (પરોક્ષ) પરોક્ષ અને (પરતછિ) પ્રત્યક્ષ (દો) બે (ભેદ હૈં) ભેદો છે; (તિન માંહી) તેમાં (મતિ-શ્રુત) મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન (દોય) એ બન્ને (પરોક્ષ) પરોક્ષજ્ઞાન છે. [કારણ કે તે] (અક્ષ-મનતૈં) ઇન્દ્રિયો અને મનના નિમિત્તથી (ઉપજાહીં) ઉત્પન્ન થાય છે. (અવધિજ્ઞાન) અવધિજ્ઞાન અને (મનપર્જય) મનઃપર્યયજ્ઞાન (દો) એ બન્ને જ્ઞાન (દેશ-પ્રતચ્છા) દેશપ્રત્યક્ષ (હૈં) છે, [કારણ કે તે જ્ઞાનથી] (જિય) જીવ (દ્રવ્ય-ક્ષેત્ર પરિમાણ) દ્રવ્ય અને ક્ષેત્રની મર્યાદા (લિયે) લઈને (સ્વચ્છા) સ્પષ્ટ (જાનૈ) જાણે છે.

**ભાવાર્થઃ-** આ સમ્યગ્જ્ઞાનના બે ભેદ છે- (૧) પ્રત્યક્ષ


---

सम्यग्ज्ञानं कार्यं सम्यक्त्वं कारणं वदन्ति जिनाः।
ज्ञानाराधनमिष्टं सम्यक्त्वानन्तरं तस्मात् ।।३३।।
कारणकार्यविधानं समकालं जायमानयोरपि हि।
दीपप्रकाशयोरिव सम्यक्त्वज्ञानयोः सुघटम् ।।३४।।
(શ્રી અમૃતચંદ્રાચાર્ય રચિત પુરુષાર્થસિદ્ધિ-ઉપાય)

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates






અને (૨) પરોક્ષ; તેમાં મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન પરોક્ષજ્ઞાન* છે, કારણ કે તે બન્ને જ્ઞાન ઇન્દ્રિયો અને મનના નિમિત્તથી વસ્તુને અસ્પષ્ટ જાણે છે. સમ્યગ્મતિ-શ્રુતજ્ઞાન સ્વાનુભવકાળે પ્રત્યક્ષ હોય છે તેમાં ઇન્દ્રિય અને મન નિમિત્ત નથી. અવધિજ્ઞાન અને

---

* જે જ્ઞાન ઇન્દ્રિયો અને મનના નિમિત્તથી વસ્તુને અસ્પષ્ટ જાણે છે તેને પરોક્ષજ્ઞાન કહેવાય છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

મન:પર્યયજ્ઞાન દેશપ્રત્યક્ષ× છે, કારણ કે જીવ આ બે જ્ઞાનથી રૂપી દ્રવ્યને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની મર્યાદાપૂર્વક સ્પષ્ટ જાણે છે.

## સકલપ્રત્યક્ષ જ્ઞાનનું લક્ષણ અને જ્ઞાનનો મહિમા

**સકલ દ્રવ્યકે ગુન અનંત, પરજાય અનંતા;**
**જાનૈ એકૈ કાલ, પ્રગટ કેવલિ ભગવન્તા.**
**જ્ઞાન સમાન ન આન જગતમેં સુખકો કારન;**
**ઇહ પરમામૃત જન્મજરામૃતિરોગ નિવારન. ૪.**



**અન્વયાર્થ:-** [જે જ્ઞાનથી] (કેવલિ ભગવંતા) કેવળજ્ઞાની ભગવાન (સકલ દ્રવ્યકે) છએ દ્રવ્યોના (અનંત) અપરિમિત (ગુન) ગુણોને અને (અનંતા) અનંત (પરજાય) પર્યાયોને (એકૈ કાલ) એક સાથે (પ્રગટ) સ્પષ્ટ (જાનૈ) જાણે છે [તે જ્ઞાનને] (સકલ) સકલપ્રત્યક્ષ અથવા કેવળજ્ઞાન કહે છે. (જગતમેં) આ જગતમાં

---

× જે જ્ઞાન રૂપી વસ્તુને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ અને ભાવની મર્યાદાપૂર્વક સ્પષ્ટ જાણે છે તેને દેશપ્રત્યક્ષ કહે છે.

(જ્ઞાન સમાન) સમ્યગ્જ્ઞાનના જેવો (આન) બીજો કોઈ પદાર્થ (સુખકો) સુખનું (ન કારણ) કારણ નથી. (ઇહિ) આ સમ્યગ્જ્ઞાન જ (જન્મ-જરામૃતિ-રોગ) જન્મ-જરા અને મરણના રોગોને (નિવારન) દૂર કરવાને માટે (પરમામૃત) ઉત્કૃષ્ટ અમૃત સમાન છે.

**ભાવાર્થ:-** ૧. જે જ્ઞાન ત્રણકાળ અને ત્રણલોકવર્તી સર્વ પદાર્થોને (અનંતધર્માત્મક સર્વ દ્રવ્ય-ગુણ-પર્યાયોને) પ્રત્યેક સમયમાં યથાસ્થિત, પરિપૂર્ણરૂપથી સ્પષ્ટ અને એકસાથે જાણે છે તે જ્ઞાનને કેવળજ્ઞાન કહે છે. જે સકલપ્રત્યક્ષ છે.

૨. દ્રવ્ય, ગુણ અને પર્યાયોને કેવળી ભગવાન જાણે છે પણ તેના અપેક્ષિત ધર્મોને જાણી શકતા નથી-એવું માનવું તે અસત્ય છે. વળી તે અનંતને અથવા માત્ર પોતાના આત્માને જ જાણે છે, પરંતુ સર્વને ન જાણે-એવું માનવું તે પણ ન્યાયવિરુદ્ધ છે. કેવળી ભગવાન સર્વજ્ઞ હોવાથી અનેકાન્તસ્વરૂપ પ્રત્યેક વસ્તુને પ્રત્યક્ષ જાણે છે. (લઘુ જૈ. સિ. પ્ર. પ્રશ્ન ૮૭)

૩. આ સંસારમાં સમ્યગ્જ્ઞાન જેવી સુખદાયક અન્ય કોઈ વસ્તુ નથી. આ સમ્યગ્જ્ઞાન જ જન્મ-જરા અને મૃત્યુરૂપી ત્રણ રોગોનો નાશ કરવા માટે ઉત્તમ અમૃત સમાન છે.


## જ્ઞાની અને અજ્ઞાનીના કર્મનાશના વિષયમાં તફાવત

**કોટિ જન્મ તપ તપૈં, જ્ઞાન વિન કર્મ ઝરૈં જે;**
**જ્ઞાનીકે છિનમાહિં, ત્રિગુપ્તિતૈં સહજ ટરૈં તે.**

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**મુનિવ્રત ધાર અનંત વાર ગ્રીવક ઉપજાયૌ;**
**પૈ નિજ આતમજ્ઞાન વિના, સુખ લેશ ન પાયો. ૫.**




**અન્વયાર્થઃ-** [ અજ્ઞાની જીવને ] ( જ્ઞાન વિન ) સમ્યગ્જ્ઞાન વગર ( કોટી જન્મ ) કરોડો જન્મો સુધી ( તપ તપૈં ) તપ તપવાથી ( જે કર્મ ) જેટલા કર્મો ( ઝરૈં ) નાશ થાય છે ( તે ) તેટલાં કર્મો ( જ્ઞાનીકે ) સમ્યગ્જ્ઞાની જીવને ( ત્રિગુપ્તિતૈં ) મન, વચન અને કાયા તરફની જીવની પ્રવૃત્તિને રોકવાથી [ નિર્વિકલ્પ શુદ્ધ સ્વાનુભવથી ] ( છિનમાહિં ) ક્ષણ માત્રમાં ( સહજ ) સહેલાઈથી ( ટરૈં ) નાશ પામે છે. [ આ જીવ ] ( મુનિવ્રત ) મુનિઓમાં મહાવ્રતોને ( ધાર ) ધારણ કરીને ( અનંત વાર ) અનંત વાર ( ગ્રીવક ) નવમી ગ્રૈવેયક સુધી ( ઉપજાયૌ ) ઉત્પન્ન થયો, ( પૈ ) પરંતુ ( નિજ આતમ ) પોતાના આત્માના ( જ્ઞાન વિના ) જ્ઞાન વગર ( લેશ ) જરાપણ ( સુખ ) સુખ ( ન પાયો ) પામી શક્યો નહિ.


**ભાવાર્થઃ-** મિથ્યાદૃષ્ટિ જીવ આત્મજ્ઞાન ( સમ્યગ્જ્ઞાન ) વિના કરોડો જન્મો-ભવો સુધી બાળતપરૂપ ઉદ્યમ કરીને જેટલાં કર્મોનો નાશ કરે છે તેટલાં કર્મોનો નાશ સમ્યગ્જ્ઞાની જીવ સ્વસન્મુખ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

જ્ઞાતાપણાને લીધે સ્વરૂપગુપ્તિથી ક્ષણમાત્રમાં સહેજે કરી નાંખે છે. આ જીવ, મુનિના (દ્રવ્યલિંગી મુનિના) મહાવ્રતોને ધારણ કરીને તેના પ્રભાવથી નવમી ગ્રૈવેયક સુધીના વિમાનોમાં અનંતવાર ઉત્પન્ન થયો, પરંતુ આત્માના ભેદવિજ્ઞાન (સમ્યગ્જ્ઞાન અથવા સ્વાનુભવ) વિના તે જીવને ત્યાં પણ લેશમાત્ર સુખ મળ્યું નહિ.

## જ્ઞાનના દોષ અને મનુષ્યપર્યાય વગેરેની દુર્લભતા

**તાતૈં જિનવર-કથિત તત્ત્વ અભ્યાસ કરીજે;**
**સંશય વિભ્રમ મોહ ત્યાગ, આપો લખ લીજે.**
**યહ માનુષપર્યાય, સુકુલ, સુનિવો જિનવાની;**
**ઇહવિધિ ગયે ન મિલૈ, સુમણિ જ્યોં ઉદધિ સમાની. ૬.**




**અન્વયાર્થ:-** (તાતૈં) તેથી (જિનવર-કથિત) જિનેન્દ્ર ભગવાને કહેલાં (તત્ત્વ) પરમાર્થ તત્ત્વનો (અભ્યાસ) અભ્યાસ (કરીજે) કરવો જોઈએ, અને (સંશય) સંશય, (વિભ્રમ) વિપર્યય તથા (મોહ) અનધ્યવસાય [અચોક્કસતા] ને (ત્યાગ) છોડીને (આપો) પોતાના આત્માને (લખ લીજે) લક્ષમાં લેવો જોઈએ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates






અર્થાત્ ઓળખવો જોઈએ. [ જો એમ ન કર્યું તો ] ( યહ ) આ ( માનુષપર્યાય ) મનુષ્યશરીર, ( સુકુલ ) ઉત્તમકુલ, ( જિનવાની ) જિનવાણીનું ( સુનિવો ) સાંભળવું ( ઈહવિધિ ) એવો સુયોગ ( ગયે ) વીતી ગયા પછી, ( ઉદધિ ) સમુદ્રમાં ( સમાની ) સમાયેલાં-ડૂબેલાં ( સુમણિ જ્યોં ) સાચા રત્નની માફક, [ ફરીને ] ( ન મિલૈ ) મળવો કઠણ છે.

**ભાવાર્થઃ-** આત્મા અને પરવસ્તુઓના ભેદવિજ્ઞાનને પ્રાપ્ત કરવા માટે જિનદેવે પ્રરૂપેલાં સાચાં તત્ત્વોનું પઠન-પાઠન ( મનન ) કરવું જોઈએ; અને *સંશય +વિપર્યય તથા ×અનધ્યવસાય એ

---

* સંશયઃ- विरूद्धानेककोटिस्पर्शि ज्ञानं संशयः = 'આ પ્રમાણે છે કે આ પ્રમાણે છે' એવું જે પરસ્પર વિરુદ્ધતાપૂર્વક બે પ્રકારરૂપ જ્ઞાન, તેને સંશય કહે છે.

\+ વિપર્યયઃ- विपरीतैककोटिनिश्चयो विपर्ययः=વસ્તુસ્વરૂપથી વિરુદ્ધતાપૂર્વક 'આ આમ જ છે' એવું એકરૂપ જ્ઞાન તેનું નામ વિપર્યય છે.

× અનધ્યવસાયઃ- किमित्यालोचनमात्रमनध्यवसाय='કાંઈક છે' એવો નિર્ધારરહિત વિચાર તેનું નામ અનધ્યવસાય છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સમ્યગ્જ્ઞાનના ત્રણ દોષોને દૂર કરી આત્માનું સ્વરૂપ જાણવું જોઈએ; કારણ કે જેવી રીતે સમુદ્રમાં ડૂબેલું અમૂલ્ય રત્ન ફરીને હાથ આવતું નથી તેવી રીતે મનુષ્યશરીર, ઉત્તમ શ્રાવકકુળ અને જિનવચનોનું શ્રવણ વગેરે સુયોગ પણ વીતી ગયા પછી ફરી ફરીને પ્રાપ્ત થતા નથી; તેથી આ અપૂર્વ અવસર ન ગુમાવતાં આત્મસ્વરૂપની ઓળખાણ (સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ) કરીને આ મનુષ્ય જન્મ સફળ કરવો જોઈએ.

## સમ્યગ્જ્ઞાનનો મહિમા અને કારણ

**ધન સમાજ ગજ બાજ, રાજ તો કાજ ન આવૈ;**
**જ્ઞાન આપકો રૂપ ભયે, ફિર અચલ રહાવૈ.**
**તાસ જ્ઞાનકો કારન, સ્વ-પર વિવેક બખાનો;**
**કોટિ ઉપાય બનાય ભવ્ય, તાકો ઉર આનૌ. ૭.**




**અન્વયાર્થ**:- (ધન) પૈસા, (સમાજ) કુટુંબ, (ગજ) હાથી, (બાજ) ઘોડા, (રાજ) રાજ્ય (તો) તો (કાજ) પોતાના કામમાં (ન આવૈ) આવતા નથી; પણ (જ્ઞાન) સમ્યગ્જ્ઞાન (આપકો રૂપ) આત્માનું સ્વરૂપ છે-જે (ભયે) પ્રાપ્ત થયા (ફિર) પછી (અચલ) અચળ (રહાવૈ) રહે છે. (તાસ) તે (જ્ઞાનકો) સમ્યગ્જ્ઞાનનું (કારન)

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com


કારણ (સ્વ-પર વિવેક) આત્મા અને પરવસ્તુઓનું ભેદવિજ્ઞાન (બખાનૌ) કહ્યું છે, [તેથી] (ભવ્ય) હે ભવ્ય જીવો! (કોટિ) કરોડો (ઉપાય) ઉપાયો (બનાય) કરીને (તાકો) તે ભેદવિજ્ઞાનને (ઉર આનૌ) હૃદયમાં ધારણ કરો.

**ભાવાર્થઃ-** ધન, કુટુંબ, નોકર-ચાકર, હાથી, ઘોડા, અને રાજ્યાદિ કોઈપણ પદાર્થ આત્માને સહાયક થતા નથી; પણ સમ્યગ્જ્ઞાન આત્માનું સ્વરૂપ છે, તે એકવાર પ્રાપ્ત થયા પછી અક્ષય થઈ જાય છે-કદી નાશ પામતું નથી, અચળ એકરૂપ રહે છે. આત્મા અને પર વસ્તુઓનું ભેદવિજ્ઞાન જ તે સમ્યગ્જ્ઞાનનું કારણ છે; તેથી આત્મહિતેચ્છુ ભવ્ય જીવોએ કરોડો ઉપાય કરીને આ ભેદવિજ્ઞાન દ્વારા સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ.

## સમ્યગ્જ્ઞાનનો મહિમા અને વિષયોની ઇચ્છા રોકવાનો ઉપાય

**જે પૂરવ શિવ ગયે, જાહિં, અરુ આગે જૈહૈં;**
**સો સબ મહિમા જ્ઞાનતની, મુનિનાથ કહૈ હૈં.**
**વિષય-ચાહ દવ-દાહ, જગત-જન અરનિ દઝાવૈ;**
**તાસ ઉપાય ન આન, જ્ઞાનઘનઘાન બુઝાવૈ. ૮.**

**અન્વયાર્થઃ-** (પૂરવ) પૂર્વે (જે) જે જીવો (શિવ) મોક્ષમાં (ગયે) ગયા છે [વર્તમાનમાં] (જાહિં) જાય છે (અરુ) અને (આગે) ભવિષ્યમાં (જૈહૈં) જાશે (સો) એ (સબ) બધો (જ્ઞાનતની) સમ્યગ્જ્ઞાનનો (મહિમા) પ્રભાવ છે- એમ (મુનિનાથ) જિનેન્દ્રદેવે






(કહૈં હૈં) કહ્યું છે. (વિષયચાહ) પાંચ ઇન્દ્રિયોના વિષયોની ઇચ્છારૂપી (દવ–દાહ) ભયંકર દાવાનળ (જગત–જન) સંસારી જીવોરૂપી (અરનિ) અરણ્ય–જૂના પુરાણા જંગલને (દઝાવૈ) બાળી રહ્યો છે, (તાસ) તેની શાંતિનો (ઉપાય) ઉપાય (આન) બીજો (ન) નથી; [માત્ર] (જ્ઞાનઘનઘાન) જ્ઞાનરૂપી વરસાદનો સમૂહ (બુઝાવૈ) શાંત કરે છે.

**ભાવાર્થઃ-** ભૂત, વર્તમાન અને ભવિષ્ય–એ ત્રણે કાળમાં જે જીવો મોક્ષ પામ્યા છે, પામશે અને (વર્તમાનમાં વિદેહક્ષેત્રે) પામે છે તે આ સમ્યગ્જ્ઞાનનો જ પ્રભાવ છે, એમ પૂર્વાચાર્યોએ બતાવ્યું છે. જેવી રીતે દાવાનલ (વનમાં લાગેલી આગ) ત્યાંની

બધી વસ્તુઓને ભસ્મ કરી નાંખે છે તેવી રીતે પાંચ ઇન્દ્રિયો સંબંધી વિષયોની ઇચ્છા સંસારી જીવોને બાળે છે–દુઃખ આપે છે, અને જેવી રીતે ધોધમાર વરસાદ તે દાવાનળને બુઝાવી નાખે છે તેવી રીતે આ સમ્યગ્જ્ઞાન તે વિષયોની ઇચ્છાને શાંત કરે છે–નષ્ટ કરે છે.

## પુણ્ય-પાપમાં હર્ષ-વિષાદનો નિષેધ અને સાર સાર વાતો

**પુણ્ય-પાપ ફલમાહિં, હરખ વિલખૌ મત ભાઈ;**
**યહ પુદ્ગલ પરજાય, ઉપજિ વિનસૈ ફિર થાઈ.**
**લાખ બાતકી બાત યહૈ, નિશ્ચય ઉર લાઓ;**
**તોરિ સકલ જગ-દંદફંદ, નિત આતમ ધ્યાઓ. ૯.**

**અન્વયાર્થઃ-** (ભાઈ) હે આત્મહિતૈષી પ્રાણી! (પુણ્ય–ફલમાહિં) પુણ્યના ફળોમાં (હરખ મત) હર્ષ ન કર, અને (પાપ–ફલમાહિં) પાપના ફળોમાં (વિલખૌ મત) દ્વેષ ન કર. [કારણ કે આ પુણ્ય અને પાપ] (પુદ્ગલ પરજાય) પુદ્ગલના પર્યાય છે [તે] (ઉપજિ) ઉત્પન્ન થઈને (વિનસૈ) નાશ પામી જાય છે અને (ફિર) ફરીને (થાઈ) ઉત્પન્ન થાય છે. (ઉર) પોતાના અંતરમાં (નિશ્ચય) નિશ્ચયથી–ખરેખર (લાખ બાતકી બાત) લાખો વાતનો સાર (યહૈ) આ જ પ્રમાણે (લાઓ) ગ્રહણ કરો કે (સકલ) પુણ્ય–પાપરૂપ બધાય (જગ–દંદફંદ) જન્મ–મરણના દ્વંદ્વ [રાગ–દ્વેષ] રૂપ વિકારી–મલિનભાવો (તોરિ) તોડી (નિત) હંમેશાં (આતમ ધ્યાવો) પોતાના આત્માનું ધ્યાન કરો.







**ભાવાર્થઃ-** આત્મહિતૈષી જીવનું કર્તવ્ય છે કે ધન, ઘર, દુકાન, કીર્તિ, નીરોગ શરીરાદિ, પુણ્યના ફળ છે, તેનાથી પોતાને લાભ છે તથા તેના વિયોગથી પોતાને નુકશાન છે એમ ન માનો; કેમકે પરપદાર્થ સદા ભિન્ન છે, જ્ઞેયમાત્ર છે, તેમાં કોઈને અનુકૂળ અથવા પ્રતિકૂળ, ઇષ્ટ અથવા અનિષ્ટ ગણવા તે માત્ર જીવની ભૂલ છે, માટે પુણ્ય-પાપના ફળમાં હર્ષ-શોક કરવો નહિ.

જો કોઈપણ પર પદાર્થને જીવ, ખરેખર ભલા-બૂરા માને તો તેના પ્રત્યે રાગ-દ્વેષ અને મમત્વ થયા વિના રહે નહિ. જેણે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરપદાર્થ-પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને ખરેખર હિતકર તથા અહિતકર માન્યા છે તેણે અનંતા પરપદાર્થ પ્રત્યે રાગ-દ્વેષ કરવા જેવા માન્યા છે, અને અનંત પર પદાર્થ મને સુખ-દુઃખના કારણ છે એમ પણ માન્યું છે; માટે એ ભૂલ છોડીને નિજ જ્ઞાનાનંદ સ્વરૂપનો નિર્ણય કરી સ્વસન્મુખ જ્ઞાતા રહેવું તે સુખી થવાનો ઉપાય છે.

પુણ્ય-પાપનો બંધ તે પુદ્‌ગલના પર્યાય (અવસ્થા) છે; તેના ઉદયમાં જે સંયોગ મળે તે પણ ક્ષણિક સંયોગપણે આવે-જાય છે. જેટલો કાળ તે નજીક રહે તેટલો કાળ પણ તે સુખ-દુઃખ આપવા સમર્થ નથી.


જૈનધર્મના બધા ઉપદેશનો સાર એ છે કે શુભાશુભ-ભાવો તે સંસાર છે માટે તેની રુચિ છોડી સ્વસન્મુખ થઈ, નિશ્ચય-સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક નિજઆત્મસ્વરૂપમાં એકાગ્ર (લીન) થવું તે જ જીવે કરવા યોગ્ય છે.

## સમ્યક્ચારિત્રનો સમય અને ભેદ તથા અહિંસા-અણુવ્રત અને સત્ય-અણુવ્રતનું લક્ષણ

**સમ્યગ્જ્ઞાની હોય, બહુરિ દિઢ ચારિત લીજૈ;**
**એકદેશ અરુ સકલદેશ, તસુ ભેદ કહીજૈ.**
**ત્રસહિંસાકો ત્યાગ, વૃથા થાવર ન સँહારૈ;**
**પર-વધકાર કઠોર નિંદ્ય, નહિં વચન ઉચારૈ. ૧૦**

**અન્વયાર્થઃ-** (સમ્યગ્જ્ઞાની) સમ્યગ્જ્ઞાની (હોય) થઈને (બહુરિ) પછી (દિઢ) દઢ (ચારિત) સમ્યક્ચારિત્ર (લીજૈ)

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com




પાળવું જોઈએ; ( તસુ ) તેના [ તે સમ્યક્ચારિત્રના ] ( એકદેશ ) એકદેશ ( અરુ ) અને ( સકલદેશ ) સર્વદેશ [ એવા બે ] ( ભેદ ) ભેદ ( કહીજૈ ) કહેવામાં આવ્યા છે. [ તેમાં ] ( ત્રસ–હિંસા ) ત્રસજીવોની હિંસાનો ( ત્યાગ ) ત્યાગ કરવો અને ( વૃથા ) કારણ વગર ( થાવર ) સ્થાવર જીવનો ( ન સઁહારૈ ) ઘાત ન

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરવો [ તે અહિંસા-અણુવ્રત કહેવાય છે ]; (પર-વધકાર) બીજાને દુઃખદાયક, (કઠોર) કઠોર [ અને ] (નિંદ્ય) નિંદવા યોગ્ય (વચન) વચન (નહિં ઉચારૈ) ન બોલવાં તે [ સત્ય-અણુવ્રત કહેવાય છે. )

**ભાવાર્થઃ-** સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરી સમ્યક્ચારિત્ર પ્રગટ કરવું જોઈએ. તે સમ્યક્ચારિત્રના બે ભેદ છે- (૧) એકદેશ (અણુ, દેશ, સ્થૂળ) ચારિત્ર અને (૨) સર્વદેશ (સકલ, મહા, સૂક્ષ્મ) ચારિત્ર, તેમાં સકલચારિત્રનું પાલન મુનિરાજ કરે છે અને દેશચારિત્રનું પાલન શ્રાવક કરે છે. આ ચોથી ઢાળમાં દેશચારિત્રનું વર્ણન કરવામાં આવ્યું છે. સકલચારિત્રનું વર્ણન છઠ્ઠી ઢાળમાં આવશે. ત્રસ જીવોની સંકલ્પી હિંસાનો સર્વથા ત્યાગ કરી નિષ્પ્રયોજન સ્થાવર જીવોનો ઘાત ન કરવો તે * અહિંસા-અણુવ્રત છે. બીજાના પ્રાણોને ઘાતક, કઠોર

---

* નોંધઃ- (૧) આ અહિંસા-અણુવ્રતનો ધારક જીવ 'આ જીવ હણવા યોગ્ય છે, હું આ જીવને મારું' એ પ્રમાણે ઈરાદાપૂર્વક કોઈ ત્રસ જીવની સંકલ્પી હિંસા કરતો નથી. પરંતુ આ વ્રતનો ધારક આરંભી, ઉદ્યોગિની અને વિરોધિની હિંસાનો ત્યાગી હોતો નથી.

(૨) પ્રમાદ અને કષાયમાં જોડાવાથી જ્યાં પ્રાણઘાત કરવામાં આવે છે ત્યાં જ હિંસાનો દોષ લાગે છે; જ્યાં તેવું કારણ નથી ત્યાં પ્રાણઘાત હોવા છતાં પણ હિંસાનો દોષ લાગતો નથી. જેમ પ્રમાદ રહિત મુનિ ગમન કરે છે; વૈદ-ડોકટર રોગીનો કરુણાબુદ્ધિથી ઉપચાર કરે છે; ત્યાં સામે નિમિત્તમાં પ્રાણઘાત થતાં હિંસાનો દોષ નથી.


(૩) નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન પૂર્વક પ્રથમના બે કષાયોનો અભાવ થયો હોય તે જીવને સાચા અણુવ્રત હોય છે, નિશ્ચયસમ્યગ્દર્શન ન હોય તેના વ્રતને સર્વજ્ઞદેવે બાળવ્રત (અજ્ઞાનવ્રત) કહેલ છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

અને નિંદનીય વચન ન બોલવા (અને બીજા પાસે ન બોલાવવા) તે સત્ય-અણુવ્રત છે.

## અચૌર્યાણુવ્રત, બ્રહ્મચર્યાણુવ્રત, પરિગ્રહપરિમાણાણુવ્રત તથા દિગ્વ્રતનું લક્ષણ

**જલ મૃતિકા વિન ઔર નાહિં કછુ ગહૈ અદત્તા;**
**નિજ વનિતા વિન સકલ નારિસોં રહૈ વિરત્તા.**
**અપની શક્તિ વિચાર, પરિગ્રહ થોરો રાખૈ;**
**દશ દિશ ગમન પ્રમાણ ઠાન, તસુ સીમ ન નાખૈ. ૧૧.**




**અન્વયાર્થઃ-** (જલ મૃતિકા વિન) પાણી અને માટી સિવાયની (ઔર કછુ) બીજી કોઈ ચીજ (અદત્તા) દીધા વિના (નાહિં) ન (ગહૈ) લેવી [તેને અચૌર્યાણુવ્રત કહે છે]. (નિજ) પોતાની (વનિતા વિન) સ્ત્રી સિવાય (સકલ નારિસોં) બીજી સર્વ સ્ત્રીઓથી (વિરત્તા) વિરક્ત (રહૈ) રહે [તે બ્રહ્મચર્યાણુવ્રત

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



છે.) (અપની) પોતાની (શક્તિ વિચાર) શક્તિ વિચારીને (પરિગ્રહ) પરિગ્રહ (થોરો) મર્યાદિત (રાખૈ) રાખવો [તે પરિગ્રહપરિમાણાણુવ્રત છે]। (દશ દિશ) દશ દિશાઓમાં (ગમન) જવા-આવવાની (પ્રમાણ) મર્યાદા (ઠાન) રાખીને (તસુ) તેની (સીમ) હદનું (ન નાખૈ) ઉલ્લંઘન ન કરવું [તે દિગ્વ્રત નામનું વ્રત છે.)

**ભાવાર્થઃ-** જન-સમુદાય માટે જયાં અટકાયત ન હોય અને કોઈ ખાસ વ્યક્તિની માલિકી ન હોય એવા પાણી અને માટી જેવી વસ્તુ સિવાયની-પોતાની માલિકી ન હોય એવી-પારકી વસ્તુને તેના માલિકે દીધા વગર ન લેવી [તથા ઉપાડીને બીજાને ન દેવી] તેને અચૌર્યાણુવ્રત કહે છે. પોતાની પરણેલી સ્ત્રી સિવાય બીજી સર્વ સ્ત્રીઓથી વિરક્ત રહેવું તે બ્રહ્મચર્યાણુવ્રત છે. [પુરુષોએ અન્ય સ્ત્રીઓને માતા, બહેન અને પુત્રી સમાન માનવી અને સ્ત્રીઓએ પોતાના સ્વામી સિવાય સર્વ પુરુષોને પિતા, ભાઈ અને પુત્ર સમાન સમજવા.)

પોતાની શક્તિ અને પોતાની યોગ્યતાનો ખ્યાલ રાખીને જીવન પર્યંતને માટે ધન, ધાન્ય આદિ બાહ્ય પરિગ્રહોનું પરિમાણ (મર્યાદા) કરીને તેનાથી વધારેની ઇચ્છા ન કરવી તેને *પરિગ્રહપરિમાણાણુવ્રત કહે છે. દશે દિશાઓમાં જવા-આવવાની મર્યાદા નક્કી કરીને જિંદગી સુધી તેનું ઉલ્લંઘન ન કરવું તેને

---

* નોંધઃ- આ પાંચ [અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને પરિગ્રહપરિમાણ] અણુવ્રત છે; જે હિંસાદિકને લોકમાં પણ પાપ માનવામાં આવે છે તેનો આ વ્રતોમાં એકદેશ (સ્થૂળપણે) ત્યાગ કરવામાં આવ્યો છે અને તેને લીધે જ તે અણુવ્રત કહેવાય છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

દિગ્વ્રત કહે છે. તેમાં દિશાઓની મર્યાદા નક્કી કરવામાં આવતી હોવાથી તેને 'દિગ્વ્રત' કહેવાય છે.

# ગાથા ૧૨ (પૂર્વાર્ધ)

## દેશવ્રત (દેશાવગાશિક) નામના ગુણવ્રતનું લક્ષણ

**તાહૂમેં ફિર ગ્રામ, ગલી ગૃહ બાગ બજારા;**
**ગમનાગમન પ્રમાણ ઠાન, અન સકલ નિવારા. ૧૨.**

**અન્વયાર્થઃ-** (ફિર) પછી (તાહૂમેં) તેમાં [કોઈ પ્રસિદ્ધ-પ્રસિદ્ધ] (ગ્રામ) ગામ (ગલી) શેરી (ગૃહ) મકાન (બાગ) બગીચા અને (બજારા) બજાર સુધી (ગમનાગમન) જવા-આવવાનું (પ્રમાણ) માપ (ઠાન) રાખીને (અન) અન્ય-બીજા (સકલ) બધાનો (નિવારા) ત્યાગ કરવો [તેને દેશવ્રત અથવા દેશાવગાશિકવ્રત કહે છે.)

**ભાવાર્થઃ-** દિગ્વ્રતમાં જિંદગી સુધી કરવામાં આવેલી જવા-આવવાના ક્ષેત્રની મર્યાદામાં પણ (ઘડી, કલાક, દિવસ, મહિના વગેરે કાળના નિયમથી) કોઈ પ્રસિદ્ધ ગામ, રસ્તો, મકાન અને બજાર સુધી જવા-આવવાની મર્યાદા કરીને તેનાથી અધિક હદમાં ન જવું તે દેશવ્રત કહેવાય છે. (૧૨ પૂર્વાર્ધ.)

## અનર્થદંડવ્રતના ભેદ અને તેનું લક્ષણ

**કાહૂકી ધનહાનિ, કિસી જય-હાર ન ચિંતૈં;**
**દેય ન સો ઉપદેશ, હોય અઘ વનજ-કૃષીતૈં. ૧૨**

**કર પ્રમાદ જલ ભૂમિ, વૃક્ષ પાવક ન વિરાધૈ;**
**અસિ ધનુ હલ હિંસોપકરણ નહિ દે યશ લાધૈ.**
**રાગ-દ્વેષ કરતાર, કથા કબહૂં ન સુનીજૈ;**
**ઔર હુ અનરથદંડ-હેતુ અઘ તિન્હૈં ન કીજૈ. ૧૩**




**અન્વયાર્થઃ-** ૧. ( કાહૂકી ) કોઈની ( ધનહાનિ ) ધનના નાશનો, ( કિસી ) કોઈની ( જય ) જીતનો [ અગર ] ( હાર ) કોઈની હારનો કન ચિન્તૈં ) વિચાર ન કરવો [ તેને અપધ્યાન અનર્થદંડવ્રત કહે છે. ) ૨. ( વનજ ) વ્યાપાર અને ( કૃષીતૈં ) ખેતીથી ( અઘ ) પાપ ( હોય ) થાય છે તેથી ( સો ) એનો ( ઉપદેશ ) ઉપદેશ ( ન દેય ) ન દેવો [ તેને પાપોપદેશ અનર્થદંડવ્રત કહેવાય છે. ) ૩. ( પ્રમાદ કર ) પ્રમાદથી [ પ્રયોજન વગર ] ( જલ ) જલકાયિક ( ભૂમિ ) પૃથ્વીકાયિક ( વૃક્ષ ) વનસ્પતિકાયિક ( પાવક ) અગ્નિકાયિક [ અને વાયુકાયિક ] જીવોનો [ ન વિરાધૈ ) ઘાત ન કરવો [ તે પ્રમાદચર્યા અનર્થદંડવ્રત કહેવાય છે. ) ૪. ( અસિ ) તલવાર ( ધનુ ) ધનુષ્ય ( હલ ) હળ [ વગેરે ] ( હિંસોપકરણ ) હિંસા થવામાં કારણભૂત પદાર્થોને ( દે ) આપીને ( યશ ) જશ ( નહિ લાધૈ ) ન લેવો [ તે હિંસાદાન અનર્થદંડવ્રત કહેવાય છે. ) ૫. ( રાગ-દ્વેષ કરતાર ) રાગ અને દ્વેષ

ઉત્પન્ન કરવાવાળી (કથા) કથાઓ (કબહૂં) ક્યારે પણ (ન સુનીજૈ) સાંભળવી નહિ [ તે દુઃશ્રુતિ અનર્થદંડવ્રત કહેવાય છે.) (ઔર હુ) અને બીજા પણ (અઘ હેતુ) પાપના કારણો (અનરથદંડ) અનર્થદંડ છે (તિન્હૈં) તેને પણ (ન કીજૈ) કરવાં નહિ.

**ભાવાર્થ:-** ૧. કોઈના ધનનો નાશ, હાર અથવા જીત વગેરેનો નિંદ્ય વિચાર ન કરવો તે પહેલું અપધ્યાન અનર્થદંડવ્રત કહેવાય છે. *

૨. હિંસારૂપ પાપજનક વ્યાપાર અને ખેતી વગેરેનો ઉપદેશ ન આપવો તે પાપોપદેશ અનર્થદંડવ્રત છે.

૩. પ્રમાદને વશ થઈને પાણી ઢોળવું, જમીન ખોદવી, ઝાડ કાપવા, આગ લગાડવી એ વગેરેનો ત્યાગ કરવો અર્થાત્ પાંચ સ્થાવરકાયના જીવોની હિંસા ન કરવી તેને પ્રમાદચર્યા અનર્થદંડવ્રત કહેવાય છે.

૪. જશ મેળવવા માટે તલવાર વગેરે હિંસાના કારણભૂત હથિયારોને બીજા કોઈ માગે તો ન આપવા તેને હિંસાદાન અનર્થદંડવ્રત કહેવાય છે.


૫. રાગ-દ્વેષ ઉત્પન્ન કરવાવાળી વિકથા, નવલકથા કે શૃંગારી વાર્તા વગેરે સાંભળવાનો ત્યાગ કરવો તે દુઃશ્રુતિ અનર્થદંડવ્રત કહેવાય છે. ૧૩.


---

* અનર્થદંડવ્રત બીજા પણ ઘણાં છે. પાંચ બતાવ્યા તે સ્થૂળતાની અપેક્ષાએ છે અથવા દિગ્દર્શન માત્ર છે. આ સર્વે પાપજનક છે માટે તેનો ત્યાગ કરવો જોઈએ.

## સામાયિક, પૌષધ, ભોગોપભોગપરિમાણ અને અતિથિસંવિભાગવ્રત

**ધર ઉર સમતાભાવ, સદા સામાયિક કરિયે;**
**પરવ ચતુષ્ટયમાહિં, પાપ તજ પ્રોષધ ધરિયે.**
**ભોગ ઔર ઉપભોગ, નિયમ કરિ મમત નિવારૈ;**
**મુનિકો ભોજન દેય ફેર, નિજ કરહિ અહારૈ. ૧૪**







**અન્વયાર્થઃ-** (ઉર) મનમાં (સમતાભાવ) નિર્વિકલ્પતા અર્થાત્ શલ્યના અભાવને (ધર) ધારણ કરીને (સદા) હંમેશાં (સામાયિક) સામાયિક (કરિયે) કરવું [તે સામાયિક શિક્ષાવ્રત છે.) (પરવ ચતુષ્ટયમાહિં) ચાર પર્વના દિવસોમાં (પાપ) પાપકાર્યોને (તજ) છોડીને (પ્રોષધ) પૌષધ-ઉપવાસ (ધરિયે) કરવો [તે પૌષધ-ઉપવાસ શિક્ષાવ્રત છે.] (ભોગ) એકવાર ભોગવાય તેવી વસ્તુઓનું (ઔર) અને (ઉપભોગ) વારંવાર ભોગવાય તેવી વસ્તુઓનું (નિયમ કરિ) પરિમાણ કરી-માપ કરી (મમત) મોહ (નિવારૈ) કાઢી નાખે [તે ભોગ-ઉપભોગપરિમાણવ્રત છે.] (મુનિકો) વીતરાગી મુનિને (ભોજન) આહાર (દેય) દઈને (ફેર) પછી (નિજ અહારૈ) પોતે ભોજન (કરહિ) કરે [તે અતિથિસંવિભાગવ્રત કહેવાય છે.)

**ભાવાર્થઃ-** સ્વસન્મુખતા વડે પોતાના પરિણામોને વિશેષ સ્થિર કરી, દરરોજ વિધિપૂર્વક સામાયિક કરવું તે સામાયિક શિક્ષાવ્રત છે. દરેક આઠમ તથા ચૌદશના રોજ કષાય અને વ્યાપાર વગેરે કાર્યોને છોડીને (ધર્મધ્યાનપૂર્વક) પૌષધસહિત ઉપવાસ કરવો તે પૌષધ-ઉપવાસ શિક્ષાવ્રત કહેવાય છે. પરિગ્રહપરિમાણ અણુવ્રતમાં મુકરર કરેલ ભોગોપભોગની વસ્તુઓમાં જિંદગી સુધીના માટે અથવા કોઈ મુકરર કરેલા સમય સુધીના માટે નિયમ કરવો તેને ભોગોપભોગપરિમાણ શિક્ષાવ્રત કહેવાય છે. નિર્ગ્રંથમુનિ વગેરે સત્પાત્રોને આહાર કરાવ્યા પછી પોતે ભોજન કરે તે અતિથિસંવિભાગ શિક્ષાવ્રત છે.

## નિરતિચાર શ્રાવકવ્રત પાળવાનું ફળ

**બારહ વ્રતકે અતીચાર, પન પન ન લગાવૈ;**
**મરણ સમૈ સંન્યાસ ધારિ, તસુ દોષ નશાવૈ.**
**યોં શ્રાવકવ્રત પાલ, સ્વર્ગ સોલમ ઉપજાવૈ;**
**તહઁતૈં ચય નરજન્મ પાય, મુનિ હ્વૈ શિવ જાવૈ. ૧૫.**




**અન્વયાર્થ:-** જે જીવ (બારહ વ્રતકે) બાર વ્રતના (પન પન) પાંચ-પાંચ (અતીચાર) અતિચારોને (ન લગાવૈ) લગાડતો નથી, અને (મરણ સમૈ) મરણ વખતે (સંન્યાસ) સમાધિ (ધારિ) ધારણ કરીને (તસુ) તેના (દોષ) દોષોને (નશાવૈ) દૂર કરે છે તે (યોં) આ પ્રકારે (શ્રાવકવ્રત) શ્રાવકના વ્રતો (પાલ) પાળીને (સોલમ) સોળમા (સ્વર્ગ) સ્વર્ગ સુધી (ઉપજાવૈ) ઉપજે છે, [અને] (તહઁતૈં) ત્યાંથી (ચય) મરણ પામીને (નરજન્મ) મનુષ્યપર્યાય (પાય) પામીને (મુનિ) મુનિ (હ્વૈ) થઈને (શિવ) મોક્ષ (જાવૈ) જાય છે.

**ભાવાર્થ:-** જે જીવ શ્રાવકના ઉપર કહેલાં બાર વ્રતોને વિધિપૂર્વક જીવનપર્યંત પાળતાં તેના પાંચ-પાંચ અતિચારોને પણ ટાળે છે અને મૃત્યુ વખતે પૂર્વ અવસ્થામાં ઉપાર્જન કરેલા દોષો

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



નાશ કરવા માટે વિધિપૂર્વક સમાધિમરણ (સંલ્લેખના) * ધારણ કરીને તેના પાંચ અતિચારોને પણ દૂર કરે છે; તે આયુષ્ય પૂર્ણ થતાં મરીને સોળમા સ્વર્ગ સુધી ઊપજે છે, અને દેવનું આયુષ્ય પૂર્ણ થતાં મનુષ્ય-શરીર પામી, મુનિપદ અંગીકાર કરી મોક્ષ (પૂર્ણ શુદ્ધતા) પ્રાપ્ત કરે છે.

સમ્યક્ચારિત્રની ભૂમિકામાં રહેલા રાગના કારણે તે જીવ સ્વર્ગમાં દેવપદ પામે છે, ધર્મનું ફળ સંસારની ગતિ નથી. પણ સંવર-નિર્જરારૂપ શુદ્ધભાવ છે; ધર્મની પૂર્ણતા તે મોક્ષ છે.

## ચોથી ઢાળનો સારાંશ

સમ્યગ્દર્શનના અભાવમાં જે જ્ઞાન હોય છે તેને કુજ્ઞાન (મિથ્યાજ્ઞાન) કહેવામાં આવે છે. સમ્યગ્દર્શન થયા પછી તે જ જ્ઞાનને સમ્યગ્જ્ઞાન કહેવાય છે. આ રીતે જોકે એ બન્ને (સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન) સાથે જ હોય છે, તોપણ તેનાં લક્ષણો જુદા જુદા છે અને કારણ-કાર્ય ભાવનો તફાવત છે અર્થાત્ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાનનું નિમિત્તકારણ છે.

પોતાને અને પરવસ્તુઓને જેવી રીતે છે તેવી રીતે સ્વ-સન્મુખતાપૂર્વક જાણે તે સમ્યગ્જ્ઞાન કહેવાય છે, તેની વૃદ્ધિ થતાં

---

* જ્યાં ક્રોધ વગેરેને વશ થઈને ઝેર, શસ્ત્ર અથવા અન્નત્યાગ વગેરેથી પ્રાણ છોડવામાં આવે છે ત્યાં 'આપઘાત') કહેવાય છે; પણ 'સંલ્લેખના'માં સમ્યગ્દર્શન સહિત આત્મકલ્યાણ (ધર્મ) ના હેતુથી કાયા અને કષાયને કૃશ કરતાં થકાં સમ્યક્ આરાધનાપૂર્વક સમાધિમરણ થતું હોવાથી તે આપઘાત નથી પણ ધર્મધ્યાન છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

છેવટે કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે. સમ્યગ્જ્ઞાન સિવાય સુખદાયક વસ્તુ બીજી કોઈ નથી અને તે જ જન્મ, જરા અને મરણનો નાશ કરે છે. મિથ્યાદૃષ્ટિ જીવને સમ્યગ્જ્ઞાન વિના કરોડો જન્મો સુધી તપ તપવાથી જેટલાં કર્મો નાશ પામે તેટલાં કર્મો સમ્યગ્જ્ઞાની જીવને ત્રિગુપ્તિથી ક્ષણમાત્રમાં નાશ થઈ જાય છે. પૂર્વે જે જીવ મોક્ષમાં ગયા છે, ભવિષ્યમાં જશે અને હાલ મહાવિદેહ ક્ષેત્રથી જઈ રહ્યા છે તે બધો પ્રભાવ સમ્યગ્જ્ઞાનનો છે. જેવી રીતે મૂશળધાર વરસાદ વનના ભયંકર અગ્નિને ક્ષણમાત્રમાં નષ્ટ કરે છે તેવી રીતે આ સમ્યગ્જ્ઞાન વિષયવાસનાઓને ક્ષણમાત્રમાં નાશ કરે છે.

પુણ્ય-પાપના ભાવ તે જીવના ચારિત્રગુણના વિકારી (અશુદ્ધ) પર્યાયો છે, તે રહેંટના ઘડાની માફક ઉલટપાલટ થયા કરે છે; તે પુણ્ય-પાપના ફળોમાં જે સંયોગો પ્રાપ્ત થાય તેમાં હર્ષ-શોક કરવો તે મૂર્ખતા છે. પ્રયોજનભૂત વાત તો એ છે કે પુણ્ય-પાપ, વ્યવહાર અને નિમિત્તની રુચિ છોડીને સ્વસન્મુખ થઈ સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરવું.

આત્મા અને પર વસ્તુઓનું ભેદવિજ્ઞાન થતાં સમ્યગ્જ્ઞાન થાય છે; તેથી સંશય, વિપર્યય અને અનધ્યવસાયનો ત્યાગ કરીને તત્ત્વના અભ્યાસ વડે સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ, કારણ કે મનુષ્યપર્યાય, ઉત્તમ શ્રાવકકુળ અને જિનવાણીનું સાંભળવું વગેરે સુયોગ-જેમ સમુદ્રમાં ડૂબેલું રત્ન ફરી હાથ આવતું નથી તેમ વારંવાર મળતો નથી. એવો દુર્લભ સુયોગ પામીને સમ્યગ્ધર્મ પ્રગટ ન કરવો તે મૂર્ખતા છે.

સમ્યગ્જ્ઞાનને પ્રાપ્ત કરીને* સમ્યક્ચારિત્ર પ્રગટ કરવું જોઈએ; ત્યાં સમ્યક્ચારિત્રની ભૂમિકામાં જે કંઈ રાગ રહે છે તે શ્રાવકને અણુવ્રત અને મુનિને મહાવ્રતના પ્રકારનો હોય છે, તેને સમ્યગ્દષ્ટિ પુણ્ય માને છે, ધર્મ માનતા નથી.

જે શ્રાવક નિરતિચાર સમાધિમરણને ધારણ કરે છે તે સમતાપૂર્વક આયુષ્ય પૂરું થવાથી યોગ્યતા પ્રમાણે સોળમા સ્વર્ગ સુધી ઉત્પન્ન થાય છે, અને ત્યાંથી આયુષ્ય પૂર્ણ થતાં મનુષ્ય પર્યાય પામે છે; પછી મુનિપદ પ્રગટ કરી મોક્ષ પામે છે. માટે સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક ચારિત્રનું પાલન કરવું તે દરેક આત્મહિતૈષી જીવનું કર્તવ્ય છે.

નિશ્ચયસમ્યક્ચારિત્ર તે જ ખરું ચારિત્ર છે-એમ શ્રદ્ધા કરવી અને તે ભૂમિકામાં જે શ્રાવક અને મુનિના વ્રતના વિકલ્પ ઊઠે છે તે ખરું ચારિત્ર નથી પણ ચારિત્રમાં થતો દોષ છે, પણ તે ભૂમિકામાં તેવો રાગ આવ્યા વિના રહેતો નથી અને તે સમ્યક્ચારિત્રમાં એવા પ્રકારનો રાગ નિમિત્ત હોય તેને સહચર ગણીને તેને વ્યવહારસમ્યક્ચારિત્ર કહેવામાં આવે છે. વ્યવહાર સમ્યક્ચારિત્રને ખરું સમ્યક્ચારિત્ર માનવાની શ્રદ્ધા છોડવી જોઈએ.

---

न हि सम्यग्व्यपदेशं चारित्रमज्ञानपूर्वकं लभते।
ज्ञानान्तरमुक्तं चारित्राराधनं तस्मात् ।।३८।।

**અર્થઃ-** અજ્ઞાનપૂર્વક ચારિત્ર સમ્યક્ કહેવાતું નથી. તેથી ચારિત્રનું આરાધન જ્ઞાન થયા પછી કહેલ છે. [ પુરુષાર્થ સિદ્ધયુપાય ગા. ૩૮ ]

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ચોથી ઢાળનો ભેદ-સંગ્રહ

કાળઃ- નિશ્ચયકાળ અને વ્યવહારકાળ; અથવા ભૂત, ભવિષ્ય અને વર્તમાન.

ચારિત્રઃ-મોહ-ક્ષોભ રહિત આત્માના શુદ્ધ પરિણામ, ભાવલિંગી શ્રાવકપદ અને ભાવલિંગી મુનિપદ.

જ્ઞાનના દોષઃ- સંશય, વિપર્યય અને અનધ્યવસાય (અચોક્કસતા.)

દિશાઃ- પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, ઈશાન, વાયવ્ય, નૈઋત્ય, અગ્નિકોણ, ઊર્ધ્વ અને અધો-એ દશ છે.

પર્વ ચતુષ્ટયઃ- દરેક માસની બે આઠમ તથા બે ચૌદશ.

મુનિઃ- સમસ્ત વ્યાપારથી વિરક્ત, ચાર પ્રકારની આરાધનામાં તલ્લીન, નિર્ગ્રંથ અને નિર્મોહ એવા સર્વ સાધુ હોય છે. (નિયમસાર-ગા. ૭૫) તેઓ નિશ્ચયસમ્યગ્દર્શન સહિત વિરાગી થઈને, સમસ્ત પરિગ્રહનો ત્યાગ કરીને, શુદ્ધોપયોગરૂપ મુનિધર્મ અંગીકાર કરીને, અંતરંગમાં શુદ્ધોપયોગરૂપ દ્વારા પોતાના આત્માનો અનુભવ કરે છે. પરદ્રવ્યમાં અહંબુદ્ધિ કરતા નથી, જ્ઞાનાદિ સ્વભાવને જ પોતાના માને છે, પરભાવોમાં મમત્વ કરતા નથી, કોઈને ઇષ્ટ-અનિષ્ટ માની તેમાં રાગ-દ્વેષ કરતા નથી. હિંસાદિ અશુભ ઉપયોગનું તો તેને અસ્તિત્વ જ મટી ગયું હોય છે. અનેકવાર સાતમા ગુણસ્થાનના નિર્વિકલ્પ આનંદમાં

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



લીન થાય છે. જ્યારે છઠ્ઠા ગુણસ્થાનમાં આવે છે ત્યારે તેને ૨૮ મૂળગુણોને અખંડિતપણે પાળવાના શુભવિકલ્પ આવે છે. તેને ત્રણ કષાયના અભાવરૂપ નિશ્ચયસમ્યક્ચારિત્ર હોય છે તથા ત્રણે કાળ ભાવલિંગી મુનિને નગ્ન-દિગમ્બર દશા હોય છે તેમાં કદી અપવાદ હોતો નથી, માટે વસ્ત્રાદિ સહિત મુનિ હોય નહિ.

વિકથાઃ- સ્ત્રી, ભોજન, દેશ અને રાજ્ય એ ચારની અશુભ-ભાવરૂપ કથા તે વિકથા છે.

શ્રાવકવ્રતઃ- ૫ અણુવ્રત, ૩ ગુણવ્રત, અને ૪ શિક્ષાવ્રત એ બાર વ્રત છે.

રોગત્રયઃ- ત્રણ રોગ-જન્મ, જરા અને મરણ.

હિંસાઃ- ૧. ખરેખર રાગાદિ ભાવોનું પ્રગટ ન થવું તે અહિંસા છે, અને તે રાગાદિ ભાવોની ઉત્પત્તિ થવી તે હિંસા છે, એવું જૈનશાસ્ત્રનું ટૂંકું રહસ્ય છે.

૨. સંકલ્પી, આરંભી, ઉદ્યોગિની અને વિરોધિની એ ચાર અથવા દ્રવ્યહિંસા અને ભાવહિંસા એ બે.

## ચોથી ઢાળનો લક્ષણ-સંગ્રહ

અણુવ્રતઃ- નિશ્ચયસમ્યગ્દર્શન સહિત ચારિત્રગુણની આંશિક શુદ્ધિ થવાથી (અનંતાનુબંધી તથા અપ્રત્યાખ્યાની

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

કષાયોના અભાવપૂર્વક) ઉત્પન્ન આત્માની શુદ્ધિ વિશેષને દેશચારિત્ર કહે છે. આ શ્રાવક દશામાં પાંચ પાપોનો સ્થૂળરૂપ એકદેશ ત્યાગ હોય છે તેને અણુવ્રત કહેવામાં આવે છે.

અતિચારઃ- વ્રતની અપેક્ષા રાખવા છતાં તેનો એકદેશ ભંગ થવો તે અતિચાર કહેવાય છે.

અનધ્યવસાયઃ- (મોહ) -'કાંઈક છે' પણ શું છે તેના નિશ્ચયરહિત જ્ઞાનને અનધ્યવસાય કહે છે.

અનર્થદંડઃ- પ્રયોજન વગરની મન, વચન, કાયા તરફની અશુભ પ્રવૃત્તિ.

અનર્થદંડવ્રતઃ- પ્રયોજન વગરની મન, વચન, કાયા તરફની અશુભ પ્રવૃત્તિનો ત્યાગ.

અવધિજ્ઞાનઃ- દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની મર્યાદાપૂર્વક રૂપી પદાર્થોને સ્પષ્ટ જાણનારું જ્ઞાન.

ઉપભોગઃ- વારંવાર ભોગવી શકાય તેવી વસ્તુ.

ગુણઃ- દ્રવ્યના આશ્રયે, દ્રવ્યના બધા ભાગમાં અને તેની બધી હાલતમાં જે હંમેશાં રહે તે.

ગુણવ્રતઃ- અણુવ્રતો અને મૂળગુણોને પુષ્ટ કરનારું વ્રત.

પરઃ- આત્માથી (જીવથી) જુદી વસ્તુઓને પર કહેવાય છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પરોક્ષ:- ઇન્દ્રિય વગેરે પરવસ્તુ જેમાં નિમિત્તમાત્ર છે એવા જ્ઞાનને પરોક્ષ કહે છે.

પ્રત્યક્ષ:- (૧) આત્માના આશ્રયે થતું અતીન્દ્રિય જ્ઞાન.

(૨) અક્ષપ્રતિ:- અક્ષ = આત્મા અથવા જ્ઞાન;

પ્રતિ = (અક્ષની) સામે-નિકટમાં.

પ્રતિ+અક્ષ = આત્માના સંબંધમાં હોય એવું.

પર્યાય:- ગુણોના વિશેષ કાર્યને (પરિણમનને) પર્યાય કહે છે.

ભોગ:- એક જ વાર ભોગવી શકાય તેવી વસ્તુ.

મતિજ્ઞાન:- (૧) પરાશ્રયની બુદ્ધિ છોડીને દર્શનઉપયોગ પૂર્વક સ્વસન્મુખતાથી પ્રગટ થવાવાળા નિજ આત્માના જ્ઞાનને મતિજ્ઞાન કહે છે.

(૨) ઇન્દ્રિય અને મન જેમાં નિમિત્તમાત્ર છે, એવા જ્ઞાનને મતિજ્ઞાન કહે છે.

મહાવ્રત:- હિંસા, વગેરે પાંચ પાપોનો સર્વથા ત્યાગ.

[નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન અને વીતરાગચારિત્ર રહિત એકલા વ્યવહારવ્રતના શુભ ભાવને મહાવ્રત કહેલ નથી પણ બાળવ્રત-અજ્ઞાનવ્રત કહેલ છે.]

મન:પર્યયજ્ઞાન:- દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની મર્યાદાથી બીજાના મનમાં રહેલ સરલ અથવા ગૂઢ, રૂપી પદાર્થોને જાણવાવાળું જ્ઞાન.

કેવળજ્ઞાન:- જે ત્રણકાળ અને ત્રણલોકવર્તી સર્વ પદાર્થોને

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

(અનંતધર્માત્મક *સર્વ દ્રવ્ય-ગુણ-પર્યાયને) પ્રત્યેક સમયમાં યથાસ્થિત, પરિપૂર્ણરૂપે સ્પષ્ટ અને એક-સાથે જાણે છે તેને કેવળજ્ઞાન કહે છે.

વિપર્યય:- ઊંધું જ્ઞાન; જેમકે છીપને ચાંદી જાણવી, ચાંદીને છીપ જાણવી.

વ્રત:- શુભ કાર્ય કરવાં અશુભ કાર્ય છોડવા તે; અથવા હિંસા, અસત્ય, ચોરી, મૈથુન અને પરિગ્રહ-એ પાંચ પાપોથી ભાવપૂર્વક વિરક્ત થવું તેને વ્રત કહે છે. (સમ્યગ્દર્શન થયા પછી વ્રત હોય છે.)

શિક્ષાવ્રત:- મુનિવ્રત પાળવાની શિક્ષા દેનારું વ્રત.

---

* દ્રવ્ય, ગુણ, પર્યાયોને કેવળજ્ઞાની ભગવાન જાણે છે પણ તેના અપેક્ષિત ધર્મોને જાણી શકતા નથી-એમ માનવું તે અસત્ય છે. અને તે અનંતને અથવા માત્ર પોતાના આત્માને જ જાણે પણ સર્વને ન જાણે એમ માનવું તે પણ ન્યાયથી વિરુદ્ધ છે. (લઘુ જૈન સિ. પ્રવેશિકા પ્ર. ૮૭, પા. ૨૬) કેવળજ્ઞાની ભગવાન ક્ષાયોપશમિક જ્ઞાનવાળા જીવોની માફક અવગ્રહ, ઈહા, અવાય અને ધારણારૂપ ક્રમથી જાણતા નથી પરંતુ સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને યુગપત્ (એકસાથે) જાણે છે એ રીતે તેમને બધુંય પ્રત્યક્ષ વર્તે છે. (પ્રવચનસાર ગા. ૨૧ ની ટીકા ભાવાર્થ) અતિ વિસ્તારથી બસ થાઓ. અનિવારિત (રોકી ન શકાય એવો અમર્યાદિત) જેનો ફેલાવ છે એવા પ્રકાશવાળું હોવાથી ક્ષાયિકજ્ઞાન (કેવળજ્ઞાન અવશ્યમેવ, સર્વદા, સર્વત્ર, સર્વથા, સર્વને જાણે છે. (પ્રવચનસાર-ગા. ૪૭ ની ટીકા)

**નોંધ:-** શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મન:પર્યયજ્ઞાન અને કેવળજ્ઞાનથી સિદ્ધ થાય છે કે પ્રત્યેક દ્રવ્યમાં નિશ્ચિત અને ક્રમબદ્ધ પર્યાય થાય છે, આડાઅવળા થતા નથી.

શ્રુતજ્ઞાનઃ- ૧. મતિજ્ઞાનથી જાણેલા પદાર્થોના સંબંધથી અન્ય પદાર્થોને જાણવાવાળા જ્ઞાનને શ્રુતજ્ઞાન કહે છે.

૨. આત્માની શુદ્ધ અનુભૂતિરૂપ શ્રુતજ્ઞાનને ભાવશ્રુતજ્ઞાન કહે છે.

સંન્યાસ (સંલ્લેખના) :-આત્માનો ધર્મ સમજીને પોતાની શુદ્ધતા માટે કષાયોને અને શરીરને કૃશ કરવાં (શરીર તરફનું લક્ષ છોડી દેવું) તે સમાધિ અથવા સંલ્લેખના કહેવાય છે.

સંશયઃ- વિરોધતા સહિત અનેક પ્રકારોને અવલંબન કરનારું જ્ઞાન. જેમકે-આ છીપ હશે કે ચાંદી હશે? આત્મા પોતાનું જ કાર્ય કરી શકતો હશે કે પરનું પણ કરી શકતો હશે? દેવ-શાસ્ત્ર-ગુરુ, જીવાદિ સાત તત્ત્વ વગેરેનું સ્વરૂપ આવું જ હશે કે અન્ય મતમાં કહે છે તેવું હશે?

## ચોથી ઢાળનું અંતર-પ્રદર્શન

૧. દિગ્વ્રતની મર્યાદા તો જિંદગી સુધીને માટે છે પણ દેશવ્રતની મર્યાદા ઘડી, કલાક વગેરે મુકરર કરેલ વખત સુધીની છે.

૨. પરિગ્રહપરિમાણ વ્રતમાં પરિગ્રહનું જેટલું પ્રમાણ (મર્યાદા) કરવામાં આવે છે તેનાથી પણ ઓછું પ્રમાણ ભોગોપભોગપરિમાણ વ્રતમાં કરવામાં આવે છે.

૩. પૌષધમાં તો આરંભ અને વિષય-કષાયાદિનો ત્યાગ કરવા છતાં એકવાર ભોજન કરવામાં આવે છે, ઉપવાસમાં તો અન્ન-જળ-ખાદ્ય અને સ્વાદ્ય એ ચારે આહારનો સર્વથા ત્યાગ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



હોય છે, અને પૌષધ-ઉપવાસમાં આરંભ, વિષય-કષાય અને ચારેય આહારનો ત્યાગ તથા તેના ધારણા (ઉત્તરપારણા) અને પારણાના દિવસે એટલે કે આગળ-પાછળના દિવસે પણ એકાસણું કરવામાં આવે છે.

૪. ભોગ તો એક જ વાર ભોગવવા યોગ્ય હોય છે પણ ઉપભોગ વારંવાર ભોગવી શકાય છે. (આત્મા પરવસ્તુને વ્યવહારથી પણ ભોગવી શકતો નથી પણ મોહ વડે હું આને ભોગવું છું એમ માને છે અને તે સંબંધી રાગને, હર્ષ-શોકને ભોગવે છે. તે બતાવવા માટે તેનું કથન કરવું તે વ્યવહાર છે.)

## ચોથી ઢાળની પ્રશ્નાવલી

૧. અચૌર્યવ્રત, અણુવ્રત, અતિચાર, અતિથિસંવિભાગ, અનધ્યવસાય, અનર્થદંડ, અનર્થદંડવ્રત, અપધ્યાન, અવધિજ્ઞાન, અહિંસાણુવ્રત, ઉપભોગ, કેવળજ્ઞાન, ગુણવ્રત, દિગ્વ્રત, દુઃશ્રુત, દેશવ્રત, દેશપ્રત્યક્ષ, પરિગ્રહપરિમાણાણુવ્રત, પરોક્ષ, પાપોપદેશ, પ્રત્યક્ષ, પ્રમાદચર્યા, પૌષધ-ઉપવાસ, બ્રહ્મચર્યાણુવ્રત, ભોગ-ઉપભોગપરિમાણુવ્રત, ભોગ, મતિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન, વિપર્યય, વ્રત, શિક્ષાવ્રત, શ્રુતજ્ઞાન, સકલપ્રત્યક્ષ, સમ્યગ્જ્ઞાન, સત્યાણુવ્રત, સામાયિક, સંશય, સ્વસ્ત્રીસંતોષવ્રત અને હિંસાદાન એ વગેરેના લક્ષણ બતાવો.

૨. અણુવ્રત, અનર્થદંડવ્રત, કાળ, ગુણવ્રત, દેશપ્રત્યક્ષ, દિશા, પરોક્ષ, પર્વ, પાત્ર, પ્રત્યક્ષ, વિકથા, વ્રત, રોગત્રય, શિક્ષાવ્રત, સમ્યક્ચારિત્ર, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્જ્ઞાનના દોષો અને સંલ્લેખના

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



દોષ વગેરેના ભેદ બતાવો.

૩. અણુવ્રત, અનર્થદંડવ્રત, ગુણવ્રત, એવા નામ રાખવાનું કારણ, અવિચલ જ્ઞાનપ્રાપ્તિ; ગ્રૈવેયકો સુધી જવા છતાં સુખનો અભાવ; દિગ્વ્રત, દેશવ્રત, પાપોપદેશ એવા નામનું કારણ; પુણ્ય-પાપના ફળમાં હર્ષ-શોકનો નિષેધ; શિક્ષાવ્રત નામનું કારણ; સમ્યગ્જ્ઞાન, જ્ઞાન, જ્ઞાનોની પરોક્ષતા-પ્રત્યક્ષતા-દેશપ્રત્યક્ષતા અને સકલપ્રત્યક્ષતા એ વગેરેના કારણ બતાવો.

૪. અણુવ્રત અને મહાવ્રતમાં, દિગ્વ્રત અને દેશવ્રતમાં, પરિગ્રહપરિમાણાણુવ્રત અને ભોગોપભોગ પરિમાણવ્રતમાં, પૌષધમાં, ઉપવાસમાં અને પૌષધોપવાસમાં, ભોગ અને ઉપભોગમાં, યમ અને નિયમમાં, જ્ઞાની અને અજ્ઞાનીના કર્મનાશમાં તથા સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનમાં શો તફાવત છે તે બતાવો.

૫. અનધ્યવસાય, મનુષ્યપર્યાય આદિની દુર્લભતા, વિપર્યય વિષય-ઇચ્છા, સમ્યગ્જ્ઞાન અને સંશય તેના દૃષ્ટાંત બતાવો.

૬. અનર્થદંડોનું પૂર્ણ પરિમાણ, અવિચળ સુખનો ઉપાય, આત્મજ્ઞાનની પ્રાપ્તિનો ઉપાય, જન્મ-મરણ દૂર કરવાનો ઉપાય, દર્શન અને જ્ઞાનમાં પહેલી ઉત્પત્તિ, ધનાદિકથી લાભ ન થવો, નિરતિચાર શ્રાવકવ્રત પાળવાથી લાભ, બ્રહ્મચર્યાણુવ્રતીનો વિચાર, ભેદવિજ્ઞાનની જરૂર, મનુષ્યપર્યાયની દુર્લભતા તથા તેની સફળતાનો ઉપાય, મરણ વખતનું કર્તવ્ય, વૈદ્ય-ડોકટર વગેરે દ્વારા મરણ થાય છતાં અહિંસા, શત્રુનો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



સામનો કરવો-ન કરવો, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્જ્ઞાન થવાનો વખત અને તેનો મહિમા, સંલ્લેખનાનો વિધિ અને કર્તવ્ય, જ્ઞાન વગર મુક્તિનો તથા સુખનો અભાવ, જ્ઞાનનું ફળ તથા જ્ઞાની-અજ્ઞાનીના કર્મનાશ અને વિષયની ઇચ્છાને શાંત કરવાનો ઉપાય-એ વગેરેનું વર્ણન કરો.

૭. અટલ પદાર્થ, અતિથિસંવિભાગનું બીજું નામ, ત્રણ રોગનો નાશ કરનાર વસ્તુ, મિથ્યાદ્રષ્ટિ મુનિ, વર્તમાનમાં મુક્તિ થઈ શકે એવું ક્ષેત્ર, વ્રતધારીને મળનારી ગતિ, પ્રયોજનભૂત વાત, બધું જાણનાર જ્ઞાન અને સર્વોત્તમ સુખ આપનાર વસ્તુનું ફક્ત નામ બતાવો.

૮. અમુક શબ્દ, ચરણ અથવા પદ્યનો અર્થ અને ભાવાર્થ બતાવો. ચોથી ઢાળનો સારાંશ કહો.

૯. અણુવ્રત, દિગ્વ્રત, બારવ્રત, શિક્ષાવ્રત અને દેશચારિત્ર સંબંધી જે જાણતા હો તે કહો.

❄


Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

# પાંચમી ઢાળ

( ચાલ છંદ )

## ભાવનાઓના ચિંતવનનું કારણ, તેના અધિકારી અને તેનું ફળ

**મુનિ સકલવ્રતી બડભાગી, ભવ-ભોગનતૈં વૈરાગી;**
**વૈરાગ્ય ઉપાવન માઈ, ચિંતૈ અનુપ્રેક્ષા ભાઈ. ૧.**




**અન્વયાર્થઃ-** ( ભાઈ ) હે ભવ્ય જીવ! ( સકલવ્રતી ) મહાવ્રતના ધારક ( મુનિ ) ભાવલિંગી મુનિરાજ ( બડભાગી ) મહાન પુરુષાર્થી છે. કારણ કે તેઓ ( ભવ-ભોગનતૈં ) સંસાર અને ભોગોથી ( વૈરાગી ) વિરક્ત હોય છે અને ( વૈરાગ્ય ) વીતરાગતાને ( ઉપાવન ) ઉત્પન્ન કરવા માટે ( માઈ ) માતા સમાન ( અનુપ્રેક્ષા ) બાર ભાવનાઓનું ( ચિન્તૈ ) ચિંતવન કરે છે.

**ભાવાર્થઃ-** પાંચ મહાવ્રતોને ધારણ કરનાર ભાવલિંગી મુનિરાજ મહાપુરુષાર્થવાન છે, કેમકે તેઓ સંસાર, શરીર અને ભોગોથી અત્યંત વિરક્ત હોય છે; અને જેવી રીતે કોઈ માતા


Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પુત્રને જન્મ આપે છે તેવી રીતે આ બાર ભાવનાઓ વૈરાગ્યને પેદા કરે છે તેથી મુનિરાજ આ બાર ભાવનાઓનું ચિંતવન કરે છે.

## ભાવનાઓનું ફળ અને મોક્ષસુખપ્રાપ્તિનો સમય

**ઇન ચિન્તત સમ સુખ જાગૈ, જિમિ જ્વલન પવનકે લાગૈ;**
**જબ હી જિય આતમ જાનૈ, તબ હી જિય શિવસુખ ઠાનૈ. ૨.**



**અન્વયાર્થઃ-** (જિમિ) જેવી રીતે (પવનકે) પવનના (લાગૈ) લાગવાથી (જ્વલન) અગ્નિ (જાગૈ) ભભૂકી ઊઠે છે, [તેવી રીતેઆબારભાવનાઓનું ] (ચિન્તત) ચિંતવન કરવાથી (સમ સુખ) સમતારૂપી સુખ (જાગૈ) પ્રગટ થાય છે. (જબ હી) જ્યારે (જિય) જીવ (આતમ) આત્મસ્વરૂપને (જાનૈ) જાણે છે (તબ હી) ત્યારે જ (જિય) જીવ (શિવસુખ) મોક્ષસુખને (ઠાનૈ) પ્રાપ્ત કરે છે.

**ભાવાર્થઃ-** જેવી રીતે પવન લાગવાથી અગ્નિ એકદમ ભભૂકી

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates




ઊઠે છે તેવી રીતે આ બાર ભાવનાઓનું વારંવાર ચિંતવન કરવાથી સમતા (શાંતિ) રૂપી સુખ પ્રગટ થઈ જાય છે-વધી જાય છે. જ્યારે આ જીવ આત્મસ્વરૂપને જાણે છે ત્યારે પર પદાર્થોથી સંબંધ છોડીને પરમાનંદમય સ્વ-સ્વરૂપમાં લીન થઈને સમતારસનું પાન કરે છે અને છેવટે મોક્ષસુખને પ્રાપ્ત કરે છે.

[ તે બાર ભાવનાઓનું સ્વરૂપ કહેવાય છે- ]

## ૧-અનિત્ય ભાવના

**જોબન ગૃહ ગો ધન નારી, હય ગય જન આજ્ઞાકારી;**
**ઇન્દ્રિય-ભોગ છિન થાઈ, સુરધનુ ચપલા ચપલાઈ. ૩.**




**અન્વયાર્થઃ-** (જોબન) યુવાની, (ગૃહ) ઘર, (ગો) ગાય, (ધન) લક્ષ્મી, (નારી) સ્ત્રી, (હય) ઘોડા, (ગય) હાથી, (જન) કુટુંબી, (આજ્ઞાકારી) આજ્ઞા ઉઠાવનાર નોકર-ચાકર અને (ઇન્દ્રિય-ભોગ) પાંચ ઇન્દ્રિયોના ભોગ એ બધા (સુરધનુ) ઇન્દ્રધનુષ્ય તથા (ચપલા) વીજળીની (ચપલાઈ) ચંચળતા-ક્ષણિકતાની માફક (છિન થાઈ) ક્ષણમાત્ર રહેનારાં છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

**ભાવાર્થ:-** યુવાની, મકાન, ગાય, ભેંસ, ધન, ઝવેરાત, સ્ત્રી, ઘોડા, હાથી, કુટુંબી, નોકર અને પાંચ ઇન્દ્રિયોના વિષય એ બધી ચીજો ક્ષણિક છે-અનિત્ય છે-નાશવંત છે. જેમ ઇન્દ્રધનુષ અને વીજળી વગેરે જોતજોતામાં વિલય થઈ જાય છે તેમ આ જુવાની વગેરે પણ થોડા વખતમાં નાશ પામે છે. તે કોઈ પદાર્થ નિત્ય અને સ્થાયી નથી પણ નિજશુદ્ધાત્મા જ નિત્ય અને સ્થાયી છે-એમ સ્વસન્મુખતાપૂર્વક ચિંતવન કરી, સમ્યગ્દષ્ટિ જીવ વીતરાગતાની વૃદ્ધિ કરે છે તે અનિત્ય ભાવના છે. મિથ્યાદષ્ટિ જીવને અનિત્યાદિ એક પણ સાચી ભાવના હોતી નથી.

## ૨-અશરણ ભાવના

**સુર અસુર ખગાધિપ જેતે, મૃગ જ્યોં હરિ, કાલ દલે તે;**
**મણિ મંત્ર તંત્ર બહુ હોઈ, મરતે ન બચાવૈ કોઈ. ૪.**



Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અન્વયાર્થઃ-** (સુર અસુર ખગાધિપ) દેવના ઇન્દ્ર, અસુરના ઇન્દ્ર અને ખગેન્દ્ર [ગરુડ, હંસ] (જેતે) જે જે છે (તે) તે બધાનો (મૃગ હરિ જ્યોં) જેમ હરણને સિંહ મારી નાખે છે તેમ (કાલ) મરણ (દલે) નાશ કરે છે. (મણિ) ચિંતામણિ વગેરે મણિ-રત્નો (મંત્ર) મોટા મોટા રક્ષામંત્ર (તંત્ર) તંત્ર (બહુ હોઈ) ઘણાં હોવા છતાં (મરતે) મરણ પામનારને (કોઈ) તે કોઈ (ન બચાવૈ) બચાવી શકતું નથી.

**ભાવાર્થઃ-** સંસારમાં જે જે દેવેન્દ્ર, અસુરેન્દ્ર, ખગેન્દ્ર, (પક્ષીઓના રાજા) વગેરે છે તે સર્વનો-જેમ હરણને સિંહ મારી નાખે છે તેમ-મૃત્યુ નાશ કરે છે. ચિંતામણિ વગેરે મણિ, મંત્ર અને જંત્ર-તંત્ર વગેરે કોઈપણ મરણથી બચાવી શકતું નથી.

અહીં એમ સમજવું કે નિજ આત્મા જ શરણ છે, તે સિવાય અન્ય કોઈ શરણ નથી. કોઈ જીવ બીજા જીવની રક્ષા કરી શકવા સમર્થ નથી; માટે પરથી રક્ષાની આશા નકામી છે. સર્વત્ર-સદાય એક નિજ આત્મા જ પોતાનું શરણ છે. આત્મા નિશ્ચયથી મરતો જ નથી, કેમકે તે અનાદિ-અનંત છે-એમ સ્વસન્મુખતાપૂર્વક ચિંતવન કરી સમ્યગ્દષ્ટિ જીવ વીતરાગતાની વૃદ્ધિ કરે છે તે અશરણ ભાવના છે. ૪.


## ૩-સંસાર ભાવના

**ચહુંગતિ દુખ જીવ ભરૈ હે, પરિવર્તન પંચ કરૈ હૈ;**
**સબવિધિ સંસાર અસારા, યામેં સુખ નાહિં લગારા. ૫.**

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates







**અન્વયાર્થઃ-** (જીવ) જીવ (ચહુંગતિ) ચાર ગતિમાં (દુખ) દુઃખ (ભરૈ હૈ) ભોગવે છે. અને (પંચ પરિવર્તન) પાંચ પરાવર્તન-પાંચ પ્રકારે પરિભ્રમણ (કરૈ હૈ) કરે છે. (સંસાર) સંસાર (સબવિધિ) સર્વ પ્રકારે (અસારા) સાર વગરનો છે (યામેં) તેમાં (સુખ) સુખ (લગારા) લેશમાત્ર પણ (નાહિં) નથી.

**ભાવાર્થઃ-** જીવનો અશુદ્ધ પર્યાય તે સંસાર છે. અજ્ઞાનના કારણે જીવ ચાર ગતિમાં દુઃખ ભોગવે છે અને પાંચે (દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવ) પરાવર્તન કર્યા કરે છે, પરંતુ કય ારેય શાંતિ પામતો નથી; તેથી કરીને ખરેખર સંસારભાવ બધી રીતે સાર રહિત છે, તેમાં જરાપણ સુખ નથી, કારણ કે જે રીતે સુખની કલ્પના કરવામાં આવે છે તેવું સુખનું સ્વરૂપ નથી અને જેમાં સુખ માને છે તે ખરી રીતે સુખ નથી-પણ તે પરદ્રવ્યના આલંબનરૂપ મલિન ભાવ હોવાથી આકુળતા ઉત્પન્ન કરનારો ભાવ છે. નિજ આત્મા જ સુખમય છે, તેના ધ્રુવ સ્વભાવમાં સંસાર છે જ નહિ-એમ સ્વસન્મુખતાપૂર્વક ચિંતવન કરી સમ્યગ્દષ્ટિ જીવ વીતરાગતા વધારે છે. ૫.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

## ૪-એકત્વ ભાવના

**શુભ-અશુભ કરમ ફલ જેતે, ભોગૈ જિય એક હિ તે તે;**
**સુત-દારા હોય ન સીરી, સબ સ્વારથકે હૈં ભીરી. ૬.**




**અન્વયાર્થઃ-** ( જેતે ) જેટલા ( શુભ કરમ ફલ ) શુભકર્મનાં ફળ અને ( અશુભ કરમ ફલ ) અશુભકર્મનાં ફળ છે ( તે તે ) તે બધાં ( જિય ) આ જીવ ( એક હિ ) એકલો જ ( ભોગૈ ) ભોગવે છે, ( સુત ) પુત્ર ( દારા ) સ્ત્રી ( સીરી ) સાથીદાર ( ન હોય ) થતાં નથી, ( સબ ) આ બધાં ( સ્વારથકે ) પોતાની મતલબના ( ભીરી ) સગાં ( હૈં ) છે.

**ભાવાર્થઃ-** જીવને સદાય પોતાથી પોતાનું એકત્વ અને પરથી વિભક્તપણું છે, તેથી પોતે જ પોતાનું હિત અથવા અહિત કરી શકે છે, પરનું કાંઈ કરી શકતો નથી. માટે જીવ જે કાંઈ શુભ કે અશુભ ભાવ કરે છે તેનું ફળ- ( આકુળતા ) પોતે જ એકલો ભોગવે છે. તેમાં કોઈ અન્ય-સ્ત્રી, પુત્ર, મિત્ર વગેરે ભાગીદાર

થઈ શકતાં નથી, કેમકે તે બધાં પર પદાર્થ છે અને તે જીવાદિ સર્વ પદાર્થ જીવને જ્ઞેયમાત્ર છે તેથી તેઓ કોઈપણ જીવના ખરેખર સગાં-સંબંધી છે જ નહિ, છતાં અજ્ઞાની હવે તેને પોતાના માની દુઃખી થાય છે.

સંસારમાં અને મોક્ષમાં આ જીવ એકલો જ છે એમ જાણી સમ્યગ્દૃષ્ટિ જીવ નિજ શુદ્ધ આત્મા સાથે જ પોતાનું સદાય એકત્વ માની પોતાની નિશ્ચયપરિણતિ દ્વારા શુદ્ધ એકત્વની વૃદ્ધિ કરે છે તે એકત્વ ભાવના છે. ૬.

## ૫-અન્યત્વ ભાવના

**જલ-પય જ્યોં જિય-તન મેલા, પૈ ભિન્ન ભિન્ન નહિં ભેલા;**
**તો પ્રગટ જુદે ધન-ધામા, ક્યોં હ્વૈ ઇક મિલિ સુત-રામા. ૭.**




**અન્વયાર્થઃ-** (જિય-તન) જીવ અને શરીર (જલ-પય જ્યોં) પાણી અને દૂધની જેમ (મેલા) મળેલા છે (પૈ) તોપણ (ભેલા) ભેગાં-એકરૂપ (નહિં) નથી, (ભિન્ન ભિન્ન) જુદાં-જુદાં છે; (તો) તો પછી (પ્રગટ) બહારમાં પ્રગટરૂપથી (જુદે) જુદાં દેખાય છે એવા (ધન) લક્ષ્મી, (ધામા) મકાન, (સુત)

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પુત્ર અને (રામા) સ્ત્રી વગેરે (મિલિ) મળીને (ઇક) એક (ક્યોં) કેમ (હ્વૈ) હોઈ શકે?

**ભાવાર્થઃ-** જેમ દૂધ અને પાણી એક આકાશ-ક્ષેત્રે મળેલા છે પરંતુ પોતપોતાના ગુણ વગેરેની અપેક્ષાએ બન્ને તદ્દન જુદાં જુદાં છે, તેમ આ જીવ અને શરીર પણ મળેલાં દેખાય છે તોપણ તે બન્ને પોતપોતાના સ્વરૂપાદિની અપેક્ષાએ (સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી) તદ્દન જુદાં જુદાં છે-કદી એક થતાં નથી. જીવ અને શરીર પણ જ્યાં જુદાં-જુદાં છે તો પછી પ્રગટ જુદાં દેખાતાં એવાં ધન, મકાન, બાગ-બગીચા, પુત્ર-પુત્રી અને સ્ત્રી, ગાડી, મોટર વગેરે પોતાની સાથે એક કેવી રીતે હોય? એટલે કે પુત્ર, સ્ત્રી વગેરે કોઈપણ વસ્તુ પોતાની નથી. એમ સર્વ પર પદાર્થોને પોતાનાથી ભિન્ન જાણી સ્વસન્મુખતાપૂર્વક સમ્યગ્દષ્ટિ જીવ વીતરાગતાની વૃદ્ધિ કરે છે, તે અન્યત્વ ભાવના છે. ૭.

## ૬-અશુચિ ભાવના


**પલ રુધિર રાધ મલ થૈલી, કીકસ વસાદિતૈં મૈલી;**
**નવ દ્વાર બહૈં ઘિનકારી, અસ દેહ કરૈ કિમિ યારી. ૮.**

**અન્વયાર્થઃ-** જે (પલ) માંસ, (રુધિર) લોહી, (રાધ) પરુ અને (મલ) વિષ્ટાની (થૈલી) કોથળી છે; (કીકસ) હાડકાં, (વસાદિતૈં) ચરબી વગેરેથી (મૈલી) અપવિત્ર છે અને જેમાં (ઘિનકારી) ઘૃણા-ગ્લાનિ ઉત્પન્ન કરવાવાળાં (નવ દ્વાર) નવ દરવાજા (બહૈં) વહે છે (અસ) એવા (દેહ) શરીરમાં (યારી) પ્રેમ-રાગ (કિમિ) કેમ (કરૈ) કરાય?

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates







**ભાવાર્થઃ-** આ શરીર તો માંસ, લોહી, પરુ, વિષ્ટા, વગેરેની કોથળી છે અને હાડકાં, ચરબી વગેરેથી ભરેલ હોવાથી અપવિત્ર છે; તથા નવ દ્વારોથી મેલને બહાર કાઢે છે, એવા શરીરમાં મોહ-રાગ કેમ કરાય? આ શરીર ઉપરથી તો માખની પાંખ જેવી પાતળી ચામડીથી મઢેલું છે તેથી તે બહારથી સુંદર લાગે છે, પણ જો તેની અંદરની હાલતનો વિચાર કરવામાં આવે તો તેમાં અપવિત્ર વસ્તુઓ ભરી છે. તેથી તેમાં મમતા-અહંકાર કે રાગ કરવો નકામો છે.

અહીં શરીરને મલિન બતાવવાનો આશય-ભેદજ્ઞાન દ્વારા શરીરના સ્વરૂપનું જ્ઞાન કરાવી, નિજ પવિત્રપદમાં રુચિ કરાવવાનો છે, પણ શરીર પ્રત્યે દ્વેષ ઉત્પન્ન કરાવવાનો નથી. શરીર તેના સ્વભાવથી જ અશુચિમય છે તો આ ભગવાન આત્મા નિજસ્વભાવથી જ શુદ્ધ અને સદા શુચિમય-પવિત્ર ચૈતન્ય પદાર્થ છે. તેથી સમ્યગ્દષ્ટિ જીવ પોતાના શુદ્ધ આત્માની સન્મુખતા વડે પોતાના પર્યાયમાં શુચિપણાની (પવિત્રતાની) વૃદ્ધિ કરે છે તે અશુચિ ભાવના છે. ૮.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

## ૭-આસ્રવ ભાવના

**જો યોગનકી ચપલાઈ, તાતૈં હ્વૈ આસ્રવ ભાઈ;**
**આસ્રવ દુખકાર ઘનેરે, બુધિવંત તિન્હૈં નિરવેરે. ૯.**




**અન્વયાર્થઃ-** (ભાઈ) હે ભવ્ય જીવ! (યોગનકી) યોગની (જો) જે (ચપલાઈ) ચંચળતા છે (તાતૈં) તેનાથી (આસ્રવ) આસ્રવ (હ્વૈ) થાય છે, અને (આસ્રવ) તે આસ્રવ (ઘનેરે) ઘણું (દુખકાર) દુઃખ કરનાર છે; માટે (બુધિવંત) સમજદાર (તિન્હૈં) તેને (નિરવેરે) દૂર કરે.

**ભાવાર્થઃ-** વિકારી શુભાશુભ ભાવરૂપ જે અરૂપી અવસ્થા જીવમાં થાય છે તે ભાવઆસ્રવ છે, અને તે સમયે નવીન કર્મયોગ્ય રજકણોનું સ્વયં-સ્વતઃ આવવું (આત્માની સાથે એકક્ષેત્રમાં આગમન થવું) તે દ્રવ્યાસ્રવ છે. [અને તેમાં જીવના અશુદ્ધ પર્યાય નિમિત્તમાત્ર છે.)

પુણ્ય-પાપ બેય આસ્રવ અને બંધના ભેદ છે.

પુણ્યઃ- દયા, દાન, ભક્તિ, પૂજા, વ્રત વગેરે શુભ-

ભાવ સરાગી જીવને હોય છે, તે અરૂપી અશુદ્ધ ભાવ છે; અને તે ભાવપુણ્ય છે. અને તે સમયે નવીન કર્મયોગ્ય રજ-કણોનું સ્વયં-સ્વતઃ આવવું (આત્માની સાથે એકક્ષેત્રમાં આગમન થવું) તે દ્રવ્યપુણ્ય છે. [તેમાં જીવના અશુદ્ધ પર્યાય નિમિત્તમાત્ર છે.]

પાપઃ- હિંસા, અસત્ય, ચોરી, ઇત્યાદિ જે અશુભ ભાવ છે તે ભાવપાપ છે અને તે સમયે કર્મયોગ્ય પુદ્‌ગલોનું આગમન થવું તે દ્રવ્યપાપ છે. [તેમાં જીવના અશુદ્ધ પર્યાય નિમિત્તમાત્ર છે.]

પરમાર્થથી (ખરેખર-વાસ્તવમાં) પુણ્ય-પાપ (શુભાશુભ ભાવ) આત્માને (અહિતકર છે, તથા આત્માની ક્ષણિક અશુદ્ધ અવસ્થા છે. દ્રવ્યપુણ્ય-પાપ તો પર વસ્તુ છે તે કાંઈ આત્માનું હિત-અહિત કરી શકતા નથી. આમ બરાબર નિર્ણય દરેક જ્ઞાની જીવને હોય છે, અને આ પ્રમાણે વિચાર કરી સમ્યગ્દ્રષ્ટિ જીવ સ્વદ્રવ્યના આલંબનના બળથી જેટલા અંશે આસ્રવભાવને દૂર કરે છે તેટલા અંશે તેને વીતરાગતાની વૃદ્ધિ થાય છે, તેને આસ્રવ ભાવના કહેવામાં આવે છે. ૯.


## ૮-સંવર ભાવના

**જિન પુણ્ય-પાપ નહિં કીના, આતમ અનુભવ ચિત દીના;**
**તિનહી વિધિ આવત રોકે, સંવર લહિ સુખ અવલોકે. ૧૦.**

**અન્વયાર્થઃ-** (જિન) જેઓએ (પુણ્ય) શુભ ભાવ અને (પાપ) અશુભ ભાવ (નહિં કીના) કર્યા નથી, અને માત્ર (આતમ)

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates






આત્માના (અનુભવ) અનુભવમાં [ શુદ્ધ ઉપયોગમાં ] (ચિત) જ્ઞાનને (દીના) લગાવ્યું છે (તિનહી) તેઓએ (આવત) આવતાં (વિધિ) કર્મોને (રોકે) રોકયા છે અને (સંવર લહિ) સંવર પ્રાપ્ત કરીને (સુખ) સુખનો (અવલોકે) સાક્ષાત્કાર કર્યો છે.

**ભાવાર્થઃ-** આસ્રવનું રોકાવું તે સંવર છે. સમ્યગ્દર્શનાદિ વડે મિથ્યાત્વાદિ આસ્રવો રોકાય છે. શુભ ઉપયોગ અને અશુભ ઉપયોગ બન્ને બંધના કારણ છે એમ સમ્યગ્દષ્ટિ જીવ પ્રથમથી જ જાણે છે. જોકે સાધકને નીચલી ભૂમિકામાં શુદ્ધતાની સાથે અલ્પ શુભાશુભ ભાવ હોય છે તોપણ તે બન્નેને બંધનું કારણ માને છે, તેથી સમ્યગ્દષ્ટિ જીવ સ્વદ્રવ્યના આલંબનવડે જેટલા અંશે શુદ્ધતા કરે છે તેટલા અંશે તેને સંવર થાય છે, અને ક્રમે ક્રમે તે શુદ્ધતા વધારીને પૂર્ણ શુદ્ધતા પ્રાપ્ત કરે છે. સમ્યગ્દષ્ટિ જીવ પોતે સ્વસન્મુખતાપૂર્વક જે શુદ્ધતા (સંવર) પ્રાપ્ત કરે છે તે સંવર ભાવના છે.


Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## ૯-નિર્જરા ભાવના

**નિજ કાલ પાય વિધિ ઝરના, તાસૌં નિજ કાજ ન સરના;**
**તપ કરિ જો કર્મ ખિપાવૈ, સોઈ શિવસુખ દરસાવૈ. ૧૧.**




**અન્વયાર્થઃ-** જે (નિજ કાલ) પોતપોતાની સ્થિતિ (પાય) પૂર્ણ થતાં (વિધિ) કર્મો (ઝરના) ખરી જાય છે (તાસૌં) તેનાથી (નિજ કાજ) જીવનું ધર્મરૂપી કાર્ય (ન સરના) સરતું નથી-થતું નથી, પણ (જો) જે [નિર્જરા] (તપ કરિ) આત્માના શુદ્ધ પ્રતપન દ્વારા (કર્મ) કર્મોનો (ખિપાવૈ) નાશ કરે છે [તે અવિપાક અથવા સકામ નિર્જરા છે] (સોઈ) તે (શિવસુખ) મોક્ષનું સુખ (દરસાવૈ) દેખાડે છે.

**ભાવાર્થઃ-** પોતપોતાની સ્થિતિ પૂર્ણ થતાં કર્મોનું ખરી જવું તો દરેક સમયે અજ્ઞાનીને પણ થાય છે. તે કાંઈ શુદ્ધિનું કારણ થતું નથી. પરંતુ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અને આત્માના શુદ્ધ પ્રતપન વડે જે કર્મો ખરી જાય છે તે અવિપાક અથવા સકામ નિર્જરા કહેવાય છે. તે પ્રમાણે શુદ્ધિની વૃદ્ધિ થતાં થતાં સંપૂર્ણ નિર્જરા થાય છે, ત્યારે જીવ શિવસુખ (સુખની પૂર્ણતારૂપ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com


Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



મોક્ષ) પામે છે. એમ જાણતો સમ્યગ્દષ્ટિ જીવ સ્વદ્રવ્યના આલંબન વડે જે શુદ્ધિની વૃદ્ધિ કરે છે તે નિર્જરા ભાવના છે. ૧૧.

## ૧૦-લોક ભાવના

**કિનહૂ ન કરૌ ન ધરૈ કો, ષડ્દ્રવ્યમયી ન હરૈ કો;**
**સો લોકમાંહિ વિન સમતા, દુખ સહૈ જીવ નિત ભ્રમતા. ૧૨.**




**અન્વયાર્થઃ-** આ લોકને (કિનહૂ) કોઈએ (ન કરૌ) બનાવ્યો નથી, (કો) કોઈએ (ન ધરૈ) ટકાવી રાખ્યો નથી, (કો) કોઈ (ન હરૈ) નાશ કરી શકતો નથી; [અને આ લોક] (ષડ્દ્રવ્યમયી) છ દ્રવ્યસ્વરૂપ છે-છ દ્રવ્યોથી ભરેલો છે. (સો) એવા (લોકમાંહિ) લોકમાં (વિન સમતા) વીતરાગી સમતા વિના (નિત) હંમેશાં (ભ્રમતા) ભટકતો થકો (જીવ) જીવ (દુખ સહૈ) દુઃખ સહન કરે છે.


**ભાવાર્થઃ-** બ્રહ્મા વગેરે કોઈએ આ લોકને બનાવ્યો નથી, વિષ્ણુ અગર તો શેષનાગ વગેરે કોઈએ ટકાવી રાખ્યો નથી, તથા મહાદેવ વગેરે કોઈથી પણ નષ્ટ કરી શકાતો નથી; પણ આ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

છ દ્રવ્યમય લોક છે તે પોતાથી જ અનાદિ-અનંત છે. છએ દ્રવ્યો નિત્ય સ્વ-સ્વરૂપે ટકીને નિરંતર પોતાના નવા નવા પર્યાયો (અવસ્થા) થી ઉત્પાદ-વ્યયરૂપે પરિણમન કર્યા કરે છે. એક દ્રવ્યમાં બીજા દ્રવ્યનો અધિકાર નથી. આ છ દ્રવ્યસ્વરૂપ લોક તે મારું સ્વરૂપ નથી, તે મારાથી ત્રિકાળ ભિન્ન છે, હું તેનાથી ભિન્ન છું, મારો શાશ્વત ચૈતન્યલોક તે જ મારું સ્વરૂપ છે. એમ ધર્મી જીવ વિચારે છે અને સ્વસન્મુખતા દ્વારા વિષમતા મટાડી, સામ્યભાવ-વીતરાગતા વધારવાનો અભ્યાસ કરે છે તે લોક ભાવના છે. ૧૨.

## ૧૧-બોધિદુર્લભ ભાવના

**અંતિમ ગ્રીવકલૌંકી હદ, પાયો અનંત વિરિયાં પદ;**
**પર સમ્યગ્જ્ઞાન ન લાધૌ, દુર્લભ નિજમેં મુનિ સાધૌ. ૧૩.**



**અન્વયાર્થ:-** (અંતિમ) છેલ્લી-નવમી (ગ્રીવકલૌંકી હદ) ગ્રૈવેયક સુધીનાં (પદ) પદ (અનંત વિરિયાં) અનંતવાર

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(પાયો) પામ્યો, (પર) છતાં (સમ્યગ્જ્ઞાન) સમ્યગ્જ્ઞાન (ન લાધૌ) પામ્યો નહિ; (દુર્લભ) આવા દુર્લભ સમ્યગ્જ્ઞાનને (મુનિ) મુનિરાજોએ (નિજમેં) પોતાના આત્મામાં (સાધૌ) ધારણ કર્યું છે.

**ભાવાર્થ:-** મિથ્યાદષ્ટિ જીવ મંદ કષાયને કારણે અનેકવાર ગ્રૈવેયક સુધી પેદા થઈને અહમિન્દ્ર પદ પામ્યો છે, પરંતુ તેણે એક વખત પણ સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કર્યું નથી, કારણ કે સમ્યગ્જ્ઞાન પામવું તે અપૂર્વ છે, તેથી તેને તો સ્વસન્મુખતાના અનંત પુરુષાર્થવડે જ પ્રાપ્ત કરી શકાય છે. અને તેમ થતાં વિપરીત અભિપ્રાય આદિ દોષોનો અભાવ થાય છે.

સમ્યગ્દર્શન-જ્ઞાન, આત્માના આશ્રયે જ થાય છે. પુણ્યથી, શુભરાગથી, જડ કર્માદિથી થાય એવું તે નથી. આ જીવ બહારના સંયોગો, ચારે ગતિ તથા લૌકિક પદો અનંતવાર પામ્યો છે પણ નિજ આત્માનું અસલી સ્વરૂપ સ્વાનુભવવડે પ્રત્યક્ષ કરીને તે કદી સમજ્યો નથી, માટે તેની પ્રાપ્તિ અપૂર્વ છે. લૌકિક કોઈપણ પદ અપૂર્વ નથી.


બોધિ એટલે નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા; તે બોધિની પ્રાપ્તિ દરેક જીવે કરવી જોઈએ. સમ્યગ્દષ્ટિ જીવ સ્વસન્મુખતાપૂર્વક આવું ચિંતવન કરે છે, અને પોતાની બોધિની વૃદ્ધિનો વારંવાર અભ્યાસ કરે છે તે બોધિદુર્લભ ભાવના છે. ૧૩.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

## ૧૨-ધર્મ ભાવના

**જો ભાવ મોહતૈં ન્યારે, દગ-જ્ઞાન-વ્રતાદિક સારે;**
**સો ધર્મ જબૈ જિય ધારૈ, તબ હી સુખ અચલ નિહારે. ૧૪.**

**અન્વયાર્થઃ-** (મોહતૈં) મોહથી (ન્યારે) જુદા (સારે)




સારરૂપ અથવા નિશ્ચય (જો) જે (દગ-જ્ઞાન-વ્રતાદિક) દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ રત્નત્રય આદિક (ભાવ) ભાવ છે (સો) તે (ધર્મ) ધર્મ કહેવાય છે. (જબૈ) જ્યારે (જિય) જીવ (ધારૈ) તેને ધારણ કરે છે (તબ હી) ત્યારે જ તે (અચલ સુખ) અચળ સુખ-મોક્ષ (નિહારે) દેખે છે-પામે છે.

**ભાવાર્થઃ-** મોહ એટલે મિથ્યાદર્શન અર્થાત્ અતત્ત્વશ્રદ્ધાન, તેનાથી રહિત **નિશ્ચયસમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર (રત્નત્રય) જ સારરૂપ ધર્મ છે.** વ્યવહારરત્નત્રય તે ધર્મ નથી એમ બતાવવા માટે અહીં ગાથામાં 'સારે' શબ્દ વાપર્યો છે. જ્યારે જીવ નિશ્ચયરત્નત્રયસ્વરૂપ ધર્મને

સ્વ આશ્રયવડે પ્રગટ કરે છે ત્યારે જ તે સ્થિર-અક્ષય સુખને (મોક્ષને) પ્રાપ્ત કરે છે. આવી રીતે ચિંતવન કરી સમ્યગ્દષ્ટિ જીવ સ્વસન્મુખતાનો અભ્યાસ વારંવાર કરે છે. તે ધર્મ ભાવના છે. ૧૪.

## આત્માના અનુભવપૂર્વક ભાવલિંગી મુનિનું સ્વરૂપ

**સો ધર્મ મુનિનકરિ ધરિયે, તિનકી કરતૂતિ ઉચરિયે;**
**તાકોં સુનિયે ભવિ પ્રાની, અપની અનુભૂતિ પિછાની. ૧૫.**

**અન્વયાર્થઃ-** (સો) એવો રત્નત્રયસ્વરૂપ (ધર્મ) ધર્મ (મુનિનકરિ) મુનિઓ દ્વારા (ધરિયે) ધારણ કરવામાં આવે છે. (તિનકી) તે મુનિઓની (કરતૂતિ) ક્રિયાઓ (ઉચરિયે) કહેવામાં આવે છે. (ભવિ પ્રાની) હે ભવ્ય જીવો! (તાકોં) તેને (સુનિયે) સાંભળો, અને (અપની) પોતાના આત્માના (અનુભૂતિ) અનુભવને (પિછાની) ઓળખો.

**ભાવાર્થઃ-** નિશ્ચયરત્નત્રયસ્વરૂપ ધર્મને ભાવલિંગી દિગમ્બર જૈન મુનિ જ અંગીકાર કરે છે-બીજો કોઈ નહિ. હવે આગળ તે મુનિઓના સકલચારિત્રનું વર્ણન કરવામાં આવે છે. હે ભવ્યો! તે મુનિવરોના ચારિત્રને સાંભળો અને પોતાના આત્માનો અનુભવ કરો.

## પાંચમી ઢાળનો સારાંશ

આ બાર ભાવના તે ચારિત્રગુણના આંશિક શુદ્ધ પર્યાયો છે; તેથી તે સમ્યગ્દષ્ટિ જીવને જ હોઈ શકે છે. સમ્યક્ પ્રકારે આ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



બાર પ્રકારની ભાવનાઓ ભાવવાથી વીતરાગતાની વૃદ્ધિ થાય છે, તે બાર ભાવનાનું ચિંતવન મુખ્યપણે વીતરાગ દિગમ્બર જૈન મુનિરાજને જ હોય છે, અને ગૌણપણે સમ્યગ્દષ્ટિને હોય છે. જેમ પવન લાગવાથી અગ્નિ ભભૂકી ઊઠે છે તેમ અંતરંગ પરિણામોની શુદ્ધતા સહિત, આ ભાવનાઓનું ચિંતવન કરવાથી સમતાભાવ પ્રગટ થાય છે, અને તેનાથી મોક્ષસુખ પ્રગટ થાય છે. સ્વસન્મુખતાપૂર્વક આ ભાવનાઓથી સંસાર, શરીર અને ભોગો પ્રત્યે વિશેષ ઉપેક્ષા થાય છે, અને આત્માના પરિણામોની નિર્મળતા વધે છે. [ આ બાર ભાવનાઓનું સ્વરૂપ વિસ્તારથી જાણવું હોય તો 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા', 'જ્ઞાનાર્ણવ' વગેરે ગ્રંથોનું અવલોકન કરવું. ]

અનિત્યાદિ ચિંતવનથી શરીરાદિને બૂરાં જાણી, હિતકારી ન જાણી તેનાથી ઉદાસ થવું તેનું નામ અનુપ્રેક્ષા નથી, કારણ કે એ તો જેમ પ્રથમ કોઈને મિત્ર માનતો હતો ત્યારે તેનાથી રાગ હતો અને પાછળથી તેનો અવગુણ જોઈને ઉદાસીન થયો, તેમ પહેલાં શરીરાદિથી રાગ હતો પણ પાછળથી તેના અનિત્યાદિ અવગુણ દેખી આ ઉદાસીન થયો, પરંતુ એવી ઉદાસીનતા તો દ્વેષરૂપ છે, પણ જ્યાં જેવો પોતાનો વા શરીરાદિકનો સ્વભાવ છે તેવો ઓળખી, ભ્રમ છોડી, તેને ભલાં જાણી રાગ ન કરવો તથા બૂરાં જાણી દ્વેષ ન કરવો, એવી સાચી ઉદાસીનતા અર્થે અનિત્યતા વગેરેનું યથાર્થ ચિંતવન કરવું એ જ સાચી અનુપ્રેક્ષા છે.

( મોક્ષમાર્ગ પ્રકાશક પૃ. ૨૩૨ )

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## પાંચમી ઢાળનો ભેદ-સંગ્રહ

અનુપ્રેક્ષા (ભાવના) :- અનિત્ય, અશરણ, સંસાર, એકત્વ, અન્યત્વ, અશુચિ, આસ્રવ, સંવર, નિર્જરા, લોક, બોધિદુર્લભ અને ધર્મ–એ બાર ભાવનાઓ છે.

ઇન્દ્રિયોના વિષયો:- સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દ –એ પાંચ છે.

નિર્જરા:- ચાર ભેદ છે–અકામ, સવિપાક, સકામ, અવિપાક.

યોગ:- દ્રવ્ય અને ભાવ.

પરિવર્તન:- પાંચ પ્રકાર છે–દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવ.

મલદ્વાર:- બે કાન, બે આંખ, બે નસકોરાં, એક મોઢું અને બે મળ–મૂત્રના દ્વાર–એમ કુલ નવ છે.

વૈરાગ્ય- સંસાર, શરીર અને ભોગ–એ ત્રણેથી ઉદાસીનતા.

કુધાતુ- પરુ, લોહી, વીર્ય, મળ, ચરબી, માંસ અને હાડકાં વગેરે.

## પાંચમી ઢાળનો લક્ષણ-સંગ્રહ

અનુપ્રેક્ષા (ભાવના) :- ભેદજ્ઞાનપૂર્વક સંસાર, શરીર અને ભોગો વગેરેનાં સ્વરૂપનો વારંવાર વિચાર કરીને તે પ્રત્યે ઉદાસભાવ કરવો તે.

અશુભ ઉપયોગ:- હિંસાદિમાં અથવા કષાય, પાપ અને વ્યસન

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

વગેરે નિંદાપાત્ર કાર્યોમાં પ્રવૃત્તિ.

અસુરકુમારઃ- અસુર નામની દેવગતિ નામકર્મના ઉદયવાળા ભવનવાસી દેવ.

કર્મઃ- આત્મા રાગાદિ વિકારરૂપે પરિણમે તો તેમાં નિમિત્તરૂપે હોવાવાળાં જડકર્મ-દ્રવ્યકર્મ.

ગતિઃ- નારક, તિર્યંચ, દેવ અને મનુષ્યરૂપ જીવની અવસ્થા વિશેષને ગતિ કહે છે તેમાં ગતિ નામે નામકર્મ નિમિત્ત છે.

ગ્રૈવેયકઃ- સોળમા સ્વર્ગથી ઉપર અને પહેલી અનુદિશથી નીચેનાં દેવોને રહેવાના સ્થાન.

દેવઃ- દેવગતિને પ્રાપ્ત જીવોને દેવ કહેવાય છે; તેઓ અણિમા, મહિમા, લઘિમા, ગરિમા, પ્રાપ્તિ, પ્રાકામ્ય, ઈશિત્વ અને વશિત્વ-એ આઠ સિદ્ધિ (ઐશ્વર્ય)વાળા હોય છે. જેમને મનુષ્યના જેવા આકારવાળું સાત કુધાતુ રહિત સુંદર શરીર હોય છે.

ધર્મઃ- દુઃખથી મુક્તિ અપાવનાર; નિશ્ચયરત્નત્રયસ્વરૂપ મોક્ષમાર્ગ, જેનાથી આત્મા મોક્ષ પામે છે. (રત્નત્રય એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર).

ધર્મના જુદાં જુદાં લક્ષણઃ- [૧] વસ્તુનો સ્વભાવ તે ધર્મ, [૨] અહિંસા, [૩] ઉત્તમ ક્ષમાદિદસ લક્ષણ, [૪] નિશ્ચયરત્નત્રય.

પાપઃ- મિથ્યાદર્શન, આત્માની ઊંધી સમજણ, હિંસાદિ અશુભભાવ તે પાપ છે.

પુણ્યઃ- દયા, દાન, પૂજા, ભક્તિ, વ્રતાદિના શુભભાવ-મંદ કષાય. તે જીવના ચારિત્રગુણની અશુદ્ધ અવસ્થા છે; પુણ્ય-પાપ બેય આસ્રવ છે. બંધનના કારણો છે.

બોધઃ- સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા.

મુનિ (સાધુ પરમેષ્ઠી) :- સમસ્ત વ્યાપારથી વિમુક્ત, ચાર પ્રકારની આરાધનામાં સદા લીન, નિર્ગ્રંથ અને નિર્મોહ એવા સર્વ સાધુ હોય છે. બધા ભાવલિંગી મુનિને નગ્ન દિગમ્બર દશા તથા સાધુના ૨૮ મૂળગુણ હોય છે.

યોગઃ- મન, વચન, કાયાના નિમિત્તથી આત્માના પ્રદેશોનું કંપન થવું તેને દ્રવ્યયોગ કહેવાય છે; કર્મ અને નોકર્મને ગ્રહણ કરવામાં નિમિત્તરૂપ જીવની શક્તિને ભાવયોગ કહેવાય છે.

શુભ ઉપયોગઃ- દેવપૂજા, સ્વાધ્યાય, દયા, દાન વગેરે શુભભાવરૂપ આચરણ.

સકલવ્રતઃ- ૫-મહાવ્રત, ૫-સમિતિ, ૬-આવશ્યક, ૫-ઇન્દ્રિયજય, ૭-કેશલોચ, અસ્નાન, ભૂમિશયન, અદંતધોવન, ઊભાઊભા ભોજન, દિનમાં એક વખત આહારપાણી તથા નગ્નતા વગેરેનું પાલન તે વ્યવહારથી સકલવ્રત છે; અને રત્નત્રયની એકતારૂપ

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



આત્મસ્વભાવમાં સ્થિર થવું તે નિશ્ચયથી સકલવ્રત છે.

સકલવ્રતી (સકલવ્રતના ધારક) :- રત્નત્રયની એકતારૂપ સ્વભાવમાં સ્થિર રહેનાર મહાવ્રતના ધારક દિગમ્બર મુનિ તે નિશ્ચયથી સકલવ્રતી છે.

## અંતર-પ્રદર્શન

૧. અનુપ્રેક્ષા અને ભાવના તે પર્યાયવાચક શબ્દો છે, તેમાં કાંઈ તફાવત નથી.

૨. ધર્મ ભાવનામાં તો વારંવાર વિચારની મુખ્યતા છે અને ધર્મમાં નિજગુણોમાં સ્થિર થવાની પ્રધાનતા છે.

૩. વ્યવહાર સકલવ્રતમાં તો પાપોનો સર્વદેશ ત્યાગ કરવામાં આવે છે અને વ્યવહાર અણુવ્રતમાં તેનો એકદેશ ત્યાગ કરવામાં આવે છે; એટલો એ બન્નેમાં તફાવત છે.

## પાંચમી ઢાળની પ્રશ્નાવલી

૧. અનિત્ય ભાવના, અન્યત્વ ભાવના, અવિપાક નિર્જરા, અકામ નિર્જરા, અશરણ ભાવના, અશુચિ ભાવના, આસ્રવ ભાવના, એકત્વ ભાવના, ધર્મ ભાવના, નિશ્ચયધર્મ, બોધિદુર્લભ ભાવના, લોક, લોક ભાવના, સંવર ભાવના, સકામ નિર્જરા, સવિપાક નિર્જરા વગેરેનાં લક્ષણ સમજાવો.

૨. સકલવ્રતમાં અને વિકલવ્રતમાં, અનુપ્રેક્ષામાં અને ભાવનામાં, ધર્મમાં અને ધર્મદ્રવ્યમાં, ધર્મમાં અને ધર્મ ભાવનામાં તથા

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



એકત્વ ભાવના અને અન્યત્વ ભાવનામાં તફાવત બતાવો.

૩. અનુપ્રેક્ષા, અનિત્યતા, અન્યત્વ અને અશરણપણાનું સ્વરૂપ દૃષ્ટાંત સહિત સમજાવો.

૪. અકામ નિર્જરાનું નિષ્પ્રયોજન, અચલ સુખની પ્રાપ્તિ, કર્મના આવવાનો નિરોધ, પુણ્યના ત્યાગનો ઉપદેશ અને સાંસારિક સુખની અસારતા વગેરેનાં કારણો બતાવો.

૫. અમુક ભાવનાનો વિચાર અને લાભ, આત્મજ્ઞાનની પ્રાપ્તિનો સમય અને લાભ, ઇન્દ્રધનુષ્ય, ઔષધિસેવનનું સાર્થકપણું-નિરર્થકપણું, બાર ભાવનાઓના ચિંતવનથી લાભ, મંત્રાદિનું સાર્થકપણું અને નિરર્થકપણું, વૈરાગ્યની વૃદ્ધિનો ઉપાય, ઇન્દ્રધનુષ્ય તથા વીજળીનું દૃષ્ટાંત શું સમજાવે છે? લોકના કર્તા-હર્તા-ધર્તા માનવાથી નુકશાન, સમતા ન રાખવાથી નુકશાન, સાંસારિક સુખનું પરિણામ અને મોક્ષસુખ પ્રાપ્તિનો વખત વગેરેનું સ્પષ્ટ વર્ણન કરો.

૬. અમુક શબ્દ, ચરણ અને છંદનો અર્થ અથવા ભાવાર્થ કહો. લોકનો નકશો બનાવો. આ પાંચમી ઢાળનો સારાંશ બતાવો.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

# છઠ્ઠી ઢાળ

( હરિગીત છંદ )

## અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય મહાવ્રતનાં લક્ષણો


**ષટ્કાય જીવ ન હનનતૈં, સબ વિધ દરવહિંસા ટરી;**
**રાગાદિ ભાવ નિવારતૈં, હિંસા ન ભાવિત અવતરી.**
**જિનકે ન લેશ મૃષા, ન જલ મૃણ હૂ વિના દીયો ગહૈં;**
**અઠદશસહસ વિધ શીલધર, ચિદ્બ્રહ્મમેં નિતરમિ રહૈં. ૧.**

**અન્વયાર્થઃ-** [ પાંચમી ઢાળમાં કહ્યા તે મુનિરાજોને ] ( ષટ્કાય જીવ ) છ કાયના જીવોને ( ન હનનતૈં ) ઘાત નહિ કરવાના ભાવથી ( સબ વિધ ) સર્વ પ્રકારની ( દરવહિંસા ) દ્રવ્યહિંસા ( ટરી ) દૂર થઈ જાય છે, અને ( રાગાદિ ભાવ ) રાગ-દ્વેષ, કામ, ક્રોધ, માન, માયા, લોભ વગેરેના ભાવોને ( નિવારતૈં ) દૂર કરવાથી ( ભાવિત હિંસા ) ભાવહિંસા પણ ( ન અવતરી ) થતી નથી. ( જિનકે ) તે મુનિઓને ( લેશ ) જરા પણ ( મૃષા ) જૂઠું ( ન ) હોતું નથી, ( જલ ) પાણી અને ( મૃણ ) માટી ( હૂ ) પણ ( વિના દીયો ) દીધા વગર ( ન ગહૈં ) ગ્રહણ કરતા નથી, તથા ( અઠદશસહસ ) અઢાર હજાર ( વિધ ) પ્રકારના ( શીલ ) શિયળને-બ્રહ્મચર્યને ( ધર ) ધારણ કરી ( નિત ) હંમેશાં ( ચિદ્બ્રહ્મમેં ) ચૈતન્યસ્વરૂપ આત્મામાં ( રમિ રહૈં ) લીન રહે છે.

**ભાવાર્થઃ-** નિશ્ચયસમ્યગ્દર્શનપૂર્વક સ્વ-સ્વરૂપમાં નિરંતર એકાગ્રતારૂપે રમી રહે છે એ જ મુનિપણું છે. એવી ભૂમિકામાં નિર્વિકલ્પ ધ્યાનદશારૂપ સાતમું ગુણસ્થાન વારંવાર આવે જ છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates






છઠ્ઠા ગુણસ્થાનના કાળે તેમને પાંચ મહાવ્રત, નગ્નતા, સમિતિ વગેરે ૨૮ મુલગુણના શુભભાવ હોય છે પણ તેમને તેઓ ધર્મ માનતા નથી. તથા તે કાળે પણ તેમને ત્રણ કષાય-ચોકડીના અભાવરૂપ શુદ્ધ પરિણતિ નિરંતર વર્તે જ છે.

છ કાય (પૃથ્વીકાય વગેરે પાંચ સ્થાવર કાય તથા એક ત્રસ કાય) ના જીવોનો ઘાત કરવો તે દ્રવ્યહિંસા છે અને રાગ-દ્વેષ, કામ, ક્રોધ, માન ઇત્યાદિ ભાવોની ઉત્પત્તિ થવી તે ભાવહિંસા છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

વીતરાગી મુનિ (સાધુ) આ બે પ્રકારની હિંસા કરતા નથી, તેથી તેમને (૧) *અહિંસા મહાવ્રત હોય છે. સ્થૂળ કે સૂક્ષ્મ એ બન્ને પ્રકારનું જૂઠું બોલતા નથી તેથી તેને (૨) સત્ય મહાવ્રત હોય છે, અને બીજી કોઈ વસ્તુની તો વાત જ શું, પરંતુ માટી અને પાણી પણ દીધા વગર ગ્રહણ કરતા નથી તેથી તેમને (૩) અચૌર્ય મહાવ્રત* હોય છે. શિયળના અઢાર હજાર ભેદોનું સદા પાલન કરે છે અને ચૈતન્યરૂપ આત્મસ્વરૂપમાં લીન રહે છે તેથી તેને (૪) બ્રહ્મચર્ય (આત્મસ્થિરતારૂપ) મહાવ્રત હોય છે.

## પરિગ્રહત્યાગ મહાવ્રત, ઈર્યા સમિતિ અને ભાષા સમિતિ

**અંતર ચતુર્દસ ભેદ, બાહિર સંગ દસધા તૈં ટલૈં;**
**પરમાદ તજિ ચૌકર મહી લખિ, સમિતિ ઈર્યા તૈં ચલૈં.**
**જગ સુહિતકર સબ અહિતહર, શ્રુતિ સુખદ સબ સંશય હરૈં;**
**ભ્રમરોગ-હર જિનકે વચન, મુખચન્દ્ર તૈં અમૃત ઝરૈં. ૨.**


**અન્વયાર્થઃ-** [તે વીતરાગી દિગમ્બર જૈન મુનિ] (ચતુર્દસ ભેદ) ચૌદ પ્રકારના (અંતર) અંતરંગ તથા (દસધા) દસ પ્રકારના (બાહિર) બહિરંગ (સંગ) પરિગ્રહથી (ટલૈં) રહિત હોય છે. (પરમાદ) પ્રમાદ-અસાવધાની (તજિ) છોડી દઈને (ચૌકર) ચાર


---

* **નોંધ**-અહીં વાક્યો બદલવાથી અનુક્રમે મહાવ્રતોનું લક્ષણ બને છે. જેમકે, બન્ને પ્રકારની હિંસા ન કરવી તે અહિંસા મહાવ્રત છે-એ વગેરે.
* અદત્ત વસ્તુઓનું પ્રમાદથી ગ્રહણ કરવું તે જ ચોરી કહેવાય છે. તેથી પ્રમાદ ન હોવા છતાં મુનિરાજ નદી અને ઝરણા વગેરેનું પ્રાસુક થઇ ગયેલ પાણી, ભસ્મ (રાખ) તથા પોતાની મેળે પડી ગયેલાં પ્રાસુક સેમરના ફળ અને તુમ્બીફળ વગેરેનું ગ્રહણ કરી શકે છે-એમ શ્લોકવાર્તિકાલંકારનો અભિમત છે. પૃ. ૪૬૩.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates






હાથ (મહી) જમીન (લખિ) જોઈને (ઇર્યા) ઈર્યા (સમિતિ તૈં) સમિતિથી (ચલૈં) ચાલે છે, અને (જિનકે) જે મુનિરાજોના (મુખચન્દ્રતૈં) મુખરૂપી ચંદ્રથી (જગ સુહિતકર) જગતનું સાચું હિત કરવાવાળાં અને (સબ અહિતહર) બધા અહિતનો નાશ કરવાવાળાં (શ્રુતિ સુખદ) સાંભળતાં પ્રિય લાગે એવાં, (સબ સંશય) બધા સંદેહોનો (હરૈં) નાશ કરે એવાં અને (ભ્રમરોગ-હર) મિથ્યાત્વરૂપી રોગને હરનાર (વચન અમૃત) વચનોરૂપી અમૃત (ઝરૈં) ઝરે છે.

**ભાવાર્થઃ-** વીતરાગી મુનિ ચૌદ પ્રકારના અંતરંગ અને દશ પ્રકારના બહિરંગ પરિગ્રહોથી રહિત હોય છે તેથી તેને પાંચમું પરિગ્રહત્યાગ મહાવ્રત હોય છે. દિવસના ભાગમાં સાવધાની પૂર્વક આગળની ચાર હાથ જમીન જોઈને ચાલવાનો વિકલ્પ ઊઠે તે પહેલી ઈર્યા સમિતિ છે. તથા જેમ ચંદ્રમાંથી અમૃત ઝરે છે તેમ તે મુનિના મુખચંદ્રથી જગતનું હિત કરવાવાળાં, બધાં અહિતનો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

નાશ કરવાવાળાં, સાંભળતાં સુખ આપનારા, સર્વ પ્રકારની શંકાઓને દૂર કરનારા અને મિથ્યાત્વ (વિપરીતતા કે સંદેહ) રૂપી રોગનો નાશ કરનાર એવા અમૃત વચનો નીકળે છે. એ પ્રમાણે સમિતિરૂપ બોલવાનો વિકલ્પ મુનિને ઊઠે છે તે બીજી ભાષા સમિતિ છે.

પ્રશ્નઃ- સાચી સમિતિ કોને કહે છે?

ઉત્તરઃ- પર જીવોની રક્ષા અર્થે યત્નાચાર પ્રવૃત્તિને અજ્ઞાની જીવ સમિતિ માને છે, પણ હિંસાના પરિણામોથી તો પાપબંધ થાય છે. જો રક્ષાના પરિણામોથી સંવર કહેશો તો પુણ્યબંધનું કારણ શું ઠરશે?

વળી મુનિ એષણા સમિતિમાં દોષ ટાળે છે ત્યાં રક્ષાનું પ્રયોજન નથી, માટે રક્ષાને અર્થે જ સમિતિ નથી. તો સમિતિ કેવી રીતે હોય? મુનિને કિંચિત્ રાગ થતાં ગમનાદિ ક્રિયા થાય છે, ત્યાં તે ક્રિયાઓમાં અતિ આસક્તિના અભાવથી પ્રમાદરૂપ પ્રવૃત્તિ થતી નથી, તથા બીજા જીવોને દુઃખી કરી પોતાનું ગમનાદિ પ્રયોજન સાધતા નથી; તેથી તેમનાથી સ્વયં દયા પળાય છે. એ પ્રમાણે સાચી સમિતિ છે. * (મોક્ષમાર્ગ પ્રકાશક પૃ. ૨૩૨)

## એષણા, આદાન-નિક્ષેપણ અને પ્રતિષ્ઠાપન સમિતિ

**છયાલીસ દોષ વિના સુકુલ, શ્રાવકતનેં ઘર અશનકો;**
**લૈં તપ બઢાવન હેતુ, નહિં તન પોષતે તજિ રસનકો.**

---


* ઈર્યા ભાષા એષણા, પુનિ ક્ષેપણ આદાન;
પ્રતિષ્ઠાપના જુત ક્રિયા, પાંચોં સમિતિ વિધાન.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**શુચિ જ્ઞાન સંયમ ઉપકરણ, લખિકૈં ગહૈં લખિકૈં ધરૈં;**
**નિર્જંતુ થાન વિલોકિ તન-મલ મૂત્ર શ્લેષ્મ પરિહરૈં. ૩.**








**અન્વયાર્થઃ**- [ વીતરાગી મુનિ ] ( સુકુલ ) ઉત્તમ કુળવાળા ( શ્રાવકતનૈં ) શ્રાવકના ( ઘર ) ઘરે અને ( રસનકો ) છએ રસ અથવા એક-બે રસને ( તજિ ) છોડીને, ( તન ) શરીરને ( નહિં પોષતે ) પુષ્ટ નહિ કરતાં માત્ર ( તપ ) તપની ( બઢાવન હેતુ ) વૃદ્ધિ કરવાના હેતુથી [ આહારના ] ( છયાલીશ ) છેંતાલીસ ( દોષ વિના ) દોષને ટાળીને ( અશનકો ) ભોજનને ( લૈં ) ગ્રહણ કરે

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

છે. * (શુચિ) પવિત્રતાના (ઉપકરણ) સાધન [કમંડલને] (જ્ઞાન) જ્ઞાનના (ઉપકરણ) સાધન [શાસ્ત્રને] અને (સંયમ) સંયમના (ઉપકરણ) સાધન [પીંછીને] (લખિકૈં) જોઈને (ગહૈં) ગ્રહણ કરે છે [અને] (લખિકૈં) જોઈને (ધરૈં) રાખે છે; [અને] (મૂત્ર) પેશાબ (શ્લેષ્મ) લીંટ વગેરે (તન-મલ) શરીરના મેલને (નિર્જન્તુ) જીવ રહિત (થાન) સ્થાન (વિલોકિ) જોઈને (પરિહરૈં) ત્યાગે છે.

**ભાવાર્થઃ-** વીતરાગી જૈન મુનિ-સાધુ ઉત્તમ કુળવાળા શ્રાવકના ઘરે, આહારના છેંતાલીસ દોષોને ટાળી અને અમુક રસો છોડીને (અથવા સ્વાદનો રાગ નહિ કરતાં), શરીરને પુષ્ટ કરવાનો અભિપ્રાય નહિ રાખતાં, માત્ર તપની વૃદ્ધિ કરવા માટે આહાર લે છે, તેથી તેઓને (૩) એષણા સમિતિ હોય છે. પવિત્રતાનું સાધન કમંડળને, જ્ઞાનનું સાધન શાસ્ત્રને અને સંયમનું સાધન સમિતિ હોય છે. ૩.

## મુનિઓને ત્રણ ગુપ્તિ અને પાંચ ઇન્દ્રિય પર વિજય


**સમ્યક્ પ્રકાર નિરોધ મન-વચ-કાય, આતમ ધ્યાવતે;**
**તિન સુથિર મુદ્રા દેખિ મૃગગણ ઉપલ ખાજ ખુજાવતે.**
**રસ રૂપ ગંધ તથા ફરસ અરુ શબ્દ શુભ અસુહાવને;**
**તિનમેં ન રાગ-વિરોધ પંચેન્દ્રિય જયન પદ પાવને. ૪.**

---

* **નોંધ**-તે આહારના દોષોનું વિશેષ વર્ણન 'અનગાર ધર્મામૃત' અને 'મૂલાચાર' વગેરે શાસ્ત્રોથી જાણવું. તે દોષોને ટાળવાના હેતુથી દિગંબર સાધુઓને કોઈ કોઈ વખત મહિનાઓ સુધી ભોજન ન મળે છતાં પણ મુનિ જરાય ખેદ કરતા નથી; અનાસક્તિ અને નિર્મોહ હઠ વગરના સહજ હોય છે. [કાયર જનોને-અજ્ઞાનીઓને આવું મુનિવ્રત દુઃખમય લાગે છે-જ્ઞાનીને સુખમય લાગે છે.]

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates






**અન્વયાર્થઃ-** [ વીતરાગી મુનિ ] ( મન-વચ-કાય ) મન-વચન-કાયાને ( સમ્યક્ પ્રકાર ) ભલી રીતે-બરાબર ( નિરોધ ) નિરોધ કરીને, જ્યારે ( આતમ ) પોતાના આત્માનું ( ધ્યાવતે ) ધ્યાન કરે છે, ત્યારે ( તિન ) તે મુનિઓની ( સુથિર ) શાંત ( મુદ્રા ) મુદ્રા ( દેખિ ) જોઈને ( ઉપલ ) પથ્થર જાણીને ( મૃગગણ ) હરણ અથવા ચૌપગા પ્રાણીઓનું ટોળું ( ખાજ ) પોતાની ખંજવાળ-ખુજલીને ( ખુજાવતે ) ખંજવાળે છે. [ જે ] ( શુભ ) પ્રિય અને ( અસુહાવને ) અપ્રિય [ પાંચ ઇન્દ્રિય સંબંધી ] ( રસ ) પાંચ રસ, ( રૂપ ) પાંચ વર્ણ, ( ગંધ ) બે ગંધ, ( ફરસ ) આઠ પ્રકારના સ્પર્શ ( અરુ ) અને ( શબ્દ ) શબ્દ ( તિનમેં ) તે બધામાં ( રાગ-વિરોધ ) રાગ કે દ્વેષ ( ન ) મુનિને થતાં નથી, [ તેથી તે મુનિ ] ( પંચેન્દ્રિય જયન ) પાંચ ઇન્દ્રિયોને જીતવાવાળાં એટલે કે જિતેન્દ્રિય ( પદ પાવને ) પદને પામે છે.

**ભાવાર્થઃ-** આ ગાથામાં નિશ્ચયગુપ્તિનું તથા ભાવલિંગી મુનિના ૨૮ મૂળગુણોમાંથી પાંચ ઇન્દ્રિયના જયના સ્વરૂપનું વર્ણન કરે છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ભાવલિંગી મુનિ જ્યારે ઉગ્ર પુરુષાર્થ વડે શુદ્ધોપયોગરૂપે પરિણમી નિર્વિકલ્પપણે સ્વરૂપમાં ગુપ્ત થાય છે તે નિશ્ચયગુપ્તિ છે, અને તે વખતે મન-વચન-કાયાની ક્રિયા સ્વયં રોકાઈ જાય છે; તેમની શાંત અને અચળ મુદ્રા જોઈને તેમના શરીરને પથ્થર સમજી મૃગના ટોળા* (પશુઓ) ખુજલી ખંજવાળે છે, છતાં તે મુનિઓ પોતાના ધ્યાનમાં નિશ્ચલ રહે છે. તે ભાવલિંગી મુનિને ત્રણ ગુપ્તિ હોય છે.

**પ્રશ્ન:-** ગુપ્તિ કોને કહે છે?

**ઉત્તર:-** મન-વચન-કાયાની બાહ્ય ચેષ્ટા મટાડવા માટે, પાપ ચિંતવન ન કરે, મૌન ધારે, તથા ગમનાદિ ન કરે, તેને અજ્ઞાની જીવ ગુપ્તિ માને છે. હવે મનમાં તો ભક્તિ આદિરૂપ અનેક પ્રકારના શુભ રાગાદિ વિકલ્પો થાય છે, એટલે પ્રવૃત્તિમાં તો ગુપ્તિપણું બને નહિ. (સમ્યગ્દર્શન-જ્ઞાન અને આત્મામાં લીનતા વડે) વીતરાગભાવ થતાં જ્યાં મન-વચન-કાયાની ચેષ્ટા થાય નહિ એ જ સાચી ગુપ્તિ છે.

(મોક્ષમાર્ગ પ્રકાશક પૃ. ૨૩૧-૩૨)

મુનિઓ પ્રિય (અનુકૂળ) પાંચ ઇન્દ્રિયોના પાંચ રસ, પાંચ રૂપ, બે ગંધ, આઠ સ્પર્શ અને શબ્દરૂપ પાંચ વિષયોમાં રાગ

---

* આ સંબંધમાં સુકુમાલ મુનિનું દૃષ્ટાંત છે:- જ્યારે તેઓ ધ્યાનમાં હતા ત્યારે એક શિયાળી અને તેનાં બે બચ્ચાંઓ તેમનો અર્ધો પગ ખાઈ ગયા પણ તેઓ પોતાના ધ્યાનથી જરા પણ ચલાયમાન થયા નહિ. (સંયોગથી દુઃખ થતું જ નથી, શરીરાદિમાં મમતા કરે તો તે મમત્વભાવથી જ દુઃખનો અનુભવ થાય છે-એમ સમજવું)

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com


Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કરતા નથી અને અપ્રિય (પ્રતિકૂળ) ઉપર કહેલાં પાંચ વિષયોમાં દ્વેષ કરતા નથી. એ રીતે પાંચ ઇન્દ્રિયોને જીતવાના કારણે તેઓ જિતેન્દ્રિય કહેવાય છે. ૪.

## મુનિઓના છ આવશ્યક અને બાકીના સાત મૂળ ગુણ

**સમતા સમ્હારૈં, થુતિ ઉચારૈં, વંદના જિનદેવકો;**
**નિત કરૈં શ્રુતરતિ, કરૈં પ્રતિક્રમ, તજૈં તન અહમેવકો.**
**જિનકે ન ન્હૌન, ન દંતધોવન, લેશ અંબર-આવરન;**
**ભૂમાહિં પિછલી રયનિમેં કછુ શયન એકાસન કરન. ૫.**




**અન્વયાર્થઃ-** [વીતરાગી મુનિ] (નિત) હંમેશાં (સમતા) સામાયિક (સમ્હારૈં) સંભારીને કરે છે, (થુતિ) સ્તુતિ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(ઉચારૈં) બોલે છે, (જિનદેવકો) જિનેન્દ્ર ભગવાનને (વંદના) વંદન કરે છે, (શ્રુતરતિ) સ્વાધ્યાયમાં પ્રેમ (કરૈં) કરે છે, (પ્રતિક્રમ) પ્રતિક્રમણ (કરૈં) કરે છે, (તન) શરીરની (અહમેવકો) મમતાને (તજૈં) છોડે છે, (જિનકે) જિનમુનિઓને (ન્હૌન) સ્નાન અને (દંતધોવન) દાંત સાફ કરવાપણું (ન) હોતા નથી, (અંબર-આવરન) શરીરને ઢાંકવા માટે કપડું (લેશ) જરા પણ તેઓને (ન) હોતું નથી; અને (પિછલી રયનિમેં) રાત્રિના પાછળના ભાગમાં (ભૂમાહિં) પૃથ્વી ઉપર (એકાસન) એક પડખે (કછુ) થોડો વખત (શયન) શયન (કરન) કરે છે.

**ભાવાર્થઃ-** વીતરાગી મુનિ હંમેશાં (૧) સામાયિક, (૨) સાચા દેવ-શાસ્ત્ર-ગુરુની સ્તુતિ, (૩) જિનેન્દ્રભગવાનને વંદન, (૪) સ્વાધ્યાય, (૫) પ્રતિક્રમણ તથા (૬) કાયોત્સર્ગ (શરીર ઉપરની મમતાનો ત્યાગ) કરે છે, તેથી તેઓને છ આવશ્યક હોય છે. અને તે મુનિઓ કયારે પણ (૧) સ્નાન કરતા નથી, (૨) દાંત સાફ કરતા નથી, (૩) શરીરને ઢાંકવા માટે જરાપણ કપડું રાખતા નથી તથા (૪) રાત્રિના પાછલા ભાગમાં એક પડખે જમીન ઉપર થોડો વખત શયન કરે છે.

## મુનિઓના બાકીના ગુણો તથા રાગ-દ્વેષનો અભાવ

**ઇક બાર દિનમેં લૈં અહાર, ખડે અલપ નિજ-પાનમેં;**
**કચલોંચ કરત ન ડરત પરિષહસોં લગે નિજ ધ્યાનમેં.**
**અરિ મિત્ર, મહલ મસાન, કંચન કાંચ, નિંદન થુતિ કરન;**
**અર્ઘાવતારન અસિ-પ્રહારનમેં સદા સમતા ધરન. ૬.**

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates








**અન્વયાર્થઃ-** [ તે વીતરાગી મુનિ ] ( દિનમેં ) દિવસમાં ( ઇક બાર ) એક વાર ( ખડે ) ઊભા રહીને અને ( નિજ–પાનમેં ) પોતાના હાથમાં રાખીને ( અલપ ) થોડો ( અહાર ) આહાર ( લૈં ) લે છે, ( કચલોંચ ) કેશલોંચ ( કરત ) કરે છે. ( નિજ ધ્યાનમેં ) પોતાના આત્માના ધ્યાનમાં ( લગે ) તત્પર થઈને ( પરિષહસોં ) બાવીસ પ્રકારના પરિષહોથી ( ન ડરત ) ડરતા નથી, અને ( અરિ મિત્ર ) શત્રુ કે મિત્ર, ( મહલ મસાન ) મહેલ કે સ્મશાન, ( કંચન કાંચ ) સોનું કે કાંચ, ( નિંદન થુતિ કરન ) નિંદા કરનાર કે સ્તુતિ કરનાર,

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

(અર્ઘાવતારન) પૂજા કરનાર અને (અસિ-પ્રહારનમેં) તરવારથી પ્રહાર કરવાવાળા એ સર્વમાં (સદા) હંમેશાં (સમતા) સમતાભાવ (ધરન) ધારણ કરે છે.

**ભાવાર્થઃ-** [તે વીતરાગી મુનિ] (૫) દિવસે એક વાર (૬) ઊભા ઊભા પોતાના હાથમાં રાખીને થોડો આહાર લે છે, (૭) કેશનો લોંચ કરે છે; આત્મધ્યાનમાં મગ્ન રહી પરિષહોથી ડરતા નથી, અર્થાત્ બાવીસ પ્રકારના પરિષહો ઉપર જય મેળવે છે, તથા શત્રુ-મિત્ર, સુંદર મહેલ અથવા સ્મશાન, સોનું-કાચ, નિંદક કે સ્તુતિ કરનાર, પૂજા-ભક્તિ કરનાર અથવા તરવાર આદિથી પ્રહાર કરનાર એ બધામાં સમભાવ (રાગ-દ્વેષનો અભાવ) રાખે છે અર્થાત્ કોઈના ઉપર રાગ-દ્વેષ કરતા નથી.

**પ્રશ્નઃ-** સાચો પરિષહજય કોને કહે છે?

**ઉત્તરઃ-** ક્ષુધા, તૃષા, શીત, ઉષ્ણ, ડાંસ-મચ્છર, ચર્યા, શય્યા, વધ, રોગ, તૃણસ્પર્શ, મલ, નગ્નતા, અરતિ, સ્ત્રી, નિષદ્યા, આક્રોશ, યાચના, સત્કાર-પુરસ્કાર, અલાભ, અદર્શન, પ્રજ્ઞા અને અજ્ઞાન-એ બાવીસ પ્રકારના પરિષહો છે. ભાવલિંગી મુનિને દરેક સમયે ત્રણ કષાયનો (અનંતાનુબંધી વગેરેનો) અભાવ હોવાથી સ્વરૂપમાં સાવધાનીના કારણે જેટલા અંશે રાગ-દ્વેષની ઉત્પત્તિ થતી નથી, તેટલા અંશે તેમને નિરંતર પરિષહજય હોય છે. વળી ક્ષુધાદિક લાગતાં તેના નાશનો ઉપાય ન કરવો તેને તે (અજ્ઞાની જીવ) પરિષહસહનતા કહે છે. હવે ઉપાય તો ન કર્યો અને અંતરંગમાં ક્ષુધાદિ અનિષ્ટ સામગ્રી મળતાં દુઃખી થયો તથા

રતિ આદિનું કારણ મળતાં સુખી થયો, પણ એ તો દુઃખ-સુખરૂપ પરિણામ છે, અને એ જ આર્ત્ત-રૌદ્રધ્યાન છે, ભાવોથી સંવર કેવી રીતે થાય?

**પ્રશ્નઃ-** ત્યારે કેવી રીતે પરિષહજય થાય?

**ઉત્તરઃ-** તત્ત્વજ્ઞાનના અભ્યાસથી કોઈ પદાર્થ ઇષ્ટ-અનિષ્ટ ન ભાસે, દુઃખના કારણો મળતાં દુઃખી ન થાય તથા સુખના કારણો મળતાં સુખી ન થાય પણ જ્ઞેયરૂપથી તેનો જાણવાવાળો જ રહે; એ જ સાચો પરિષહજય છે. ૬.

(મોક્ષમાર્ગ પ્રકાશક પૃ. ૨૩૨)

## મુનિઓનાં તપ, ધર્મ, વિહાર તથા સ્વરૂપાચરણ-ચારિત્ર

**તપ તપૈં દ્વાદશ, ધરૈં વૃષ દશ, રતનત્રય સેવૈં સદા;**
**મુનિ સાથમેં વા એક વિચરૈં, ચહૈં નહિં ભવસુખ કદા.**
**યોં હૈ સકલ સંયમ ચરિત, સુનિયે સ્વરૂપાચરન અબ;**
**જિસ હોત પ્રગટૈ આપની નિધિ, મિટૈ પરકી પ્રવૃત્તિ સબ. ૭.**

**અન્વયાર્થઃ-** [ તે વીતરાગી મુનિ હંમેશાં ] (દ્વાદશ) બાર પ્રકારના (તપ તપૈં) તપ કરે છે, (દશ) દશ પ્રકારના (વૃષ) ધર્મને (ધરૈં) ધારણ કરે છે, અને (રતનત્રય) સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રનું (સદા) હંમેશાં (સેવૈં) સેવન કરે છે, (મુનિ સાથમેં) મુનિઓના સંઘમાં (વા) અથવા (એક) એકલા (વિચરૈં) વિચરે છે, અને (કદા) કોઈ પણ વખત (ભવસુખ) સંસારના સુખોને (નહિં ચહૈં) ચાહતા નથી. (યોં) આ પ્રકારે

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



(સકલ સંયમ ચરિત) સકલ સંયમ ચારિત્ર (હૈ) છે; (અબ) હવે (સ્વરૂપાચરન) સ્વરૂપાચરણ-ચારિત્ર (સુનિયે) સાંભળો. (જિસ) જે સ્વરૂપાચરણ-ચારિત્ર [સ્વરૂપમાં રમણતારૂપ ચારિત્ર] (હોત) પ્રગટ થતાં (આપની) પોતાના આત્માની (નિધિ) જ્ઞાનાદિક સંપત્તિ (પ્રગટૈ) પ્રગટ થાય છે, તથા (પરકી) પર વસ્તુઓ તરફની (સબ) બધાં પ્રકારની (પ્રવૃત્તિ) પ્રવૃત્તિ (મિટૈ) મટી જાય છે.

**ભાવાર્થ:-** (૧) ભાવલિંગી મુનિને શુદ્ધાત્મસ્વરૂપમાં લીન રહીને પ્રતપવું-પ્રતાપવંત વર્તવું તે તપ છે અને હઠ વિના બાર પ્રકારના તપના શુભ વિકલ્પ હોય છે તે વ્યવહાર તપ છે. વીતરાગભાવરૂપ ઉત્તમક્ષમાદિ પરિણામ તે ધર્મ છે. ભાવલિંગી મુનિને ઉપર કહ્યાં તેવાં તપ અને ધર્મનું આચરણ હોય છે. તેઓ મુનિઓના સંઘ સાથે અથવા એકલા વિહાર કરે છે. કોઈ પણ સમયે સંસારના સુખને ઇચ્છતા નથી. આ રીતે સકલ ચારિત્રનું સ્વરૂપ કહ્યું.

(૨) અજ્ઞાની જીવ અનશન આદિ તપથી નિર્જરા માને છે, પણ કેવળ બાહ્ય તપ જ કરવાથી તો નિર્જરા થાય નહિ. શુદ્ધોપયોગ નિર્જરાનું કારણ છે તેથી ઉપચારથી તપને પણ નિર્જરાનું કારણ કહ્યું છે. જો બાહ્ય દુ:ખ સહન કરવું એ જ નિર્જરાનું કારણ હોય તો પશુ વગેરે પણ ભૂખ-તૃષાદિ સહન કરે છે.

**પ્રશ્ન:-** એ તો પરાધીનપણે સહે છે, પણ સ્વાધીનપણે ધર્મબુદ્ધિથી ઉપવાસ આદિ તપ કરે તેને તો નિર્જરા થાય છે?

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**ઉત્તરઃ-** ધર્મબુદ્ધિથી બાહ્ય ઉપવાસાદિક કરે ત્યાં ઉપયોગ તો અશુભ, શુભ વા શુદ્ધરૂપ-જીવ જેમ પરિણમે તેમ પરિણમો. ઉપવાસના પ્રમાણમાં જો નિર્જરા થાય તો નિર્જરાનું મુખ્ય કારણ ઉપવાસાદિક જ ઠરે, પણ એમ તો બને નહિ, કારણ કે-પરિણામ દુષ્ટ થતાં ઉપવાસ આદિ કરતાં પણ નિર્જરા થવી કેમ સંભવે? અહીં જો એમ કહેશો કે અશુભ-શુભ-શુદ્ધરૂપ ઉપયોગ પરિણમે તે અનુસાર બંધ-નિર્જરા છે, તો ઉપવાસ આદિ તપ નિર્જરાનું મુખ્ય કારણ કયાં રહ્યું? ત્યાં તો અશુભ-શુભ પરિણામ બંધના કારણ ઠર્યા, તથા શુદ્ધ પરિણામ નિર્જરાનું કારણ ઠર્યા.

**પ્રશ્નઃ-** જો એમ છે તો અનશન આદિને તપ સંજ્ઞા કેવી રીતે કહી?

**ઉત્તરઃ-** તેને બાહ્ય તપ કહ્યા છે, બાહ્યનો અર્થ એ છે કે બહાર બીજાઓને દેખાય કે આ તપસ્વી છે, પણ પોતે તો જેવો અંતરંગ પરિણામ થશે તેવું ફળ પામશે.

(૩) વળી અંતરંગ તપોમાં પણ પ્રાયશ્ચિત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, ત્યાગ અને ધ્યાનરૂપ ક્રિયામાં બાહ્ય પ્રવર્તન છે તે તો બાહ્ય તપ જેવું જ જાણવું-જેવી અનશનાદિ બાહ્ય ક્રિયા છે તેવી એ પણ બાહ્ય ક્રિયા છે, તેથી પ્રાયશ્ચિત આદિ બાહ્ય સાધન પણ અંતરંગ તપ નથી.

પરંતુ એવું બાહ્ય પરિવર્તન થતાં જે અંતરંગ પરિણામોની શુદ્ધતા થાય તેનું નામ અંતરંગ તપ જાણવું, અને ત્યાં તો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

નિર્જરા જ છે, બંધ થતો નથી. વળી એ શુદ્ધતાનો અલ્પ અંશ પણ રહે તો જેટલી શુદ્ધતા થઈ તેનાથી તો નિર્જરા છે તથા જેટલો શુભભાવ છે તેનાથી તો બંધ છે. એ પ્રમાણે અનશન આદિ ક્રિયાને તપસંજ્ઞા ઉપચારથી છે એમ જાણવું, અને તેથી જ તેને વ્યવહાર તપ કહ્યો છે. વ્યવહાર અને ઉપચારનો એક જ અર્થ છે.

ઘણું શું કહીએ ? એટલું જ સમજી લેવું કે-નિશ્ચયધર્મ તો વીતરાગભાવ છે તથા અન્ય અનેક પ્રકારના ભેદો નિમિત્તની અપેક્ષાએ ઉપચારથી કહ્યાં છે. તેને વ્યવહારમાત્ર ધર્મસંજ્ઞા જાણવી. આ રહસ્યને (અજ્ઞાની) જાણતો નથી તેથી તેને નિર્જરાનું-તપનું પણ સાચું શ્રદ્ધાન નથી.

(મોક્ષમાર્ગ પ્રકાશક, પૃ. ૨૩૩ થી ૨૩૬)

**પ્રશ્નઃ-** ક્રોધાદિનો ત્યાગ અને ઉત્તમ ક્ષમાદિ ક્યારે થાય ?

**ઉત્તરઃ-** બંધાદિના ભયથી વા સ્વર્ગ-મોક્ષની ઇચ્છાથી (અજ્ઞાની જીવ) ક્રોધાદિક કરતો નથી, પણ ત્યાં ક્રોધમાનાદિ કરવાનો અભિપ્રાય તો ગયો નથી. જેમ કોઈ રાજાદિકના ભયથી વા મોટાઈ-આબરૂ-પ્રતિષ્ઠાના લોભથી પરસ્ત્રી સેવતો નથી તો તેને ત્યાગી કહી શકાય નહિ; તે જ પ્રમાણે આ પણ ક્રોધાદિનો ત્યાગી નથી. તે કેવી રીતે ત્યાગી હોય ?-કે જે પદાર્થ ઇષ્ટ-અનિષ્ટ ભાસતાં ક્રોધાદિ થાય છે, પણ જ્યારે તત્ત્વજ્ઞાનના અભ્યાસથી કોઈ ઇષ્ટ-અનિષ્ટ ન ભાસે ત્યારે સ્વયં ક્રોધાદિક ઊપજતાં નથી અને ત્યારે જ સાચા ક્ષમાદિ થાય

છે. ( મોક્ષમાર્ગ પ્રકાશક પૃ. ૨૩૨ )

( ૪ ) હવે સ્વરૂપાચરણ-ચારિત્રનું વર્ણન ગાથા ૮ માં કહેશે તે સાંભળો. જે પ્રગટ થવાથી પોતાના આત્માની અનંતજ્ઞાન-અનંતદર્શન-અનંતસુખ અને અનંતવીર્ય વગેરે શક્તિઓનો પૂર્ણ વિકાસ પ્રગટ થાય છે અને પરપદાર્થ તરફની બધા પ્રકારની પ્રવૃત્તિ દૂર થાય છે-તે સ્વરૂપાચરણચારિત્ર છે. ૭.

## સ્વરૂપાચરણ ચારિત્ર ( શુદ્ધોપયોગ ) નું વર્ણન

**જિન પરમ પૈની સુબુધિ છૈની ડારિ અંતર ભેદિયા;**
**વરણાદિ અરુ રાગાદિતૈં નિજ ભાવકો ન્યારા કિયા;**
**નિજમાહિં નિજકે હેતુ નિજકર, આપકો આપૈ ગહ્યો;**
**ગુણ-ગુણી જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેય, મઁઝાર કછુ ભેદ ન રહ્યો. ૮.**



Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



**અન્વયાર્થઃ-** (જિન) જે વીતરાગી મુનિરાજ (પરમ) અત્યંત (પૈની) તીક્ષ્ણ (સુબુધિ) સમ્યગ્જ્ઞાન અર્થાત્ ભેદવિજ્ઞાનરૂપી (છૈની) છીણી* (ડારિ) નાખીને (અંતર) અંતરંગમાં (ભેદિયા) ભેદ કરીને (નિજ ભાવકો) આત્માના વાસ્તવિક સ્વરૂપને (વરણાદિ) વર્ણ, રસ, ગંધ તથા સ્પર્શરૂપી દ્રવ્યકર્મથી (અરુ) અને (રાગાદિતૈં) રાગ- દ્વેષાદિરૂપ ભાવકર્મથી (ન્યારા કિયા) ભિન્ન કરીને (નિજમાહિં) પોતાના આત્મામાં (નિજકે હેતુ) પોતા માટે (નિજકર) આત્મા વડે (આપકો) આત્માને (આપૈ) સ્વયં પોતાથી (ગહ્યો) ગ્રહણ કરે છે ત્યારે (ગુણ) ગુણ (ગુણી) ગુણી (જ્ઞાતા) જ્ઞાતા (જ્ઞેય) જ્ઞાનનો વિષય અને (જ્ઞાન મઁઝાર) જ્ઞાનમેં-આત્મામાં (કછુ ભેદ ન રહ્યો) જરાપણ ભેદ [વિકલ્પ] રહેતો નથી.

**ભાવાર્થઃ-** જ્યારે સ્વરૂપાચરણ ચારિત્ર-આચરતી વખતે વીતરાગ મુનિ, જેમ કોઈ પુરુષ તીક્ષ્ણ છીણી વડે પથ્થર વગેરેના બે ભાગ કરી જુદા પાડી નાખે છે તેમ, પોતાના અંતરંગમાં ભેદવિજ્ઞાનરૂપી છીણી વડે પોતાના આત્માના સ્વરૂપને દ્રવ્યકર્મથી તથા શરીરાદિક નોકર્મથી અને રાગ-દ્વેષાદિરૂપ ભાવકર્મોથી ભિન્ન કરીને પોતાના આત્મામાં, આત્મા માટે, આત્મા વડે, આત્માને સ્વયં જાણે છે ત્યારે તેને સ્વાનુભવમાં ગુણ, ગુણી તથા જ્ઞાતા, જ્ઞાન અને જ્ઞેય એવા કોઈપણ ભેદો રહેતા નથી. ૮.

---

* જેવી રીતે છીણી લોઢાને કાપે છે અને બે કટકા કરી નાખે છે, તેવી રીતે શુદ્ધોપયોગ કર્મોને કાપે છે અને આત્માથી તે કર્મોને જુદા કરી નાખે છે.


Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



## સ્વરૂપાચરણ-ચારિત્ર (શુદ્ધોપયોગ) નું વર્ણન

**જહઁ ધ્યાન-ધ્યાતા-ધ્યેયકો ન વિકલ્પ, વચ ભેદ ન જહાં;**
**ચિદ્‌ભાવ કર્મ ચિદેશ કરતા, ચેતના કિરિયા તહાં.**
**તીનોં અભિન્ન અખિન્ન શુધ ઉપયોગકી નિશ્ચલ દશા;**
**પ્રગટી જહાં દગ-જ્ઞાન-વ્રત યે, તીનધા એકૈ લસા. ૯.**




**અન્વયાર્થ:-** (જહઁ) જે સ્વરૂપાચરણ [ચારિત્રમાં] (ધ્યાન) ધ્યાન, (ધ્યાતા) ધ્યાતા અને (ધ્યેયકો) ધ્યેય–એ ત્રણના (વિકલ્પ) ભેદ (ન) હોતાં નથી અને (જહાં) જ્યાં (વચ) વચનનો (ભેદ ન) વિકલ્પ હોતો નથી (તહાં) ત્યાં તો (ચિદ્‌ભાવ) આત્માનો સ્વભાવ જ (કર્મ) કર્મ, (ચિદેશ) આત્મા જ (કરતા) કર્તા, (ચેતના) ચૈતન્યસ્વરૂપ આત્મા જ (કિરિયા) ક્રિયા હોય છે અર્થાત્ કર્તા, કર્મ અને ક્રિયા (તીનોં) એ ત્રણે (અભિન્ન) ભેદરહિત એક, (અખિન્ન) અખંડ [બાધારહિત] થઈ જાય છે, એમ (શુધ ઉપયોગકી) શુદ્ધ ઉપયોગનો (નિશ્ચય) નિશ્ચળ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

(દશા) પર્યાય (પ્રગટી) પ્રગટ થાય છે; (જહાં) જેમાં (દગ-જ્ઞાન-વ્રત) સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર (યે તીનધા) એ ત્રણે (એકૈ) એકરૂપથી-અભેદરૂપથી (લસા) શોભાયમાન હોય છે.

**ભાવાર્થઃ-** વીતરાગી મુનિરાજ સ્વરૂપાચરણ વખતે જ્યારે આત્મધ્યાનમાં મગ્ન થઈ જાય છે ત્યારે ધ્યાન, ધ્યાતા અને ધ્યેય એવા ભેદ રહેતા નથી, વચનનો વિકલ્પ હોતો નથી, ત્યાં (આત્મધ્યાનમાં) તો આત્મા જ કર્મ, * આત્મા જ કર્તા* અને આત્માનો ભાવ તે ક્રિયા* હોય છે અર્થાત્ કર્તા-કર્મ અને ક્રિયા એ ત્રણે તદ્દન અખંડ-અભિન્ન થઈ જાય છે. શુદ્ધોપયોગની અટળ દશા પ્રગટ થાય છે અને સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર પણ એકસાથે એકરૂપ થઈને પ્રકાશમાન થાય છે. ૯.

## સ્વરૂપાચરણ-ચારિત્રનું લક્ષણ અને નિર્વિકલ્પ ધ્યાન

**પરમાણ-નય-નિક્ષેપકો ન ઉદ્યોત અનુભવમેં દિખૈ;**
**દગ-જ્ઞાન-સુખ-બલમય સદા, નહિં આન ભાવ જુ મો વિખૈં.**
**મૈં સાધ્ય સાધક મૈં અબાધક, કર્મ અરુ તસુ ફલનિતૈં;**
**ચિત્પિંડ ચંડ અખંડ સુગુણ કરંડ ચ્યુત પુનિ કલનિતૈં. ૧૦**


**અન્વયાર્થઃ-** [તે સ્વરૂપાચરણ ચારિત્ર વખતે મુનિઓનાં] (અનુભવ મેં) આત્મ-અનુભવમાં (પરમાણ)

---

* **નોંધઃ-** કર્મ = કર્તા દ્વારા થયેલું કાર્ય; કર્તા = સ્વતંત્રપણે કરે તે કર્તા; ક્રિયા = કર્તા દ્વારા થતી પ્રવૃત્તિ.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates






પ્રમાણ, (નય) નય અને (નિક્ષેપકો) નિક્ષેપનો વિકલ્પ (ઉદ્યોત) પ્રગટ (ન દિખૈ) દેખાતો નથી. [ પરંતુ એવો અનુભવ હોય છે કે ] હું (સદા) સદાય (દગ-જ્ઞાન-સુખ-બલમય) અનંતદર્શન-અનંતજ્ઞાન-અનંતસુખ અને અનંતવીર્યમય છું. (મો વિખૈં) મારા સ્વરૂપમાં (આન) અન્ય રાગ-દ્વેષાદિક (ભાવ) ભાવ (નહિં) નથી, (મૈં) હું (સાધ્ય) સાધ્ય, (સાધક) સાધક તથા (કર્મ) કર્મ (અરુ) અને (તસુ) તેના (ફલનિતૈં) ફળોના (અબાધક) વિકલ્પરહિત (ચિત્પિંડ) જ્ઞાન-દર્શન-ચેતનાસ્વરૂપ (ચંડ) નિર્મળ તેમ જ ઐશ્વર્યવાન (અખંડ) અખંડ (સુગુણ કરંડ) સુગુણોનો ભંડાર (પુનિ) અને (કલનિતૈં) અશુદ્ધતાથી (ચ્યુત) રહિત છું.

**ભાવાર્થ:-** આ સ્વરૂપાચરણ-ચારિત્ર વખતે મુનિઓના આત્મઅનુભવમાં પ્રમાણ-નય અને નિક્ષેપનો વિકલ્પ તો ઊઠતો નથી પણ ગુણગુણીનો ભેદ પણ હોતો નથી-એવું ધ્યાન હોય છે. પ્રથમ એવું ધ્યાન હોય છે કે હું અનંતદર્શન-અનંતજ્ઞાન-


Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

અનંતસુખ અને અનંતવીર્યરૂપ છું. મારામાં કોઈ રાગાદિક ભાવો નથી. હું જ સાધ્ય, હું જ સાધક છું તથા કર્મ અને કર્મના ફળની જુદો છું. જ્ઞાનદર્શન-ચેતનાસ્વરૂપ નિર્મળ ઐશ્વર્યવાન, તેમ જ અખંડ સહજ શુદ્ધ ગુણોનો ભંડાર અને પુણ્ય-પાપથી રહિત છું.


આશય એ છે કે સર્વ પ્રકારના વિકલ્પોથી રહિત-નિર્વિકલ્પ આત્મસ્થિરતાને સ્વરૂપાચરણ ચારિત્ર કહે છે. ૧૦.

## સ્વરૂપાચરણ-ચારિત્ર અને અરિહંત અવસ્થા

**યોં ચિન્ત્ય નિજમેં થિર ભયે, તિન અકથ જો આનંદ લહ્યો;**
**સો ઇન્દ્ર નાગ નરેન્દ્ર વા, અહમિન્દ્રકૈં નાહીં કહ્યો.**
**તબહી શુક્લ ધ્યાનાગ્નિ કરિ, ચઉ ઘાતિવિધિ કાનન દહ્યો;**
**સબ લખ્યો કેવલજ્ઞાન કરિ, ભવિલોકકો શિવમગ કહ્યો. ૧૧.**




**અન્વયાર્થ:-** [ સ્વરૂપાચરણ-ચારિત્રમાં ] (યોં) આ પ્રમાણે (ચિન્ત્ય) વિચાર કરીને (નિજમેં) આત્મસ્વરૂપમાં (થિર ભયે) લીન થતાં (તિન) તે મુનિઓને (જો) જે (અકથ) કહી ન શકાય એવો-વચનથી પાર (આનંદ) આનંદ (લહ્યો) થાય



છે (સો) તે આનંદ (ઇન્દ્ર) ઇન્દ્રને, (નાગ) નાગેન્દ્રને, (નરેન્દ્ર) ચક્રવર્તીને (વા અહમિન્દ્રકૈં) કે અહમિન્દ્રને (નાહીં કહ્યો) કહેવામાં આવ્યો નથી-થતો નથી. (તબહી) તે સ્વરૂપાચરણ ચારિત્ર પ્રગટ થયા પછી જ્યારે (શુક્લ ધ્યાનાગ્નિ કરિ) શુક્લધ્યાનરૂપી અગ્નિ વડે (ચઉઘાતિ વિધિ કાનન) ચાર ઘાતિકર્મોરૂપી જંગલ (દહ્યો) બળી જાય છે અને (કેવળજ્ઞાન કરિ) કેવળજ્ઞાનથી (સબ) ત્રણકાળ અને ત્રણલોકમાં હોવાવાળા બધાં પદાર્થોના ગુણ અને પર્યાયને (લખ્યો) પ્રત્યક્ષ જાણી લે છે અને ત્યારે (ભવિલોકકો) ભવ્ય જીવોને (શિવમગ) મોક્ષમાર્ગ (કહ્યો) બતાવે છે.

**ભાવાર્થઃ-** આ સ્વરૂપાચરણ ચારિત્ર વખતે મુનિરાજ ઉપર

પ્રમાણે વિચાર કરી જ્યારે આત્મામાં લીન થઈ જાય છે ત્યારે તેમને જે આનંદ હોય છે તે આનંદ ઇન્દ્ર, નાગેન્દ્ર, નરેન્દ્ર (ચક્રવર્તી) કે અહમિન્દ્ર (કલ્પાતીત દેવ) ને પણ હોતો નથી. આ સ્વરૂપાચરણ ચારિત્ર પ્રગટ થયા પછી સ્વદ્રવ્યમાં ઉગ્ર એકાગ્રતાથી-શુક્લધ્યાનરૂપ અગ્નિ વડે ચાર *ઘાતિકર્મનો નાશ થાય છે અને અર્હંત અવસ્થાની પ્રાપ્તિ થાય છે તથા કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે-જેમાં ત્રણ લોક અને ત્રણ કાળની સર્વ વાતો સ્પષ્ટ જાણે છે અને ભવ્ય જીવોને મોક્ષમાર્ગનો ઉપદેશ આપે છે. ૧૧.

## સિદ્ધ અવસ્થા (સિદ્ધ પરમાત્મા) નું વર્ણન

**પુનિ ઘાતિ શેષ અઘાતિ વિધિ, છિનમાહિં અષ્ટમ ભૂ વસૈં;**
**વસુ કર્મ વિનસૈં સુગુણ વસુ, સમ્યક્ત્વ આદિક સબ લસૈં.**
**સંસાર ખાર અપાર પારાવાર તરિ તીરહિં ગયે;**
**અવિકાર અકલ અરૂપ શુચિ, ચિદ્રૂપ અવિનાશી ભયે. ૧૨.**

**અન્વયાર્થઃ-** (પુનિ) કેવળજ્ઞાન પામ્યા પછી (શેષ) બાકીના ચાર (અઘાતિ વિધિ) અઘાતિયા કર્મોનો (ઘાતિ) નાશ કરીને (છિનમાહિં) થોડા સમયમાં (અષ્ટમ ભૂ) આઠમી પૃથ્વી-ઇષત્ પ્રાગ્ભાર-મોક્ષ ક્ષેત્રમાં (વસૈં) નિવાસ કરે છે, ત્યાં તેમને (વસુ કર્મ) આઠ કર્મોના (વિનસૈં) નાશ થવાથી

---

* ઘાતિકર્મ બે પ્રકારના છે-દ્રવ્યઘાતિકર્મ અને ભાવઘાતિકર્મ. તેમાં શુક્લ ધ્યાનવડે શુદ્ધ અવસ્થા પ્રગટ થતાં ભાવઘાતિકર્મરૂપ અશુદ્ધ પર્યાય ઉત્પન્ન થતા નથી તે ભાવઘાતિકર્મનો નાશ છે અને તે જ સમયે દ્રવ્યઘાતિકર્મનો સ્વયં અભાવ થાય છે તે દ્રવ્યઘાતિકર્મનો નાશ છે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates






( સમ્યક્ત્વ આદિક ) સમ્યક્ત્વ વગેરે ( સબ ) બધા ( વસુ સુગુણ ) આઠ મુખ્ય ગુણો ( લસૈં ) શોભાયમાન થાય છે; [ આવા સિદ્ધ થનાર મુક્તાત્મા ] ( સંસાર ખાર અપાર પારાવાર ) સંસારરૂપી ખારા અને અગાધ સમુદ્રને ( તરિ ) તરીને ( તીરહિં ) બીજા કિનારાને ( ગયે ) પ્રાપ્ત થાય છે અને ( અવિકાર ) વિકારરહિત, ( અકલ ) શરીરરહિત, ( અરૂપ ) રૂપરહિત ( શુચિ ) શુદ્ધ-નિર્દોષ ( ચિદ્રૂપ ) દર્શન-જ્ઞાન-ચેતનાસ્વરૂપ તથા ( અવિનાશી ) નિત્ય-કાયમી ( ભયે ) થાય છે.

**ભાવાર્થઃ-** અરિહંત અવસ્થા અથવા કેવળજ્ઞાન પામ્યા પછી તે જીવને પણ જે જે ગુણોના પર્યાયોમાં અશુદ્ધતા હોય છે તેનો ક્રમે ક્રમે અભાવ થઈને તે જીવ પૂર્ણ શુદ્ધ દશાને પ્રગટ કરે છે અને તે સમયે અસિદ્ધત્વ નામના પોતાના ઉદયભાવનો નાશ થાય છે અને ચાર અઘાતિ કર્મોનો પણ સ્વયં સર્વથા અભાવ થાય છે. સિદ્ધદશામાં સમ્યક્ત્વ આદિ આઠ ગુણો ( ગુણોના નિર્મળ પર્યાયો ) પ્રગટ થાય છે. આઠ ગુણ વ્યવહારથી કહ્યા છે, નિશ્ચયથી અનંત ગુણો ( સર્વ ગુણોના પર્યાયો ) શુદ્ધ થાય છે, અને સ્વાભાવિક

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

ઊર્ધ્વગમનના કારણે એક સમય માત્રમાં લોકાગ્રે પહોંચી જઈ ત્યાં જ સ્થિર રહે છે. એવા જીવો સંસારરૂપી દુઃખદાયી અને અગાધ સમુદ્રથી પાર થયેલ છે; તથા તે જ જીવ નિર્વિકારી, અશરીરી, અમૂર્તિક, શુદ્ધ ચૈતન્યરૂપ અને અવિનાશી થઈને સિદ્ધદશાને પામ્યા છે. ૧૨.

## મોક્ષ અવસ્થાનું વર્ણન

**નિજમાંહિ લોક-અલોક ગુણ, પરજાય પ્રતિબિમ્બિત થયે;**
**રહિ હૈં અનંતાનંત કાલ, યથા તથા શિવ પરિણયે.**
**ધનિ ધન્ય હૈં જે જીવ, નરભવ પાય યહ કારજ કિયા;**
**તિનહી અનાદિભ્રમણ પંચ પ્રકાર તજિ વર સુખ લિયા. ૧૩.**



**અન્વયાર્થઃ-** (નિજમાંહિ) તે સિદ્ધ ભગવાનના આત્મામાં (લોક–અલોક) લોક અને અલોકના (ગુણ–પરજાય) ગુણ અને પર્યાય (પ્રતિબિમ્બિત થયે) ઝળકવા લાગે છે અર્થાત્ જણાય છે, તે (યથા) જેમ (શિવ) મોક્ષરૂપે (પરિણયે) પરિણમ્યા છે (તથા) તેમ (અનંતાનંત કાલ) અનંતકાળ સુધી (રહિ હૈં) રહેશે.

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જે (જીવ) જીવોએ (નરભવ પાય) પુરુષ પર્યાય પામીને (યહ) આ મુનિપદ વગેરેની પ્રાપ્તિરૂપ (કારજ) કાર્ય (કિયા) કર્યું, તે જીવ (ધનિ ધન્ય હૈં) ઘણા ધન્યવાદને પાત્ર છે; અને (તિનહી) તેવા જ જીવોએ (અનાદિ) અનાદિકાળથી ચાલ્યું આવતું (પંચ પ્રકાર) પાંચ પ્રકારના પરિવર્તનરૂપ (ભ્રમણ) સંસારમાં રખડવાનું (તજિ) છોડી દઈને (વર) ઉત્તમ (સુખ) સુખ (લિયા) પ્રાપ્ત કર્યું છે.

**ભાવાર્થઃ-** સિદ્ધ ભગવાનના આત્મામાં કેવળજ્ઞાન દ્વારા લોક અને અલોક (સમસ્ત પદાર્થો) પોતપોતાના ગુણ અને ત્રણે કાળના પર્યાયો સહિત એક સાથે, સ્વચ્છ અરીસાના દૃષ્ટાંતે સર્વ પ્રકારે સ્પષ્ટ, જણાય છે; (પણ જ્ઞાનમાં અરીસાની જેમ છાયા અને આકૃતિ પડતી નથી.) તેઓ પૂર્ણ પવિત્રતારૂપ મોક્ષદશાને પામ્યા છે તથા તે દશા ત્યાં રહેલા અન્ય સિદ્ધ-મુક્ત જીવોની માફક અનંત અનંતકાળ* સુધી રહેશે; અર્થાત્ અપરિમિત કાળ ચાલ્યા જાય છતાં પણ તેની અખંડ શાંતિ વગેરેમાં જરાપણ બાધા આવતી નથી. આ પુરુષપર્યાય પામીને જે જીવોએ આ શુદ્ધ ચૈતન્યની પ્રાપ્તિરૂપ કાર્ય કર્યું છે તે જીવો અત્યંત ધન્યવાદને (પ્રશંસાને) પાત્ર છે; અને તેઓએ અનાદિકાળથી ચાલ્યા આવતા

---

* જેમ બીજને બાળી નાખવામાં આવે તો તે ઊગે જ નહિ, તેમ જેણે સંસારના કારણોનો સર્વથા નાશ કર્યો તે ફરી અવતાર-જન્મ ધારણ કરે નહિ. અથવા જેમ માખણમાંથી ઘી થયા પછી ફરીને ઘીનું માખણ થાય નહિ તેમ આત્માની સંપૂર્ણ પવિત્રતારૂપ અશરીરી મોક્ષદશા (પરમાત્મપદ) પ્રગટ કર્યા પછી તેમાં કદી અશુદ્ધતા આવતી નથી-સંસારમાં ફરી આવવું પડતું નથી.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



પાંચ પરાવર્તનરૂપ સંસારના પરિભ્રમણનો ત્યાગ કરી ઉત્તમ સુખ-મોક્ષસુખ-પ્રાપ્ત કર્યું છે.

## રત્નત્રયનું ફળ અને આત્મહિતમાં પ્રવૃત્તિનો ઉપદેશ

**મુખ્યોપચાર દુ ભેદ યોં બડભાગિ રત્નત્રય ધરૈં;**
**અરુ ધરેંગે તે શિવ લહૈં, તિન સુયશ-જલ જગ-મલ હરૈં.**
**ઈમિ જાનિ, આલસ હાનિ, સાહસ ઠાનિ, યહ સિખ આદરૌ;**
**જબલૌં ન રોગ જરા ગહૈ, તબલૌં ઝટિતિ નિજ હિત કરૌ. ૧૪**

**અન્વયાર્થઃ-** (બડભાગિ) જે મહાપુરુષાર્થી જીવ (યોં) આ પ્રમાણે (મુખ્યોપચાર) નિશ્ચય અને વ્યવહાર (દુ ભેદ) એ બે પ્રકારના (રત્નત્રય) રત્નત્રયને (ધરૈં અરુ ધરેંગે) ધારણ કરે છે અને કરશે (તે) તે (શિવ) મોક્ષ (લહૈં) પામે છે તથા પામશે; અને (તિન) તે જીવના (સુયશ-જલ) સુકીર્તિરૂપી જલ (જગ-મલ) સંસારરૂપી મેલનો (હરૈં) નાશ કરે છે અને કરશે. (ઈમિ) એમ (જાનિ) જાણીને (આલસ) પ્રમાદ [સ્વરૂપમાં અસાવધાની] (હાનિ) છોડીને (સાહસ) હિંમત-પુરુષાર્થ (ઠાનિ) કરીને (યહ) આ (સિખ) શિખામણ-ઉપદેશ (આદરૌ) ગ્રહણ કરો કે (જબલૌં) જ્યાં સુધી (રોગ જરા) રોગ કે ઘડપણ (ન ગહૈ) ન આવે (તબલૌં) ત્યાં સુધીમાં (ઝટિતિ) શીઘ્ર (નિજ હિત) આત્માનું હિત (કરૌ) કરી લેવું જોઈએ.

**ભાવાર્થઃ-** જે સત્પુરુષાર્થી જીવ સર્વજ્ઞ-વીતરાગ કથિત નિશ્ચય અને વ્યવહાર રત્નત્રયનું સ્વરૂપ જાણીને, ઉપાદેય અને હેય તત્ત્વોનું સ્વરૂપ સમજીને પોતાના શુદ્ધ ઉપાદાન-આશ્રિત

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

નિશ્ચયરત્નત્રય ( શુદ્ધાત્મ આશ્રિત વીતરાગભાવરૂપ મોક્ષમાર્ગ ) ને ધારણ કરે છે, તથા કરશે તે જીવ પૂર્ણ પવિત્રતારૂપ મોક્ષદશાને પામે છે તથા પામશે. ( ગુણસ્થાનના પ્રમાણમાં શુભ રાગ આવે છે તે વ્યવહાર રત્નત્રયનું સ્વરૂપ જાણવું અને તેને ઉપાદેય ન માનવું તેનું નામ વ્યવહાર-રત્નત્રયનું ધારણ કરવું કહેવાય છે; ) જે જીવો મોક્ષ પામ્યા અને પામશે તેનું સુકીર્તિરૂપી જળ કેવું છે ?-સિદ્ધ પરમાત્માઓનું યથાર્થ સ્વરૂપ સમજીને સ્વસન્મુખ થનાર જે ભવ્ય જીવો છે તેના સંસાર ( મલિનભાવ ) રૂપી મળને હરવાનું નિમિત્ત છે. આમ જાણીને પ્રમાદને છોડી, સાહસ એટલે પાછો ન ફરે એવો અખંડિત પુરુષાર્થ રાખી આ ઉપદેશ અંગીકાર કરો. જ્યાં સુધી રોગ અને ઘડપણે શરીરને ઘેર્યું નથી તે પહેલાં ( વર્તમાનમાં જ ) શીઘ્ર આત્માનું હિત કરી લેવું જોઈએ. ૧૪.

## છેલ્લી ભલામણ

**યહ રાગ-આગ દહૈ સદા, તાતૈં સમામૃત સેઇયે;**
**ચિર ભજે વિષય-કષાય અબ તો, ત્યાગ નિજપદ બેઇયે.**
**કહા રચ્યો પર પદમેં, ન તેરો પદ યહૈ, કયોં દુખ સહૈ;**
**અબ ' દૌલ ' હોઉ સુખી સ્વપદ રચિ, દાવ મત ચૂકૌ યહૈ. ૧૫**

**અન્વયાર્થઃ-** ( યહ ) આ ( રાગ-આગ ) રાગરૂપી અગ્નિ ( સદા ) અનાદિ કાળથી હંમેશાં ( દહૈ ) જીવને બાળી રહ્યો છે ( તાતૈં ) તેથી ( સમામૃત ) સમતારૂપ અમૃતનું ( સેઇયે ) સેવન કરવું જોઈએ. ( વિષય-કષાય ) વિષય-કષાયનું ( ચિર ભજે ) અનાદિ કાળથી સેવન કર્યું છે, ( અબ તો ) હવે તો ( ત્યાગ ) તેનો ત્યાગ કરીને ( નિજપદ ) આત્મસ્વરૂપને ( બેઇયે ) ઓળખવું જોઈએ-પ્રાપ્ત કરવું

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates





જોઈએ; (પર પદમેં) પર પદાર્થોમાં-પરભાવોમાં (કહા) કેમ (રચ્યો) રાચી રહ્યો છે? (યહૈ) તે (પદ) પદ (તેરો) તારું (ન) નથી, તું (દુખ) દુઃખ (કયોં) કેમ (સહૈ) સહન કરે છે? ('દૌલ') હે દૌલતરામ! (અબ) હવે (સ્વપદ) તારું આત્મપદ-સિદ્ધપદ તેમાં (રચિ) લાગીને (સુખી) સુખી (હોઉ) થાઓ! (યહૈ) આ (દાવ) અવસર (મત ચૂકૌ) ગુમાવો નહિ.

**ભાવાર્થઃ-** આ રાગ (મોહ, અજ્ઞાન) રૂપ અગ્નિ અનાદિ-કાળથી હંમેશાં સંસારી જીવને બાળી રહ્યો-દુઃખી કરી રહ્યો છે, તેથી જીવોએ નિશ્ચયરત્નત્રયમય સમતારૂપ અમૃતનું પાન કરવું જોઈએ, જેથી રાગ-દ્વેષ-મોહ (અજ્ઞાન) નો નાશ થાય. વિષય-કષાયોનું સેવન તું ઘણા કાળથી કરી રહ્યો છે, હવે તેનો ત્યાગ કરી આત્મપદ (મોક્ષ) પ્રાપ્ત કરવું જોઈએ. તું દુઃખ શા માટે સહન કરે છે? તારું વાસ્તવિક સ્વરૂપ અનંત-દર્શન-જ્ઞાન-સુખ અને અનંતવીર્ય છે, તેમાં લીન થવું જોઈએ. તેમ કરવાથી જ સાચું સુખ-મોક્ષ મળી શકે છે. તેથી હે દૌલતરામ! હે જીવ! હવે આત્મસ્વરૂપની પ્રાપ્તિ કર! ઓળખાણ કર! આ ઉત્તમ અવસર

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



વારંવાર મળતો નથી, તેથી આ અવસર ગુમાવ નહિ. સંસારના મોહનો ત્યાગ કરીને મોક્ષપ્રાપ્તિનો ઉપાય કર!

અહીં વિશેષ એમ સમજવું કેઃ- જીવ અનાદિકાળથી મિથ્યાત્વરૂપ અગ્નિ અને રાગ-દ્વેષરૂપ પોતાના અપરાધથી જ દુઃખી થઈ રહ્યો છે, માટે પોતાના સુલટા પુરુષાર્થથી જ સુખી થઈ શકે છે. આવો નિયમ હોવાથી જડકર્મના ઉદયથી કે કોઈ પરના કારણે દુઃખી થઈ રહ્યો છે અથવા પર વડે જીવને લાભ-નુકશાન થાય છે એમ માનવું તે બરાબર નથી.

## ગ્રંથ-રચનાનો કાળ અને તેમાં આધાર

**ઈક નવ વસુ ઈક વર્ષકી તીજ શુક્લ વૈશાખ;**
**કર્યો તત્ત્વ-ઉપદેશ યહ, લખિ બુધજનકી ભાખ.**
**લઘુ-ધી તથા પ્રમાદતૈં શબ્દ અર્થકી ભૂલ;**
**સુધી સુધાર પઢો સદા, જો પાવો ભવ-કૂલ. ૧૬.**

**ભાવાર્થઃ-** મેં દૌલતરામે પંડિત બુધજનકૃત *છ ઢાળાની કથનીનો આધાર લઈને વિક્રમ સંવત્ ૧૮૯૧ ના વૈશાખ સુદ ૩ (અક્ષયત્રીજ) ના દિવસે આ છ ઢાળા ગ્રંથની રચના કરી છે. મારી અલ્પ બુદ્ધિ તથા પ્રમાદથી તેમાં કયાંય શબ્દની કે અર્થની ભૂલ

---

* આ ગ્રંથમાં છ પ્રકારના છંદ અને છ પ્રકરણ છે તેથી, તથા જેમ તીક્ષ્ણ શસ્ત્રોના પ્રહારને રોકનાર ઢાલ હોય છે તેમ જીવને અહિતકારી શત્રુ-મિથ્યાત્વ, રાગાદિ આસ્રવોને તથા અજ્ઞાન અંધકારને રોકવા માટે ઢાલ સમાન આ છ પ્રકરણ છે તેથી, આ ગ્રંથનું નામ ‘છ ઢાળા’ રાખવામાં આવેલ છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



થઈ ગઈ હોય તો બુદ્ધિમાન તેને સુધારીને વાંચે, જેથી કરીને જીવ આ સંસાર-સમુદ્ર તરવામાં શક્તિમાન થાય.

## છઠ્ઠી ઢાળનો સારાંશ

જે ચારિત્રના હોવાથી સમસ્ત પર પદાર્થોથી પ્રવૃત્તિ હઠી જાય છે, વર્ણાદિ અને રાગાદિથી ચૈતન્યભાવને જુદો કરી લેવામાં આવે છે, પોતાના આત્મામાં આત્મા માટે, આત્મા વડે પોતાના આત્માનો અનુભવ થવા માંડે છે, ત્યાં નય, પ્રમાણ, નિક્ષેપ, ગુણ-ગુણી, જ્ઞાન-જ્ઞાતા-જ્ઞેય, ધ્યાન-ધ્યાતા-ધ્યેય, કર્તા-કર્મ અને ક્રિયા આદિ ભેદનો જરાપણ વિકલ્પ રહેતો નથી, શુદ્ધ ઉપયોગરૂપ અભેદ રત્નત્રયવડે શુદ્ધ ચૈતન્યનો જ અનુભવ થવા માંડે છે તેને સ્વરૂપાચરણ ચારિત્ર કહે છે; આ સ્વરૂપાચરણ-ચારિત્ર ચોથા ગુણસ્થાનથી શરૂ થાય છે, અને મુનિદશામાં વધારે ઉચ્ચ થાય છે. ત્યારપછી શુક્લધ્યાનવડે ચાર ઘાતિ કર્મનો નાશ થતાં તે જીવ કેવળજ્ઞાન પામીને અરિહંતપદ પામે છે; પછી બાકીના ચાર અઘાતિ કર્મનો પણ નાશ કરીને ક્ષણમાત્રમાં મોક્ષ પામીને સંસારથી કાયમને માટે વિદાય થઈ જાય છે ત્યારે તે આત્મામાં અનંતકાળ સુધી અનંત ચતુષ્ટયનો (અનંતજ્ઞાન-દર્શન-સુખ-વીર્યનો) એક સરખો અનુભવ થયા કરે છે, પછી તેને પંચ પરાવર્તનરૂપ સંસારમાં ભટકવું પડતું નથી. કદી અવતાર ધારણ કરવા પડતા નથી. સદાય અક્ષય-અનંત સુખને અનુભવે છે. અખંડિત જ્ઞાન-આનંદરૂપ અનંતગુણમાં નિશ્ચલ રહે છે તેને મોક્ષસ્વરૂપ કહે છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



જે જીવ મોક્ષની પ્રાપ્તિ માટે આ રત્નત્રયને ધારણ કરે છે અને કરશે તે મોક્ષ પામે છે અને પામશે. દરેક જીવ મિથ્યાત્વ, કષાય અને વિષયોનું સેવન તો અનાદિ કાળથી કરતો આવ્યો છે પણ તેનાથી તેને જરાપણ શાંતિ મળતી નથી. શાંતિનું એકમાત્ર કારણ મોક્ષમાર્ગ, તેમાં જ તે જીવે તત્પરતાપૂર્વક પ્રવૃત્તિ કદી કરી નથી, તેથી હવે પણ જો શાંતિની (આત્મહિતની) ઇચ્છા હોય તો આળસ છોડી (આત્માનું) કર્તવ્ય સમજી રોગ અને ઘડપણ વગેરે આવ્યા પહેલાં જ મોક્ષમાર્ગમાં પ્રવૃત્ત થવું જોઈએ, કેમ કે આ પુરુષપર્યાય, સત્સમાગમ વગેરે સુયોગ વારંવાર પ્રાપ્ત થતા નથી, માટે તેને પામીને વ્યર્થ ગુમાવવો ન જોઈએ– આત્મહિત સાધી લેવું જોઈએ.

## છઠ્ઠી ઢાળનો ભેદ-સંગ્રહ

અંતરંગતપના નામઃ– પ્રાયશ્ચિત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, વ્યુત્સર્ગ અને ધ્યાન.

ઉપયોગઃ– શુદ્ધઉપયોગ, શુભઉપયોગ અને અશુભઉપયોગ–એ ત્રણ છે. એ ચારિત્ર ગુણની અવસ્થા છે (તથા જાણવું-દેખવું તે જ્ઞાન-દર્શન ગુણનો ઉપયોગ છે, તે વાત અહીં નથી).

છેંતાલીશ દોષઃ– દાતાને આશ્રયે સોળ ઉદ્‌ગમ દોષ, પાત્રને આશ્રયે સોળ ઉત્પાદન દોષ તથા આહાર સંબંધી દશ દોષ અને ભોજનક્રિયા સંબંધી ૪ દોષ–એમ કુલ છેંતાલીશ દોષ છે.

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



ત્રણ રત્નઃ- સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર.

તેર પ્રકારનું ચારિત્રઃ- પાંચ મહાવ્રત, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ.

ધર્મઃ- ઉત્તમ ક્ષમા, માર્દવ, આર્જવ, સત્ય, શૌચ, સંયમ, તપ, ત્યાગ, આકિંચન્ય અને બ્રહ્મચર્ય-એ દસ પ્રકાર છે. [ દશે ધર્મને ઉત્તમ સંજ્ઞા છે તેથી નિશ્ચયસમ્યગ્દર્શનપૂર્વક વીતરાગભાવના જ એ દશ પ્રકાર છે.)

મુનિની ક્રિયા (મુનિના ગુણ) :- મૂળગુણ ૨૮ છે.

રત્નત્રયઃ- નિશ્ચય અને વ્યવહાર અથવા મુખ્ય અને ઉપચાર - એ બે પ્રકાર છે.

સિદ્ધ પરમાત્માના ગુણઃ- સર્વે ગુણોમાં સંપૂર્ણ શુદ્ધતા પ્રગટ થતાં સર્વ પ્રકારે અશુદ્ધ પર્યાયોનો નાશ થતાં, જ્ઞાનાવરણાદિ આઠે કર્મનો સ્વયં સર્વથા નાશ થાય છે અને ગુણ પ્રગટતા નથી, પણ ગુણના નિર્મળ પર્યાયો પ્રગટ થાય છે, જેમકે અનંતદર્શન-જ્ઞાન-સમ્યક્ત્વ-સુખ અને અનંતવીર્ય, અટલ અવગાહના, અમૂર્તિક (સૂક્ષ્મત્વ) અને અગુરુલઘુત્વ-એ આઠ ગુણ વ્યવહારથી કહ્યા છે, નિશ્ચયથી તો દરેક સિદ્ધ ભગવંતોને અનંત ગુણ સમજવા.

શીલઃ- અચેતન સ્ત્રી ત્રણ (કઠોર સ્પર્શ, કોમલ સ્પર્શ, ચિત્રપટ)

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

પ્રકારની તે સાથે ત્રણ કરણ (કરણ, કરાવણ અને અનુમોદન) થી, બે (મન, વચન) યોગ દ્વારા, પાંચ ઇન્દ્રિય (કર્ણ, ચક્ષુ, નાસિકા, જીભ, સ્પર્શ) થી, ચાર સંજ્ઞા (આહાર, ભય, મૈથુન, પરિગ્રહ) સહિત દ્રવ્યથી અને ભાવથી સેવન−૩×૩×૨×૫×૪×૨ = ૭૨૦ ભેદ થયા.

ચેતન સ્ત્રીઃ− (દેવી, મનુષ્ય, તિર્યંચ) ત્રણ પ્રકારની તે સાથે ત્રણ કરણ (કરણ, કરાવણ અને અનુમોદન) થી, ત્રણ (મન, વચન, કાયારૂપ) યોગ દ્વારા, પાંચ (કર્ણ, ચક્ષુ, નાસિકા, જીવ, સ્પર્શરૂપ) ઇન્દ્રિયથી, ચાર (આહાર, ભય, મૈથુન, પરિગ્રહ) સંજ્ઞા સહિત દ્રવ્યથી અને ભાવથી, સોળ કષાયથી (અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણીય, પ્રત્યાખ્યાનાવરણીય અને સંજ્વલન એ ચાર પ્રકારે તથા ક્રોધ, માન, માયા, લોભ એ દરેક પ્રકારથી) સેવન ૩×૩×૩×૫×૪×૨×૧૬ = ૧૭૨૮૦ ભેદ થયા.

પ્રથમના ૭૨૦ અને બીજા ૧૭૨૮૦ ભેદો મળી ૧૮૦૦૦ ભેદ મૈથુનકર્મના દોષરૂપ ભેદ છે. તેનો અભાવ તે શીલ; એને નિર્મળ સ્વભાવ−શીલ કહે છે.

નયઃ− નિશ્ચય અને વ્યવહાર.

નિક્ષેપઃ− નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ−એ ચાર છે.

પ્રમાણઃ− પ્રત્યક્ષ અને પરોક્ષ.

## છઠ્ઠી ઢાળનો લક્ષણ-સંગ્રહ

અંતરંગ તપઃ- શુભાશુભ ઇચ્છાઓના નિરોધપૂર્વક આત્મામાં નિર્મળ જ્ઞાન-આનંદના અનુભવથી અખંડિત પ્રતાપવંત રહેવું; નિસ્તરંગ ચૈતન્યપણે શોભવું.

અનુભવઃ- સ્વસન્મુખ થયેલ જ્ઞાન, સુખનું રસાસ્વાદન.

**વસ્તુ વિચારત ધ્યાવતૈં, મન પાવે વિશ્રામ;**
**રસ સ્વાદત સુખ ઊપજે, અનુભવ યાકો નામ.**

આવશ્યકઃ- મુનિઓએ અવશ્ય કરવા યોગ્ય સ્વવશ શુદ્ધ આચરણ.

કાયગુપ્તિઃ- કાયા તરફ ઉપયોગ ન જતાં આત્મામાં જ લીનતા.

ગુપ્તિઃ- મન, વચન, કાયા તરફ ઉપયોગની પ્રવૃત્તિને સારી રીતે આત્મભાનપૂર્વક રોકવી અર્થાત્ આત્મામાં જ લીનતા થવી તે ગુપ્તિ છે.

તપઃ- સ્વરૂપવિશ્રાંત, નિસ્તરંગપણે નિજ શુદ્ધતામાં પ્રતાપવંત હોવું-શોભવું તે. તેમાં જેટલી શુભાશુભ ઇચ્છાઓ રોકાઈ જાય છે અને શુદ્ધતા થાય છે તે તપ છે. (અન્ય બાર પ્રકાર તો વ્યવહાર (ઉપચાર) તપના ભેદ છે.)

ધ્યાનઃ- સર્વ વિકલ્પો છોડીને પોતાના જ્ઞાનને લક્ષ્યમાં સ્થિર કરવું.

નયઃ- વસ્તુના એક અંશને મુખ્ય કરીને જાણે તે નય છે અને તે ઉપયોગાત્મક છે-સમ્યક્ શ્રુતજ્ઞાનપ્રમાણનો અંશ તે નય છે.

નિક્ષેપઃ- નયજ્ઞાન દ્વારા બાધારહિતપણે પ્રસંગવશાત્ પદાર્થમાં નામાદિની સ્થાપના કરવી તે.

પરિગ્રહઃ- પરવસ્તુમાં મમતાભાવ ( મોહ અથવા મમત્વ ).

પરિષહજયઃ- દુઃખના કારણો મળતાં દુઃખી ન થાય તથા સુખના કારણો મળતાં સુખી ન થાય પણ જ્ઞાતા તરીકે તે જ્ઞેયનો જાણવાવાળો જ રહે એ જ સાચો પરિષહજય છે. ( મોક્ષમાર્ગ પ્રકાશક પૃ. ૨૩૨ )

પ્રતિક્રમણઃ- મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્રને નિરવશેષપણે છોડીને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રને ( જીવ ) ભાવે છે, તે ( જીવ ) પ્રતિક્રમણ છે.

( નિયમસાર ગાથા ૯૧ )

પ્રમાણઃ- સ્વ-પર વસ્તુનું નિશ્ચય કરનાર સમ્યગ્જ્ઞાન.

બહિરંગ તપઃ- બીજા જોઈ શકે એવા પર પદાર્થોથી સંબંધ રાખવાવાળો ઇચ્છાનિરોધ.

મનોગુપ્તિઃ- મન તરફ ઉપયોગ ન જતાં આત્મામાં જ લીનતા.

મહાવ્રતઃ- નિશ્ચય રત્નત્રયપૂર્વક ત્રણે યોગ ( મન, વચન, કાયા ) તથા કરણ-કરાવણ-અનુમોદન સહિત હિંસાદિ પાંચ પાપોનો સર્વથા ત્યાગ. ( હિંસા, જૂઠ, ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહ-એ પાંચ પાપનો સર્વથા ત્યાગ. )

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



રત્નત્રયઃ- નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર.

વચનગુપ્તિઃ- બોલવાની ઈચ્છા ગોપવવી અર્થાત્ આત્મામાં લીનતા.

શુક્લ ધ્યાનઃ- અત્યંત નિર્મળ, વીતરાગતા પૂર્ણ ધ્યાન.

શુદ્ધ ઉપયોગઃ- શુભાશુભ રાગ-દ્વેષાદિથી રહિત આત્માની ચારિત્રપરિણતિ.

સમિતિઃ- પ્રમાદ રહિત યત્નાચાર સહિત સમ્યક્ પ્રવૃત્તિ.

સ્વરૂપાચરણ-ચારિત્રઃ- આત્મસ્વરૂપમાં એકાગ્રતાપૂર્વક રમણતા- લીનતા.

## અંતર-પ્રદર્શન

(૧) 'નય' તો જ્ઞાતા એટલે કે જાણનાર છે, અને 'નિક્ષેપ' જ્ઞેય અર્થાત્ જ્ઞાનમાં જાણવા યોગ્ય છે.

(૨) પ્રમાણ તો વસ્તુના બધા ભાગને જાણે છે પણ નય વસ્તુના એક ભાગને જાણે છે.

(૩) શુભ ઉપયોગ તો બંધનું અથવા સંસારનું કારણ છે પણ શુદ્ધ ઉપયોગ તે નિર્જરા-મોક્ષનું કારણ છે.

## છઠ્ઠી ઢાળની પ્રશ્નાવલી

(૧) અંતરંગ તપ, અનુભવ, આવશ્યક, ગુપ્તિ, ગુપ્તિઓ, તપ, દ્રવ્યહિંસા, અહિંસા, ધ્યાનસ્થ મુનિ, નય, નિશ્ચય આત્મ-ચારિત્ર, પરિગ્રહ, પ્રમાણ, પ્રમાદ, પ્રતિક્રમણ, બહિરંગ

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



તપ, ભાવહિંસા, અહિંસા, મહાવ્રત, મહાવ્રતો, રત્નત્રય, શુદ્ધાત્મ અનુભવ, શુદ્ધ ઉપયોગ, શુક્લધ્યાન, સમિતિઓ અને સમિતિ વગેરેનાં લક્ષણ બતાવો.

(૨) અઘાતિયા, આવશ્યક, ઉપયોગ, કાયગુપ્તિ, છેંતાલીશ દોષ, તપ, ધર્મ, પરિગ્રહ, પ્રમાણ, મુનિક્રિયા, મહાવ્રત, રત્નત્રય, શીલ, શેષ ગુણ, સમિતિ, સાધુગુણ અને સિદ્ધગુણના ભેદ કહો.

(૩) નય અને નિક્ષેપમાં, પ્રમાણ અને નયમાં, જ્ઞાન અને આત્મામાં, શુભ ઉપયોગ અને શુદ્ધ ઉપયોગમાં તફાવત બતાવો.

(૪) આઠમી પૃથ્વી, ગ્રંથ, ગ્રંથકાર, ગ્રંથ છંદ, ગ્રંથ પ્રકરણ, સર્વોત્તમ તપ, સર્વોત્તમ ધર્મ, સંયમનું ઉપકરણ, શુચિનું ઉપકરણ અને જ્ઞાનનું ઉપકરણ વગેરેનાં નામ બતાવો.

(૫) ધ્યાનસ્થ મુનિ, સમ્યગ્જ્ઞાન અને સિદ્ધનું સુખ વગેરેના દૃષ્ટાંત બતાવો.

(૬) છ ઢાળના નામ, પીંછી વગેરેનું અપરિગ્રહપણું, રત્નત્રયના નામ, શ્રાવકને નગ્નતાનો અભાવ વગેરેનાં ફક્ત કારણ બતાવો.

(૭) અરિહંત અવસ્થાનો વખત, અંતિમ ઉપદેશ, આત્મસ્થિરતા વખતનું સુખ, કેશલોચનો વખત, કર્મના નાશથી ઉત્પન્ન થતા ગુણોનો વિભાગ, ગ્રંથ-રચનાનો

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com

Version 001: remember to check http://www.AtmaDharma.com for updates



કાળ, જીવની નિત્યતા તથા અમૂર્તિકપણું, પરિષહજયનું ફળ, રાગરૂપી અગ્નિની શાંતિનો ઉપાય, શુદ્ધ આત્મા, શુદ્ધ ઉપયોગનો વિચાર અને હાલત, સકલચારિત્ર, સિદ્ધોનું આયુષ્ય, નિવાસસ્થાન તથા વખત અને સ્વરૂપાચરણચારિત્ર વગેરેનું વર્ણન કરો.

(૮) સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, દેશચારિત્ર, સકલચારિત્ર, ચાર ગતિ, સ્વરૂપાચરણ ચારિત્ર, બાર વ્રત, બાર ભાવના, મિથ્યાત્વ અને મોક્ષ વગેરે વિષયો ઉપર લેખ લખો.

(૯) દિગમ્બર જૈન મુનિના ભોજન, સમતા, વિહાર, નગ્નતાથી હાનિ-લાભ, દિગંબર જૈન મુનિને રાત્રિગમનનો વિધિ અગર નિષેધ, દિગંબર જૈન મુનિને ઘડિયાળ, ચટાઈ (આસનિયું) કે ચશ્માં વગેરે રાખવાનો વિધિ અગર નિષેધ વગેરે બાબતોનો ખુલાસો કરો.

(૧૦) અમુક શબ્દ, ચરણ અને છંદનો અર્થ અથવા ભાવાર્થ કહો; છઠ્ઠી ઢાળનો સારાંશ બતાવો.

## ઈતિ કવિવર પંડિત દૌલતરામ વિરચિત
## છ ઢાળાનો ગુજરાતી અનુવાદ

**સમાપ્ત**

Please inform us of any errors on Rajesh@AtmaDharma.com